Vol. 40, No.10
February 2020
ISSN 2455 - 4162

Rs: 30

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



અનહદ બાની



☐ સુભાષ ભટ્ટ

ક્યારેક કેટલીક કથા અત્યંત સહજ અને સરળ હોય છે તેથી તેનો ગહન અર્થ સરી પડે છે, હાથ નથી આવતો. આવો, આપણે મૌખિક પરંપરાની એક આવી સહજ બાની પામીએ...

એક અમીર માણસને ત્યાં આજીવન એક ઠેકેદારે પ્રામાણિકતાથી વિવિધ મકાનો બાંધ્યા કરવાની નોકરી કરેલી. હવે તે વૃદ્ધ થયેલો અને થાકેલો. તેણે અમીર પાસેથી - નોકરીમાંથી નિવૃત્ત થવા માટે અરજ કરી. અમીરે પણ તેને પોતાના એક મિત્ર માટે છેલ્લું મકાન બાંધી આપવાની અને ત્યારબાદ નિવૃત્તિ લેવા માટે વિનંતિ કરી. આખરે અમીરની અનેક ઉદારતા અને ઉપકારો માથે હોવાથી ઠેકેદારે તે વાત સ્વીકારી લીધી. આખરે મકાન તૈયાર તો થયું પણ ઠેકેદારનાં થાક, કંટાળો અને ઉતાવળ થકી તે મકાન કાચું અને નબળું થયું. સમગ્ર બાંધકામ નિમ્ન સ્તરનું થયું. ખેર... છૂટા પડવાની ક્ષણે, અમીરે મકાનનાં દસ્તાવેજ અને ચાવીઓ પેલા ઠેકેદારના હાથમાં સોંપ્યાં અને કહે, 'મિત્ર, તમારી અસામાન્ય દીર્ઘકાલીન સેવા બદલ આ મકાન હું તમને ભેટ આપું છું!' અને ઠેકેદારને મનમાં વિચાર આવો કાંઈક આવ્યો... 'અરે, મને ખબર હોત કે આ મકાન મારા માટે બાંધવાનું છે તો હું તેને અત્યંત નિષ્ઠાપૂર્વક બાંધત. હવે તો મારે જીવનના છેલ્લા શ્વાસ સુધી મારા જ બાંધેલ નબળા મકાનને ઘર બનાવીને રહેવાનું છે!'

કદાચ આપણે સૌ આપણાં કામો, જવાબદારીઓ અને સંબંધોમાં આવી રીતે જ વેઠ ઉતારતા હોઈએ છીએ. મારી,

આ પળ પર સદીનો આધાર છે,
આ ઈંટ પર ઇમારતનો આધાર છે,
આ પગલું જીવતરની દિશા નક્કી કરે છે.

તે આપણને સમજાતું નથી. આજને મળ્યા સિવાય આપણે ક્યારેય આવતી કાલને મળી શકતા નથી.

❑❑❑

૧૦૨

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૦ અંકઃ ૧૦, ફેબ્રુઆરી ૨૦૨૦

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

૬
મુનશીવાણી

૭
શબ્દમૂળની શોધ
ઓડ
હેમન્ત દવે

૮
પ્રમુખના પત્રો
સુરેન્દ્રલાલ ગિ. મહેતા

૧૧
કાવ્યો :
અશરફ ડબાવાલા, બાબુ સુથાર,
મોહમ્મદ નુરુલ / અનુ.: વર્ષા દાસ,
વીરુ પુરોહિત, રાધિકા પટેલ, પારુલ ખખ્ખર

૧૮
સ્વાસ્થ્ય અને અધ્યાત્મ-૪
ડૉ. સેજલ સંઘવી

૨૩
પડોશણ
પ્રવીણસિંહ ચાવડા

૩૧
એક દેવતાઈ જીવડાની નાનકડી વાત
ઈશા કુન્દનિકા

૩૩
મારા ડાયેટિંગના પ્રયોગો
આનંદિતા રૈયાણી

૩૮
'લોકમિલાપ'ની વિદાય...
સંજય શ્રીપદ ભાવે

૪૫
ડિવોર્સીનો પત્ર
સતીશ વૈષ્ણવ

૫૪
ભરતનાટ્યમ્ અને ઓડિસી નૃત્યના વિખ્યાત મલેશિયન મુસ્લિમ કલાકાર રામલી ઈબ્રાહિમ
સુનીલ કોઠારી

૬૫
કવિ કાન્તની ખુરશી
મારાં ભાવનગરનાં સંસ્મરણો - ૧૨
પ્રવીણસિંહ ચાવડા

૬૯
કેવી રીતે ના મરવું! - ૧૫
મધુસૂદન કાપડિયા

૭૪
હાવરા બ્રિજ, અ માર્વેલ ઈન મેટલ
રક્ષા ભટ્ટ

૭૯
કેમ સખી ચીંધવો પવનને - ૩૬
અનિલ રમાનાથ જોશી

૮૫
હીરજી પ્રેમજીનો વાડો
માવજી મહેશ્વરી

૯૧
કિન્નર કી કહાની કૌન જાને?
બંસી કુંપાવત

૯૯
ધ બ્લુએસ્ટ આઈ : ટોની મોરિસનની યાદગાર નવલકથા
રંજના હરીશ

૧૦૩
બુઢ્ઢા મિલ ગયા...
શ્રદ્ધા ભટ્ટ

૧૧૨
વાચન શા માટે
વિરાફ કાપડિયા

૧૧૯
ગમી ગયેલી વાર્તા
'અપરાજિતા' - સમીરસેટ મોમ
શરીફા વીજળીવાળા

૧૨૫
વાલ્મીકિ રામાયણ - ૩૨૫

૧૨૯
તમારી દૃષ્ટિએ

૧૩૨
ભવન્સ-વૃત્ત

૧૩૭
વોટ્સએપ
સં. શરીફા વીજળીવાળા

૧૩૮
હાસ્યેન સમાપયેત્

આવરણ : જયેશ જોશી

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

ભા. વિ. ભ. અમૃતમહોત્સવ

ક. મા. મુનશી ૧૨૫ વર્ષ



મુનશીવાણી

રાષ્ટ્રની કસોટી

મારા નવયુવાન મિત્ર,

આપણી રાષ્ટ્રીયતાની કસોટી થઈ. એ કસોટીમાંથી આજે તો પાર ઊતર્યા છીએ. પૂરેપૂરા પાર ઊતરીએ તેનો આધાર લોકોના ઉપર - પુરુષો, સ્ત્રીઓ, બાળકો ઉપર - છે.

ચીની વિગ્રહ સહેલાઈમાં કે ટૂંકમાં પતશે એમ માનશો નહિ. આપણે આક્રમકની સામે જે યુદ્ધ શરૂ કર્યું છે એ આપણા આખા જીવનનું પરિવર્તન કરવાનું છે. રાષ્ટ્રીયતા દઢ થવાની છે, ભારતમાં પ્રદેશી વિભિન્નતા નષ્ટ થવાની છે, આપણી રહેણીકરણી બદલાઈ જવાની છે. જ્યાં સુધી અર્વાચીન દૃષ્ટિએ આપણે યુદ્ધતત્પર પ્રજા ન બનીએ ત્યાં સુધી આ વિગ્રહનો અંત આવવાનો નથી.

આ પલટાને માટે તમારે - યુવકો અને યુવતીઓએ - તૈયાર થવું રહ્યું.

તમારામાંના પ્રત્યેકે એન. સી. સી. કે બીજી યુદ્ધસંકલિત વ્યવસ્થાના ભાગીદાર થવામાં આપણો જયવારો છે.

તમારા માટે, ઊછરતાં યુવકયુવતીઓ માટે, તો આ લહાવો છે સુવર્ણયુગ રચવાનો. સુવર્ણયુગ પદવીઓ મેળવ્યે નથી આવતો, મોજશોખ માણ્યે નથી આવતો. એ તો આવે છે શિસ્તમય જીવનથી-પરાવલંબી શિસ્ત નહિ, પણ સ્વેચ્છાએ સ્વીકારેલી શિસ્તથી.

સુવર્ણયુગ આવે છે તપથી, મોજશોખની વસ્તુઓને નિયંત્રિત કરવાથી, મહાન આશયો માટે મરી ફીટવાથી.

સુવર્ણયુગ આવે છે સામુદાયિક પ્રતિરોધ કરવાની ઇચ્છાશક્તિ દ્વારા વિભિન્નીકરણની વૃત્તિઓ અને નાનામોટા સ્વાર્થને ત્યજવાના સામર્થ્ય દ્વારા.

અને આ ઇચ્છાશક્તિ આપણને સામર્થ્યવાન બનાવે તો ભારત નવે જન્મે આવશે.

આ પ્રતિરોધશક્તિ તમને ઈશ્વર આપે એ પ્રાર્થના સાથે હું વિરમું છું.

[ક્રમશઃ]



ઓડ

☐ હેમન્ત દવે

'ઓડ એક પ્રજાસમૂહ તરીકે ગુજરાતમાં ક્યારથી આવી હશે તે કહેવું મુશ્કેલ છે પણ જસમા ઓડણ અને સિદ્ધરાજ જયસિંહની દંતકથાને કારણે એ પ્રજા સોલંકી કાળમાં અથવા એ પછી કેટલાક સમયે અહીં સ્થાયી થઈ હશે એમ માની શકાય. ઓડ પ્રજાનું મુખ્ય કામ વાવ, તળાવ, કૂવા, વગેરે માટે જમીન ખોદવાનું હતું. *સાર્થ ગુજરાતી જોડણીકોશ*માં '(ખોદવાનું કામ કરનારી) એક એ નામની જાતનું (માણસ)' એમ સમજૂતી આપી છે એ બરાબર છે. ત્યાં એની વ્યુત્પત્તિમાં દેશ્ય उड्डનો નિર્દેશ કરાયો છે. આ उड्ड શબ્દ મને દેશીનામમાલામાં જડ્યો નથી.

જસમા ઓડણની દંતકથામાં એ મૂળે મારવાડના વતની હોવાનો નિર્દેશ મળે છે. પણ આ જાતિ મૂળે તેલુગુભાષી હોવાનું કાનડી કોશમાં જણાવાયું છે. કાનડીમાં 'ઓડ'નો અર્થ 'પથ્થરો ફોડી જ્યાં એની જરૂર હોય ત્યાં ગાડા વાટે લઈ જનારો, તળાવ, કૂવા, વગેરે ખોદનારો તેલુગુભાષી પ્રજાસમૂહ' એમ આપી છે (કિટલનો કાનડી કોશ, પૃ. 303). એ પ્રજાના ગુજરાતનિવાસ વિશે કશું કામ થયું હોય તો મારી જાણમાં નથી. એમની ભાષા ઉપરથી એમના મૂળ પ્રદેશનો અંદાજ મળી શકે. ઓડ શબ્દ મૂળે ઉડ્ર ઉપરથી આવ્યાનું કિટલ નોંધે છે. ઉડ્ર એટલે ઓડિશા. આ પ્રજા ત્યાંની મૂળ હોય એ સંભવે, પણ ભાષિક રીતે એ દ્રાવિડભાષી છે.

❑❑❑

પ્રમુખના પત્રો

પરમાર્થ સાચી જીવનપદ્ધતિ છે



જે પોતાની સંપત્તિ અન્ય સાથે સહિયારતો નથી એ મનુષ્ય સન્માનને લાયક નથી એવું શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે. પરમાર્થ, પરોપકારની વિભાવના આપણે ત્યાં અતિ પ્રાચીનકાળથી અસ્તિત્વમાં છે. જરૂરિયાતમંદોને સહાય કરવી અને પોતાની સંપત્તિનું પરમાર્થે દાન કરવું એ આપણી ભવ્ય પરંપરા છે.

દરેક ધર્મમાં સખાવતને એક સિદ્ધાંત તરીકે સ્વીકારી છે, ભલે તેને આપવાની રીતભાત જુદી હોય.

સખાવત અને પરમાર્થ ભારતીય સંસ્કૃતિનાં અવિભાજ્ય અંગ છે. ધન, ધાન્ય અને વસ્ત્રોનું ભિક્ષા તરીકે દાન કરવું એ આપણી પૂજનીય પરંપરા છે.

ભારતમાં સખાવતને સૌપ્રથમ સંસ્થાગત પ્રતિષ્ઠાન બનાવવાનું શ્રેય જે. એન. ટાટા એન્ડાઉમેન્ટ ટ્રસ્ટને ફાળે જાય છે. ત્યાર બાદ એવી સંસ્થાઓમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો જેને મોટાં ઉદ્યોગગૃહો તરફથી સખાવત પૂરી પાડવામાં આવે.

પરમાર્થ કે સખાવતને પોતાનો જીવનમંત્ર બનાવનાર કેટલાક અજાણ્યા દાનવીરોનાં નામો પણ છે. એવું એક નામ છે શ્રીમતી સુહાસિની મિસ્ત્રીનું. એમનો અચૂક ઉલ્લેખ કરવો રહ્યો. 2018માં ભારત સરકારે એમને 'પદ્મશ્રી'થી નવાજ્યાં ત્યાં સુધી ખરેખર તેઓ અજાણ્યાં હતાં. એમના પતિ તબીબી સહાયના અભાવે મૃત્યુ પામ્યા હતા. સુહાસિની ત્યારે માત્ર 23 વર્ષની વયનાં હતાં. પતિના અકાળ અવસાન અને ત્યારના એમના

સંજોગોથી તેઓ હતપ્રભ હતાં. જ્યાં સુધી નાનામાં નાના માણસને તાકીદની ક્ષણે તબીબી સહાય ન મળે ત્યાં સુધી પોતે રાહતનો શ્વાસ નહીં લે એવી પ્રતિજ્ઞા લીધી. પોતાની પ્રતિજ્ઞા પૂરી કરવા તેઓ રાત-દિવસ વીરતાપૂર્વક લડતાં રહ્યાં. પોતે ચાર સંતાનો સાથેના પરિવારનાં એકમાત્ર કમાઉ સભ્ય છે એની પણ એમણે પરવા ન કરી. એક અભણ સ્ત્રીને મળે એવાં તનતોડ મહેનતનાં કામો કરીને એમણે મજૂરીમાં જાત ખૂંપાવી દીધી. વાસીદાં કર્યાં, વાસણ ઊટક્યાં, બાંધકામ ચાલતું હોય ત્યાં મજૂરી કરી, અરે પોલિશ કરીને લોકોનાં પગરખાં પણ ચમકાવ્યાં. આખરે કોલકાતા શહેરમાં શાકભાજી વેચીને સ્થિર થયાં. ખૂબ કરકસર કરીને બાળકોને આપી શકાય તે બધું આપ્યું. પોતાની જરૂરિયાતો ખૂબ ઓછી હતી તેથી બચત બાળકોને ફાળે જતી. આખરે એવો દિવસ ઊગ્યો જ્યારે બચતમાંથી પોતાના પતિના ગામ હાંસપુકુર (જોખા), પશ્ચિમ બંગાળમાં જમીનનો એક ટુકડો ખરીદી શક્યાં. એમના મનમાં હોસ્પિટલની જે કલ્પના હતી તે એક કાચા ઝૂંપડાથી શરૂ થઈ. એની ઉપર પાકું બાંધકામ ત્યાંના સ્થાનિક લોકોની સહાયથી કર્યું. એમની આવી સારા કાર્યની ધગશ જોઈને અન્યો પણ એમની સહાયે આવ્યા અને એ રીતે હ્યુમિનટી હોસ્પિટલ ઊભી થઈ. એમાં ગરીબમાં ગરીબ વ્યક્તિને વિશેષજ્ઞ દ્વારા સૂચિત તબીબી સહાય સાવ વિનામૂલ્યે અપાય છે.

સુહાસિની જેવાં અનેક ઉદાહરણો આપણી પાસે વ્યક્તિ, ટ્રસ્ટ અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા મળી રહે છે. જેઓ આવી સખાવતી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત છે. આ દરેક વ્યક્તિ અને સંસ્થાઓનો ગરીબોને સહાય આપવાનો અભિગમ ભલે જુદો હોય પણ એમનો આત્મા એક છેઃ તે છે બીજાને મદદ કરવાનો, બીજાને રાહત આપવાનો. સખાવતના ક્ષેત્રમાં મોટા ભાગની વ્યક્તિઓ ખોટા દેખાડા વગર ચૂપચાપ આ કામ કરે છે. 'તમે જ્યારે જમણા હાથે સખાવત કરો ત્યારે તમારા ડાબા હાથને પણ એની જાણ ન થાય એની કાળજી રાખો'નું બાઈબલ વાક્ય અનુસરતા હોય છે.


જો કે આવા ઉમદા કાર્યને પ્રસિદ્ધિ મળે તો એમાં લોકોનું પ્રદાન વધવાની શક્યતા ઊભી થાય છે. દાનમાં પણ અભિવૃદ્ધિ થઈ શકે. આપણે ત્યાં ગરીબી-નિવારણ, સ્વાસ્થ્ય અને શિક્ષણક્ષેત્રે મોટા જનસમુદાયની સહભાગીતા આવશ્યક છે. આપણે જો આ ત્રણ ક્ષેત્રે સંતોષજનક સફળતા મેળવી શકીએ તો સંલગ્નિત અન્ય ક્ષેત્રોમાં પણ એના વિકાસનાં પરિણામ જોવા

મળશે. કૃષિ, ઉદ્યોગો અને વ્યાપાર જેવાં મૂળભૂત ક્ષેત્રોમાં લોકોને મોટા પાયે રોજગાર પ્રાપ્ત થઈ શકે અને એને લીધે આર્થિક વિકાસને વેગ મળે.

ધ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી એક્ટ દ્વારા હવે સખાવત નફો રળતી દરેક સંસ્થા માટે કાયદેસરની જવાબદારી બની ગઈ છે. છેલ્લાં ત્રણ વર્ષના નફાના એકંદરે બે ટકા જેટલી રકમ આવી સખાવત માટે વાપરવાનું કંપનીઓ માટે આવશ્યક બની ગયું છે.

આપણા દેશમાં લાખોની સંખ્યામાં લોકો ભૂખે મરે છે, અનેક એવા છે જેમને તાત્કાલીક તબીબી સહાયની જરૂર હોવા છતાં પૈસાના અભાવે એ મેળવી શકતા નથી. કેટલાય એવા છે જેમને રહેવા માટે માથા ઉપર છત સુધ્ધાં નથી. એવાં અનેક પ્રતિભાશાળી બાળકો છે જેમનાં મા-બાપ સાધનના અભાવે એમને શાળાએ મોકલી શકતાં નથી.

આપણને આવાં અનેક સુહાસિનીની ગરજ છે. આપણને અનેક પરમાર્થીઓની આવશ્યકતા છે.



સુરેન્દ્રલાલ ગિ. મહેતા

તમારી જાતને પામવાનો સૌથી સરળ રસ્તો બીજાની સેવામાં પોતાની જાતને ખોઈ નાખવાનો છે.

- ગાંધીજી

* * *

તમે જ્યાં છો ત્યાં જ શક્ય તેટલું ભલું કરો. આ બધી નાની નાની ભલાઈનો સરવાળો એક દિવસ આખા વિશ્વને આંજી નાખશે.

- ડેસ્મંડ ટુ ટુ

* * *

સખાવત ભલે ઘરેથી શરૂ થતી હોય પણ એ ત્યાં જ અટકી જવી જોઈએ નહીં.

- ફ્રાંસિસ બેકન

* * *

ચાર ગઝલો

☐ અશરફ ડબાવાલા

પાણીથી બાંધી અને કાબૂમાં અમને રાખ મા,
આમ તું દરિયો બની ટાપુમાં અમને રાખ મા.

રાખ તો તું રાખ અમને ભીતર ટગલી ડાળ પર,
મનથી નિતારીને તું વાતુમાં અમને રાખ મા.

ઘાવ કરવો હોય તો બસ ઘાવ કર તું બેધડક,
કોઈ પણ અવઢવરૂપે ચાકુમાં અમને રાખ મા.

એકબીજાને રિઝવતા હોઈએ તો રણ ભલું,
વાંકમાં રાખીને તું આબુમાં અમને રાખ મા.

છોડ કે તરછોડ તો મન મારીને જીવીશું પણ,
નેજવે માંડી નજર બાજુમાં અમને રાખ મા.

☐

વીરમાં વેદ તું જગાવી દે,
પીરને પેશવા બનાવી દે.

પારખાં સતનાં કરવાં છોડીને,
પાયા ખોટાના હચમચાવી દે.

ઠેશ લાગ્યા પછીના ડહાપણથી,
ઠેશના પથ્થરો તરાવી દે.

તો જ ગુણગાન તારાં ગાવાનો,
તારી ભૂલો જો તું ગણાવી દે.

સાંઈ એક આપ એવો અંદર જે,
બહાર પણ સઘળું ચકચકાવી દે.

વીંટી એક ઓછી દે મને, પણ તું,
ધૂળધોયાને કંઈ ઘડાવી દે.

વાવનો વાયદો ન કર અશરફ,
વીરડો આજ તું ગળાવી દે.

□

હાથોમાં પાયમાલી આપી દીધી મને તેં,
પણ મનમાં ફૂલદાની આપી દીધી મને તેં.

સૌનો તો હું છું રાજા ને છું ગુલામ મારો,
આ કેવી બાદશાહી આપી દીધી મને તેં.

બિંદાસ થઈને જીવ્યાનો જશ સતત મળત પણ,
છેવટમાં સાવધાની આપી દીધી મને તેં.

થોડાં દુઃખોના સૂરો તેં સૌને દઈ દીધા પણ,
બાકીની રાગદારી આપી દીધી મને તેં.

એકાદ ગામડું તે સ્મરણોનું સાથે રાખી,
આખીયે રાજધાની આપી દીધી મને તેં.

જેવો હું પાન થઈને ડાળે ફૂટ્યો કે તરત જ,
ખરવાની જાણકારી આપી દીધી મને તેં.

ફરતો 'તો સૂટ પહેરી અશરફના વેશમાં હું,
ગાલિબની શેરવાની આપી દીધી મને તેં.

□

સાધુ નથી થયો પણ ભીંતોને સાધી છેને!
એ રીતે અમુક અંશે મુક્તિ મેં પામી છેને!

છોને મને ન ગણ તું તારા સમો કે કંઈ પણ,
તારા કથનમાં મારી પંક્તિ તેં ટાંકી છેને!

શહનાઈ-વાંસળી ના ફાવે મને ભલે પણ,
મન ફાવે ત્યારે અમથી સીટી તો મારી છેને!

એકાંતના ઇશારે કે ભીડના પ્રભાવે,
હર એક મનમાં મનથી છૂટવાની બારી છેને!

હું સ્વર્ગ, મોક્ષ જેવું માગું કશુંયે ના પણ,
આવી મને પૂછી જા ''તબિયત તો સારી છેને?''

બે કાવ્યો

□ બાબુ સુથાર

ઉંદરો

ક્યારનાય દોડ્યા કરે છે પાટલી પર
ચૂં ચૂં અને થાળી ખખડવાના અવાજ
મારી ઊંઘને વલૂર્યા કરે છે.
પહેલાં થાળીઓ પડવા માંડે છે
પછી વાડકીઓ.
પછી લોટા.
બા દુર્વાસા પાસેથી
ઉછીના લાવેલો શાપ આપે છેઃ
મૂઆ મરતાય નથી.
બાપા કહે છેઃ હવે હવારે મૂકજે.
ચૂં ચૂં ચાલુ રહે છે.
બોડી[1] શિંગડાં ખીલે મારીને
ગયા જનમમાં ખોઈ નાખેલા આભલાને
શોધી રહી છે.
પડ્યા પડ્યા મને થાય છેઃ
ફેરકૂવામાંની વંતરીઓ અત્યારે શું કરતી હશે?
ગામછેડાની માતાએ ગઈ કાલે વાલમાએ વધેરેલું બોકડું
માતાના દરબારમાં પહોંચ્યું હશે કે નહીં?
મસાણમાં બાબરિયો[2] એકલો એકલો એના વાળ
ઘડીકમાં નદી જેટલા
ઘડીકમાં કોતર જેટલા
લાંબાટૂંકા કરતો હશે કે?
ખાંહારો[3] બાવળના ઝઈડે
પીઠ ખંજવાળતો હશે કે?
એટલામાં મગાકાકાના કૂકડાએ
કલગીમાંથી સૂરજ બહાર કાઢીને
ઊગમણે રમતો મેલ્યો.
હવે ઉંદરમામા બધા પાછા સ્વર્ગમાં જશે
ગણપતિદાદા પાસે બેસશે
ને કાલે આનંદીબાની[4] કઈ થાળીઓ પર
કેવા ગોબા પાડવાના છે
એની ચર્ચા કરશે.

---

[1]ભેંશનું નામ
[2]ભૂતનું નામ
[3]ભૂતનું નામ
[4]મારાં બાનું નામ

□

બીક

ઝાડ પર બેઠેલા એક પંખીને
બીક લાગીઃ

ઊડીશ
        તો
આકાશ
ગળી જશે

નીચે ઊતરીશ
        તો
ધરતી

મેં, એક કવિએ, આ ઘટના
સગી નજરે જોઈ છેઃ

એને
ઝાડ ગળી ગયું.

બે કાવ્યો

☐ મોહમ્મદ નુરુલ હુડા (બાંગ્લાદેશ) - અનુ. વર્ષા દાસ

પડછાયા

સુખના પડછાયા સાથે ઊડતાં
સુખ પોતે પડછાયો બની ગયું
દુ:ખના પડછાયા સાથે ઊડતાં
દુ:ખ પોતે પડછાયો બની ગયું.

વાદળના પડછાયા સાથે ઊડતાં
તુંયે પડછાયો બની ગયો.
તારા પડછાયા સાથે ઊડતાં
હુંયે પડછાયો બની ગયો.

પડછાયાઓની સાથે ઊડતાં ઊડતાં
મારો સંસાર પણ પડછાયો બની ગયો.
બ્રહ્માંડના પડછાયા સાથે ઊડતાં
હું લીટીઓ લખતાં શીખી ગયો.

પડછાયો લખું છું,
બીજું કંઈ નહીં,
તને જ લખું છું.

☐

સરહદો

સરહદો છે
પહેલાં પણ હતી
દેખાય, ને ન પણ દેખાય
પણ સરહદો સર્વત્ર છે તો ખરી.

ભૂગોળની સરહદો
દરજ્જાની સરહદો
દૃષ્ટિની સરહદો
ભ્રાંતિની સરહદો
તન-મનની સરહદો

આજે દક્ષિણ એશિયામાં
ને એનીયે પેલે પાર
આપણે હકથી માગીએ કે
સરહદ એક પણ ન જોઈએ.

સરહદો ક્યાં સુધી ટકશે?
એને ભૂંસી નાખીએ આજે
ના, ના, ગઈ કાલે.

તું યાદ કરીશ...!

☐ વીરુ પુરોહિત



(નઝ્મ)

કોઈ ખાલીપણું ફુગ્ગાનું ભરી શ્વાસોમાં,
નગરની વચ્ચે ઝૂરે યક્ષના લિબાસોમાં,
જોઈ શાપિત અમર-આત્મા ભટકતો, તું-
હે નગર! જે ક્ષણે સરકી જશે નિઃશ્વાસોમાં...
તું મને યાદ કરીશ...!

જે દિવસ વૃક્ષનાં ડોલન બની જશે જ છંદ,
અને પર્ણોયે ઓળખાતાં હશે જ્યારે પ્રબંધ,
નગરમાં ઘૂમતો, સુગંધ વડે તરબતર પવન-
જે ઘડી કાવ્યપઠન કરતો હશે મંદ મંદ...
તું મને યાદ કરીશ...!

અનેક હોડીઓ કાગળની હારબંધ તરશે,
બધીમાં વાંકાં-ચૂકાં નામ મારાં વંચાશે!
નગરના સર્વ ઝરૂખાઓ ઉપર બેસીને-
પીળી-સોનેરી દેવચકલીઓ જ્યારે ન્હાશે...
તું મને યાદ કરીશ...!

નગરના લોક ગીતાપાઠ કરવું ભૂલીને,
સવાર-સાંજ મારાં ગીત ગાશે ખૂલીને!
મૂકીને ષોડશીઓ થાળમાં ગઝલો મારી-
ઉમરખય્યામને પૂજતી હશે જ્યાં ઝૂલીને...
તું મને યાદ કરીશ...!

મેં ફજરફાળકો શબ્દોનો ચગાવ્યો છે સખત,
હું નહીં હોઉં, પણ પાલખ તો ફંગોળાશે સતત!
વિદાયવેળા નહીં બોલું હું, કંઠે છે ડૂમો-
કણેકણ ઊગશે ઋણરૂપે કવિતા, કે તરત...
તું મને યાદ કરીશ...!
તું મને યાદ કરીશ...!

"ત્રાજવું"

☐ રાધિકા પટેલ

તમે એના હાથમાં આપી દીધું છે ત્રાજવું;
એ હવે ન્યાય કરશે...!!

એનું નાક સૂંઘી શકે છે સમૃદ્ધિ;
એ એની સમૃદ્ધિનાં ફૂલ સૂંઘતાં - સૂંઘતાં,
ન્યાય કરશે...!

એના કાનને સાંભળવું ગમે છે-
"જી. હાજી. જી, બિલકુલ." -આવું બધું સાંભળતાં-સાંભળતાં,
ન્યાય કરશે...!

"આવું કેમ? આવું કઈ રીતે? આ અહીં ક્યાંથી?"- આવું કશું એને પૂછવું નહીં;
એ આવા બધા જ પ્રશ્નોને કાપી નાખશે પોતાના ત્રાજવાથી.
એની આંખમાં આંખ નાખીને જોવું નહીં,
તમે જશો નહિ-એની સામે અરીસો બનીને;
એ ફોડી નાખશે અરીસો એના ત્રાજવાથી.
એ ફક્ત,
એની સમક્ષ ઝૂકી ગયેલાઓની પીઠ પર ત્રાજવું મૂકી પછી,
ન્યાય કરશે...!!

એને ચૂકવવાનાં હોય છે કેટલાંક ઋણ,
લેવાના હોય છે કેટલાક બદલા;
એ
એના ગમા-અણગમાને ત્રાજવામાં મૂક્યા પછી,
ન્યાય કરશે...!!

એની ઉપર પણ કોઈએ તાકેલી હોય- બંદૂક, કદાચ.
ક્યારેક એ બંદૂકના ભય હેઠળ-
ન્યાય કરશે...!!

એની આંખમાં વસી ગઈ છે એક સુંદર સ્ત્રી;
ક્યારેક એ સુંદર સ્ત્રી સામે જોતાં-જોતાં,
તો ક્યારેક એને પોતાની જાંઘ પર બેસાડીને,
ન્યાય કરશે...!!

તમે એના હાથમાં આપી દીધું છે ત્રાજવું-એ હવે...

પચાસમા વર્ષની પહેલી સવારે

☐ પારુલ ખખ્ખર

સાંજુકી વેળાએ ઊઘલે બજાર, લોક ઘરભેળા થાય પરભારા
રે બાઈ... તું પાથરતી જાય કાં પથારા!

એક તો ઉછીનું પાથરણું તારું ને માથે ઉછીનો અસબાબ
ગાંઠમાં કાણીય કોડી નથી ને તોય શેનો છે આટલો રુઆબ!
નક્કામી ચીજોના વેપલા કરવાના શીદને જાગ્યા છે ધખારા!
રે બાઈ... તું પાથરતી જાય કાં પથારા!

કાટી ગ્યાં અણિયાળાં ખંજર-કટારી ને બુઠ્ઠાં થ્યાં ભાલા-તલવાર
બાર બાર વર્ષોથી ઝાડવે ટાંગેલાં કામ નહીં આવે હથિયાર
બોદાં રે બોલશે પાણીમાં બેઠેલાં રણશિંગાં-ઢોલક-નગારાં
રે બાઈ... તું પાથરતી જાય કાં પથારા!

ઠાકરની દીધેલી બે ખોબા માટીમાં ખંતેથી કીધેલી ખેડ
પાણીડાં સીંચ્યાં ને નિંદામણ કાઢ્યાં તો મોલ થયો રાજીનો રેડ
આથમણી કોરના ઝાંખા અજવાસમાં ખેતર મારે છે ઝગારા
રે બાઈ... તું પાથરતી જાય કાં પથારા!



સ્વાસ્થ્ય અને અધ્યાત્મ – ૪

☐ ડૉ. સેજલ સંઘવી

આગળ જોયું એ પ્રમાણે સ્વ અસ્તિત્વને જાગૃતિપૂર્વક પોષતા જવાનું છે. સ્વાસ્થ્ય એટલે કે સ્વમાં સ્થિરતા પામતા જવું આ જ જીવનનો ઉદ્દેશ્ય છે. આખરે કેન્દ્રમાં, સ્વમાં સ્થિત એવી મૂળભૂત અવસ્થામાં લય પામવાનું છે. હજારો રસ્તે, હજારો પ્રક્રિયાઓથી છેવટે મૂળમાં જ સ્થિત થવાનું રહે છે. જીવનનો અર્થ અને ઉદ્દેશ્ય આ કલ્યાણને ઉપલબ્ધ થવામાં છે. આ કલ્યાણની ઉપલબ્ધિ મહદંશે અભિમાનના પોષણ દ્વારા વિચલિત થાય છે.

અભિમાનને પોષવા માટે આ મનુષ્ય જીવન નથી મળ્યું, અસ્તિત્વને પામવા માટે મળ્યું છે. આ અસ્તિત્વને પામવા માટે, એમાં લય પામવા માટે અંતર્મુખી થવું જરૂરી છે. એટલા માટે જ શ્વાસની ક્રિયાઓ દ્વારા 'ધ્યાન' કરવાનું કહેવામાં આવે છે. જેમ જેમ તમે તમારી આંતરિક ક્રિયાઓ સાથે સંવાદ કેળવવા માંડો છો, એને અનુભવવા લાગો છો, એમાં લય પામવા લાગો છો, તેમ તેમ અભિમાન પણ લય પામી સંવાદિતાને વધુ પ્રત્યક્ષ કરે છે. આ પ્રત્યક્ષ તમારા 'હોવા'નું પ્રમાણ બને છે. આ પ્રત્યક્ષ કેળવણી દ્વારા સૃજન કરીને 'અહં બ્રહ્માસ્મિ'ની સ્થિતિ પ્રાપ્ત કરાવે છે.

આત્મલક્ષી વ્યવહાર એટલે કે આહાર-વિહાર તથા આચાર-વિચાર પ્રત્યેની સભાનતા એ આ સ્વ અસ્તિત્વને પામવા માટેનો મૂળભૂત પાયો છે. કર્મ, ક્રિયા, વ્યવહાર કયા ઉદ્દેશ્યથી કયા મનોભાવથી કરવામાં આવે તો તે આત્મકેન્દ્રી, આત્મલક્ષી, કલ્યાણકારી થાય એ માટે આત્માને, સ્વને જાણવું અને માણતા જવું એ જરૂરી છે. હાલની પરિસ્થિતિ પ્રમાણે મનુષ્ય જાણે છે પણ માણતો નથી. માણવામાં સ્વતંત્રતા કેન્દ્રમાં છે જ્યારે જાણવામાં અભિમાન. એટલે 'હું'પણાને, અભિમાનને સમજવાથી એને લય પમાડતા આત્મલક્ષી બળ પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય.

આ માટે આહાર-વિહારને સમજીએ. આહાર પોષે છે શરીરને અને સ્વ અસ્તિત્વને. આ આહાર હું મારી પાંચેય ઇન્દ્રિયોથી ગ્રહણ કરું છું ત્યારે જો હું મારાં ઉદ્દેશ્ય, કલ્યાણ, સ્વ સાથેની સુસંવાદિતા માટે સભાન હોઉં તો એ પરમ અર્થ માટે લેવાયેલો ખોરાક (આહાર) ગણાય. મહત્ત્વની વાત છે ઇન્દ્રિયોની ગુલામીથી પર થઈને દિવ્યતાને પોષવાની. અભિમાનને નહિ. આ દરેક ઇન્દ્રિયોનો એના સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીર સાથે સતત સંવાદ ચાલતો હોય છે. આ સંવાદ જ મનુષ્યનું ઘડતર કરતો હોય છે.

સ્થૂળ ભાવમાં લેવાયેલો કોઈપણ આહાર ઇન્દ્રિય દ્વારા શરીરના અભિમાનને પોષે છે. એટલે કે આવેગમાં આવીને, વૃત્તિઓના જોરમાં ખોવાઈ જઈને શરીરની તાત્પૂરતી જરૂરિયાતોને પોષવા માટે લેવાયેલો આહાર ધ્યેયવિહીન હોવાથી થોડા સમયમાં એની ઊર્જા ઓસરી જાય છે. ઊર્જા ટકાવી રાખવા ફરી ટૂંકા ગાળામાં ખોરાકની આવશ્યકતા ઊભી થાય છે.

જ્યારે સૂક્ષ્મ શરીર એટલે કે દિવ્ય શરીરની સભાનતા સાથે જાગૃતિપૂર્વક લેવાયેલો કોઈપણ ઇન્દ્રિય દ્વારા ગ્રહણ કરાયેલો ખોરાક ઉદ્દેશ્યપૂર્ણ હોવાથી પોષક બને છે. ધ્યેયની પૂર્તિ થતી હોવાથી એવા પોષણની અસર લાંબા સમયગાળા સુધી ટકી રહે છે. વળી, દિવ્ય આનંદ આપે છે. કારણ સ્વ

અસ્તિત્વની સભાનતા સાથે લેવાયેલો ખોરાક પોષણની સાથે સાથે કલ્યાણમય હોવાથી સ્થિરતા બક્ષે છે. અહીં પોષણ સ્વયં ખોરાક બની જવાથી ક્ષીણતા નગણ્ય થઈ જાય છે અને આનંદ જ આહાર બની રહે છે.

હું પાંચેય ઇન્દ્રિયો દ્વારા પ્રિયને પોષું તો અભિમાન પોષાય છે પણ શ્રેયને પોષું તો સ્વ અસ્તિત્વ પોષાય છે. હું ચૈતન્યને, મારા અસ્તિત્વને, મારા સમગ્રપણાને ચાહું તો હું આ શ્રેય માટેના પ્રયત્નોથી એ અસ્તિત્વમાં લય પામી શકું છું. આ શ્રેયને પામવા માટે ઉદ્દેશ્ય અને એનાં સતત રટણ, અવધાન અને પ્રયત્નો જરૂરી છે. આવા કલ્યાણ માટેના આયોજનનો એક ભાગ છે આહાર.

હવે એ જ પ્રમાણે વિહાર સમજીએ. મારો વિહાર એ બાહ્ય વિહાર નથી. મારું સ્વમાં, મારા મૂળભૂત લક્ષ્યમાં, મારા કેન્દ્રમાં, મારા સ્વ અસ્તિત્વમાં વિલસવું એ મારો વિહાર છે. અહીંયાં સંપૂર્ણ અંતર્મુખ થઈને સ્વ અસ્તિત્વ પર કેન્દ્રિત થવાની ઘટના છે. જ્યાં સુધી સ્વ અસ્તિત્વ વિષેની સમજ, એને જ પામવાનો ઉદ્દેશ્ય અને એમાં લય પમાડનારી પ્રક્રિયાઓ પર કાર્ય નથી થતું ત્યાં સુધી આ ફક્ત તાત્ત્વિક શબ્દો બનીને રહી જાય છે. એ જીવને કલ્યાણ તરફ અભિમુખ કરતા નથી.

મન જ્યારે અસ્વસ્થ હોય, સ્વથી ચલિત હોય ત્યારે ઇન્દ્રિયો (એટલે કે જે ઇન્દ્રના રાજ્યનું સુખ આપી શકે તેમ છે) બહિર્મુખ થઈને બહાર ભટકે છે જેના થકી મનુષ્યની શક્તિઓ ક્ષીણ થાય છે, ઘટતી જાય છે. આ બહિર્મુખતા એટલે વિસંવાદિતા એટલે કે ચિત્તની વૃત્તિઓનો મન પર પ્રહાર. લોભ, કામ, ક્રોધ, મોહ, મત્સર આ વૃત્તિઓનાં બીજ ચિત્તમાં પડ્યાં રહ્યાં હોવાના કારણે અને તેના ઉપર સભાનતાપૂર્વક કાર્ય ન થવાના કારણે બહિર્મુખતા સંભવે છે.

આ બહિર્મુખતાના કારણે અને જે તે વૃત્તિઓના પ્રભાવના કારણે શરીર પર જે તે પ્રકારના રોગનાં લક્ષણો ઉદ્ભવે છે. જેમાં મુખ્ય કારણોમાં ધાતુઓનું ક્ષીણ થવું અને ઓજસનું નબળું પડવું એ મહત્ત્વનાં છે. આ વૃત્તિઓના અર્થને, કારણને અને એમાં રહેલા બળને સાત્ત્વિક સ્વરૂપે જાણવું અને એનો કલ્યાણ માર્ગે ઉપયોગ કરવો એ આપણું લક્ષ્ય છે.

આચાર-વિચારના મૂળમાં પણ આ વૃત્તિઓ જ અધિકાર જમાવે છે. જેને કારણે પ્રત્યેક મનુષ્ય પોતાને સ્વથી વિચલિત થઈને અલગ અલગ વૃત્તિનાં જુદાં જુદાં બીજ પ્રમાણે પોતપોતાની ઝંખનાઓને પોષવા આડેધડ દોટ મૂકી જીવન વ્યતીત કરે છે, ખર્ચી નાખે છે. અત્યારે મનુષ્ય અભાન પરિસ્થિતિમાં આડેધડ કહેવાતા આનંદની પ્રાપ્તિ માટે દોડધામ કરે છે તે અભિમાન પોષક હોવાથી સુખ-શાંતિ-આનંદ આ ત્રણેયનો સમન્વય ક્ષણિક રહે છે. આ જ પ્રયત્ન જો અસ્તિત્વને પોષતો હોય તો સુખ-શાંતિ-આનંદ આત્માના મૂળભૂત ગુણધર્મ હોઈ વ્યવહારમાં પ્રગટ થાય છે. કોઈપણ પ્રકારની ઝંખના, સુખ અને આનંદ માટે મનુષ્યને દોડાવતો નથી.

આને એક વ્યાવહારિક ઉદાહરણથી સમજીએ. મનુષ્યને ભૂખ લાગે છે. ભૂખ એ એક અવસ્થા છે, પણ આ જ ખાવું છે એ ઇચ્છા છે. આ ઇચ્છા પ્રિય અને શ્રેય બંને તરફી હોય છે. જ્યારે અભિમાન પોષાતું હોય છે ત્યારે પ્રિય તરફી આ ઇચ્છા ઇન્દ્રિયોના પ્રભાવમાં આવીને જે તે પ્રકારનો આહાર ગ્રહણ કરીને ક્ષણિક ભૂખ સંતોષે છે. જ્યારે જાગૃતિમાં આ જ ભૂખની અવસ્થાને કલ્યાણગામી કરીને આવેગમાં આવ્યા વિના મનુષ્ય શ્રેય અને ઉદ્દેશ્યને પોષતો, કલ્યાણને દઢ બનાવતો, ધાતુઓને પ્રબળ કરતો, ઓજસનું નિર્માણ કરતો આહાર સ્વીકારે છે. આવેગ દ્વારા રજૂ થતા, ઉદ્દેશ્ય વિનાના, ઇન્દ્રિયોને પોષતા, અભિમાનલક્ષી આહારનું બળ ક્ષણિક હોય છે. અલ્પજીવી હોય છે એટલે ફરી પાછી થોડા સમયમાં શરીર આહારની માગણી કરે છે અને આ જ અભિમાનને પોષતો આહાર આત્માના સામર્થ્યને પ્રગટ કરવામાં નિષ્ફળ જાય છે. માટે આ જ ભૂખની અવસ્થામાં ઇચ્છાનો જે વેગ આવે છે એને કલ્યાણ તરફ વાળી લેવો એ મનુષ્યમાત્રની તાતી જરૂરિયાત છે. અવસ્થા શિવ છે અને એની સાથે એના સંદર્ભે થતી ક્રિયાઓ શક્તિ. એ બંનેનું સંયોજન બોધપૂર્વક જાણવાથી, અનુસરવાથી એ પરમ તત્ત્વને સહજ પામી શકાય છે. આમ ઊઠતા તરંગો અને આવેગોને સ્વ કલ્યાણ માટે વપરાય છે. આવી જ રીતે કામ એ એક અવસ્થા છે. એ વખતે થતા આવેગોને સમજીને વાળી શકાય તો પરમ આત્મા સહજ પ્રાપ્ત થાય છે.

સ્વ અસ્તિત્વની સંવાદિતા સાથે

ગ્રહણ કરાયેલો આહાર અન્ન પૂર્ણ કરે છે, પૂર્ણતા બક્ષે છે એટલે કે અન્ન અને અન્ન ગ્રહણ કરનાર બંને અન્નપૂર્ણા બને છે. આ પૂર્ણતામાં કાંઈ ખૂટતું નથી હોતું અને એટલે જ એમાંથી ઉદ્ભવેલું પૂર્ણ અનુભવાય છે, શેષ બચેલું પણ પૂર્ણ જ હોય છે.

॥ ૐ પૂર્ણમદ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥

આ પૂર્ણતા સ્વયં શાશ્વત છે, સનાતન છે, સતત વર્તમાન છે અને નિત્ય નવીન છે. એટલે કે જેને ભૂત અને ભવિષ્ય નથી. આવી અવસ્થા પામવા, પૂર્ણતાનો સાક્ષાત્કાર કરવા જાગૃતિથી અને આગ્રહપૂર્વક સ્વ કલ્યાણના ઉદ્દેશ્યને પકડી રાખવો, એનો દઢ સંકલ્પ કરવો, એના તરફની વૃત્તિ કેળવવી એ પાયાની સમજ સ્વાસ્થ્ય એટલે કે સ્વમાં સ્થિરતા બક્ષે છે.

હવે આ આહાર-વિહાર, આચાર-વિચાર જે કોઈપણ વૃત્તિના પ્રભાવથી, જે કોઈપણ સંજોગોમાં, જે કોઈપણ અંત:કરણની અવસ્થામાં, જે કોઈ સમયે, જે કોઈ પરિસ્થિતિના પ્રભાવમાં પોષાય છે એની એ પ્રમાણે શરીરનાં કોષો, અંગ-ઉપાંગો અને અંત:સ્રાવી ગ્રંથિઓ પર એની અસર અંકિત થતી જાય છે, પકડ જામતી જાય છે.

મનુષ્ય શરીરની ૪૦ અંત:સ્રાવી ગ્રંથિઓ છે જે પ્રત્યેકમાં આધ્યાત્મિક સ્વરૂપ સુગ્રથિત, સુસંબંધિત થયેલ છે. આ જ ગ્રંથિઓની અંદર મનુષ્યના પૂર્વજન્મના સંસ્કારો (જે સંસ્કાર શબ્દથી વિપરીત છે), વૃત્તિઓ, આદતો, ક્રિયાઓ, યાદશક્તિ જકડાયેલાં છે. ચૈતન્ય જ્યારે જાગૃતિ દ્વારા શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે આ સર્વ ગ્રંથિઓની પકડમાંથી દેહને મુક્ત કરાવે છે.

પૂર્વજન્મના સંસ્કારો અને ચિત્તમાં પડેલી વૃત્તિઓ આ ગ્રંથિઓ દ્વારા મનુષ્યના મન પર સત્તા સ્થાપીને પોતાના વર્ચસ્વથી મનુષ્ય પાસે કર્મ કરાવે છે. એથી હરેક કર્મ જે મનુષ્ય કરે છે તે પોતાના જકડાયેલા, બંધન પામેલા સ્વ સાથે કરે છે. આ ૪૦ ગ્રંથિઓનું બળ ઘણું વધારે છે જે સૌથી વધારે ઊર્જા ખર્ચી નાખે છે. દેહને વૃદ્ધાવસ્થામાં ગ્રસિત કરવા માટે આ જ ગ્રંથિઓ કારણભૂત છે. ઊર્જાનો સૌથી મોટો સ્રોત આ ગ્રંથિઓ વાપરી નાખે છે. અલીબાબા અને ચાલીસ ચોરમાં, ચાલીસ ચોર આ જ ગ્રંથિઓને લાગુ પાડી શકાય. અને અલી એટલે કે અલ્લાહ તમને આ ચાલીસ ચોરોમાંથી મુક્તિ બક્ષે છે. આ ગ્રંથિઓ પ્રત્યેની જાગૃતિ જ અલ્લાહ કે ઈશ્વર કહેવાય છે.

'એક સાધે સબ સધે'. મૂળ ઉદ્દેશ્ય અને સ્વ અસ્તિત્વ સધાતાં જાય તેમ તેમ કુદરત સ્વત: મનુષ્યને ભૌતિક, દૈવિક અને આધ્યાત્મિક એવાં સર્વ સુખોથી સંપન્ન કરતી જાય છે.

[ક્રમશ:]



પડોશણ

☐ પ્રવીણસિંહ ચાવડા

એમને અમારા પડોશી ગણવા કે નહીં તે પ્રશ્ન છે. ડાબે-જમણેનાં તેમ સામેનાં થોડાં ઘર તે પડોશ એવું આપણે સામાન્ય રીતે માનીએ, દિવસમાં કેટલીય વાર જોવા-મળવાનું થાય, દૂરથી સ્મિતની આપલે થાય. પેલું ઘર, જેની વાત થઈ રહી છે, તે અમારી પાછળની સોસાયટીમાં હતું. કમ્પાઉન્ડ વોલ એક જ, પણ એની પછીત કહેતાં પીઠ અમારી તરફ, ભૌગોલિક સામીપ્ય, પણ ગોઠવણી વિપરીત. આટલું ઓછું હોય એમ, બે સોસાયટીના ગેટ પણ પાસપાસે નહીં, વિરુદ્ધ દિશામાં. અમારો

ગેટ પડે પોસ્ટ ઓફિસ રોડ પર, એમનો ગવર્નમેન્ટ સ્કૂલની સામે. તેથી, જતાં-આવતાં અનાયાસે મળવાનું થાય એવી શક્યતા નહીં.

જોકે, બારણાં વિરુદ્ધ દિશામાં હોય, સોસાયટી જુદી હોય, તેથી બે કુટુંબો વચ્ચે સંબંધ હોઈ જ ન શકે એવું નથી. એમ તો, એ લોકોની બાજુનું ઘર તે માધુભાઈ કોન્ટ્રેક્ટરનું, એમના અને અમારા વરંડાના ખૂણા માંડ એકબીજાને અડે, છતાં પહેલા દિવસથી, કહો કે અમે ઉંબરમાં પગ મૂક્યો તે ઘડીથી જ સંબંધ પ્રસ્થાપિત થઈ ગયો હતો.

આ સરળતા અને સહજતાનો યશ તે ઘરનાં સ્વામિની વિદ્યાબહેનને આપવો જોઈએ. હજુ ટ્રકમાંથી સામાન ઊતરતો હતો, ખુરશી-ટેબલ, ગાદલાં, વાસણોનાં અને પુસ્તકોનાં બોક્સઃ કઈ વસ્તુ ક્યાં મૂકવી તેની સૂચનાઓ મજૂરોને અપાઈ રહી હતી, મારી અને મારાં પત્ની વચ્ચે મતભેદ થતા હતા, રકઝક ચાલતી હતી, તમને ખબર ન પડે - એવું મને વારંવાર જણાવવામાં આવતું હતું, ત્યાં પાછળની દિશામાંથી ટહુકો સંભળાયો.

'કંઈ કામ હોય, જોઈતું-કારવતું હોય તો કહેજો, મૂંઝાતાં નહીં.'

થોડી વાર પછી, વગર પૂછ્યેઃ

'એ... જરી... આ લેજો-'

મારાં પત્ની દોડીને પાછળ ગયાં, તોઃ

'જોજો, ગરમ છે, સાચવજો.'

કોણ છો, ક્યાંથી આવો છો - કોઈ પડપૂછ નહીં. કીટલી ભરીને ચા. પૂરતી બનાવી છે. મજૂરોનેય આપજો.

મારા જેવા નોકરિયાતોની આ નિયતિ છે. ઉપલી કચેરીમાંથી હુકમ છૂટે અને ઉચાળા ભરવા પડે. ગોધરાથી અમરેલી, અમરેલીથી નવસારી - ગુજરાતના નકશામાં લીટીઓ દોર્યે જાઓ - હિંમતનગર, ભરૂચ, જામનગર, ખેડાઃ કલાત્મક જાળી તૈયાર થાય. અમે વિશિષ્ટ પ્રજાતિ, વગડાઉ વનસ્પતિ જેવા. જ્યાં નાખવામાં આવે ત્યાં અમારે ઊગવાનું. જમીન, ખાતર, પાણી અનુકૂળ આવશે કે નહીં તે મુદ્દો અમને લાગુ ન પડે.

પલંગ, ગાદલાં, ખુરશી-ટેબલ અને વાસણોની સાથે અમારું જીવન પણ થોડા દિવસમાં ગોઠવાઈ ગયું. વિદ્યાબહેન અને માધુભાઈની તો વાત જ ન થાય, પડોશનાં બીજાં ઘરોનાં બારણાં પણ અમારે માટે ખુલ્લાં. બાળકોને તો પરસ્પર પરિચય કેળવવાનો હોય જ નહીં. એ તો દીવાલ ઠેકીને જાય.

માત્ર એક ઘરની દિશા બંધ. તેથી તો આ પ્રશ્ન થાય છેઃ એમને અમારા પડોશી માનવા કે નહીં?

*

કિલ્લો ઈંટ-પથ્થરનો હોય કે માનસિકતાનો, અમુક આંદોલનો બહાર ફેલાયા વગર રહેતાં નથી.

'આ લોકો ખરાને?'

'કયા લોકો?'

'એ તો વિદ્યાબહેન કે'તાં'તાં.'

'વિદ્યાબહેન શું કે'તાં'તાં?'

મારાં પત્નીની આ શૈલી છે. એક ટપકું, અડધી લીટી. મગજ કસવું પડે. ઝાંખી પણ આકૃતિ ઊપસતાં ખૂબ વાર લાગે. ઊંચકાઈને હવામાં તરતા હોઈએ એવો અનુભવ થાય.

'એમની બાજુવાળા ખરાને?'

'કઈ બાજુવાળા?'

'આપણી પાછળવાળા, બીજું કોણ?'

'તે?'

'ડોક્ટર છે.'

'બહુ સારું.'

વાતચીત અહીં પૂરી થઈ, પણ એમને સંતોષ થયો હોય એવું લાગ્યું નહીં.

થોડા દિવસ પછી માહિતીનો બીજો ટુકડોઃ

'બે માણસો એકલા છે.'

'કયા બે માણસો?'

હાથ પાછળની બાજુ લાંબો થયો.

'સંતાન નથી?'

'ના, ના. એમ તો એક છોકરો છે, પણ ઠેઠ જર્મનીમાં.'

'ગુડ.'

'ગુડ શાનું? બારમું પાસ કરી ભણવા ગયો તે ગયો. પાંચ વરસ થયાં, પાછા આવવાનું નામ લેતો નથી.'

'ત્યાંની લાઈફ જ એવી હોય છે. ભણવાનું અને સાથે સાથે પાર્ટટાઈમ જોબ હોય.'

'એ કંઈ નવાઈનો પરદેશ ગયો છે? બાર મહિને-બે વરસે માણસને ઘર તો સાંભરેને?

'હશે.'

એક વાર તો શરૂઆત જ ફરિયાદથી થઈ, 'તમે સાંભળતા જ નથી!'

'સાંભળું છું, બોલો.'

'દુનિયામાં એ એક જ ડોક્ટર હશે? બીજા કોઈ ડોક્ટરો નહીં હોય?'

'શું થયું?'

'કંઈક... વિચિત્ર માણસ લાગે છે.'

'એમ?'

'એટલે કે... ધૂની જેવો...'

'તમને ક્યારે અનુભવ થયો?'

'વિદ્યાબહેન કે'તાં'તાં. પડોશમાં કોઈની સામે જોવું નહીં, કેમ છો કરવું નહીં. આ કંઈ રીત છે? આટલો અહંકાર શાનો હશે-ડોક્ટરીનો?'

'કોઈના વિશે આમ અભિપ્રાય બાંધી લેવાય નહીં. દરેકની પ્રકૃતિ જુદી હોય. કોઈ માણસ ઓછું બોલે, કોઈ જરૂર કરતાં વધારે.'

'આ... મને સંભળાવો છો?'

સમાપન હાસ્ય સાથે થયું.

*

વિદ્યાબહેન ઉપરાંત માહિતીનો બીજો સ્રોત તે અમારા કામવાળા ભીમજીભાઈ. આજુબાજુનાં પાંચ-સાત ઘરોમાં એ કચરાપોતાં- વાસણ કરવા જાય, જેમાંનું એક ડોક્ટરનું એટલે કે, જ્યાં કોઈની અવરજવર નહોતી એવા એ કિલ્લામાં ભીમજીભાઈને દિવસમાં ત્રણ વાર પ્રવેશ મળે.

ભીમજીભાઈ જેવો નોકર આજના જમાનામાં દુર્લભ ગણાય. કોઈ વાર તો આપણને લાગે કે એ માણસને કાન નથી, આંખો નથી. આદર્શ પતિની વ્યાખ્યામાં મારો સમાવેશ થાય નહીં, તેથી અમારા દાંપત્યજીવનમાં રંગોનું વૈવિધ્ય સારા પ્રમાણમાં છે. તારામંડળ સળગે, ક્યારેક ફટાકડા પણ ફૂટે. તેવા પ્રસંગે ભીમજીભાઈ પાસે હોય તો પણ જાણે સાંભળતા જ નથી. કચરો વાળતા હોય કે પોતું કરતા હોય, ઊંચું જુએ જ નહીં. હોઠના ખૂણે પણ રમૂજની રેખા નહીં.

સાહેબ લોકો એમનું કામ કરે અને આપણે આપણું કામ કરવાનું!

એમની સાથે સામાન્ય વાતચીત કરવી તે પણ અઘરું. સામેથી તો ક્યારેય બોલે નહીં. પૂછો તેનો ઉત્તર શક્ય એટલા ઓછા શબ્દોમાં આપે.

એ રેડિયોને યોગ્ય ફ્રિક્વન્સી પર લાવી ધાર્યું સંગીત કઢાવવા માટે મારાં પત્નીને ખૂબ ચાંપો મચડવી પડતી હશે એમ હું માનું છું. આ કાર્યક્રમ, અલબત્ત, મારી અનુપસ્થિતિમાં જ શક્ય બને, પછી, કોઈકોઈ તર્જ મને સંભળાવવામાં આવે.

– આખો દા'ડો તમાકુ ચાવ્યા કરે, બોલો!

– ઘરમાં ચડ્ડી પહેરીને ફરે.

– કાળો, જાડો, ઠીંગણો.

– રવિવારે તો બપોરે બે-ત્રણ વાગ્યા લગી ઘોર્યા કરે!

આ ક્રમમાં એક દિવસ જે વિગત ઉમેરાઈ તેને ટેવ, વિચિત્રતા કે લાક્ષણિકતાના વર્ગમાં મૂકી શકાય એમ નહોતું.

'તમને કંઈક કહેવું છે.'

'યસ!'

'એમ નહીં, છાપું બાજુએ મૂકો.'

'મૂક્યું.'

વચ્ચેથી આવરણ ખસી ગયું અને હું જોઈ રહ્યો. આંખો ડબડબ થઈ રહી હતી.

થોડી વાર નીચું ઘાલીને બેસી રહ્યાં, પછી બબડ્યાં, 'આ ડોક્ટર!'

'કંઈ નવું બન્યું?'

'ભગવાને શું માણસો ઘડ્યા છે! આટલો એજ્યુકેટેડ-'

વળી મૌનનો પડાવ આવ્યો.

છેવટે બોલી નાખ્યું, 'એની વાઈફને... તમે માનશો નહીં.'

મેં ધીરે રહીને કહ્યું, 'સાંભળો. દુનિયામાં માની ન શકાય એવું ખાસ કંઈ હોતું નથી.'

'– એની વાઈફને મારે છે!'

આ સાંભળ્યા પછી પણ અગાઉના મારા વિધાનમાં ફેરફાર કરવાની આવશ્યકતા મને જણાઈ નહીં. પુરુષ તેની પત્નીને અથવા જેની સાથે પ્રેમ હોવાનો દાવો કરતો હોય તેવી અન્ય સ્ત્રીને મારે તે, બુદ્ધિમાં ઊતરે નહીં તેવી અલૌકિક કે અવૈજ્ઞાનિક ઘટના નથી.

હા, સાવ નિર્લેપ ભાવે, શુષ્ક માહિતી તરીકે તેનો સ્વીકાર કરવો તે જુદી વાત છે.

*

અમારાં ઘર નાનાં, એક માળનાં, વિનમ્ર. આગળ નાનો વરંડો, પાછળ પાણીની ટાંકી તથા વાસણ ધોવાની ચોકડી. અમારી સરખામણીમાં ડોક્ટરનું મકાન તો મહેલ ગણાય. હજારેક વારનો પ્લોટ, આગળ લોન, પાછળ મોટાં મોટાં વૃક્ષો. આંબા અને પીપળા તો કદાચ મકાન બંધાયું તે પહેલાંના હશે. ઉપરાંત અનેક જાતનું ઘાસ અને વેલાવેલીઓ.

ફૂલો દેખાતાં તે કોને માટે હશે એવો પ્રશ્ન થાય.

નાનું પણ અડાબીડ જંગલ, એની આડે બંગલો લગભગ આખો ઢંકાઈ ગયેલો. ઉપરના માળની અડધી બારી, બાલ્કનીનો છેડો, ધાબાનો ખૂણો - આટલું જ અમારે ત્યાંથી જોઈ શકાતું.

મકાન તો આટલુંય દેખાતું, એમાં વસનારાનો તો અંશ પણ - વસ્ત્રનો છેડો, ટચલી આંગળીનો નખ - જોવા મળતો નહીં.

*

મર્યાદિત અર્થમાં આ ખોટ પણ પુરાઈ.

એક સાંજે મારાં પત્ની મંદિરેથી આવીને સીધાં અંદર ગયાં નહીં, મારી પાસે બેઠાં.

હથેળી ધરી.

પ્રસાદ.

મેં પ્રસાદ લીધો તે પછી પણ હથેળી અમસ્તી મારી સામે ફેલાવી રાખી.

'સાંભળો.'

પ્રસાદ ઉપરાંત પણ બીજું કંઈક મંદિરેથી લેતાં આવ્યાં હતાં.

'જી.'

'વિદ્યાબહેન મળ્યાં.'

મંદિરે વિદ્યાબહેન સાથે મુલાકાત થવી તે આટલી ગંભીરતાથી મને આપવા પડે એવા સમાચાર નહોતા. તે સાંજની વિશિષ્ટતા એ કે સાથે બીજી એક સ્ત્રી હતી. વિદ્યાબહેને એનો પરિચય કરાવ્યો એમાં શબ્દો ઓછા અને આંખોના ઇશારા વધારે હતા.

'અમારાં નેબર છે.'

'એમ?'

'નેક્સ્ટ ડોર.'

નેક્સ્ટ ડોર કહેતાં બાજુનું ઘર. એ તો ડાબે-જમણે બે હોય. એમાંથી કયું?

અસ્પષ્ટતા રહેવી જોઈએ નહીં.

'એમના મિસ્ટર ડોક્ટર છે.'

આમ, મારાં પત્નીએ તે પાત્રને પ્રત્યક્ષ જોયું. હવે એમની સામે પડકાર હતો જે જોયું તેનું મારી સમક્ષ વર્ણન કરવાનો.

એમણે પ્રયત્ન શરૂ કર્યો.

'તમે નહીં માનો.'

મેં મનોમન કહ્યું, માનીશ.

'રૂપ તો રૂપ, એની વાત જ ન થાય-'

હું સાંભળી રહ્યો.

'પણ... અહોહો... શું એની આંખો છે! માય ગોડ!'

સ્ત્રી અન્ય કોઈ સ્ત્રીના રૂપની પ્રશંસા કરે! - પત્ની સાથે ફરીથી પ્રેમમાં પડી જવાય એવી ક્ષણ હતી.

'એમ?'

'અને... એના કેશ! તમે જુઓ તો-'

'તમે જુઓ તો-' આ એક ભાષાપ્રયોગ છે. તેને શાબ્દિક અર્થમાં લેવાનો હોતો નથી. તેથી, મને એ કેશ (ઉપરાંત આંખો વગેરે) જોવા મળે તો શું થાય - એવા વ્યર્થ તર્ક કરવા તે નાદાની હતી.

લાંબા અને રેશમી હશે. શિસ્તમાં નહીં માનતા હોય. કેશિની માટે મૂંઝવણરૂપ થતા હશે. ગમે તેટલા ફોસલાવવામાં આવે તો પણ છટકી જતા હશે, ઊડતા હશે, ડોલતા હશે, વહેતા હશે.

કેશ નહીં, વિપુલ જળનો રાશિ હશે, ધોધ હશે.

આંખો.

આંખોમાં આકાશ હશે.

સમુદ્રપણું હશે.

*

લાંબા કેશનું સૌંદર્યશાસ્ત્રમાં જે મૂલ્ય હોય તે, પ્રસ્તુત કિસ્સામાં એમનો એક વ્યવહારુ ઉપયોગ હતોઃ મસ્તકને ભીંત સાથે અથડાવવું હોય તો, લંબાઈને કારણે કેશ પર પકડ સારી રહે અને પુરુષનું કામ સરળ બને.

સ્ત્રીનું મસ્તક અને ભીંતઃ ના, ના, આ મારી વિકૃત કલ્પના નથી.

બંધ કિલ્લામાં ભજવાતા ખેલનો પ્રેક્ષક બનવાનું પડોશીઓના નસીબમાં ન હોય, પણ નોકરોને એ લાભ મફતમાં મળે. નોકરો તો ફર્નિચર જેવા, ભીંત પર દોરેલા ચિત્ર જેવા.

આ સંવાદ મારી હાજરીમાં થયો. મેં એમાં ભાગ લીધો નહીં, સાંભળ્યા કર્યું. મારાં પત્નીના ઝીણાઝીણા પ્રશ્નોઃ ભીમજીભાઈના ટૂંકા ઉત્તરો.

'તેં હેં ભીમજીભાઈ, ઇન્સલ્ટ કરે? ફાવે તેમ બોલે?'

'બોલેને.'

'એટલે... આમ... અપશબ્દો બોલે?'

શેઠાણીની ભાષા અઘરી, સંસ્કારી, ભીમજીભાઈએ સરળ અનુવાદ કર્યો, 'હોવે. ગાળો બોલે.'

'ગાળો?'

'ગંદી.'

'અને... તો તો.. હાથ ઉપાડે?'

'મારેને. વાતવાતમાં લાફો મારી દે. પાટુ મારે-'

કેશનો ઉલ્લેખ અહીં થયો.

'વાળ પકડીને ભેંત સાથે-'

એટલે કે, કેશ ઉપયોગી હતા.

રહી આંખો.

તે રડવા માટે હતી.

*

હતું સાવ પાસે, થોડાં ડગલાનું જ અંતર, છતાં મારાથી દૂર. પડદા પાછળ ઢંકાયેલું.

આમતેમ બે-પાંચ ટપકાં વિદ્યાબહેને મૂક્યાં. ભીમજીભાઈએ એમની તળપદી શૈલીએ થોડી વાંકીચૂકી લીટીઓ દોરી.

રૂપનું વર્ણન મારાં પત્નીએ કર્યું.

એક સાંજે નાનકડો ચમત્કાર થયોઃ મને કશુંક સીધું જ પ્રાપ્ત થયું. વચ્ચે કોઈનું

માધ્યમ નહીં. ખૂબ ઝંખના છે? સુરેખ ચિત્ર બનાવવું છે? અર્થ બેસાડવો છે?

વારુ.

નવરો હતો. જમવાને થોડી વાર હતી. ટેબલના ખાનામાં બે-ત્રણ જૂનાં બિલ પડ્યાં હતાં, ટુકડા કરી પાછળ ગયો અને કચરાપેટીમાં પધરાવ્યા. કામ પૂરું થયું તેથી પાછા વળવું જોઈએ, પણ–

અંધારું, ઉપર તારાઓ, કશાક રહસ્યનો સંચાર.

થોડી ક્ષણો માટે થોભી જા - એવો આગ્રહ હતો?

કશુંક બની રહ્યું હતું. આવી રહ્યું હતું.

પ્રથમ તો પાંદડાંનો ફરફરાટ જ સંભળાયો. વૃક્ષો અને વેલીઓ સાથે હવાની રમત. ધીમેધીમે એમાં લય દાખલ થયો.

સંભળાય છે કંઈ?

રસ પડ્યો?

વેરી ગુડ? તો, હવે પ્રસ્તુત છેઃ

તૂ... ને...

તૂ... ને...

હાય! મેરે જખ્મે-જિગર કો

છૂ લિયા!

શબ્દો પકડાયા-ન પકડાયા અને વિચાર આવ્યો કે હું છેતરાયો! પુષ્પો અને પર્ણો નવરાં નથી કે ખાસ મારે માટે પ્રકૃતિના ઓરકેસ્ટ્રાની વ્યવસ્થા કરે. રેડિયો જ હોય. એ ઘરમાં રેડિયો વાગી રહ્યો હતો–

રેડિયાનું ડબલું તત્ક્ષણ રદ થયું. વાદ્યોની સંગત નહોતી, નહીં સિતાર, નહીં તબલાંની થાપટ. આ તો માત્ર ગુંજન હતું.

કોઈ ગાઈ રહ્યું હતું!

સાવ નિરાંતે, અટકી અટકીને, થોડું ગુંજન, એકાદ-બે શબ્દો. સ્વર ઓછો. અવકાશ વધારે.

ગવાઈ નહોતું રહ્યું, હવાને અર્પણ થઈ રહ્યું હતું.

સૂના થા ઘર

કોઈ રેહને લગા...

વૃક્ષો અને વેલીઓ વચ્ચે કોઈ હળવા પગલે ચાલી રહ્યું છે, કેશ છૂટા છે, પાછળ ઢીંચણ સુધી ફેલાયેલા છે - આવું ચિત્ર મને આપોઆપ દેખાઈ ગયું, કલ્પનાની મદદ વગર, જાણે સંગીત સાથે કેશને અનિવાર્ય સંબંધ હોય!

આવી પરિસ્થિતિમાં શ્રોતાને પક્ષે એક પ્રકારની લાચારી આવી જાય છે. સાંભળવાનો અધિકાર પોતાને નથી એવું ભાન થાય ત્યારે ભીતર રહેલો સંસ્કારી પુરુષ એને ટપલી મારીને જગાડે છે.

ચાલો ભાઈ! ખસો અહીંથી!

અજાણી સ્ત્રીના હૃદયનું એકાન્તઃ એનું માન રાખો.

*

ફૂલો કોને માટે હતાં તે પ્રશ્નનો ઉત્તર મળી ગયો.

ચમત્કાર હતો. અત્યાર સુધી મકાનની પછીત અમારી તરફ હતી, એણે પૂંઠ ફેરવી અને મુખ મારી સામે

આવી ગયું.

વિકૃતિઓ ભૂંસાઈ ન ગઈ, રદ ન થઈ, પણ એ પાછળ ઠેલાઈ ગઈ. કેન્વાસને ભરી દેતું ચિત્ર રહ્યું તે એકાન્તમાં હળવે પગલે ટહેલતી અને એવી જ હલકે ગુંજન કરતી સ્ત્રીનું.

હું નાદાન નથી કે ગીતની માળા મારા ગળામાં પહેરી લઉં, માની લઉં કે એની દશા જુદી નહીં હોય, દૂર રહ્યે રહ્યે એ મને ચિંતવી રહી હશે, ગીતમાંનો 'તૂ' - જેણે ઋજુ સ્પર્શ વડે એના હૃદયના વ્રણને વહેતો કર્યો- તે અન્ય કોઈ નહીં, હું પોતે!

ના, ના. હું એવા કોઈ ભ્રમમાં નથી.

હૃદયની વાત જુદી છે.

ગીતના માત્ર શબ્દો પકડી રાખવા અને એમાં ગાનારની આત્મકથા વાંચવી, હું નહીં તો અન્ય કોઈ પુરુષ હશે - દુખિયારી તો હતી જ - એવું વિચારવામાં પણ કલાનું અપમાન છે.

શુદ્ધ આનંદ હતો, ઉડ્ડયન હતું. એને કોઈ વિષય નહોતો, કેન્દ્રવર્તી વિચાર નહોતો.

મુક્તિ હતી.

એણે મને પણ મુક્તિ આપી.

ગુંજન થઈ રહ્યું છે. સાથે સાથે, હોઠ પર રહસ્યમય સ્મિત રમે છે.

એ જ સ્મિત મારી તરફ મંડાયેલી બે આંખોમાં પણ છે.

આમ જુઓ મારી સામે.

મારી કથાથી હું મુક્ત છુંને?

તો પછી તમે શીદ બંધાઈ રહ્યા છો?

*

ડેરા ઉઠાવો!

કબાટો, છાજલીઓ, માળિયાં - જ્યાં જે કંઈ છે તે ભેગું કરો, પોટલાં બાંધો, કાર્ડબોર્ડ કે લાકડાનાં ખોખાંમાં ભરો.

ઝટ કરો!

તે સાંજના અનુભવ પછી ત્રીજા જ દિવસે ટપાલમાં મારી બદલીનો હુકમ આવ્યો તેને શું સમજવું - પરસ્પર સંબંધ વગરની બે સ્વતંત્ર ઘટનાઓ કે પછી બીજું કંઈક?

સરકારી તંત્ર છે. તેનો પ્રાસ યંત્ર સાથે મળે છે. તેના નિર્ણયો વ્યવહારુ હોય, ક્યારેક તરંગી હોઈ શકે, પરંતુ તેની પાછળ ગેબી સંકેતો વાંચવા-

હું આ સમજું છું, છતાં રમૂજ ખાતર, - અને આવા સંજોગોમાં મનુષ્ય પાસે હસવા સિવાય બીજો કોઈ વિકલ્પ હોય છે ખરો? -શુદ્ધ રમૂજ ખાતર વિચાર આવે છે કે મને સંભળાયું તે સંગીતનો કેટલોક ભાગ જુદો તારવી, વહીવટી ભાષામાં તરજુમો કરી, પાટનગર સુધી પહોંચાડવામાં આવ્યો હશે.

અને વિદ્યુત ગતિએ ફાઈલ ચાલી હશે.

અરજન્ટ, અરજન્ટ!

ઘરની પાછળ અંધારામાં ઊભો છેને? એક અપાર્થિવ તર્જ તેના કાન સુધી પહોંચી છેને?

ઉત્તમ ક્ષણ છેઃ અહીંથી જ એને ઉપાડી લો! ❑❑❑



એક દેવતાઈ જીવડાની નાનકડી વાત

☐ ઈશા કુન્દનિકા

ઘણા વખતથી એને જોવાની ઇચ્છા હતી. પુસ્તકમાં વાંચેલું. કાલે એને જોયું. બત્તીની બરોબર નીચે એ બેઠું હતું. લાંબું પાતળું શરીર જાણે તીડનું નાનું રૂપ. પાતળા લંબાયેલા પાછલા પગ. આગલા બંને પગના છેડાના ભાગ જાણે પ્રણામ કે પ્રાર્થના કરવાની મુદ્રામાં હોય એવી રીતે જોડાયેલા હતા. તીડ જેવું લાગતું પણ ખરેખર તો વાંદાના કુળનું આ જીવડું શિકારની રાહમાં શાંત સ્થિર થઈને બેઠું હતું. નામ એનું 'પ્રેઈંગ મેન્ટિસ.' આફ્રિકાની ઘણી જાતિ-પ્રજાતિમાં એની પ્રાર્થના-પૂજા કરવામાં આવે છે.

સંસ્કારથી બદ્ધ એવા આપણા મનને નાગ, ગણપતિ રૂપે હાથી કે હનુમાનજીના સ્વરૂપે વાનરની પૂજા કરતા મનુષ્યો વિશે નવાઈ નથી લાગતી. પણ છ પગવાળા જીવડાનું, કોઈ પ્રજા કે સંસ્કૃતિમાં દિવ્ય પ્રતીક તરીકે આદરભર્યું સ્થાન હોય તો નવાઈ લાગે છે.

એક વેળા આફ્રિકા અંધારિયો ખંડ ગણાતો હતો. એનાં ગાઢ વનો, દુર્ગમ પ્રદેશો અને પ્રાચીન પ્રજાઓ વિશે સંશોધન કરવા ઘણા સાહસવીરોએ પ્રવાસ ખેડેલો. એ વિશે પુસ્તકો પણ ઘણાં લખાયાં છે. પણ એના આદિવાસીઓ વિશે, તેમની સંસ્કૃતિ ને પરંપરાઓ, તેમની પૂજા-ઉપાસના, તેમની આદિવાસી કાળથી ચાલી આવતી અણલખાયેલી કથાઓ ને દંતકથાઓ, સુદૂર અતીતથી જીવન સાથે વણાયેલી માન્યતાઓ, તેમનાં સપનાં ને તેમના જીવન-સામર્થ્ય વિશે ઘણા ઓછા લોકોએ લખ્યું છે જેમાં બ્રિટિશ લેખક લોરેન્સ વાન ડર પોસ્ટનું નામ મોખરે છે. 'ધ લોસ્ટ વર્લ્ડ ઓફ કલહરી' તથા 'ધ હાર્ટ ઓફ ધ હન્ટર' પુસ્તકો વધારે વિખ્યાત છે.

'પ્રેઈંગ મેન્ટિસ' વિશેની આખી કથા 'ધ હાર્ટ ઓફ ધ હન્ટર' પુસ્તકમાં છે. આપણી કથાઓમાં પશુઓ, પંખીઓ, ગરુડ અને શેષનાગ જેવાં રૂપકો દ્વારા આધ્યાત્મિક સાધના અને સૃષ્ટિ રચનાની વાત કહેવામાં આવી છે. પણ નગણ્ય એવા જીવડા સાથે જીવનના આવિષ્કારની કડી જોડવાની દૃષ્ટિ ઘણી વધુ સૂક્ષ્મ હોવી જોઈએ. આફ્રિકામાં ઘણી જાતિ-પ્રજાતિ છે. એમાં બુશમેન નામની જાતિની માન્યતા પ્રમાણે 'મેન્ટિસ' એ ઈશ્વરનું પ્રથમ સર્જન છે. તે ઈશ્વર, સત્ય અને મનુષ્યનું મિશ્રણ છે. તેણે અગ્નિ પેટાવ્યો અને વસ્તુઓને અલગ-અલગ નામ આપ્યાં. આ રીતે મનુષ્યનો જીવનવ્યવહાર શરૂ થયો. આપણે આફ્રિકાને અંધારિયા ખંડ તરીકે ઓળખતા હતા પણ ત્યાં સૂક્ષ્મ બાબતો પર પ્રકાશ વેરતા દીપકો પણ હતા, એ આ પુસ્તકમાંથી જાણવા મળે છે.

ઓસ્ટ્રેલિયા, ઇજિપ્ત, ગ્રીસ અને આયરિશમાં પણ મેન્ટિસમાં અતિન્દ્રિય શક્તિ હોવાનું મનાય છે.

❑❑❑

આજે ગામડાનો દીવો બુઝાઈ ગયો છે. શહેરમાં કૃત્રિમ દીવો સળગ્યો છે - એ દીવામાં સૂર્ય ચંદ્ર નક્ષત્રનું સંગીત નથી. પ્રત્યેક સૂર્યોદય સમયે જે પ્રણામ થતા, સૂર્યાસ્ત સમયે જે આરતીનો દીપ સળગતો તે આજે લુપ્ત થયો છે, મ્લાન થયો છે. કેવળ જળાશયનું જળ સુકાઈ ગયું છે એટલું જ નહીં, હૃદય સુકાઈ ગયું છે.

- રવીન્દ્રનાથ ટાગોર



મારા ડાયેટિંગના પ્રયોગો

☐ આનંદિતા રૈયાણી

સમયની સાથે મારી માન્યતા થોડી બદલાઈ છે. હવે મને લાગે છે કે "પહેલું સુખ તે ઝાઝું ફર્યા." આ ફર્યા એટલે મોબાઈલની સ્ક્રીન પર જ હોં. તમે આવું સાંભળ્યુ નહીં હોય પણ આમાં સહમત થવા માટે સોશિયલ મીડિયા પર સક્રિય થવું એ અહીં આધાર કાર્ડ જેટલું જ જરૂરી છે. તમેય મારી જેમ "પહેલું સુખ તે જાતે નર્યા" જ વાંચ્યું હશે. હું આને સુવિચાર કે વન લાઈનર ગણીને ઝાઝું મનમાં ન લેતી પણ હમણાં થોડા દિવસ પહેલાં બન્યું એવું કે આ સુવિચાર અજાણતાં લાગેલા કાંટાની માફક ખૂંચવા લાગ્યો. જે કાંટો કાઢવો પણ ન હતો અને રાખવો પણ ન હતો. સામાન્ય લાગતી એક સવારમાં થયું એવું કે જિંદગી થોડી બદલાઈ અથવા કહો કે બદલાવના ચક્કરમાં અટવાઈ. મોબાઈલ હાથમાં લેતાં જ ફેસબુક પર મિત્રના બીફોર અને આફ્ટર કેપ્શનવાળા ફોટા જોયા. ભારે ભરખમ કાયાના મોહને એણે કોણ જાણે કેમ ત્યજીને યોગીની જેવું

રૂપ ધારણ કર્યું હતું. આમ તો આમાં કાયદેસર રીતે લાઈક કરીને ભાગી જવું જોઈએ પણ હું તો કમેન્ટવાને બદલે પ્રેરણામાં પડી. ઘટાડો ઘણો મોટો હતો એટલે આવું થવું સ્વાભાવિક હતું. ભીની રેતીમાં જેમ પગલાંની છાપ સચવાયને બસ એમ જ એના ફોટા મન પર છાપ છોડી ગયા.

આમ તો હું નાનપણથી જ કંઈ ખાસ પ્રયત્ન વગર જ તંદુરસ્ત. ક્યારેય વજન વધારવાના નકામા નુસખા કરવાની જરૂર જ નથી પડી. વજન વધારવા મથતા લોકો માટે મને પહેલેથી જ સહાનુભૂતિ. ઈશ્વરની અસીમ કૃપાથી અને અમારી સારી રાંધણકળાના પ્રતાપે શરીરની સમૃદ્ધિમાં ઉત્તરોત્તર વધારો થયો છે અને અમે આજ સુધી વારતહેવારે એ બાબત માટે ગૌરવ પણ લીધું છે. અચાનક મન રાજકારણીઓની માફક બદલાયું હતું અને વેઈટ લોસની પાર્ટીમાં જઈને બેઠું હતું. જો કે આ ખેંચતાણ ઝાઝી ના ચાલી! ધાર્યું ધણીનું જ થાય એ હિસાબે મન જીતી ગયું એટલે અંતે નક્કી કરી જ લીધું કે 'હો જાય, આપણે ક્યાં એના જેટલું ઓછું કરવાનું છે? ...પાંચ-સાત કિલોય ઓછું થાય એટલે ભયો ભયો.' આમ પણ દર વર્ષે આ જ ઇચ્છા બિચારી અધૂરી રહી જાય છે તે આ વખતે ભલેને પૂરી થઈ જતી!

આ તો મન કી બાત હતી એટલે માનવી તો પડે જ. બધાં જ કામ પડતાં મૂકીને હાથવગાં હથિયારના સહારે ગૂગલ દેવના શરણે ગઈ. વેઈટ લોસ માટેના કેટલાય પ્લાન વાંચી લીધા. વાંચવાના હિસાબે જો વેઈટ લોસ થતું હોત તો મારું તે દિવસે જ થઈ જાત પણ અફસોસ.... ભગવાનને ત્યાં આવી કોઈ એડવાન્સ ટેક્નોલોજી નથી! મન હોય તો માળવે જવાય પણ અહીં માળવે કયા રસ્તે જવું એ સવાલ હતો. ઢગલો પ્લાનમાંથી એક પણ ગમતો ન હતો. બધામાં કંઈક તો એવું હતું જ જે ના ભાવતું હોય. ઘાસના ઢગલામાંથી સોય શોધવાની હતી. એવું ક્યાંક વાંચેલું કે કોઈ કામ અઘરું હોય પણ કંઈ અશક્ય નથી એટલે ઉત્સાહ ખૂબ હતો. સઘન અભ્યાસને લીધે ડિક્શનરીમાં ગ્રીન ટી, સ્પ્રાઉટ્સ, નટ્સ, ઓટ્સ, કોર્ન ફ્લેક્સ, રાગી જેવા શબ્દો ઉમેરાયા. નટ્સ સિવાયના લગભગ બધા સ્વાદ મારા માટે નવા હતા એટલે સ્વાભાવિક રીતે આકર્ષણેય એટલું. ચાખવાનો ચસ્કોય કહી શકાય! હવે આપણે નક્કી કરીએ એટલે ઘરમાં બધું તો ના હોયને? સ્પેશિયલી જ્યારે આપણે 'ડાયેટિંગ' વિશે સપનામાંય ન વિચારતા હોય! મેં તો સો ટકા ઇમાનદારીથી ડાયેટ પ્લાનને અનુસરવાનું વિચારેલું એટલે કંઈ પણ વસ્તુ વગર ચલાવી લેવાનો તો સવાલ જ ન હતો. સવારમાં તો લેવા જવાનો સમય નહોતો. બે - ચાર દિવસમાં બધું ભેગું કરવાની ઇચ્છાએ નાસ્તામાં કડક-

મીઠી ચા અને ખૂબ મોણ નાખેલી અને ઘીથી લથબથ ભાખરીથી ચલાવી લીધું! પછી ક્યાં આપણે ખાવાના હતા...

કામ પતાવીને મોલમાં ઊપડી. ગ્રીન ટીનાં ઢગલો પેકેટ્સ અને અવનવી બ્રાન્ડ એક જુઓ ને એક ભૂલો એવો આલમ હતો! ટીવીમાં બે - ચારની જાહેરાતય જોયેલી. એક મિનિટ માટે આંખો બંધ કરી બસ પછી જેની મોડલ દેખાણી એની ગ્રીન ટી લઈ લીધી! કોર્ન ફ્લેક્સ, ઓટ્સ અને સુગર ફ્રીના માર્કેટમાં હરીફાઈનો સદંતર અભાવ હતો એટલે મારું કામ સરળ બન્યું. ખાખરાના બધી જ ફ્લેવરનાં એક એક પેકેટ ઉપાડી લીધાં. એ જોઈને એક આન્ટીએ પૂછી પણ લીધું "શું કાંઈ સ્કીમ છે બેટા?" ...હવે અજાણ્યાને તો આપણે શું કહેવું એટલે કહી દીધું, "ખબર નથી આન્ટી... મારે તો મોકલવાના છે એટલે..." આપણી જિંદગીમાં હજુ કોઈ અજાણ્યું રસ લે છે એ વાતથી ખુશ થઈ જવાયું. લિસ્ટ લાંબું હતું એટલે ખુશીને મનમાં જ સમાવીને આગળ વધી.. જરૂરી લાગ્યું એ બધું જ લઈ લીધું. ઉત્સાહમાં એક જ દિવસમાં ડાયેટિંગમાં ખાઈ શકાય એવી બધી જ સામગ્રી ભેગી કરી લીધી હવે તો રાહ હતી સવાર પડવાની. સ્લિમ ટ્રિમ થઈને કેવાં કપડાં લેવાં એ વિચારે ચાર-પાંચ શોપિંગ સાઈટ્સ પણ જોઈ લીધી. હરખમાં ક્યારે ઊંઘ આવી એની ખબરેય ન પડી.

બીજા દિવસની એ આશાભરી સવાર ખૂબ મજાની હતી. ડાયેટિંગનાં બ્યૂગલ વાગી રહ્યાં હતાં. જો કે બદલાવ માટે મન તૈયાર હતું એટલે ખુશી હતી. ચાને બદલે ગ્રીન ટી અને ભાવતા નાસ્તાની જગ્યાએ ફ્રૂટ્સ અને જ્યુસ ધીમે ધીમે ગોઠવાતાં ગયાં. માપી માપીને ખાવાની કડાકૂટવાળી કળાય થોડી થોડી આવડવા લાગી હતી. લગભગ બધું પ્લાનિંગ પ્રમાણે થઈ રહ્યું હતું. જીભે નવા સ્વાદ સાથે દોસ્તી કરી લીધી હતી. દોઢ જીબીનું નેટ વેઈટ લોસની રેસિપી શીખવામાં વપરાવા લાગ્યું હતું. સલાડને જોતાં જોતાં મોહનથાળ સમજવાની કળા હવે હાથવેંત લાગવા માંડી હતી. ચાલવા જવાનો સંકલ્પ પૂરો થઈ રહ્યો હતો. તળેલું અને ગળ્યું દિલોદિમાગથી દૂર થઈ ગયું હતું અને આનંદ એ વાતનો હતો કે જૂનાં કપડાં હવે આરામથી થવા માંડ્યાં હતાં.

બે મહિના બધું બરાબર ચાલ્યું પણ પછી ખબર નહીં કઈ ઘડીએ ઉત્સાહનું સ્થાન કંટાળાએ લઈ લીધું. સંસ્કૃતનો એક શ્લોક અનાયાસે જ યાદ આવી ગયો.

उपायं चिन्तयन प्राज्ञो हपायम् अपि चिन्तयेत ।

અર્થાત્ ઉપાયોનો વિચાર કરનાર ડાહ્યા માણસોએ વિઘ્નોનો વિચાર પણ કરવો.

વિઘ્નોનો વિચાર તો મેં કર્યો જ ન હતો! બે બે શાક બનાવવાનો, બધાની રોટલી ને મારો રોટલો બનાવવાનો, એક

ગ્લાસ જ્યુસ પીવા માટે જ્યુસર કાઢવાનું, જ્યુસ કાઢીને પાછું સાફ કરવાનું અને પાછું જગ્યાએ મૂકવાનું પણ! લીલી ભાજીઓ ઢગલા મોઢે લાવીને સાફ કરવાનું મહાકટાંળાજનક કામ માથે આવી ગયું હતું. ફળ અને શાકભાજી પૂરાં થાય એ પહેલાં લેવા જવાનું. હવે વધારે લઈએ છીએ તો વ્યાજબી ભાવે શોધવાનું અને ઘડિયાળના કાંટે જમી પણ લેવાનું! બહાર જમવા નહીં જવાનું એટલે ક્યારેય રસોડામાં રજાય નહીં. ઉત્સાહની હોડીમાં થાક નામનું કાણું પડી ગયું હતું. એવું લાગવા માંડ્યું હતું કે કોઈ આ બધું કરે તો ડાયેટિંગ તો હું કરી લઉં ...ડાયેટિંગ જરાય અઘરું નથી બસ આપણી માટે આ કડાકૂટ અઘરી છે એ ફતવો ક્યારે બહાર પાડવો એની રાહ હતી.

મારી તૈયારી હવે ડાયેટિંગ છોડવાની જ હતી પણ છોડે તો કૈસે? એક હું હતી જે બિચારી 'કામ કે બોજ કી મારી' હતી અને એક તરફ આ જાલીમ દુનિયા હતી જે મને પોરસાવીને એ જ કાંટાળા રસ્તે મોકલવા માગતી હતી. બે - ચાર દિવસ મન વગર ડાયેટિંગ કર્યું. કદાચ ઘરના કહી દે કે હવે 'રહેવા દે' પણ નહીં એ બધા તો મારા પ્રયત્નોથી ખૂબ ખુશ હતા. ડગલું ભરીને કેમ પાછા હટવું! ત્યાં તો ભગવાન સાક્ષાત્ વહારે આવ્યા. ભગવાન આજે પણ મદદ માટે આવે છે એ વિશ્વાસ દઢ બન્યો. જૂના પાડોશીને ત્યાં ભાગવત સપ્તાહમાં જવાનું આમંત્રણ આવ્યું હતું. કથા સાંભળીને જમવા ઘરે જતી રહીશ એવું મેં વિચારેલું પણ એમણે જવા જ ન દીધી. પ્રસાદમાં થોડી ના પડાય? બધું લેવું જ પડે... જમવા ઘરે ના જવા દઉં... એવો એમનો પ્રેમપૂર્વક આગ્રહ અને સૌથી મહત્ત્વની વાત કે એમનું જાહેરમાં કહેવું કે "હવે તમે ક્યાં એટલાં જાડાં છો કે ડાયેટિંગ કરવું પડે!" એમના આ વાક્ય પર અમારા બધા જૂના પાડોશીએ તરત જ મંજૂરીની મહોર મારી. જે સાંભળવા માટે વરસોથી કાન તરસી ગયા હતા આખરે એ જ વાત સંભળાઈ હતી. ના ના કરતાં કરતાંય મારે બધું જ લેવું પડ્યું! બે મહિનામાં ચાર કિલો વજન ઓછું કર્યું હતું આ સિદ્ધિ કંઈ નાખી દીધા જેવી તો નહોતી. ખબર નહીં કેમ પણ હવે બિનધાસ્ત થઈને ના જ જમાયું. જમીને મન સપ્તાહમાં થોડું અને ગૂગલમાં ઝાઝું હતું. જે હાથ લાગ્યું એ ખૂબ ગમ્યું હતું. લખ્યું હતું કે બે મિનિટનું હાસ્ય વીસ મિનિટના જોગિંગ બરાબર હતું. આઝમાના તો બનતા હૈ! મેંટલ નહીં પર એક્સપેરિમેંટલ તો હોના ચાહિએ ના? બાજુમાં બેઠેલાં માસીની ભજનની ચોપડી બીતાં બીતાં ખોલી. વિચાર્યું હતું કે જે આવશે એ ઈશ્વરની મરજી હશે... ને બોલો નીકળ્યું પેલું ભજન:

''જીવ શાને ફરે છે ગુમાનમાં, તારે રહેવું ભાડાના મકાનમાં.''

ભગવાનને પ્રાર્થના કરીને મન હળવુંફૂલ થઈ ગયું હતું. જાણે રસ્તો ના મળી ગયો હોય એમ. બે મહિનામાં જે ઇચ્છ્યું એ મળી ગયું હતું. મનોજ ખંડેરિયાનો એક શેર યાદ આવી ગયો...

જ્યાં પહોંચવાની ઝંખના વર્ષોથી હોય ત્યાં
મન પહોંચતાં જ પાછું વળે એમ પણ બને...

બસ આવું જ કંઈક લાગી રહ્યું હતું. આમ પણ અતિ લોભ વિનાશનું મૂળ નહીં! હું સુકલકડી થાઉં તો જરાય સારી ના લાગું એવો મારો દૃઢ વિશ્વાસ એટલે જેટલું વજન ઓછું થયું છે એટલું સોનાનું એને જાળવી રાખીશ એટલું પાકું હતું. સાચી સુંદરતા ખાલી દેખાવથી જ થોડી હોય? બે મહિનામાં એક સત્ય પણ સમજાયું કે ખુદ કો ચાહના કિતના જરૂરી હોતા હૈ અરે ભાઈ ખુદખુશી કે લિયે....પોતાના માટે સમય કાઢી શકાય, પોતાની કાળજી લઈ શકાય, એકલા ચાલવા પણ જવાય આ બ્રહ્મજ્ઞાન ડાયેટિંગના પ્રયોગો વગર ના સમજાત. જાતને ચાહતા થઈએ પછી લાગે કે 'weight is just a number.' બે મહિનામાં મન પર મેળવેલી જીત ખરેખર અમૂલ્ય હતી કેમ કે મને પોતાને હતું કે હમસે ના હો પાએગા... ને આજે એક વિશ્વાસ છે કે જરૂર પડશે તો આવું તો આપણાથી થઈ શકશે. આમ જુઓ ડાયેટિંગ ના કરવામાંય મહેનત તો છે જ હોં... જાત જાતનાં સ્વાદિષ્ટ પકવાન પહેલાં બનાવવાનાં અને પછી પાછાં ખુટાડવાનાં પણ. ડરપોક હોય એ લોકો જ વજનની બીકથી ખાવાનું છોડી દે. ન ખાઈને તો બધાનું વજન ઓછું જ થાય. કમાલ તો ત્યારે કહેવાય કે બધું ખવાય અને વજન પણ ના વધે. મેં રાહ બદલી હતી પણ ચાહ નહીં... બસ ફિર ક્યા થા... છોડ આયે હમ વો ગલિયાં... હજી ગ્રીન ટી અને ઓટ્સ પડ્યાં છે. બસ હવે તો રાહ છે કોઈ ઉત્સાહી અને ફિગર કોન્શિયસ મહેમાનની જે આવે અને હરખથી આ બધું પતાવે!

❑❑❑

''તમારું વજન કેટલું?''
''ચશ્માં સાથે સાઠ કિલો.''
''ને ચશ્માં વગર?''
''તે હું જોઈ શકતી નથી.''

* * *

''તમે વજન ઉતારવા શું કરો છો?''
''પ્રાર્થના!''

* * *



'લોકમિલાપ'ની વિદાય : 'શબદના સોદાગર'ના 'પુણ્યના વેપાર' પર પૂર્ણવિરામ

☐ સંજય શ્રીપાદ ભાવે

'**સ્વ**જનની વિદાય જેટલું દુઃખ થયું આ જાણીને...', 'મીઠાં જળના વીરડાની સરવાઈ બંધ થાય એ દુઃખના સમાચાર...' , 'હું વિચારું છું કે આપણી જ કંઈક ભૂલ રહી ગઈ હોય, પણ ઘણા ખરાબ સમાચાર...', 'એક યુગનો અન્ત'.

ફેસબુક પર ઉપરોક્ત ભાવવિભોર ઉદ્‌ગાર ભાવનગરનો 'લોકમિલાપ' પુસ્તક-ભંડાર છવ્વીસમી જાન્યુઆરીથી બંધ થાય છે એ મતલબની પોસ્ટ તેના સંચાલક ગોપાલભાઈ મેઘાણીએ સત્તરમી નવેમ્બરે બપોરે મૂકી તે પછીના થોડાક કલાકોમાં જ વાંચવા મળ્યા. સૌરાષ્ટ્રના નાના સંસ્કારનગર ભાવેણાના સેંકડો પુસ્તકરસિકોને આ પુસ્તકભંડાર સાથે ગાઢ લાગણીનો સંબંધ હતો.

અત્યારે વીસેક વર્ષની ઉંમરની નવી પેઢી માટે 'લોકમિલાપ' ગુજરાતી ભાષાનાં ઉત્તમ પુસ્તકો પૂરાં પાડનાર 'કૂલ બુકશૉપ' હતી. પણ તે પહેલાંની અરધી સદીના સહુ પુસ્તકરસિયાઓ માટે 'લોકમિલાપ' એટલે ભાવવિશ્વનો એક સમૃદ્ધ હિસ્સો. તેમના માટે લોકમિલાપ એટલે પુસ્તક-ભંડાર વત્તા તેની સમાંતરે

ચાલેલી એ જ નામની પ્રકાશન સંસ્થા. કેટલાય વાચકોનાં કિતાબી દુનિયામાં પગરણ કિશોરવયમાં 'લોકમિલાપ'ની મુલાકાતોથી કે કૉલેજનાં વર્ષોમાં ત્યાંથી કરેલી પુસ્તકોની ખરીદીથી થયાં હતાં. 'લોકમિલાપે' ગયાં સિત્તેર વર્ષમાં લાખો વાચકોને સત્ત્વપૂર્ણ સાહિત્ય ઘણી ઓછી કિંમતે પૂરું પાડ્યું. તદુપરાંત તેણે ઘરઆંગણે અને દેશવિદેશમાં પુસ્તક-મેળા કર્યા. પુસ્તક-મેળા શબ્દ મહેન્દ્રભાઈને કારણે લોકજીભે ચઢ્યો. ભાવનગરના તેના વાર્ષિક પુસ્તક-મેળાની તો આખાય પંથકના લોકો રાહ જોતા, અને મેળાના દિવસો જાણે અવસર બની જતા! લોકમિલાપે 'ફિલ્મ મિલાપ' નામના ઉપક્રમ હેઠળ વર્ષો લગી ભાવનગરનાં બાળકોને મોટા પડદે નજીવા દરની ટિકિટમાં સુંદર ફિલ્મો બતાવી. ગુજરાતી વાચકો માટે 1950થી ઓગણત્રીસ વર્ષ સુધી 'મિલાપ' નામનું વાચન-સમૃદ્ધ માસિક ચલાવ્યું.

'મિલાપ' તે 'લોકમિલાપ'નું પ્રારંભબિંદુ. તેના સ્થાપક-સંપાદક મહેન્દ્ર મેઘાણી ગુજરાતમાં 'ગ્રંથના ગાંધી' બિરુદ પામ્યા છે અને અત્યારે 96 વર્ષની ઉંમરે પણ લેખન-વાચનમાં યથાશક્તિ વ્યસ્ત છે. મહેન્દ્રભાઈ 'લોકમિલાપ'નો પર્યાય છે, એટલે ગયા સાત દાયકા દરમિયાન 'લોકમિલાપે' બહાર પાડેલાં બસો કરતાંય વધુ પુસ્તકોના નિર્માણની કામગીરી લગભગ સંપૂર્ણપણે મહેન્દ્રભાઈના શબ્દકર્મને આભારી છે. પુસ્તક તરીકે પ્રસિદ્ધ કરવા માટેની સામગ્રીની પસંદગી તેમ જ તેની મઠારણીથી શરૂ કરીને પુસ્તક એક પણ ભૂલ વિના છપાય, બંધાય, ટપાલી કે દુકાનદાર થકી સમયસર તે વાચકના હાથમાં અને ત્યાંથી સોંસરું તેના હૈયામાં પહોંચે ત્યાં લગીની આખીય સાંકળની દરેક કડીમાં 'શબદના સોદાગર' મહેન્દ્ર મેઘાણીની મંજાયેલી સમજ અને સખત મહેનત છે. પોણી સદીથી તેમણે પુસ્તકો તેમ જ સામયિકોનાં લખાણોનાં સંક્ષેપ, સંકલન, સંપાદન, પ્રકાશન, પ્રદર્શન અને નીવડેલા સાહિત્યના સમૂહવાચન થકી વાચન-પ્રસારનું જે કામ કર્યું છે તે લોકોત્તર છે. તેમાં ન્યોછાવરી કે ત્યાગનો દાવો તેમણે ક્યારેય કર્યો નથી. પણ ટૉલ્સ્ટૉય-ગાંધી પ્રણીત 'બ્રેડ-લેબર' એટલે કે ઇમાનદારીપૂર્વકના સખત સતત ઉત્પાદક પરિશ્રમ દ્વારા વધુ સારી દુનિયા બનાવવાની કોશિશની વાત જરૂર કરી છે. 'ઇતિહાસમાં બૅલટ કે બુલેટથી ક્રાન્તિઓ આવી હશે, 'લોકમિલાપ' બુક્સથી ક્રાન્તિ લાવવા ધારે છે', એવું મહેન્દ્રભાઈનું જાણીતું કથન છે.


મહેન્દ્રભાઈને વિશ્વાસ છે કે લોકો પુસ્તકો વાંચે તો બદલાવ આવે. પણ લોકો પુસ્તકો વાંચતા નથી એની એમને ખબર છે. એટલે લોકો જે કારણોસર પુસ્તકો વાંચતા નથી તે બધાં કારણોનું તેમણે લોકમિલાપ પ્રકાશન થકી નિવારણ કર્યું. લોકોને લાંબાં લખાણો વાંચવાનો સમય

નથી એટલે તેમણે ટૂંકાં લખાણો આપ્યાં. પુસ્તકો મૂકવા માટે જગ્યા નથી, તો મહેન્દ્રભાઈએ નાનાં કદનાં છેક ખીસામાં સમાઈ જાય એવડાંક પુસ્તકોય બનાવ્યાં. લોકોને લાગે છે કે 'વાંચવાનું અઘરું પડે છે', મહેન્દ્રભાઈએ કહ્યું 'લો સરળ સોંસરું વાચન'. લોકોની ફરિયાદ હોય 'રસ નથી પડતો', મહેન્દ્રભાઈએ કહ્યું કે 'લેખકો કંઈ બધું કંટાળાજનક નથી લખતા, લો હું તમારા માટે એકદમ સરસ લખાણો વીણી લાવ્યો છું'. આપણા દેશમાં કરોડો લોકોને ખરેખર પુસ્તકો પોસાતાં નથી એ જાણનાર મહેન્દ્રભાઈએ પુસ્તક પ્રકાશક તરીકે સાદગી અને કરકસરભર્યું જીવન સ્વીકારીને વાચકોને ઓછી કિંમતે પુસ્તકો પૂરાં પાડ્યાં. આ આખીય વ્યવસ્થાને મહેન્દ્રભાઈ 'પુણ્યનો વેપાર' કહે છે. તેનાં રૂડાં ફળ ગુજરાતને મળ્યાં છે. વાંચવામાં રસ ધરાવતાં ગુજરાતનાં લગભગ દરેક સ્ત્રી-પુરુષનાં ઘર લોકમિલાપનાં પુસ્તકો થકી રળિયાત છે.

મહેન્દ્રભાઈ મહાન સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીનાં સંતાનોમાંના એક. તેમણે 1950માં અંગ્રેજી 'રીડર્સ ડાયજેસ્ટ' ઢબનું 'મિલાપ' માસિક શરૂ કર્યું. તેમાં ઓગણત્રીસ વર્ષ લગી વિવિધ સામયિકોમાંથી સુંદર સામગ્રી ચૂંટી-ચૂંટીને, અનુવાદ કરીને, ટૂંકાવીને, માવજત કરીને ગુજરાતી વાચકોને પૂરી પાડી. તેમણે 1954માં 'લોકમિલાપ કાર્યાલય' શરૂ કર્યું. તેના પુસ્તક-ભંડાર દ્વારા પુસ્તકોનાં પ્રકાશન અને વેચાણનાં મંડાણ કર્યાં. ભણતરનું પ્રમાણ ઓછું હોય તેવા જમાનામાં ઓછી વસ્તીવાળા એક કસબામાં પુસ્તકોનો વ્યવસાય શરૂ કરવામાં ધંધાકીય સાહસવૃત્તિ ઉપરાંત પુસ્તક અને વાચનમાં આદર્શવાદી શ્રદ્ધા પણ હતી. લોકમિલાપ પુસ્તક-ભંડારની સુવાસ ફેલાતી ગઈ. તેમાં મૂકવામાં આવતાં પુસ્તકોની પસંદગી, ગ્રાહક માટેની કદરબૂજ, સંચાલકોની અકૃત્રિમ સંસ્કારિતા અને એકંદર આહ્‌લાદક વાતાવરણને કારણે લોકમિલાપ વાચકો માટે મિલનસ્થાન, વાચનસ્થાન, પુસ્તકતીર્થ બનતું ગયું.

મહેન્દ્રભાઈએ વીસેક વર્ષ પહેલાં 'લોકમિલાપ' પુસ્તક-ભંડારના રોજબરોજના કામમાંથી નિવૃત્તિ લીધી પછી પુસ્તક-ભંડારની બહોળી જવાબદારી અત્યારે 65 વર્ષનાં ગોપાલભાઈ અને તેમનાં પત્ની રાજુ(રાજશ્રી)બહેને સંપૂર્ણ સમર્પિત ભાવે ભારે ખંત અને ચોકસાઈથી નિભાવી છે. વર્ષો સુધી પુસ્તક-ભંડારની બહાર રોજનો એક સુવિચાર વાંચવા મળતો. કાળા પાટિયા પર ચૉકથી સુંદર અક્ષરોમાં લખવામાં આવતું અવતરણ ભાવેણાવાસીઓનું એક સંભારણું છે.

પુસ્તકોના વેચાણમાંથી ધોરણસરની આવક થતી ગઈ એટલે ઘસાઈને ઊજળા થવામાં માનનાર મહેન્દ્રભાઈએ 'નહીં નફો નહીં નુકસાન'ના ધોરણે ઉત્તમ સાહિત્ય સસ્તા દરે લોકોને પૂરું



ગ્રંથના ગાંધી મહેન્દ્ર મેઘાણી

પાડવા માટે જાણે ઝુંબેશ હાથ ધરી. ગુજરાતી સાહિત્યકૃતિઓની ઓછી કિંમતની આવૃત્તિઓ જુદા જુદા સંપુટો સ્વરૂપે લાખોની સંખ્યામાં પ્રકાશિત કરી વિક્રમો સર્જ્યા. વળી, આ પ્રકાશનોમાં આગોતરા ગ્રાહક નોંધાતા હોવાથી, પ્રકાશન પહેલાં જ તમામ નકલો ખલાસ થઈ જતી. આ બધા સંપુટોની ખાસિયત એ હતી કે ભૂલો વિના, ખૂબ સુઘડ રીતે છપાયેલું, સાદગીભરી સુંદરતાવાળાં મુખપૃષ્ઠો સાથેનું, સાતસોથી નવસો પાનાંનું વાચન વધુમાં વધુ દસથી બાર રૂપિયામાં મળી રહેતું.

'કાવ્ય-કોડિયાં' નામનું પ્રકાશન એ તો 'લોકમિલાપ'નું એવું કામ કે જેનો આટલાં વર્ષોમાં ભાગ્યે જ કોઈ સમાંતર જડે. 'કાવ્ય-કોડિયાં' એ કવિતાની રૂપકડી ખીસાપોથીઓ અર્થાત્ પૉકેટ-બુક્સ હતી. ઘાટ-ઘડામણમાં થોડા ફેરફાર સાથે ખીસાપોથીઓની હારમાળા પછીનાં વર્ષોમાં, છેક હમણાં 2011 સુધી ચાલુ રહી. અનેક પ્રકારનાં લખાણો પરની ખીસાપોથીઓ આવી. ગયાં દસેક વર્ષમાં પંદર લાખ ખીસાપોથીઓ ગુજરાતી વાચનારા લોકોના ખીસામાં ગઈ છે! લોકમિલાપ એક મોટું મોજું હજારો ઘરો અને ગ્રંથાલયોમાં પહોંચ્યું તે 2003થી ચાર વર્ષ દરમિયાન બહાર પડતાં રહેલા 'અરધી સદીની વાચનયાત્રા'ના ચાર ભાગ થકી. પાંચસો જેટલાં પાનાંના દરેક ભાગની કિંમત પંચોતેર રૂપિયા, જેનો બજાર ભાવ ચારસો રૂપિયા હોય.

'વાચનયાત્રા' પછીના તરતના વર્ષે મહેન્દ્રભાઈએ તેમના આજીવન આરાધ્ય

મહાત્મા ગાંધી વિશેનાં લખાણોના બે સંચયો 'ગાંધી-ગંગા' (2007) નામે આપ્યા. અલબત્ત, આ પહેલાંનાં પચાસ વર્ષમાં લોકમિલાપે રાષ્ટ્રપિતા વિશેનાં મધ્યમ તેમ જ નાનાં અનેક પુસ્તકો કર્યાં જ હતાં. વળી, 2009માં 'લોકમિલાપે' 'ગાંધીજીની જીવનયાત્રા એમના જ શબ્દોમાં' નામનું પુસ્તક આપ્યું. તેમાં મહેન્દ્રભાઈએ ગાંધીજીનાં બે પુસ્તકો એટલે કે આત્મકથા અને 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ'માંથી સંકલન અને સંક્ષેપ કર્યાં છે. કુલ સવાબે લાખ શબ્દોનાં બંને પુસ્તકોને તેમણે 58,000 શબ્દોમાં મૂક્યાં છે. આ પુસ્તકની મહેન્દ્રભાઈએ કરેલી અંગ્રેજી આવૃત્તિ નવજીવન ટ્રસ્ટે બહાર પાડી છે. એ વખતે દીકરીને ત્યાં અમેરિકા ગયેલા મહેન્દ્રભાઈ એ પુસ્તક પ્રમુખ બરાક ઓબામાને પણ આપવા માગતા હતા!

ગાંધીજી પરના એક પુસ્તકના મહેન્દ્રભાઈએ 'આંસુ લૂછવા જાઉં છું...' નામે કરેલા સંપાદનને પણ યાદ કરવું રહ્યું. પ્યારેલાલ નૈયરના અંગ્રેજી પુસ્તક 'ગાંધી: ધ લાસ્ટ ફેઝ'ના મણિલાલ દેસાઈએ 'પૂર્ણાહુતિ' નામે કરેલા અનુવાદના ત્રીજા ભાગનાં છસો પાનાંને મહેન્દ્રભાઈએ આ પુસ્તકમાં દોઢસો પાનાંમાં સારવીને મૂક્યાં છે. તેમણે આ પુસ્તક ગુજરાતમાં 2002માં ગોધરાકાંડને પગલે ફાટી નીકળેલાં રમખાણોમાં સાહિત્યના કર્મશીલની ભૂમિકાથી તૈયાર કર્યું. તેની પ્રસ્તુતતા વિશે એમણે કહ્યું છે: 'તેમાં ગુજરાતનું નામ દીધા વિના ગુજરાતની પરિસ્થિતિનું વર્ણન અને ઉકેલ ગાંધીજીએ બતાવ્યાં છે.' મહેન્દ્રભાઈની રાજકીય સંપ્રજ્ઞતા અને સેક્યુલર માનવતાવાદી મૂલ્યો 'મિલાપ' અને 'અરધી સદી'ની સામગ્રી પસંદગીમાં ડોકાતી જ રહી છે. તે પ્રકાશનમાં બિલકુલ સીધી રીતે આવી તે 'સૌને માટે રાજકારણનું જ્ઞાન' નામે લોકમિલાપે બહાર પાડેલી ખીસાપોથીમાં.

ડિજિટલ મીડિયાને કારણે પુસ્તક-વાચનમાં આવેલી ઓટની વચ્ચે પણ 'લોકમિલાપ'નાં પ્રકાશનો પ્રકટ થતાં જ રહ્યાં. મેઘાણીનાં લોકસાહિત્ય પરનાં લખાણો પરથી 'લોકસાહિત્યની વાચનયાત્રા' (2008)નાં સાઠ પાનાંનું એક એવાં ચાર બહુ વાચનીય સંપાદનો આવ્યાં. 1978માં સંકેલી લીધેલા પેલા 'મિલાપ'નો ખજાનો 'અરધી સદી'નાં હજારો પાનાં પછી પણ ખૂટતો ન હતો. એટલે તેમાંથી 'મિલાપની વાચનયાત્રા' (2013) નામે સરેરાશ દોઢસો પાનાંનું એક એવાં પાંચ પુસ્તકો કર્યાં જેમાંથી દરેકની બબ્બે હજાર નકલો છાપી. 'અંતિમ વાચનયાત્રા' તરીકે મહેન્દ્રભાઈએ સંપાદિત કરેલ પાંચસો પાનાંનું 'ચરિત્રસંકીર્તન' પુસ્તક બરાબર ત્રણ વર્ષ પહેલાં પ્રસિદ્ધ થયું. તેમાં 'અરધી સદી'ના બધા ભાગમાંથી ચૂંટેલાં 'સરસ માણસો' વિશેનાં દોઢસોથી વધુ ચરિત્રલેખો, રેખાચિત્રો અને જીવનપ્રસંગો

વાંચવા મળે છે.

'લોકમિલાપ'નાં કેટલાંક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પરનાં કામ ઓછાં જાણીતાં છે. જેમ કે, 1969ના ગાંધી શતાબ્દી વર્ષ દરમિયાન લોકમિલાપ ટ્રસ્ટે 'ડિસ્કવરિન્ગ ઇન્ડિયા' નામે એક પ્રદર્શનની યોજના તૈયાર કરી. તેમાં મહેન્દ્રભાઈએ ભારતમાં પ્રસિદ્ધ થયેલાં એક હજાર ચૂંટેલાં અંગ્રેજી પુસ્તકોનો એક સેટ તૈયાર કર્યો અને વિશ્વના પાંચ ખંડોના વિવિધ દેશોમાં એક વર્ષ સુધી પુસ્તક પ્રદર્શનોનું આયોજન કર્યું. જેમાં યુરોપ અને અમેરિકાના દેશોમાં લોકમિલાપના પ્રતિનિધિઓ ગયા.

પછીનાં વર્ષોમાં મહેન્દ્રભાઈએ લોકમિલાપ ટ્રસ્ટના નેજા હેઠળ આફ્રિકા, યુરોપ અને અમેરિકાના દેશોમાં પ્રવાસ કરીને ગુજરાતી અને ભારતીય સાહિત્યનો પ્રચાર-પ્રસાર કર્યો.પરદેશનાં સંગ્રહાલયો, જાહેર ગ્રંથાલયો, સંસ્થાઓમાં મહેન્દ્રભાઈ બાળસાહિત્ય અને કળાનાં પુસ્તકોના સંપુટો ભરેલા થેલા ખભે નાખીને જતા. વળી દેશ-વિદેશના વાચકો ભાવનગરના પુસ્તક-ભંડારમાંથી ભારતીય પ્રકાશનોની માહિતી મેળવતા અને પુસ્તકો મગાવતા. લોકમિલાપે 1970માં જર્મનીના વિશ્વવિખ્યાત 'ફ્રેન્કફર્ટ બુક-ફેર' અને ઇટાલીના 'બોલ્યોના ચિલ્ડ્રન બુક ફેર'માં ભાગ લીધો હતો.

લોકમિલાપનો એક કિસ્સો તો બેનમૂન



છે. 1979નું વર્ષ યુનેસ્કોએ આંતરરાષ્ટ્રીય બાળક વર્ષ તરીકે જાહેર કર્યું હતું. એ વર્ષની ઉજવણી કરવા મહેન્દ્રભાઈએ ભારતના વિવિધ પ્રકાશકોએ બહાર પાડેલાં બાળસાહિત્યનાં અંગ્રેજી પુસ્તકોનો એક સેટ તૈયાર કર્યો. ત્યાર પછી મહેન્દ્રભાઈએ 'એર ઇન્ડિયા'ને સૂચન કર્યું કે લોકમિલાપના બે પ્રતિનિધિઓને યુરોપ અને અમેરિકાના પ્રવાસ માટેની બે ટિકિટો 'એર ઇન્ડિયા' આપે. તેની સામે લોકમિલાપ એર ઇન્ડિયાને એટલી કિંમતના બાળસાહિત્યના સેટ આપશે. એ પુસ્તકોનું એર ઇન્ડિયા શું કરશે તેનો પણ અદ્ભુત વિચાર તેમણે કરેલો. તેમણે કંપનીના સંચાલકોને કહ્યું કે એ પુસ્તકો દુનિયાભરના દેશોમાં આવેલી એર ઇન્ડિયાની કચેરીઓમાં રાખવાં ને કચેરીમાં આવનાર યજમાન દેશનાં બાળકોને બાળવર્ષની ઉજવણી નિમિત્તે ભારતનાં બાળકો તરફથી ભેટ આપવાં. એર ઇન્ડિયાએ આ સૂચન તરત વધાવી લીધું, અને એ મુજબ યુરોપ-અમેરિકાના દેશોમાં લોકમિલાપના બે પ્રતિનિધિઓએ કુલ અગિયાર મહિના સુધી બાળસાહિત્યનાં પ્રદર્શનો યોજ્યાં.

લોકમિલાપનાં પુસ્તકો હજારો વાચકોના હાથમાં પહોંચ્યાં તેમાં ગયાં વીસેક વર્ષનાં યશભાગી ગોપાલભાઈ અને રાજુ(રાજશ્રી) બહેન છે. તેમના જીવનની સર્વોચ્ચ અગ્રતા લોકમિલાપ પ્રકાશન અને પુસ્તક-ભંડાર હતી. તેમના ઉજમ અને તરવરાટ જાણે આખાય પુસ્તક-ભંડારને અજવાળેલો રાખતા. સત્તરમી નવેમ્બરે ગોપાલભાઈએ નિખાલસતાથી નિર્મળ ભાવે ફેસબુક પર લખ્યું છે : 'સિત્તેર વર્ષની સાહિત્યયાત્રા હવે પૂરી કરીએ છીએ. પુસ્તકપ્રેમીઓનો પહેલો પ્રતિભાવ હોય જ કે કેમ બંધ કરો છો? દરેક પ્રારંભનો અંતિમ પડાવ ક્યારેક તો આવવાનો જ. લોકમિલાપના હાલના સંચાલકો આશરે પચાસ વર્ષોથી આ મનગમતું કામ કરી રહ્યા છે. હવે તેમની ઇચ્છા આ કામને વિરામ આપી અન્ય પ્રવૃત્તિઓ કરવાની છે, જે એક પુસ્તક-ભંડાર ચલાવતાં મોકળાશથી થઈ શકેલ નથી.... પુસ્તક-ભંડાર દ્વારા ભાવનગર શહેર તથા દેશ-વિદેશના સાહિત્યપ્રેમીઓને પુસ્તકો પૂરાં પાડ્યાં, સેંકડો પુસ્તકમેળાઓ કર્યા, અનેક પુસ્તક યોજનાઓ કરી, બાળફિલ્મોનાં આયોજન થયાં. આવાં વિવિધ મનગમતાં કાર્યો થયાં તેના પાયામાં લોકમિલાપના અનેક કાર્યકરોની નિષ્ઠાપૂર્વકની મહેનત તથા પુસ્તકચાહકોનો સહકાર. ભાવનગરની પ્રજાએ અમને આટલાં વર્ષો નર્યો પ્રેમ આપીને એક આદર્શ પુસ્તક-ભંડાર ચલાવવાની હોંશ સંતોષી છે. એમને, સમગ્ર ગુજરાતના તથા વિદેશના પુસ્તક-પ્રેમીઓને વિદાયની પળે નતમસ્તકે પ્રણામ.'

પુસ્તકચાહકો પણ કહેશે : નતમસ્તકે પ્રણામ!

❑❑❑



ડિવોર્સીનો પત્ર

☐ સતીશ વૈષ્ણવ

આપણા ઘરની એક બારી પૂર્વ દિશામાં હોવાથી આ પત્ર લખવાનું પ્રયોજન પ્રાપ્ત થયું છે.

વધુ સ્પષ્ટતાથી તને કહું તો પૂર્વ દિશામાં ઊઘડતી આપણા બેડરૂમની બારીએ આ પત્ર લખવાનું નિમિત્ત પૂરું પાડ્યું છે.

ત્રીજા માળે આવેલા આપણા ફ્લેટમાં કશું જ બદલાયું નથી. આ ફ્લેટમાં સાથે રહ્યાં હતાં એટલે એને હું આપણો કહું છું. એક સાંજે કોલેજથી આવી ત્યારે તારી નેમ પ્લેટ ફ્લેટના બંધ બાર પાસે પડી હતી. નેમ પ્લેટનો આધાર કટાઈ જવાથી સાફસૂફી દરમિયાન સ્વીપરના હાથે એ નીકળી ગઈ હતી. એને ઊંચકી, નેપ્કિનથી સાફ કરીને કબાટમાં તારાં

વસ્ત્રોની થપ્પી ઉપર મૂકતાં મને વિચાર આવ્યો હતો કે પાંચ વત્તા પાંચ, દશ વરસે ખીલી કટાઈ જાય છે. ગઈ કાલે જ ગોઠવ્યાં હોય એવાં વ્યવસ્થિત તારાં વસ્ત્રો જોઈને મનમાં ઝબકારો જરૂર થયો હતો કે સંબંધોને કાટ લાગવાનું ચોક્કસ કેલેન્ડર નથી. કળ-અકળ કારણથી કોઈ અવ્યક્ત પળે કાટ લાગવાની પ્રક્રિયા શરૂ થાય છે. પછી એક દિવસ સંબંધ ખરી પડે છે. નેમ પ્લેટની જેમ. જોકે તેં ઘર છોડ્યું તે પછી પાંચ વરસ તારું નામ દીવાલને વળગી રહ્યું હતું. દિવસમાં ઓછામાં ઓછી બે વાર તો તારા નામ પર મારી નજર પડતી હતી.

કબાટના ખૂણાઓમાં ફ્રેશનર મૂકતી વખતે મને આપણાથી વધુ ગરીબ મળ્યા નહીં તેનો અફસોસ થતો હતો. અલગ પડવાના દિવસે રસોયણને રજા આપીને મેં તને ભાવતું ભોજન રાંધ્યું હતું. હું વહેલી સવારે ઊઠી ગઈ હતી. રાંધવા દરિમયાન મને આ ફ્લેટમાં જોયેલા સૂર્યોદયો યાદ આવ્યા હતા. રસોઈ પૂરી કરીને હું રૂમમાં આવી ત્યારે મેં જોયું કે બેગ ગોઠવ્યા પછી તેં તારાં કેટલાંક વસ્ત્રો પલંગ પર મૂકી રાખ્યાં હતાં. જુદા થવાના સમયે પણ (મારા માનવા પ્રમાણે) તેં મને નજીકની ગણવાનું ચાલુ રાખતાં કહ્યું હતુંઃ આ બધાં મને ટૂંકાં પડે છે. કોઈ ગરીબને તમે આપી દેજો! એટલે જ કદાચ મારી આત્મીયતા બોલી ઊઠી હતીઃ મને પણ થોડા ડ્રેસ ટૂંકા પડે છે. હું બોલી હતી ખરી પણ તેં મારા શબ્દોની નોંધ લીધી નહોતી. પછી તો આપણે મળ્યાં જ નથી. મળ્યાં હોત તો હું જરૂર કહેત કે સાથે રહીને સમજવાના પ્રયાસો ટૂંકા પડ્યા હતા.

સવારે આ પત્ર લખી રહી છું. બે તકિયે અઢેલીને પલંગમાં બેસીને. આમ જ બેસીને મેં તને હોસ્ટેલમાંથી અનેક પત્રો લખ્યા હતા. પૂર્વાભિમુખ બારીમાં રોજની જેમ ખાસ્સી વાર ઊભા રહ્યા પછી બારી અને બારી બહારના તને અજાણ્યા નવસર્જિત પરિવેશથી પત્રની સીધી શરૂઆત કરવાનું ધાર્યું હતું. હું મારા મનને દોષ આપીશ નહીં. પત્રમાં ઉપરોક્ત અને એવા અન્ય પ્રસંગો અણધાર્યા ટપકી પડે તે સહજ છે. કુંજ અને કલરવની ગેરહાજરીના કારણે. તેઓ મારી સાથે હોત તો મેં લખ્યું હોતઃ ધીમા અવાજે સંગીત સાંભળવામાં કુંજ મારા પર પડી છે. સુગંધ ઓળખવામાં કલરવ તારા પર પડ્યો છે. આપણે એ દિશામાં આગળ વધ્યાં જ નહીં. તેં કહ્યું હતું કે પહેલાં પાંચ વરસ નહીં. પછી એવું બન્યું કે - પાંચ પછી કદી નહીં.

ઊગતા સૂરજનાં કિરણો આપણા બેડરૂમની સાથે પલંગ પણ ઝીલે છે તે તને યાદ હશે. ક્યારેક એ કિરણો જ આપણને જગાડતાં તે પણ તને યાદ હશે. આ રીતે જાગવું ગમતું હતું. તેથી જ આપણે એ બારીને પડદો પહેરાવ્યો નહોતો. છેલ્લા કેટલાય સમયથી એ આનંદને ફરીથી હું માણું

છું. પુનઃપલ્લવિત વૃક્ષની જેમ. પલંગમાં સૂતાંસૂતાં તો ક્યારેક બેસીને આપણે સૂર્યોદય સમયના આકાશને મૌનના મુગ્ધભાવે જોઈ રહેતાં હતાં. આપણે કવિતા જીવતાં હતાં. આપણે ભલે સાહિત્યના વાચાળ વિદ્યાર્થી રહ્યા પણ નિકટતામાં તો હું કાવ્યની બે પંક્તિઓ વચ્ચેના મૌનને સાંભળવું પસંદ કરું છું. કવિતાની આવી જ કોઈ પળે તેં મને વધુ નજીક લઈને કહ્યું હતુંઃ આપણા ફ્લેટ સામેના નાના મેદાનમાં બહુમાળી મકાન બનશે તો આપણે બીજે રહેવા જતાં રહેશું. અહીંથી હું બીજે ક્યાંય રહેવા ગઈ નથી. એક શેષ વૃક્ષના વૈભવથી અભિવૃદ્ધિ પામતું એ નાનું મેદાન પણ એમનું એમ જ છે. આજે મારે કહેવું છે કે તું જે શુષ્ક મેદાન છોડી ગયો હતો તે હવે રોમેન્ટિક બન્યું છે.

મારા હાથે ઢોસો હેમખેમ કદી ઊતરતો નહોતો. બહેનને ઘેર મેં એક પછી એક ચાર ઢોસા અખંડ ઉતાર્યા ત્યારે તુંઃ વાહ! પ્રોફેસર! વાહ! બોલી ઊઠ્યો હતો. તે પછી પણ તું અટક્યો નહોતો. મારી રસોઈની, ઉદાહરણોની સાથે તેં મુક્ત મને પ્રશંસા કરી હતી. બહેને કહેવું પડ્યું હતુંઃ ભાઈ! થોડાં વખાણ ઘર સારું પણ બાકી રાખ!

સંબંધનું સત્ય તને સ્વીકારવા પ્રેરશે કે ઘરમાં હું કદી પ્રોફેસર તરીકે રહી નહોતી. એડવોકેટ, ડોક્ટર કે જર્નાલિસ્ટ દંપતીના દાખલા આપીને તું મને કહેતો ને પત્રમાં પણ લખતો કે એક જ વિષય ભણાવતા બે જણા સાથે કેમ રહી શકે નહીં? પ્રેમમાં હોવો જોઈએ એવો જ તું આદર્શવાદી અને ઉદારમતવાદી હતોઃ ધારો કે આપણે એક જ કોલેજમાં ભણાવતાં હોઈએ અને સમય જતાં તું મારી હેડ બને તો પણ હું તારી સંગે બન્યો છું એવો જ પ્રેમાવૃત પુરુષ બની રહું. આપણી કોલેજ જુદી જુદી હતી એટલે આદર્શની વાતને ધારવામાં મને મુશ્કેલી નડી નહોતી. પરંતુ મને મારી નોકરી નડી હતી. આ એક કરુણ વાસ્તવિકતા હતી. જેનાથી હું બચવા ઇચ્છું તો પણ બચી શકું તેમ નહોતી. નોકરી અનેક વળગણો લઈને આવે છે. આપણે એક જ આકાશ નીચે ઊભાં હતાં. ઇન્વિટેશન, એવોર્ડ, એસાઈનમેન્ટ, કમિટી, ગેસ્ટ સ્પીકર, ચેરપર્સન, જજ કે ડેલિગેશન જેવી અનેક નાની નાની વાદળીઓ મને ભીંજવતી અને તું કોરો રહેતો તો ક્યારેક વાછંટથી ભીંજાતો. આપણા પાંચ વરસના સહવાસનાં છેલ્લાં બે વરસ રાતે દશ પછી આવીને તું મને મૂંઝવણમાં મૂકતો તું તારું કામ નિરાંતે પૂરું કરી શકે, શાંતિથી વાંચી-લખી શકે એટલે જ હું મોડો આવું છું! સાથે બેસીને વિશદ ચર્ચા-વિચારણા પછી લેક્ચર કે લેખની તૈયારી કરવાની મારી ઉમેદ બર આવી નહોતી. સમયના આ જ બદસૂરત ગાળામાં તેં મારા નામ પર ચોકડી મૂકીને મને 'મેડમ' કહીને

સંબોધવાનું શરૂ કર્યું હતું. વ્યંગપૂર્ણ સંબોધનમાં પરાયાપણું પણ ગર્ભિત હતુંઃ મેડમ! "તમે" ડિસ્ટર્બ થતાં નહીં. હું જાતે જમી લઈશ!

વિશિષ્ટ કામગીરી સોંપાતી વખતે સ્ત્રીના પ્રતિનિધિત્વ ઉપરાંત સ્ત્રી-દાક્ષિણ્ય જેવાં પરિબળો પણ ભાગ ભજવે છે એવી મારી સર્વજ્ઞાત રજૂઆતને ધ્યાનમાં લીધા વિના ગુસ્સામાં મને લખેલા તારા પત્રોને ફાડીને રસોડાની ચોકડીમાં દીવાસળી ચાંપતાં તું બોલ્યો હતોઃ આપડાહીની પાછળ મેં મારી પ્રતિભાને વેડફી નાખી! મેં પણ રીસમાં તને લખેલા મારા પત્રોને તેં સળગાવેલી જ્વાળામાં હોમી દીધા હતા. પા પા પગલી માંડીને વાંચતાં, બોલતાં, લખતાં શીખતાં પ્રેમના ધન્ય સમયને ભડભડ સળગતો આપણે જોઈ રહ્યાં હતાં. આગ બુઝાવવાનું સૂઝ્યું નહોતું, કારણ કે કારણ નહોતું. બુઝાવીને પણ આ આગ બુઝાવાની નહોતી. આ નક્કર હકીકત સમજતો હોય તેમ તું મને દાવાનળથી ઘેરાયેલા ઘરમાં મૂકીને જતો રહ્યો હતો તે તને યાદ હશે. બળેલા કાગળોના ટુકડાઓએ એના આકાર સાચવી રાખ્યા હતા. રાખ થયેલા વેરવિખેર આકારો. સૂપડી અને સાવરણી લઈને સહિયારાં સમણાંના શિલ્પના ભગ્નાવશેષોની સામે હું બેસી રહી હતી. કાગળના ટુકડાઓ એકઠા કરતાં જિગર ચાલતું નહોતું. લગ્ન થયા પછી તારીખ પ્રમાણે બંનેના પત્રો અલગ અલગ ગોઠવીને રેશમી રૂમાલમાં નાડાછડીથી બાંધીને પોથી જેવી બે પોટલીઓ મેં બનાવી હતી. વલવલતી ને કંપતી આંગળીઓએ બળેલા ટુકડાઓ સૂંપડીમાં ભરતાં મેં જોયું હતું કે કેટલાક કટકામાં અક્ષરોને અગ્નિ સ્પર્શી શક્યો નહોતો. એક કટકો હાથમાં લઈને જોયો. તારા અક્ષર હતાઃ "...નામ વૃક્ષ..." અને હું દ્રવિત થઈ હતી. નારી સ્પર્શે જીવંત થયેલી માછલીની કથા યાદ આવતાં મને મારી આંગળીઓ પર ઘૃણા જન્મી હતી.

એક મુઠ્ઠી રાખ બનેલો આપણો બે વરસનો સ્નેહાંકિત સમય પ્લાસ્ટિકની નાની કોથળીમાં સમાઈ ગયો હતો. આપણા બેડરૂમની પૂર્વાભિમુખ બારી સૂમસામ રસ્તા પર પડતી હતી. તે વખતે એ રસ્તા પર ખાસ અવરજવર રહેતી નહોતી. બારીની સામેના મેદાનમાં કાળ સામે ટકી રહેલા એક કાળા પડી ગયેલા સૂકા થડની સાક્ષીએ એ કોથળીમાંના રાખ બનેલા ટુકડાઓને મેં હવામાં વહાવી દીધા હતા.

આ બધું હું તને શા માટે લખું છું? તું કંઈ અજાણ્યો નથી. અજાણી હું પણ નથી. પરંતુ લખું છું એટલા માટે કે આપણે અલગ થયાં ત્યાં સુધી આ હૃદયવિદારક બનાવને આપણે સ્પર્શ્યાં નહોતાં. તારા પત્રકાર મિત્રોની સાથે આખો દિવસ પસાર કરીને તું રાતે રોજના સમયે ઘરમાં પ્રવેશ્યો ત્યારે તું, તું નહોતો. હું કબૂલ કરું છું કે હું, હું પણ રહી નહોતી. મારામાંથી હું

ઘવાઈને થોડી તૂટી ગઈ હતી કેમ કે સમાન વ્યવસાયની સાથે સહજીવનની ઊંચાઈને સમજવામાં આપણે ઊણાં ઊતર્યાં હતાં.

મેં સૂકા થડ વિશે લખ્યું છે. કાળું સૂકું થડ તને યાદ હશે જ. આ ફ્લેટમાં આપણે રહેવા આવ્યાં ત્યારે તારું ધ્યાન આ સુકાયેલા વૃક્ષ તરફ પડ્યું હતું. તું અકળાતો હતોઃ આ થડિયું પડતું કેમ નથી? ઠાઠિયું સાવ સડી ગયું છે. ઊખડી ગયેલાં છીતરાં અહીંથી દેખાય છે. બે ફટકે ઠૂંઠું મૂળસોતું ધરાશાયી થઈ જાય! વહેલી સવારના સૂરજે આપણને એવા તો વશ કર્યાં હતાં કે આપણે ક્યારેક જ બારીમાં ઊભતાં અને ઊભતાં ત્યારે મેદાન પર ઝળૂંબી રહેલા અસીમ આકાશને અને ઊડતાં પંખીઓને જોતાં હતાં. સોહામણી સવારોની સમાપ્તિ પછી ઘણી વાર રાતે તું બારીમાં ઊભીને સિગારેટ પીતો વિચારતો હતો. મને પાસે આવીને ઊભવાનું મન થતું. પૂછવાનું મન થતુંઃ શું વિચારે છે?

પહેલાંની જેમ જ આજે પણ પત્ર અટકી અટકીને લખાય છે. કુંવારા દિવસોમાં એક છાની ઝંખના રહેતીઃ તારી કક્ષાનું લખવાની. તને ગમે એવી ભાષામાં લખવાની. આજે એવી કોઈ ઝંખના નથી. મારી એકલતાને આહ્‌લાદક બનાવી છે એવા અનુભવનો યથાતથ અહેવાલ લખતી વેળાએ હું મારા અંતરમાં વારંવાર ડોકિયું કરી લઉં છું.

મિત્રોની સલાહ પ્રમાણે તું દિલ્હી ગયો ત્યારે મને મારા પ્રશ્નઃ શું વિચારે છે?-નો અણસાર મળી ગયો હતો. બાંધેલા છેડાની ગાંઠ છુટ્ટી થઈ ત્યારે અંતિમ જવાબ પણ મળી ગયો હતો. મેં કદી ધાર્યું નહોતું કે આપણે સાથે પસંદ કરેલા મારા ફ્લેટમાં હું એકલી રહીશ. સૂરજની સામે ઊઘડતી બારી પરના મારા અબાધિત અધિકારની ક્યારેય મેં કલ્પના કરી નહોતી. સ્વપ્નમાં પણ સૂર્ય-સ્નાન મેં સંગાથે જ કર્યું હતું. તારા ગયા પછી પૂરા બે દિવસ લિવિંગ રૂમના સોફા પર પસાર કર્યા પછી હું બેડરૂમમાં ગઈ ત્યારે બારીની બહાર રાત્રિના આકાશનું આછું અજવાળું હતું. અંધારા રૂમની બારીમાં ઊભીને મેં સામેના મેદાનમાં ઊભેલા પેલા થડિયાને, પેલા ઠૂંઠાને જોયું...

...ઠાઠિયાને જોયું અને મને જેરામ પટેલનાં બાળેલા કાષ્ઠનાં ચિત્રો યાદ આવ્યાં. એ ચિત્રો જોયાં ત્યારે હું એકલી હતી. સકારણ હતાશામાં ડૂબેલી. સંગાથ વિનાની. કલાકારે કહ્યું હતું કે વિનાશ દ્વારા હું કંઈક ભૂલવા ઇચ્છું છું. વિનાશનો પર્યાય વિચ્છેદ પણ થાય છે તેનો મને ત્યારે ખ્યાલ નહોતો. આ ચિત્રોની વાત મેં તને કહી નહોતી. કહેવાનું યાદ પણ આવ્યું નહોતું. વર્તમાન જ લીલો નાઘેર જેવો હતો. લીલમલીલાં વૃક્ષોની વચ્ચે વિહરતા હોઈએ ત્યારે સૂકા કે આયાસપૂર્વક બાળેલા કાષ્ઠની ફિલસૂફી ક્યાંથી યાદ આવે? વિચ્છેદની બીજી રાત્રિએ એ

કાળા થડને જોતાં મને સવાલ થયો હતો કે હું શું ભૂલવા ઇચ્છું છું? આ પ્રશ્ને મારી કેટલીક રાત બરબાદ કરી હતી.

એક સવારે મેં મારી જાતને પૂછ્યું હતું કે તું થડને જુએ છે કે વૃક્ષને? તે રાતે રૂમના અંધારામાં બારીમાં હું ઊભી ત્યારે મેં એ કાળા પડી ગયેલા સૂકા થડમાં એક વૃક્ષને જોયું. મેં ચશ્માં ઉતારીને એ વૃક્ષને જોયું. અંધારી રાત શાંત હતી. એક પક્ષીને મેં એ વૃક્ષ પરથી ઊડતું પસાર થતું જોયું. મધરાતે બારીએથી હું પાછી ફરી ત્યારે મને મારી પાછળ એ વૃક્ષનાં મંદ મંદ પગલાંમાં સમભાવ, મમભાવનાં આંદોલનો પ્રતીત થયાં હતાં.

એકાકી વ્યક્તિની પ્રવૃત્તિ પણ એકાંગી જ હોવાની. કૉફી-હાઉસ અને કોન્ફરન્સની ચર્ચાઓથી ટેવાયેલા તને લાંબું લખીને કંટાળો નહીં આપું. સંક્ષિપ્તમાં કહીશ કે સમય જતાં એ વૃક્ષ પ્રત્યે મારી આંખમાં સખ્યભાવ જાગ્યો હતો. એને હું મળતી હતી. સવારે, સાંજે અને રાતે. ઘરમાં હોઉં કે રજામાં હોઉં ત્યારે એને જોવાનો સમય, એને મળવાનો સમય હતો. એની અચળતા મને ચળાયમાન લાગતી હતી. એના ગોચરમાં અગોચરનો ધબકાર હું અનુભવતી. મને અખો યાદ આવતો. પુસ્તક વાંચતાં ક્યારેક ભાવ જાગતો કે ટેબલ લેમ્પની પાસે ઊભીને એ વૃક્ષ મને જોઈ રહ્યું છે. લખતી વેળાએ યોગ્ય શબ્દ માટે બેચેની અનુભવતી ત્યારે હું બારીમાં ઊભતી અને શબ્દકોશ ઊઘડી જતો. કવિતાની પ્રથમ પંક્તિની જેમ મને અનેક ઈશ્વરદત્ત શબ્દો આ વૃક્ષને દત્તચિત્તે નિહાળતાં મળ્યા હતા. એની સાથે મારી વિચારયાત્રા અવિરત ચાલતી રહેતી. વચ્ચે હર્ષના પડાવ આવતાઃ વૃક્ષ જેવી સુંદર કવિતા મેં ક્યાંય જોઈ નથી. જોઈસ કિલ્મરની આ પંક્તિ પર હું અર્ધો કલાક એકધારું બોલી હતી. ઘરે આવીને મારી પ્રસન્નતા વ્યક્ત કરવા હું બારીએ દોડી ગઈ હતી... ક્યારેક ઉદાસીનતા ઘેરી વળતી. વાંચવામાં આવ્યું કે જમીનની તંગીના કારણે જાપાનમાં ઊભી કબરોનો બહુમાળી મકાનો બનાવવાની વિચારણા થાય છે. રાતે બારીમાં ઊભી ઊભી કાળા થડને જોઈને મારા જેવી જાપાનીઝ સ્ત્રીઓનો હું વિચાર કરતી. કબરલેખના શબ્દો કરતાં તેઓની કબર પરના ચિત્રનો વધુ વિચાર આવતો. કલાપ્રિય જાપાનની સંતાનવિહોણી એકાકી સ્ત્રીઓએ કબર પર સૂકા થડના ચિત્રનો આગ્રહ રાખવો જોઈએ એવું હું વિચારતી ડાળ-ડાળખી, પાંદડાં, ફૂલ-ફળ, માળા અને પક્ષીઓ વિનાનાં સુકાયેલાં થડ, કબરના પથ્થર પર ચીતરેલા કાળા કે રાખોડી રંગના થડને હું મનની આંખે જોઈ રહેતી.

સહજ હતી નહીં તો પણ આપણી જુદાઈ સરળ બની હતી, કારણ કે આપણે વૃક્ષોથી દૂર જતાં રહ્યાં હતાં. વૃક્ષો થકી તો આપણે નજીક આવ્યાં હતાં. સ્મૃતિશેષ બનેલા આપણા પત્રવ્યવહારને તું યાદ કરજે. દરેક પત્રમાં કોઈ ને કોઈ વૃક્ષ

આવતું. પુષ્પો મહેકતાં. પંખીઓ ચહકતાં. તું બેંગાલુરુ ગયો ત્યારે તારા કોડાક કેમેરાથી તેં વીપિંગ વિલોવનો ફોટો પાડીને મને મોકલ્યો હતો તે તને યાદ હશે. એ ફોટો હજી મારી પાસે છે. એ વૃક્ષનાં આંસુ ટપકી રહ્યાં છે. વિલોવની નીચે વિપ્રલબ્ધા બેઠી છે?! એ જ પત્રમાં તેં લખ્યું હતું કે વિષ્ણુનું એક નામ વૃક્ષ છે. વિષ્ણુ વૃક્ષ જેવા અચળ, દૃઢ છે. વૃક્ષો નીચે મળ્યાં. બે વરસ વૃક્ષોની સાથે રહ્યાં. અને લગ્ન થયા પછી એવું તે વળી કેવું સંક્રમણ આવ્યું કે આપણે વૃક્ષોથી દૂર થઈ ગયાં? સૂકા વૃક્ષમાં ઠાઠિયું જોવા લાગ્યાં? મુંબઈ જેવા મહાનગરના રાજમાર્ગની બંને બાજુ ગુલમહોરનાં વૃક્ષો જોઈને આપણે કેવાં ઝૂમી ઊઠ્યાં હતાં? શું એ હનીમૂની ઉમળકો હતો? ના. એ આપણા નૈસર્ગિક આનંદનો આવિષ્કાર હતો.

આવો જ એક સ્વયંભૂ સાક્ષાત્કાર તારી પ્રતીક્ષા કરી રહ્યો છે.

એકાકી વસંતના એક દિવસે હું નાચી ઊઠી હતી. આપણા ઘરમાં ઢોલ-શરણાઈ વાગ્યાં હતાં. બારણે કુંકુના થાપા પડ્યા હતા. હરખપદૂડી હું રૂમમાં આમતેમ ફરતી, ઘડીકમાં ચશ્માં પહેરીને તો ઘડીકમાં ચશ્માં ઉતારીને, બારીમાંથી આંખ તાણી તાણીને મેદાનમાં ખાંભીની જેમ ઊભેલા સૂકા વૃક્ષના થડને નિહાળી રહી હતી. એ થડના મૂળમાંથી ટચલી આંગળી જેવી ડાળી ફૂટી હતી અને ત્રણ-ચાર કૂણાં નાનાં પાંદડાં હવામાં ફરફરી રહ્યાં હતાં. ગેબી પાળિયો જીવંત થયો હતો. શૂરવીર એના હણહણતા અશ્વ પર બેસીને ક્ષિતિજની પાર જોઈ રહ્યો હતો. ધરતી ફાડીને વૃક્ષ મહારાજે અવતાર લીધો હતો. આનંદના ઓઘમાં આળોટતી, ઓરડામાં આટા મારતી, હું ઊંચા અવાજે બોલતી હતીઃ વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે... તે અદ્‌ભુત ક્ષણે મને એવી અનુભૂતિ થઈ હતી કે હું એકલી ચાલતી નથી, બોલતી નથી. વૃક્ષ પણ મારી સાથે ચાલતાં એ જ શબ્દો બોલે છે. જાણે મારી અને વૃક્ષ વચ્ચે કોઈ અંતરપટ નથી. વૃક્ષ અવિનાશી છે. એકોઽહં બહુસ્યામનું શાશ્વત પ્રતીક છે... આવેશ શમ્યા પછી શાંત ચિત્તે મેં નવપલ્લવિત વૃક્ષનાં મનભરીને દર્શન કર્યાં હતાં. બાલરવિના મોગરાની કળી જેવાં કિરણો નવજાત શિશુ જેવા છોડની સાથે રમી રહ્યાં હતાં. મારાથી હાથ જોડાઈ ગયાઃ ૐ વૃક્ષાય નમઃ। ૐ વનસ્પતૈય નમઃ। કુદરતના આ અદ્‌ભુત કરિશ્માને એકતાન થઈને નિહાળતાં મેં પ્રાર્થનામય એકરાર કર્યો હતોઃ અહા! વૃક્ષનું પ્રાગટ્ય સ્વયં એક દિવ્ય ઘટના છે! હે વૃક્ષ! તારો ખૂબ ખૂબ આભાર. મારા પ્રેમને આજે તેં પ્રમાણિત કર્યો છે. તારી તરફનો મારો પ્રેમ શાબ્દિક, વ્યવહારુ કે કાગળિયો નથી.

તે દિવસથી હું તે નવજાત વૃક્ષની વિકાસયાત્રાની યાત્રિક બની હતી. રોજ સવારે એ મને નવું લાગતું હતું. પારણામાં સૂતા, ભાખોડિયાં ભરતા, ડગુમગુ પગલાં

માંડતાં અને પછી થોડા અંતરેથી દોડીને માને વળગી પડતા શિશુને તેડી લઈને મા બોલી ઊઠે કે જુઓ તો ખરા! મારો લાલ કેટલો જલદી મોટો થઈ ગયો?- બરાબર મારી એવી જ મનોદશા હતી. કળીમાંથી પુષ્પ થવાની પ્રક્રિયાને કાચ તળે જોવાની વૈજ્ઞાનિક પ્રવૃત્તિ મને મિથ્યા લાગી હતી. વૃક્ષના વિકાસની સાથે મેં રોજ સવાર-સાંજ કુદરતના નજારાને આવિષ્કૃત થતાં જોયો હતો. એની પાસે જઈને, ઊભીને, આસપાસ ફરીને, સ્પર્શીને. હું એવી આનંદયાત્રા કરી રહી હતી જ્યાં દરેક પડાવ અણધાર્યો હતો. દરેક દશ્ય સૌંદર્યમંડિત હતું. મૌન સાથેની મારી મૈત્રીને લીધે પળેપળે વિલસતા વિકસિત વૃક્ષના સૌંદર્યને હું માણી શકી હતી. વૃક્ષના મૂળમાંથી કૂંપળ ફૂટી તે દિવસોમાં મને ત્રણ વરસ પહેલાંની વાત યાદ આવી હતી. એક સવારે મારી સહપ્રાધ્યાપિકા આવીને પાસે બેસી ત્યારે બાગબાગ હતી. એણે કહ્યું કે ગયા અઠવાડિયે વહેલી સવારે ગાઢ નીંદરમાં એણે ઉદરમાંથી આખા દેહમાં પ્રસરતું રણઝણતું ઝીણું સંગીત સાંભળ્યું હતું. એ પ્રસંગને યાદ કરીને દિવસે દિવસે ક્ષીણ થતા સૂકા વૃક્ષના થડને સ્પર્શીને એના પુનર્જન્મના આનંદનાં સ્પંદન અનુભવવા હું કોશિશ કરતી હતી. વૃદ્ધ વૃક્ષના કરચલિયાળા દેહને પસવારીને એના અવિનાશિત્વને હું નમન કરતી હતી.

હવામાન ખાતું આગામી ચોમાસાની આગાહી કરવામાં વ્યસ્ત હતું તે દિવસોમાં કોલેજથી આવીને બારીમાંથી વૃક્ષની બે પેઢીની ક્ષેમકુશળતા જોવા ગઈ તો આઘાતજનક પરિવર્તન જોવામાં આવ્યું. મેં જોયું કે વૃદ્ધે આખરે નવી પેઢીને મારગ કરી આપ્યો હતો. ખાસ્સા ઊંચા અને સમૃદ્ધ થઈ ગયેલા નવા વૃક્ષને કમર સુધીના ગોળ રંગીન ટ્રી ગાર્ડ દ્વારા રક્ષણ પૂરું પાડવામાં આવ્યું હતું. તે પળે મને શોકની લાગણી થઈ હતી. મેં ઇચ્છ્યું હતું કે વૃદ્ધ વૃક્ષને હટાવવામાં સત્તાવાળાએ બળજબરી કરી નહીં હોય. નિર્દયતા આચરી નહીં હોય. તે સાંજે હું મેદાન તરફ ગઈ નહોતી. મનને ખૂબ મનાવવા છતાં બારીમાં ઊભીને હું નવા વૃક્ષની રોનકને વધુ સમય જોઈ શકી નહોતી.

તે રાતે વાંચવામાં રસ પડ્યો નહીં. લખવું ગમ્યું નહીં. મન ઉદાસ હતું. વહેલી સૂઈ ગઈ. પણ ઊંઘ આવી નહીં. માણસના જીવનની ઘટમાળ વિશે વિચારતાં મેં મને કહ્યુંઃ સંવર્ધિત સાહચર્યને ત્યજીને, તરછોડીને માણસ નિઃસ્પૃહતાથી જતો રહે છે. મારા સ્નેહાળ વૃક્ષે તો સજીવ-સૃષ્ટિની સાત્ત્વિક સ્પૃહાની શ્રેષ્ઠ કવિતા રચીને એનું જીવન સાર્થક કર્યું છે. એ ક્યાંય ગયું નથી. વિસ્તર્યું છે. નવપલ્લવિત વૃક્ષમાં મારી એકલતાના સાક્ષીની અગોચર ઉપસ્થિતિને જોયા વિના ચેન નહીં પડે - એવું ગણગણતી હું રાતે અગિયાર વાગ્યે બારીએ ઊભી અને યૌવનના ઉંબરે ઊભેલા એ વૃક્ષે મને ધન્ય ધન્ય કરી દીધી!

આકાશમાં ચંદ્રની એની શીતલ મુદ્રામાં રાત સાથે રમણા ચાલી રહી હતી. રસ્તો ઝોકે ચડી ગયો હતો. હવામાં શાંતિ વહેતી હતી. વાતાવરણમાં નીરવતા ગુંજતી હતી. આવા સર્વોત્તમ સમયે મેં બારીમાંથી મારા અભિનવ મિત્ર તરફ જોયું, જોયું અને હું સ્તબ્ધ! વૃક્ષની ટોચે એક પક્ષી બેઠું હતું!

પ્રકૃતિની પરમેશ્વરી પીંછીએ નયનાભિરામ છાયાચિત્ર સરજ્યું હતું.

લેટર-પેડ અને પેન પડી રહ્યાં છે. આગળ હું લખું? મારા ચિત્તમાં કોઈ વ્યક્ત કે અવ્યક્ત અભીપ્સા નથી. તો પણ આગળ હું લખું? અનેક મનીષીઓ કવિતા લખીને નદીમાં વહાવી દેતા હતા. હું આ પત્ર અહીંથી છોડીને, ફાડીને, ટુકડા કરીને બારીએથી નવપલ્લવિત વૃક્ષની સાક્ષીએ હવામાં વહાવી દઉં?

મને વીપિંગ વિલોવ રોકે છે.

વૃક્ષે જાણે એ પક્ષીને રોકી રાખ્યું હોય કે એ પક્ષી હું એને જોઉં એની પ્રતીક્ષામાં હોય તેમ એ અદ્‌ભુત નજારો સંકેલીને પાંખો ફેલાવીને ચાંદનીમાં ઊડી ગયું.

પછીના દિવસોમાં મેં વૃક્ષને થનગનતું જોયું. વહેતી હવામાં ડોલતું જોયું. ક્યારેક એની સ્થિર મુદ્રામાં મને શાંતિપાઠમાં લીન વિશ્વબંધુંના દર્શન થતાં. એક વરસાદ પડી ગયા પછી એ નવપલ્લવિત વૃક્ષની આડોશપાડોશમાં ચાર-ચાર છોડ વાવવામાં આવ્યા હતા. એક જ્યોતમાંથી અનેક જ્યોત પ્રગટાવવાનો શુભારંભ થઈ ચૂક્યો હતો. સવારના સમયે અનેક પંખીઓ એ વૃક્ષની આસપાસ ઊડાઊડ કરતાં. કેટલાંક પક્ષીઓ ડાળી પર બેસીને ચકળવકળ આંખે આજુબાજુ જોતાં તેઓના વાસ્તુશાસ્ત્રની દૃષ્ટિએ માળા બાંધવાની શક્યતાનો વિચાર કરતાં હોય એવું મને લાગતું. એક સવારે હું વૃક્ષને મળવા જઈ રહી હતી ત્યારે મેં વૃક્ષની ડાળ પર દરજીડાને જોયો. એને સર્વે કરવામાં ખલેલ પડે નહીં એટલે હું વૃક્ષની નજીક ગઈ નહીં. મારા આશયની એણે પ્રસન્નતાપૂર્વક નોંધ લીધીઃ મને વારંવાર ચર્પિંગ સંભળાવીને! આપણે કચ્છ ગયાં ત્યારે દરજીડાને બે-ત્રણ સ્થળે નજીકથી જોયાં હતાં તે તને યાદ હશે.

મારા આ પ્રિયજનો તને અહીં આવવાનું નિમંત્રણ પાઠવે છે. મેં એ બધાને કહ્યું છે કે એક સમયે તારા પ્રેમનો નાળ સંબંધ વૃક્ષની સાથે હતો. ઘરઆંગણે પ્રકૃતિની અકળ લીલાનું નર્તન થઈ રહ્યું છે. વૃક્ષના સંદર્ભમાં વિષ્ણુને યાદ કરે એવી ભાવાત્મક એકતા ધરાવતી વ્યક્તિએ આ લીલાના દર્શનથી વંચિત રહેવું જોઈએ નહીં.

તું આવીશ તો મને ગમશે. તારા માટે સ્થળ અજાણ્યું નથી. સૂર્યોદયના સમયે આપણે એ વૃક્ષને મળશું. તાજેતરમાં જ મુકાયેલા બાંકડે બેસશું. પક્ષીઓના ટહુકાઓ સાંભળશું. લગભગ સાત વરસ પહેલાં આપણે ભાવતાં ભોજન લઈને છુટ્ટાં પડ્યાં હતાં. આ વખતે તારી ઇચ્છા હોય તો તેમ નહીંતર હોટેલ તો છે જ.

❑❑❑



રામલી ઇબ્રાહિમ કેન્દ્રમાં રામલી ઇબ્રાહિમની કોરિયોગ્રાફી

ભરતનાટ્યમ્ અને ઓડિસી નૃત્યના વિખ્યાત મલેશિયન મુસ્લિમ કલાકાર રામલી ઇબ્રાહિમ

☐ સુનીલ કોઠારી

બે વર્ષ પૂર્વે પદ્મ એવોર્ડની યાદીમાં મલેશિયાના એક મુસ્લિમ કલાકાર રામલી ઇબ્રાહિમનું નામ વાંચી ઘણા ભારતીય નૃત્યકારોએ આશ્ચર્ય તથા આનંદની બન્ને લાગણીઓ અનુભવેલી. રામલી ઇબ્રાહિમ મલેશિયાના વિખ્યાત નૃત્યકાર છે. તેમની ભરતનાટ્યમ્ અને ઓડિસી નૃત્યોની સાધના દાદ માગી લે તેવી છે.

અમારી પ્રથમ મુલાકાત 1980ના ડિસેમ્બર માસમાં ચેન્નઈ ખાતે થઈ હતી. ત્યારે હું રવીન્દ્ર ભારતી યુનિવર્સિટીમાં નૃત્યનો પ્રાધ્યાપક અને ડીન હતો. ચેન્નઈ ખાતે 1980થી કૃષ્ણગાનસભામાં નાટ્યકલા કોન્ફરન્સમાં ભાગ લેવા અચૂક જતો. તે વર્ષોમાં રામલી

ચેન્નઈમાં ભરતનાટ્યમ્‌ના વિખ્યાત કલાકાર અને ગુરુ અડ્યાર લક્ષ્મણ પાસે ભરતનાટ્યમ્ નૃત્ય શીખતા હતા. રામલીનાં ભરતનાટ્યમ્ નૃત્ય ત્યારે મેં અડ્યાર લક્ષ્મણના નૃત્યવર્ગોમાં જોયેલાં.

પરંતુ પછીનાં વર્ષોમાં જાણવા મળેલું કે તેઓ ઓડિસામાં ગુરુ દેબપ્રસાદ દાસ પાસે ઓડિસી નૃત્ય શીખતા હતા. મારે ઓડિસી નૃત્ય પરના મારા પુસ્તકના સંશોધનકાર્ય માટે ભુવનેશ્વર જવાનું વારંવાર થતું એટલે તેમનો વિશેષ પરિચય ભુવનેશ્વરમાં થયો. રામલીએ સિડની યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો.

મલેશિયામાં તેમના સમકાલીન નૃત્યકાર હતા ચંદ્રભાનુ. મૂળે નામે હારૂન, પરંતુ નૃત્ય જગતમાં ચંદ્રભાનુ નામથી જાણીતા થયા હતા. તેમનાં ભરતનાટ્યમ્ નૃત્યો જોઈ રામલી ઘણા પ્રભાવિત થયા હતા અને તે શીખવાની અદમ્ય ઇચ્છા થવાથી તેઓ ચેન્નઈમાં ચંદ્રભાનુના ગુરુ અડ્યાર લક્ષ્મણ પાસે ભરતનાટ્યમ્ શીખવા ચેન્નઈ આવેલા. તેમના સિડનીના વસવાટ દરમિયાન સિડની ઓપેરા હાઉસમાં પાશ્ચાત્ય નૃત્યપદ્ધતિ બેલે (ballet)નું શિક્ષણ લઈ ત્યાંના વિખ્યાત નૃત્ય સંકલનકાર (choregrapher) ગ્રેઆમ મર્ફીની નૃત્ય મંડળીમાં પ્રમુખ બેલે નર્તક તરીકે જોડાયા હતા.

ગ્રેઆમ મર્ફી સાથે રામલીએ દક્ષિણ એશિયામાં સિંગાપોર, ફિલિપાઈન્સ, બાલી, જાવા, ઇન્ડોનેશિયા, હોંગકોંગ અને યુરોપમાં પ્રવાસો કર્યા હતા. ત્યારે યુરોપમાં classical balletની ભારે બોલબાલા હતી. 1980ના ગાળામાં રામલીએ યુરોપના પ્રવાસો દરમિયાન બેલે અને મોડર્ન ડાન્સર તરીકે નામ કાઢેલું.

ચંદ્રભાનુના સંપર્કમાં આવતાં



મુદ્રા ફાઉન્ડેશનનાં નૃત્ય કલાકારો



સૂત્રામાં જાહેર નૃત્ય સમારોહ

રામલી તેમનાં ભરતનાટ્યમ્ નૃત્યોથી ઘણા મુગ્ધ થયા હતા. ચંદ્રભાનુએ મેલબર્ન યુનિવર્સિટીમાં નૃવંશશાસ્ત્રનો (Anthropology) અભ્યાસ કર્યો હતો. અને પાછલાં વર્ષોમાં મલેશિયા છોડી મેલબર્નમાં સ્થાયી થયા હતા ત્યાં તેમણે ભારતીય નૃત્યો શીખવવા સંસ્થા સ્થાપી. તેઓ પણ ઓડિસી નૃત્ય શીખ્યા હતા અને ચંદ્રભાનુના કહેવાથી રામલી ઓડિસી શીખવા ભુવનેશ્વર ગયા હતા. ભરતનાટ્યમ્ અને ઓડિસી બન્ને નૃત્યોમાં પારંગત થઈ રામલી કુઆલા લમ્પુર મલેશિયામાં સ્થાયી થયા અને સૂત્રા ફાઉન્ડેશન નામની સંસ્થા સ્થાપી ત્યાં બન્ને પ્રકારનાં નૃત્યોનું શિક્ષણ આપવાનું શરૂ કર્યું.

મેં ચેન્નઈમાં તેમનાં ભરતનાટ્યમ્ નૃત્યો જોયાં હતાં અને તેમના કેટલાક કાર્યક્રમોની પ્રશંસા કરતા મેં લેખ લખ્યા હતા. તેમના ભારતના નિયમિત પ્રવાસો દરમિયાન તેમને મળવાનું થતું. અને તેઓ ઘણી વાર આગ્રહ કરતા કે મારે કુઆલા લમ્પુર આવવું અને તેમની સંસ્થા સૂત્રાની મુલાકાત લેવી, અને તેઓ કયા પ્રકારે ત્યાં નૃત્યો રજૂ કરે છે અને શીખવે છે તે મારે જોવું.

તે તક 2003માં પ્રાપ્ત થઈ. રામલીએ કુઆલા લમ્પુરમાં એક સપ્તાહ લગી Multi Arts Festivalનું આયોજન કર્યું હતું. ભરતનાટ્યમ્, ઓડિસી, આધુનિક નૃત્યો, ચિત્રોનું પ્રદર્શન, હસ્તકળાનાં વસ્ત્રોનું પ્રદર્શન અને મલેશિયાના વિખ્યાત ફોટોગ્રાફર્સના ફોટાઓનું પ્રદર્શન એમ વિવિધ કળાઓનો કાર્યક્રમ યોજ્યો હતો. કુઆલા લમ્પુરની મારી એ પ્રથમ મુલાકાત દરમિયાન મને રામલી ઇબ્રાહિમની શિક્ષણ આપવાની પદ્ધતિ જોવાનો સુયોગ સાંપડ્યો.

સવિશેષ ઓડિસી નૃત્યો પરના તેમના પ્રભુત્વથી હું ઘણો પ્રભાવિત થયો હતો. ગુરુ દેબપ્રસાદ દાસ ઓડિસાના મૂર્ધન્ય ગુરુઓ પંકજ ચરણદાસ અને ગુરુ કેલુચરણ મહાપાત્રની શૈલીથી ભિન્ન શૈલીમાં નૃત્ય શીખવતા. દેબપ્રસાદ દાસ ઓડિસાનાં લોકનૃત્યો, જનજાતિનાં નૃત્યો (tribal) અને શાસ્ત્રીય નૃત્યોના ત્રિવેણીસંગમ માટે આગ્રહ ધરાવતા હતા. તેઓ 'ત્રિધારા'માં માનતા અને તેમનું દેબપ્રસાદ દાસ ઘરાણું અલગ તરી આવતું.

દેબપ્રસાદ દાસે ઓડિસાના એક અન્યત્ર પ્રકાર શબ્દસ્વર પાટનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમાં ઓડિસાનાં તાંત્રિક દેવ, દેવીઓનાં સ્તુતિ, વર્ણનો મુખબોલ (recitation) દ્વારા રજૂ થતાં. જેમ કથક નૃત્યમાં 'કવિત' નામે પ્રકાર છે જેમાં દેવીદેવતાઓની સ્તુતિ નાની નાની રચનાઓમાં રજૂ થાય છે, તેવી જ રીતે ઓડિસીમાં શબ્દસ્વરપાટમાં બોલો દ્વારા રજૂ થાય છે. હસ્તાભિનય, આંગિકાભિનય અને મુખજાભિનય દ્વારા તેનું નૃત્યમાં રૂપાંતર થાય છે. દશ મહાવિદ્યાઓનું વર્ણન, તેમનું શક્તિમંત, જોમવંત, સ્ફૂર્તિલું નર્તન અન્ય શૈલીઓથી જુદું તરી આવે છે. દેબપ્રસાદ દાસના ઘરાણાની આ વિશેષતા છે.

રામલીની અનેક નૃત્યરચનાઓમાં તેનો સુંદર વિનિયોગ જોવા મળે છે. ગરુ દેબપ્રસાદ દાસના અન્ય શિષ્યોમાં ગજેન્દ્ર પાંડા અને દુર્ગાચરણ રણબીરની સહાય લઈ રામલીએ અનેક નૃત્ય સર્જનો કર્યાં છે.

રામલીની નૃત્ય શીખવવાની પદ્ધતિમાં જેને warming up exercises કહીએ છીએ તે નૃત્યની ટેક્નિક શીખતાં પૂર્વે શરીરને કેળવવાની પદ્ધતિની રામલીએ રચના કરી છે. ક્લાસિકલ બેલે, મોડર્ન ડાન્સ, યોગાસનો વગેરેની ચોક્કસ પદ્ધતિઓ દ્વારા કલાકારોના શરીરને જેટલું ચપળ, સ્ફૂર્તિલું બનાવી શકાય તે પર તેઓ ભાર મૂકે છે. પરિણામે તેમના નર્તકોનાં નૃત્યોમાં એક વિશિષ્ટ પ્રકારનું સૌષ્ઠવ અને લાલિત્ય જોવા મળે છે.

રામલીના પ્રમુખ મદદનીશ કલાકાર છે શિવનટરાજ. મૂળે તાંજોરના, પરંતુ વર્ષોથી કુઆલા લમ્પુરમાં સ્થાયી થયેલા. શિવને બધા શિવાના ટૂંકા નામે સંબોધે. એક કુશળ ચિત્રકાર શિવા Light designમાં પારંગત છે. તેને કારણે સૂત્રા ફાઉન્ડેશનનાં બધાં જ નૃત્યસંકલનો દીપી ઊઠે છે. પશ્ચાદ્ભૂ માટે કયા પ્રકારની લાઈટિંગ કરવી, મુખ્ય નૃત્યાંગના અને મુખ્ય નર્તકને કેવી રીતે પ્રકાશ વર્તુળમાં રાખવા, પ્રકાશ યોજનામાં વપરાતા પ્રકાશનાં



લેખક સાથે કલાકાર અને પ્રકાશ સંયોજક શિવરાજ નટરાજન

ચાંદરણાં કેમ પ્રયોજવાં વગેરેમાં તેઓ કુશળ છે. અને પોતે ચિત્રકાર હોવાથી ચિત્રકારની તેમની sensibility, તેમની રંગોની સૂઝ માન મુકાવે તેવી છે.

શિવાના વાળ સ્વાભાવિક રીતે જ બચપણથી ગૂંચળાવાળા અને લાંબી જટાવાળા છે. આવા વાળ આફ્રિકાના હબસીઓના જોવા મળે છે. શિવા જ્યારે તેને વળાંક આપી માથા પર ગોઠવે છે ત્યારે તે ખરેખર જટાધારી શિવ તરીકે આપણને નજરે ચડે છે.

રામલી તેમની શિક્ષણપદ્ધતિમાં અગાઉ જણાવ્યું તેમ, બેલેની, યોગની કેટલીક પ્રાથમિક કસરત તેમના વિદ્યાર્થીઓ પાસે કરાવે છે. સૂત્રાના વિશાળ મકાનમાં નીચે મોટો નૃત્ય માટેનો ઓરડો છે જ્યાં વાર-તહેવારે રામલી કુઆલા લમ્પુરના વિખ્યાત ચિત્રકારોને નિમંત્રે છે અને તેમનાં ચિત્રોનું પ્રદર્શન યોજે છે. આ ઉપરાંત વિખ્યાત સ્થાનિક ફોટોગ્રાફરના ફોટાઓનું પણ પ્રદર્શન યોજે છે. સૂત્રાના કમ્પાઉન્ડમાં અનેક વૃક્ષોની વચમાં એક રંગમંચની રામલીએ આર્કિટેક્ટની મદદથી રચના કરી છે. અને એ ઉઘાડા આકાશ હેઠળ open air રંગમંચની ગરજ સારે છે. સન્મુખે સોથી વધુ લોકો બેસી નૃત્યો જોઈ શકે તેવી વ્યવસ્થા કરી છે. કમ્પાઉન્ડમાં જ રંગમંચથી થોડે દૂર Gazebo, છત્રી મંડપની, રચના કરી છે. અનેક શિલ્પની મૂર્તિઓથી કમ્પાઉન્ડની શોભા વધારી છે. મોટા અરીસાઓ દીવાલ પર ગોઠવ્યા છે અને મુખ્ય નર્તન માટેના ખંડની પછીતેની દીવાલો પર પણ ચિત્રો અને ફોટાઓ ટાંગવાની વ્યવસ્થા કરી છે. એ અર્થમાં તે એક સ્વતંત્ર ગેલેરી બની શકે છે જ્યાં અનેક ચિત્રો ટાંગવામાં આવે છે.

ઉપલે માળે સૂત્રાની ઓફિસ અને લાઈબ્રેરીનો મોટો ખંડ અલગ છે. જમણી બાજુ શિવાનો ખંડ અને ડાબી બાજુ મહેમાનો રહી શકે તે માટેનો ખંડ છે. ત્યાં પલંગો અને ગાલીચાની વ્યવસ્થા કરી છે. જમવાના મોટા ઓરડામાં કિચન અને ડાઇનિંગ ટેબલ અને ત્યાં દસથી બાર માણસો બેસી શકે તેવી વ્યવસ્થા કરી છે. અગાશીના વિશાળ અવકાશમાં મહેમાનો હરીફરી શકે તેવડી પૂરતી જગ્યા છે.

રામલીના પિતા એનરિક ઇબ્રાહિમ બિન મોહમ્મદ અમીન વિખ્યાત શિક્ષક અને મલેશિયન સાહિત્ય જગતમાં જાણીતા લેખક હતા. તેમણે રામલીને બાળપણથી જ વાંચવાની ટેવ પાડેલી. પરિણામે નવ વર્ષની વયથી રામલીને મલેશિયન 'હિકાયત' કથાઓનો પરિચય થયો હતો. ત્યારે ત્યાંના રેડિયો પર રામલી નિયમિત ગાતા અને કવિતાનો પાઠ કરતા. શરૂમાં જ્યારે તેમણે ભરતનાટ્યમ્‌ના નૃત્યના અભ્યાસ પછી ઘરના બીજા

ઓરડામાં નૃત્ય શીખવવું શરૂ કર્યું ત્યારે બીજા ઓરડામાં તેમનાં માતા હજ્જાહ કમરીઆ મોહમ્મદ ઝીન, કુરાન શીખવતાં હતાં. જ્યારે તેમની વય મોટી થઈ ત્યારે રામલી તેમને નિવૃત્ત થવાનું કહેતા અને સધિયારો આપતા કે તેઓ તેમનું ધ્યાન રાખશે, ખાધાખર્ચીનો બધો ભાર ઉપાડી લેશે ત્યારે માતા કટાક્ષમાં કહેતાં કે તે જ્યારે ભારતીય નૃત્યો શીખવવું બંધ કરશે ત્યારે તેઓ કુરાન શીખવવું બંધ કરશે! પરંતુ રામલીને તેમનાં માતાપિતા તરફથી તેઓ ભારતીય નૃત્યો શીખવતા તે માટે કશો વિરોધ નહોતો.

રામલીનાં માતાપિતા સ્થિતિસંપન્ન હતાં. રામલીની નૃત્યકાર તરીકેની ખ્યાતિ પ્રસરી ત્યારે રામલીનો શ્રીમંત કુટુંબોમાં કલાપ્રેમીઓ જોડે સંપર્ક વધ્યો અને રાજ્યકર્તાઓ પણ તેમનાં વખાણ કરતા થયા. આમ તેમનો સંપર્ક મોટા લોકો જોડે થતાં તેમના તરફ વિરોધ દર્શાવતાં બળો તેમની કારકિર્દીને હાનિ પહોંચાડી શક્યાં નહોતાં.


રામલીની વિશાળ દૃષ્ટિથી મલેશિયન રંગભૂમિમાં તે એક મહત્ત્વની ભૂમિકા ભજવી શક્યા. સંકુચિત મનોદશાથી પીડાતા લોકોનો સામનો કરી શક્યા. નૃત્ય ઉપરાંત નાટ્ય અને બીજી લલિત કળાઓમાં તે ઊંડો રસ લેતા એટલે સંકુચિત પ્રાંતીયવાદ, કોમી મતભેદ



મલેશિયાના ભોંયતળિયે ચાલતાં
નૃત્યના વર્ગો અને પ્રદર્શનો

અને રાષ્ટ્રીય સીમાડાઓને તે ઓળંગી શક્યા હતા.

મલેશિયામાં અને ભારતમાં પણ તેમના ટીકાકારોનો તેમને સામનો કરવો પડેલો. મલેશિયામાં તેઓ ભારતીય નૃત્યોમાં આધુનિક નૃત્યોનાં તત્ત્વો ભેળવી ભેળસેળવાળાં નૃત્યો રજૂ કરે છે તેવી ટીકા થતી, તો ભારતમાં ઓડિસી નૃત્યોમાં તેઓ પાશ્ચાત્ય બેલે (ballet)ની ટેક્નિકનો ઉપયોગ કરે છે તેવી ટીકા થતી, પરંતુ રામલી તેથી વિચલિત થતા નહીં. રામલી અવકાશ, (space), સમય (time), નૃત્યોના હલનચલન (movements) અને પ્રકાશ યોજનાનો સુભગ સમન્વય સાધી તેમનાં સર્જનોને સમૃદ્ધ બનાવતા હતા. ઓડિસામાં રામલીની નૃત્યમંડળીની



ઓડિસી નૃત્યકાર ગંજામની શ્રેણી

સ્ત્રીકલાકારો બ્લાઉઝ પર ઓઢણી નહોતી પહેરતી ત્યારે તે માટે વિરોધ થયો હતો, પરંતુ જ્યારે રામલી અને તેમના પ્રશંસકોએ કોણાર્ક અને અન્ય મંદિરોમાં સ્ત્રીશિલ્પોના પોશાકો તરફ ધ્યાન દોર્યું ત્યારે તેમાં ઓઢણીને ઢાંકેલી ન જોઈ કોઈ કશો વિરોધ કરતું નહિ, તો ઓડિસી નૃત્યના આહાર્યમાં ઓઢણી ન પહેરવા માટે શા માટે પરંપરાના આગ્રહીઓએ વિરોધ કરવો જોઈએ તેવી ચર્ચાએ જોર પકડેલું. વાસ્તવમાં ઓડિસી નૃત્યના પ્રદર્શનમાં કશો મર્યાદાભંગ રામલી કરતા નહીં એટલે ધીરેધીરે તેમના પ્રતિનો વિરોધ શમી ગયો હતો.

રામલીએ ઓડિસાના વિખ્યાત ચિત્રકાર, બુદ્ધિજીવી લેખક અને વિચારક દીનાનાથ પાઠી સાથે મળી 'ગંજામ' નામે અને રતિક્રીડા-(Amorons Delight) - અમરૂશતકના આધારે નૃત્ય સ્વરૂપે બે કાર્યક્રમો રજૂ કરેલા. ગંજામ વિભાગમાં પ્રાપ્ત થતા અને Palm leaf manuscripts અને તેના પરનાં ચિત્રોને અનુલક્ષી નૃત્યમાં તે તે ચિત્રોમાં અંકાયેલ રતિક્રીડાનું અનુકરણ કરેલું, પરંતુ શૃંગારના એ નિરૂપણમાં કશું અભદ્ર કે મર્યાદા ભંગવાળું નહોતું.

તાજેતરમાં તેમણે 'Odissi on High' નામે નૃત્યસંકલનમાં વિવિધ ગુરુઓની પલ્લવી નૃત્યરચનાની સમૂહ નૃત્ય રચના તરીકે સંયોજન કરી ભારતનાં પ્રધાન સાતેક શહેરોમાં રજૂઆત કરી હતી, જેને અભૂતપૂર્વ આવકાર મળ્યો હતો. ભારતીય નૃત્યોમાં જેમ પાશ્ચાત્ય બેલે તથા આધુનિક નૃત્યોમાં નર્તકોને અરસપરસ અડે અથવા હવામાં અધ્ધર ઉછાળે. તેમ કેટલાંક સંયોજનોમાં કૃષ્ણને અવકાશમાં અધ્ધર સૂતા બતાવવા ભોંય પર કલાકારોએ સૂઈ પગ ઊભા કરી ચારેક પાયા પર જાણે કૃષ્ણ સૂતા હોય તેવી સંરચના કરેલી. તેની ટીકા થયેલી કે પગના ટેકે કૃષ્ણને સૂતા કેમ બતાવાય? પણ જે કલ્પના ઓડિસાનાં પટચિત્રોમાં નારીકુંજરના દશ્યમાં નારીઓ વિવિધ આકારમાં હાથીનું સમગ્ર ચિત્ર દર્શાવે છે તેમ સદેહે કલાકારો કૃષ્ણની શય્યાને પગ દ્વારા રચી દર્શાવી શકે. (Choreographer)

નૃત્યસંકલનકાર તરીકે રામલીની કલ્પનાશક્તિ માન મુકાવે તેવી છે.

2008માં રામલીએ કુઆલા લમ્પુરમાં એક માસ લગી Stirring Odissi નામે ઓડિસી નૃત્યોનું આયોજન કરી ભારતના પ્રમુખ ઓડિસી કળાકારોને નિમંત્રી રજૂ કરેલાં. તેની સાથે સેમિનાર અને ચિત્રકારોનાં ચિત્રોનું પ્રદર્શન યોજેલું. એના આયોજનમાં રામલીએ તેમના તમામ (Corporate) કોર્પોરેટ મિત્રો અને સંસ્થાઓની મદદ લીધી હતી અને મલેશિયન અને ભારત સરકારે તેમને પૂરી મદદ કરી હતી. એ એક મહિનાના ઉત્સવ દરમિયાન તેમાં ભારતના અગ્રણી કલાકારોનાં Solo તથા group નૃત્યોની રજૂઆત કરવામાં આવી હતી. આ પૂર્વે મલેશિયામાં આ સ્તરે ઓડિસી નૃત્યની ક્યારેય રજૂઆત થઈ નહોતી. આ તેમના કલાત્મક સાહસથી મલેશિયા અને ભારતના સાંસ્કૃતિક સંબંધો દૃઢ થયા છે.

ન્યુ યોર્ક કે નાગપુર, પોંડિચેરી કે પેરિસ રામલીની અને સૂત્રા નૃત્ય મંડળીની ખ્યાતિ વિદેશોમાં પ્રસરી ચૂકી છે. બે વર્ષ પૂર્વે ભારત સરકારે રામલીને પદ્મશ્રી સન્માનથી વિભૂષિત કર્યા છે. અને મલેશિયામાં પણ તેને સમાંતર દાતુક (Datuk)ની પદવીથી તેમને સન્માનિત કરવામાં આવ્યા છે. પદ્મશ્રી મળ્યો ત્યાર પછી તરત જ લખનઉમાં એક વિશાળ આયોજનમાં મબલક પ્રેક્ષકો સમક્ષ તેમણે અને તેમના સૂત્રાના કળાકારોએ ઓડિસી નૃત્યો રજૂ કરેલાં.

એક વાર મારી કુઆલા લમ્પુરની મુલાકાત દરમિયાન રામલી મને 60 માઈલ દૂર એક હિંદુ મંદિરમાં લઈ ગયા હતા. સૂત્રાના Outreach programmના એક ભાગ તરીકે તે હિંદુ મંદિરમાં તેમના પ્રમુખ શિષ્ય ઓડિસી અને ભરતનાટ્યમ્ નૃત્ય શીખવતા હતા. નવરાત્રિ દરમિયાન પણ મંદિરના પ્રાંગણમાં રામલી અને તેમના કલાકારો નિયમિત નૃત્યો રજૂ કરે છે. આમ મલેશિયામાં આવી ધાર્મિક સહિષ્ણુતા જોઈ મને આશ્ચર્ય થયેલું. રામલી કહેતા કે પ્રોગ્રેસિવ



રામલી ઇબ્રાહિમ સાથે લેખક

રાજ્યકર્તાઓ, મલેશિયામાં આવી સ્થાયી થયેલા ડાયસ્પોરાને તેમનો ધર્મ પાળવા છૂટ આપે છે. એટલે ત્યાં ગુરુદ્વારા, દેવળ, મસ્જિદ, મંદિરો વગેરે જોવા મળે છે. અને શીખ, ઈસાઈ, મુસ્લિમ, હિંદુ પોતાના ધર્મો પાળે છે અને ભારતીય નૃત્યોના પ્રદર્શનનો કુઆલા લમ્પુરમાં વિરોધ થતો નથી.

છતાં મારા મનનું સમાધાન થયું નહીં. મેં રામલીને પૂછ્યું કે મુસ્લિમ Fundamentalist તત્ત્વોએ તેમને જરૂર હેરાન કર્યા હોવા જોઈએ. રામલીએ જણાવ્યું કે તેને તે વર્ગે અલબત્ત હેરાન કરેલા. શરૂમાં ગવર્નમેન્ટની Islamic સંસ્થા, જે Sakim નામે ઓળખાય છે, તેણે રામલીને inquisition માટે બોલાવેલા. મુસ્લિમ શરીઆહ પ્રથા અનુસાર રામલી કઈ રીતે ગણેશ, શિવ અને એવાં બીજાં અનેક હિંદુ દેવીદેવતાઓને પ્રણામ કરી શકે? તે ઇસ્લામ વિરુદ્ધ છે તેવો તેમના પર આરોપ થયેલો.

રામલીએ કોઈ પણ વકીલને રોક્યા વગર તેમને સવાલ પૂછનાર વ્યક્તિઓને નીડર ભાવે જવાબ આપેલો કે કળામાં બધું પ્રતીકાત્મક હોય છે. એટલે દેવીદેવતાઓને વંદન કરવું તે અલ્લાહને વંદન કરવા બરાબર છે. તેમાં તેઓ કશો ભેદ જોતા નથી.

રામલીને સદ્ભાગ્યે રાજ્યકર્તાઓના

બીજા પક્ષ તથા પ્રધાનમંત્રી તરફથી જ મદદ મળતી, તે કારણે, વિરોધી બળોનું કશું ચાલ્યું નહીં અને રામલી ઉત્તરોત્તર નૃત્યનાં નવાં સર્જનો કરતા રહ્યા. 'Apostate' નામનો બટ્ટો રામલીને લાગ્યો નથી, કારણ કે તેમની પ્રવૃત્તિઓ વૈશ્વિક સ્તરની છે અને સંકુચિત મનોદશાથી પર છે એટલું જ નહીં તેમને ભારતીય લોકોએ પણ આવકાર્યા છે અને તેમની પ્રવૃત્તિઓ બદલ તેમને પીઠબળ આપ્યું છે. તેથી મલેશિયામાં હવે વિશેષ વિરોધ વંટોળ નથી ઊપડ્યો. રામલી પોતે માને છે કે બધા ધર્મો એક જ ભાષા બોલે છે. વાસ્તવમાં ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધાન નૃત્યમાં સૌંદર્યાત્મક અને કલાત્મકરૂપે થાય છે.



રામલી ઇબ્રાહિમનું નિવારક સ્થાન કમરીઆનું પરિસર

રામલી અનેક શિક્ષણ સંસ્થાઓમાં કળાઓ પર વ્યાખ્યાનો આપે છે. પોતે સભાન રીતે રાજકીય પક્ષથી અલગ રહ્યા છે. જો તે સરકાર દ્વારા ઘડાયેલા નીતિનિયમોની જાળમાં ગૂંચવાય તો સ્વતંત્ર રીતે જે કામ તેઓ કરી રહ્યા છે તે કરી શકતે નહીં. રામલીને મોટો અફસોસ એ વાતનો છે કે મલેશિયાની એજ્યુકેશન મિનિસ્ટ્રી શાળાઓમાં સંસ્કૃતિનાં મૂલ્યોનું, તેની કદર કરવાનું શીખવવા માટે કશું કરતી નથી. એટલું જ નહીં પણ મિનિસ્ટ્રી ઓફ ટુરિઝમે અને મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશને સાથે મળી કામ કરવું જોઈએ અને સંસ્કૃતિનું જ્ઞાન પાયામાં શાળાઓમાં તેવા અભ્યાસક્રમો દાખલ કરી કરવું જોઈએ તેવું તેઓ દૃઢપણે માને છે.

રામલી જે પ્રકારે રહે છે તે વિશે હું ઘણી વાર હળવાશથી ટીકા કરું છું. તેઓ કહે છેઃ 'મેં જે સંપત્તિ ભેગી કરી છે અને જે પ્રકારનું જીવન હું જીવું છું, તે જોઈ મલેશિયામાં પણ મારી ટીકા થાય છે, પરંતુ આ બધું મેં પ્રાપ્ત કર્યું છે તે માટે મેં ઘણું જતું પણ કર્યું છે. 'If I have achieved

all this, it is with my tears, sweat and blood.' તેમની રસવૃત્તિ ઊંચી છે અને તેમના મિત્રવર્તુળમાં મોટા કલાકારોનો સમાવેશ થાય છે. આપણા દંતકથાના પાત્ર જેવી કીર્તિ રળનાર પુરુષ કલાકાર રામગોપાલના તે સગોત્ર કલાકાર છે. તેમના જેવું કલાત્મક વ્યક્તિત્વ, નૃત્યોનો અભ્યાસ, સૂત્રા સંસ્થાનો વહીવટ, નૃત્યનું શિક્ષણ અને યુવા કલાકારોને તૈયાર કરવાની ક્ષમતા, ધૃતિ વગેરેને કારણે મલેશિયાના તે 'નેશનલ ટ્રેઝર' ગણાય છે. 67 વર્ષની વયે પણ તે નિયમિત યોગ, કસરત વગેરે કરી પોતાનું સ્વાસ્થ્ય અને વ્યક્તિત્વ જાળવી શક્યા છે.

તેમણે તેમના નિવાસસ્થાનનું નામ તેમની માતાના નામ 'કમરીઆ' ઉપરથી પાડ્યું છે. તેનું આર્કિટેક્ટ ઓડિસાના અને બાલીના સ્થાપત્યના સુંદર મેળ જેવું છે. દીવાનખંડની સામે જ એક વર્તુળાકાર વિશાળ પથ્થરની બાજુ પાણી, તેમાં તરતી મોટી સોનેરી માછલીઓ, ચારેબાજુ વૃક્ષોની હાર, એક બાજુ ચિત્રોના પ્રદર્શન માટેની નાની ગેલેરી અને મહેમાનો માટેનો રૂમ. બાજુમાં કિચન અને ડાઈનિંગ હોલ. ઉપલે મેડે તેમનો આવાસ. ત્યાં પણ અસંખ્ય ચિત્રોની સજાવટ. ઓડિસાના કિશોર નામના યુવાન ચિત્રકારે કમરીઆમાં રેસિડેન્સી દરમિયાન કરેલાં ચિત્રો ઇત્યાદિ ત્યાં જોવા મળે છે. અને રામલી તથા શિવાનાં અત્યંત પ્રિય પ્રાણીઓ બે શ્વાન અને પાંચથી છ બિલાડીઓની ત્યાં સતત હાજરી હોય છે. પ્રાકૃતિક સૌંદર્ય બાલીને મળતું અને મલેશિયાથી તદ્દન ભિન્ન.

રામલી પર બે સચિત્ર પુસ્તકો પ્રગટ થયાં છેઃ 'Ramli Heart-of Sutra' અને 'Quintessential Sutra' તેમાં તેમના જીવનના બાલ્યકાળથી યુવા અવસ્થામાં તેઓ ભરતનાટ્યમ્ અને ઓડિસી ઉપરાંત આધુનિક નૃત્યો શીખ્યા તેના આકર્ષક ફોટોગ્રાફ્સ અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જે જે કળાકારોને તેઓ મળ્યા છે તેમના ફોટોગ્રાફ્સથી બન્ને ગ્રંથો સમૃદ્ધ થયા છે. એક કળાકારની વિગતવાર કારકિર્દી દર્શાવતું રામલીના નૃત્યક્ષેત્રે પ્રદાનનું મહત્ત્વનું પુસ્તક છે.

રામલી કહે છેઃ

Dance is not just a craft
It is a passion and more
Than that, it is a calling.
I realized long ago that the
gift of talent is a golden
opportunity to fulfill one's
reason for being.


I love to quote Marlf Araham who said-

'I did not choose to dance,
Dance chose me...'

❑❑❑

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)



☐ પ્રવીણસિંહ ચાવડા

૧૨. 'ગુજરાતના અધિકારી!'

એક દિવસ એક સંસ્થાના આચાર્ય કોઈ કામે મળવા આવ્યા. ખુશ જણાતા હતા. ચહેરા પર પ્રસન્નતા હતી.

બેસતાંની સાથે ઉદ્ગાર કર્યો, 'ગુજરાતના અધિકારી એટલે ગુજરાતના અધિકારી!'

અલંકારનો વિનિયોગ થઈ રહ્યો હતો એટલું મને સમજાયું, પણ તેથી શબ્દોનો અર્થ મગજમાં બેઠો નહીં.

પ્રશ્ન થયોઃ હું ગુજરાતનો, તો તેઓ ક્યાંના હતા - આંધ્ર, બિહાર, રાજસ્થાન? કે પછી અન્ય કોઈ સાર્વભૌમ રાષ્ટ્રના નાગરિક હતા?

'ચોખ્ખો ફેર પડી જાય!'

દીવાલો, ખૂણા, છત-મસ્તક ચારે બાજુ નજર ફેરવી એ નિરીક્ષણ કરી રહ્યા હતા. આ ક્રિયા દોઢ-બે મિનિટ ચાલી હશે, એ દરમિયાન મને ઉત્તર મળી ગયો.

હું ગુજરાતનો.

તેઓ સૌરાષ્ટ્રના.

'આપની ચેમ્બર જ જુઓને!'

દરરોજ આખો દિવસ બેસતો. એમાં કોઈ વિશેષતા મને દેખાઈ નહોતી. એમને જોવાલાયક શું લાગ્યું હશે?

'સાવ જુદી, નવી લાગે છે.'

જૂનું, સ્ટેટ વખતનું બિલ્ડિંગ. હું બેસતો તે ઓરડો - ચેમ્બર! - ઘણો વિશાળ હતો. એમાં મેં રંગરોગાન નહોતાં કરાવ્યાં. નવું ફર્નિચર વસાવ્યું નહોતું. ફેરફાર ગણો તો એટલો કે જેનું ત્યાં સ્થાન નહોતું એવું કેટલુંક - એક ખૂણામાં કંઈક જૂની ફાઈલો, કાગળો અને પુસ્તકોના ઉકરડા, બીજા ખૂણામાં બે-ત્રણ તૂટેલી ખુરશીઓ - અન્યત્ર ખસેડાવ્યું હતું. બિનજરૂરી કાગળોનો

નાશ કરાવ્યો. ખુરશીઓ સમારકામ માટે મોકલાવી અને પુસ્તકો–

પુસ્તકોને પણ બિનજરૂરી કાગળોના રસ્તે મોકલ્યાં.

આ વાંચીને વિદ્યાપ્રેમીઓને અરેરાટી થશે તે હું જાણું છું. તેથી ઝટઝટ થોડી સ્પષ્ટતા કરી લઉં.

આવી કચેરીઓમાં પુસ્તકો તો હોય છેઃ એકાદ-બે અધિકારીના ટેબલ ઉપર, થોડાં પાછળના ઘોડામાં અને બાકીનાં ઉપર જણાવ્યું તેમ ઉકરડા સ્વરૂપે.

આ પુસ્તકો ખરીદવામાં નથી આવતાં, કોઈ કોઈ ટપાલ દ્વારા પરંતુ મોટા ભાગનાં રૂબરૂ ભેટ તરીકે મળે છે. સ્વરચિત, સ્વખર્ચે છપાવેલાં. કિંમત મામૂલી હોય છે, પાંચ-દસ રૂપિયા, દસમાંથી નવમાં કિંમતની જગ્યાએ લખેલું હોય છેઃ 'અમૂલ્ય.' કૃતિ મોટા ભાગે તેના લખનારનાં માતા-પિતાને અર્પણ કરવામાં આવે છે.

નિર્દોષ હોય છે, નુકસાન નથી કરતાં, કારણ કે વાંચવામાં નથી આવતાં.

સ્વયં ગ્રંથકર્તા લઈને આવે છે, પ્રેસમાંથી નીકળેલી ગરમગરમ કોપી અને બેઠો હોય તો ઊભો થઈ, મસ્તક નમાવી, બે હાથે તમારી સામે ધરે છે - નવલકથા, કાવ્યસંગ્રહ, વિચારકણિકાઓ, મુક્તકો, બોધક પ્રસંગો. પછી, અત્યંત વિનમ્ર બની, એના ગુણોની યાદી રજૂ કરે છે.

ક્યારેક એકાદ નાના દોષનો પણ

સ્વીકાર કરે છે.

એક ગ્રંથકર્તાએ છસો પાનાંની નવલકથા મને આપી, પરંતુ એ સાથે જ ચેતવ્યો, 'મારી સલાહ છે કે આપ આ વાંચતા નહીં.'

'કેમ?'

(કેમ = હું વાંચીશ એવું તેં કેમ માની લીધું?)

'આની સામે વાચકોની એક મોટી ફરિયાદ છે.'

'કેવી ફરિયાદ તે કહો, મને એ જાણવામાં રસ છે.'

(મને વગર વાંચ્યે ફરિયાદ છે. એના અસ્તિત્વ સામે વાંધો છે.)

'પ્રેક્ટિકલ પ્રોબ્લેમ એવો છે, સાહેબ, કે એક વાર હાથમાં લીધા પછી મૂકી શકાતી નથી!'

(ચોંટી જાય છે? ગુંદર અથવા કોઈ કેમિકલ દ્રવ્ય ચોપડેલું છે?)

'ખાસ કરીને... બહેનો.'

'એટલે કે વાચિકાઓ?'

(અરે! તારી કમર કેમ લચકાવા લાગી? ગાલ પર શરમના શેરડા શીદ પડ્યા?)

*

આ ઉપરાંત બીજું ઘણું મારી અગાઉના અધિકારીઓ પાસેથી વારસામાં મળ્યું હતું. વૈવિધ્ય અપાર હતું: દીવાલો પર જે-તે નહીં પણ અગાઉની કેટલીય વિક્રમ સંવતોનાં કેલેન્ડર, દેવીદેવતાઓની, રાજનેતાઓની છબીઓ, ટેબલના કાચની નીચે નાના કદના ગૌણ દેવતાઓ, ત્રણ-ચાર વર્ષ પહેલાંના કોઈ કાર્યક્રમની આમંત્રણપત્રિકા, દીપાવલીની શુભેચ્છાઓ, વિઝિટિંગ કાર્ડ્ઝ - કોઈ પ્રિન્ટર, પબ્લિશર, જાદુગર-

સુવિચારો. મા-બાપને ભૂલશો નહીં.

આ બધું મેં, હાજર થયો પછી, તાબડતોબ દૂર કરાવ્યું હતું. એક પૈસાનો પણ ખર્ચ થયો નહોતો.

મેદ ઓછો થવાથી લાઘવ આવે છે, જેના ગુણ આયુર્વેદમાં તેમ કાવ્યશાસ્ત્રમાં પણ ગવાયા છે.

એક પ્રકારનું એડિટિંગ આટલું કાપી નાખો, આ દૂર કરો. એલિયટના કાવ્યનું એઝરા પાઉન્ડે કર્યું હતું એવું. કાપકૂપ કરી, સાફસૂફી કરી અને એમાંથી નીકળ્યું 'વેસ્ટલેન્ડ.'

*

'અંદર પણ સફાઈ.'

'અંદર એટલે અંતઃકરણ-?'

'ના, ના. કારકુનોનાં ટેબલ, ફાઈલોના ઘોડા-બધું વ્યવસ્થિત. વર્ષોથી બાંધી રાખેલાં, ધૂળ ખાતાં પોટલાં ગાયબ.'

આ માટે મેં કોઈ સૂચના આપી નહોતી. કર્મચારીઓએ સ્વેચ્છાએ કચેરીને થોડી ઠીકઠાક કરી હોય તો તે સારું લક્ષણ હતું.

'અને લોબી!'

'લોબીને શું થયું?'

'હારબંધ ફૂલછોડનાં કૂંડાં, કેટલું

સુશોભિત લાગે છે!'

એ કામ એક શુભેચ્છક દ્વારા થયું હતું.

*

ગુજરાત અને કાઠિયાવાડ એવા બે ભાગ પાડવામાં આવ્યા (ભલે અજાણતાં, ભોળપણમાં) તેથી અહીં, સંકોચ સાથે, નાનકડી પાદટીપ મૂકવી જરૂરી લાગે છે.

વર્ગો, જૂથો પ્રજાઓને એકબીજા પ્રત્યે વત્તાઓછા પ્રમાણમાં પૂર્વગ્રહો હોય છે, જે કહેવતો, ટુચકા અને વાર્તાઓમાં અભિવ્યક્તિ પામે છે. રમૂજ હોય છે પણ મોટે ભાગે તે નિર્દોષ નથી હોતી.

પેલા ભાઈના વિધાનની વિશિષ્ટતા એ કે એમાં અન્યની ટીકા નહીં, પ્રશંસા છે.

જોકે, વ્યક્તિ અમુક પ્રદેશનો, તેથી આપોઆપ, પોતે કંઈ કર્યા કે બન્યા વગર, સારો ગણાય - એ તર્કને સ્વીકારી શકાય તેમ નથી. એમના કહેવાનો ભાવાર્થ કંઈક આવો હશે - વહીવટમાં સ્થાનિક કરતાં બહારનો માણસ હોય તો વધારે સારું. એ સ્થાનિક, ક્ષુલ્લક બાબતોથી અજાણ હોય, તેથી તટસ્થ રીતે કામ કરી શકે.

હવે, પૂર્વગ્રહની વાત થઈ રહી છે તો, કાચને ફેરવીને બીજી દિશામાં ગોઠવીએ.

કાઠિયાવાડીઓને જેટલા આંટા પાઘડીએ તેટલા એમના પેટમાં... આવી કંઈક ઉક્તિ પ્રચલિત છે.

પૂરાં બે વર્ષ રહ્યો, આખા જિલ્લામાં ફર્યો, નાનાંમોટાં શહેરો તેમ ગામડાંમાં, જુદાં જુદાં નિમિત્તે દરેક વર્ગનાં શિક્ષિત-અશિક્ષિત સ્ત્રી-પુરુષોને મળવાનું થયું, પરંતુ મને ક્યાંય આ માન્યતાનું સમર્થન કરતો પુરાવો મળ્યો નથી. દાવપેચ, કાવાદાવા, આંટીઘૂંટી-આમાંનું કંઈ મને દેખાયું નથી.

કોઈ આને દૃષ્ટિનો દોષ કહી શકે.


વાણીવર્તનમાં વિવેક હતો, મીઠાશ હતી. આંખોમાં અમી હતું–

ભૂતકાળનો પ્રયોગ અજાણતાં થઈ ગયો. અગાઉ ઉલ્લેખ કર્યો તેમ હમણાં એક વાર ભાવનગર જવાનું થયું ત્યારે થોડા કલાકોના રોકાણ દરમિયાન જે લાગણી અને ઉષ્માનો અનુભવ થયો તેને આધારે કહી શકું કે ભાવનગર સલામત છે.

ભાવનગરમાં ગાળેલાં બે વર્ષ તે મારી સરકારી નોકરીનાં ઉત્તમ વર્ષો હતાં.

[ક્રમશઃ]

'નવનીત સમર્પણ'ના એક શુભેચ્છક શ્રી પ્રમોદરાય ભીમજીભાઈ પારેખ તરફથી ઉત્તમ સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા દર મહિને પ્રગટ થતી કૃતિઓમાંથી ચૂંટેલી એક કૃતિને રૂ. 5000/-નો પુરસ્કાર આપવાનું નક્કી થયું છે. જાન્યુઆરી 2020ના અંકમાં પ્રગટ થયેલી હિમાંશી શેલત કૃત ટૂંકી વાર્તા 'શબદ'ને આ પ્રથમ પુરસ્કાર એનાયત થયો છે. એમને અભિનંદન. - સં.



કેવી રીતે ના મરવું! - ૧૫

☐ મધુસૂદન કાપડિયા

સમાપન

જીવન ક્ષણભંગુર છે. ખાવાપીવામાં ગમે તેટલા જાગૃત રહીએ કે જીવનશૈલી ગમે તેટલી આરોગ્યવર્ધક રાખીએ, આવતી કાલે કોઈ ગંભીર અકસ્માત થાય અને પ્રાણપંખેરું ઊડી જાય. મરીઝ કહે છે તેમ

જિંદગીને જીવવાની ફિલસૂફી સમજી લીધી,
જે ઘડી આવી મળી તે આખરી સમજી લીધી.

આયુષ્યનો દરેક દિવસ, દરેક પળ હાસ્ય, વિનોદ, આનંદ, મૈત્રી અને પ્રેમમાં વિતાવો. ચેતોવિસ્તાર, નિત્ય સેવા અને નિત્ય આરોગ્ય જીવનનાં ગંભીર પ્રયોજનો છે. હેલન કેલરના શબ્દો અવિસ્મરણીય છે:

"હું જાતે આંધળી, જે લોકો દેખતા છે તેમને એક સૂચન કરી શકું તેમ છું: આવતી કાલે જ જાણે કે તમારી પર અંધાપો ઊતરી પડવાનો છે તેમ સમજીને તમારી આંખો વાપરજો! અને બીજી ઇંદ્રિયોને પણ એ જ રીતે લાગુ પાડી શકાય. માનવ-શબ્દોનું સંગીત, પંખીનું ગાન, સુરાવલિના પ્રચંડ સ્વરો - જાણે કે આવતી કાલે જ તમે બહેરા

બની જવાના હો તે રીતે સાંભળજો. જે જે ચીજને સ્પર્શ કરવો હોય તેને એ રીતે હાથ લગાડજો કે જાણે કાલે તમારી સ્પર્શેન્દ્રિય બંધ પડી જવાની છે. પુષ્પોને એવી રીતે સૂંઘજો અને રોટલાનું પ્રત્યેક બટકું એવી લિજ્જતથી મમળાવજો કે જાણે કાલથી તમે સુવાસ કે સ્વાદ અનુભવી શકવાના નથી. આ સૃષ્ટિએ તમારી સન્મુખ પાથરેલાં સુખ અને સૌંદર્યના એક એક પાસાને માણજો. પ્રત્યેક ઇંદ્રિયનો પૂરેપૂરો ઉપયોગ કરી લેજો.''

દીર્ઘ આયુષ્ય નહીં, સ્વસ્થ અને સાર્થક આયુષ્ય જીવનનો મહિમા છે. આ લેખમાળાનું પ્રયોજન છે સુભગ સ્વાસ્થ્ય. આનો ઉપાય છે પ્રિવેન્ટિવ હેલ્થ. આજે સાચું પગલું ભરો જેથી ભવિષ્યમાં કંઈ ખરાબ ન થાય. વરસમાં બે વાર ડેન્ટિસ્ટની ખુરશીમાં ડેન્ટલ ક્લીનિંગ કરાવવું કે દરરોજ ફ્લોચિંગ કરવું એ સુખદાયી પ્રવૃત્તિ નથી, પરંતુ એમ કરવાથી ભવિષ્યના અનેક રોગોને રોકી શકાય, દાંત સડતા કે પડતા અટકાવી શકાય, વૃદ્ધાવસ્થામાં ડેન્ચરમાંથી મુક્તિ મેળવી શકાય. આજનું તંદુરસ્ત ડાયેટ આવતી કાલના રોગનું નિવારણ છે. તંદુરસ્ત ડાયેટ માત્ર રોગનિવારક નથી. તે સાચો સ્વાદ કેળવે છે, શરીરને સ્વસ્થ અને મનને પ્રફુલ્લિત રાખે છે.

આવો, આપણે જે કંઈ જોયું-જાણ્યું, શીખ્યા-સમજ્યા તે સારરૂપે જોઈ જઈએ. પણ તે પહેલાં ત્રણ વાત. એક, 'નવનીત સમર્પણ'નો ખૂબ ખૂબ આભાર, આટઆટલા હપ્તાઓમાં વિગતે આ લેખમાળા પ્રકટ કરવા માટે. બે, 'નવનીત સમર્પણ'ના વાચકોનો આભાર તેમના ઉમળકાભર્યા પ્રતિભાવ માટે. ત્રીજું, આ લેખમાળાને થોડા સુધારા-વધારા સાથે સ્વતંત્ર પુસ્તિકારૂપે પ્રકટ કરવાનો ઇરાદો છે. પ્રકટ થશે ત્યારે તમને જરૂર જણાવીશું.

સૌથી પહેલાં માનવજાતના બે કાતિલ દુશ્મનોની કસોટી કરી લઈએઃ Sugar અને Salt, ખાંડ અને મીઠું. આ બંને પદાર્થો ઝેર છે. સ્વાસ્થ્યના સર્વનાશ માટે સૌથી ગંભીર રીતે જવાબદાર છે, સ્મોકિંગ અને ડ્રિન્કિંગ કરતાં પણ વધારે. જે લોકો સ્મોકિંગ કરે છે કે ડ્રિન્કિંગ કરે છે તેઓ જાણે છે કે આ વ્યસન તેમના માટે નુકસાનકારક છે, પરંતુ ખાંડ અને મીઠું નુકસાનકારક છે તેની જાગૃતિ નહિવત્ છે.

1. Sugar અનેકાનેક સ્વરૂપે

સૌથી ગંભીર મુશ્કેલી તો Sweet શબ્દની છે. Sweet શબ્દના સૂચ્યાર્થો જ ગુણદર્શક છે - Sweet dreams, sweet as pie, sweet girl વગેરે પણ Sweet tooth? અમેરિકનો અને ભારતીયો, તેમાંય ગુજરાતીઓએ sweet toothની જે ટેવ કેળવી છે, તેનો અતિરેક કર્યો છે તેનો એકાંશ પણ ગુણદર્શક નથી. તાજેતરના સંશોધન

રિપોર્ટોએ પ્રતિપાદિત કર્યું છે કે ગળ્યાં પીણાં - કોકા કોલા, પેપ્સી વગેરેથી માત્ર દાંતનો સડો, ઓબેસિટી, લિવર ડિસીઝ, ડાયાબિટીસ જ નહીં પણ હૃદયરોગ અને અકાળ મૃત્યુ પણ નીપજે છે. મીઠાઈ પણ ચકનાચૂર છે. શિખંડ, દૂધપાક, બાસુંદી, પેંડા, બરફી, લાડવા, મોહનથાળ વગેરે વગેરે તો ખરા જ પણ હવે તો આપણે નવી ફેશનમાં પંજાબી અને બંગાળી મીઠાઈઓ પણ ઉડાવીએ છીએ. છેલ્લા સંશોધનના આંકડા પ્રમાણે સાત કરોડ ભારતીયો ડાયાબિટીસથી પીડાય છે અને તજજ્ઞોના મત પ્રમાણે આગામી દસકામાં આ આંકડો બાર કરોડ અને ત્રીસ લાખ સુધી પહોંચે તેવી વકી છે.

તો આપણાં છાપાંમાં અને સામયિકોમાં અવારનવાર આવતા સુગરને દોષમુક્ત ઠરાવતા લેખોનું શું? આ લેખોનું એમ કહેવું છે કે જે કંઈ રોગ થાય છે તે ખાંડને લીધે કેલરીમાં થયેલા વધારાથી થાય છે, મૂળ ખાંડને લીધે નહીં. આના એક શબ્દ ઉપર વિશ્વાસ મૂકશો નહીં. અરે, કેટલાક લેખો સંશોધનના લેબાસમાં પ્રકટ થાય છે પણ આ સંશોધનને સીધું કે આડકતરું પીઠબળ હોય છે ખાંડની કમાણી પર આધાર રાખતી કંપનીઓ અને વ્યક્તિઓનું.

તાજેતરમાં પ્રકટ થયેલાં વિશ્વસનીય સંશોધનોએ ખાંડને તકસીરવાર ઠરાવી છે તેની વિગતો જુઓ.

અમેરિકન હાર્ટ એસોસિયેશન 'સર્ક્યુલેશન' નામનું એક સામયિક પ્રકટ કરે છે. તેના એપ્રિલ 2019ના અંકમાં એક ઊંડા સંશોધનનું પરિણામ પ્રકટ કરવામાં આવેલું. આરંભમાં જેમને હૃદયરોગની નિશાની સુધ્ધાં નહોતી તેવા 37,716 પુરુષો અને 80,647 સ્ત્રીઓને અનુક્રમે 28 અને 34 વર્ષ અનુસરવામાં આવેલાં. આમાં જેઓ દિવસના બે કે બેથી વધુ ગળ્યાં પીણાં લેતા'તા તેમના મરણનો દર 28થી 31 ટકા જેટલો વધારે હતો, જેઓ જ્વલ્લે જ પીતા'તા એમની સરખામણીમાં.

મે 2019માં એમરી યુનિવર્સિટી, એટલાન્ટાએ 13,440 આફ્રિકન-અમેરિકનોના મરણનાં કારણોનો દીર્ઘકાલીન અભ્યાસ પ્રકટ કર્યો. આ અભ્યાસથી જાણવા મળ્યું કે માત્ર જે પીણામાં વધારાનું ગળપણ ઉમેરવામાં આવે છે તે જ નહીં પણ કુદરતી ગળ્યા ફળરસો અકાળ મરણનું જોખમ 44 ટકા વધારે છે. આમ અકાળ મરણનું જોખમ માત્ર ગળપણ ઉમેરેલાં પીણાં, એનર્જી ડ્રિન્ક્સ જેમાં હાઈ ફ્રુક્ટોઝ કોર્ન ઉમેરવામાં આવે છે, તે પૂરતું જ મર્યાદિત નથી. કુદરતી ગળ્યાં સંતરાં, સફરજન કે દ્રાક્ષના ફળરસ કે મધથી ગળ્યાં કરેલાં પીણાં સુધી તે વ્યાપક છે. સેકેરીનથી સ્ટેવિયા સુધીનાં કૃત્રિમ ગળપણનું શું? ના જી, તે પણ નિર્દોષ નથી. 26 ટકા વધુ લોકો આ કૃત્રિમ ગળ્યાં પીણાંથી

અકાળ મરણ પામે છે.

ગળપણની સમજણ કેળવવા માટે બે પારિભાષિક સંજ્ઞાઓ સમજી લેવાની જરૂર છેઃ Fructose અને Glucose આ બે પદાર્થોની સારીમાઠી અસર બે જ શબ્દોમાં સ્પષ્ટ કરીએઃ Fructose ખરાબ, Glucose સારું. ફ્રુક્ટોઝ મુખ્યત્વે ફળરસ અને મધમાંથી મળે છે, ગ્લુકોઝ બીજા ખોરાકના પદાર્થોમાંથી મળે છે. માનો યા ન માનો પણ **ફળનો રસ સ્વાસ્થ્ય માટે ખરાબ છે, પણ ફળો સ્વાસ્થ્ય માટે ઉત્તમ છે.** ગ્લુકોઝ શરીરના એકેએક કોષને ઊર્જા (energy) પૂરી પાડે છે માટે સ્વાસ્થ્યસંવર્ધક છે, માત્ર તેનો અતિરેક જ હાનિકારક છે. ફ્રુક્ટોઝ માત્ર લિવરના કોષને અસર કરે છે. તેની અંતિમ પેદાશ ટ્રાઈગ્લિસરાઈડ છે, જે એક પ્રકારની ફેટ છે. યુરિક એસિડ અને ફ્રી રેડિકલ્સ પણ એનાથી નીપજે છે. આમાંનું એક પણ તત્ત્વ શરીર માટે સારું નથી. ઓરેન્જ જ્યુસ તો અમેરિકામાં અને ઇન્ડિયામાં શ્રીમંત કુટુંબોમાં બ્રેકફાસ્ટનું નિત્ય પીણું છે. મધનાં તો આપણે કેટલાં ગુણગાન વાંચીએ છીએ. પણ વિજ્ઞાન એ વિજ્ઞાન છે - માન્યતા, ટેવ, વ્યવહાર સાથે એને નિસબત નથી. કુદરતી રીતે ઉપલબ્ધ ગ્લુકોઝ - ફળ, શાકભાજી, હોલ ફૂડમાંથી તેને નિવારવાનું લેશમાત્ર કારણ નથી. કહેવાય વધારે પડતો ગ્લુકોઝ આ ફૂડ્સમાં રહેલાં પોષક દ્રવ્યો, ફાઈબર અને પાણી એની નકારાત્મક અસરનો પ્રતિકાર કરવા સમર્થ છે. ગ્લુકોઝ તો 'બ્રેઈન ફૂડ' કહેવાય છે. અલબત્ત, અતિ સર્વત્ર વર્જયેત. વધારે પડતો ગ્લુકોઝ હૃદયરોગ, સ્ટ્રોક, કિડની ડિસીઝ, જ્ઞાનતંતુની હાનિ, આંખની રેટિનોપથી અને અલબત્ત, સૌથી પ્રમુખ ડાયાબિટીસ સર્જે છે.

એક બીજી સાવધાની રાખવાની જરૂર છે. આપણું મોટા ભાગનું ફૂડ કુદરતી નથી પણ ઉદ્યોગોમાં, કારખાનાંમાં પ્રક્રિયા કરવામાં આવેલું - Processed છે. સરકારી નિયમો પ્રમાણે આ ફૂડ્સના લેબલ્સ પર ingredients -ઘટક દ્રવ્યોની યાદી નિર્માતાઓને આપવી પડે છે. પણ તેઓ ચતુર છે. અમુક ફૂડમાં કુલ સુગરનું પ્રમાણ કેટલું છે તે સુગરનાં અનેક જુદાં જુદાં નામોનો ઉપયોગ કરીને તેઓ છુપાવે છે. લેબલ ઉપર જોવા મળતાં કેટલાંક નામો હું ટાંકું છુંઃ Sugar, Sucrose, High-Fructose corn syrup. ''Health Foods'' જેવા કે fruit bars, sweetened yogurts અને cereal bars, Beet sugar, Blackstrap molases, brown Sugar, cane juice crystals, cane sugar, caramel, carot syrup, cocount sugar, derte sugar, fruit juice, honey maple syrup. છેને વૈવિધ્ય? સુગરને ઓછી કરવાનો સૌથી અસરકારક માર્ગ મુખ્યત્વે હોલ અને અનપ્રોસેસ્ડ ફૂડ ખાવું તે જ છે.

2. Salt-મીઠું

Salt વિશે એ કેટલું નુકસાનકારક છે અને બીજા અનેક મરીમસાલાઓથી એને કેવી રીતે એકઠું કરી શકાય તે આપણે વિગતે બ્લડપ્રેશરના પ્રકરણમાં જોઈ ગયા છીએ. પણ આ નિમિત્તે ન્યુટ્રિશનની એક બીજી મહત્ત્વની વિગત અહીં નોંધી લઈએ.

યુ.એસ. ગવર્નમેન્ટની સત્તાવાર Dietary Guidence for Americansમાં એક પ્રકરણ છે જેમાં કયાં પોષક દ્રવ્યો લેવાં અને કયાં નુકસાનકારક દ્રવ્યો ઓછાં કરવાં એનું લિસ્ટ છે. પોષક દ્રવ્યોની યાદીમાં છે ફાઈબર, કેલ્શિયમ, મેગ્નેશિયમ અને પોટેશિયમ જેવાં menerals, વિટામિન A, C, D, E અને R. નુકસાનકારક દ્રવ્યોની યાદીમાં છે. ઉમેરેલી સુગર, કોલેસ્ટ્રોલ, સેચ્યોરેટેડ ફેટ, સોડિયમ (મીઠું) અને ટ્રાન્સ ફેટ (trans fat).

હવે આપણે પોષક/નુકસાનકારક 'દ્રવ્યો' નથી ખાતાં, ફૂડ ખાઈએ છીએ. સુપરમાર્કેટમાં મેગ્નેશિયમની આઈલ નથી હોતી. ડો. ગ્રેગર આનો સરળ ઉકેલ આપે છે- ટ્રાફિક લાઈટની જેમ ગ્રીન, યલો અને રેડ ફૂડ. વધુમાં વધુ ગ્રીન લાઈટ ફૂડ ખાવ. ઘણાં ઓછાં યલો લાઈટ ફૂડ ખાવ. શક્ય તેટલાં રેડ ફૂડ નિવારો. જુઓ વ્યવહાર જીવનમાં તમે રેડ લાઈટ ક્યારેક ઓળંગો અને તેનું કોઈ વિપરીત પરિણામ ન ભોગવો. પણ જો એવી ટેવ પાડો તો વહેલે મોડે એની આકરી કિંમત ચૂકવશો. ગ્રીન ફૂડ એટલે ઔદ્યોગિક/યાંત્રિક પ્રક્રિયામાં પસાર ન થયેલાં પ્લાન્ટ ફૂડ, યલો ફૂડ એટલે પ્રક્રિયામાંથી પસાર થયેલાં પ્લાન્ટ ફૂડ અને રેડ ફૂડ એટલે અતિશય પ્રક્રિયામાંથી પસાર થયેલાં પ્લાન્ટ ફૂડ અને માંસાહાર.

3. માંસાહાર

(1) શાકાહારમાંથી માંસાહાર

માંસાહારથી રોગોના દર ઉપર શું અસર થાય છે તેના આંકડાઓ ચોંકાવી મૂકે તેવા છે. આ માટે સંશોધકોએ જે શાકાહારીઓએ માંસ ખાવાનું શરૂ કર્યું તેનો અભ્યાસ કર્યો. આનું ઉત્કટ દૃષ્ટાંત છે ચીન. ચીનના લોકોએ તેમનું પ્રણાલિકાગત વેજિટેરિયન ડાયેટ છોડીને અઠવાડિયામાં એક દિવસ માંસ ખાવાનું શરૂ કર્યું ત્યારે તેમના હાર્ટ ડિસીઝના દરમાં 146 ટકા વધારો થયો, સ્ટ્રોકમાં 152 ટકા, ડાયાબિટીસમાં 166 ટકા અને વજન વધારામાં 231 ટકા. શાકાહારીમાંથી માંસાહારીમાં પરિવર્તનનાં બાર વર્ષમાં આવરદામાં 3.6 વર્ષોનો ઘટાડો થયાનું નોંધાયું છે. જુઓઃ Zhai F, Wang H, Du S, et al. Prospective Study on nurition tradition in china, Nutr Rev. 2009, 67 suppl 1: S 56-61.

[ક્રમશઃ]



હાવરા બ્રિજ, અ માર્વેલ ઇન મેટલ

☐ તસવીરો અને આલેખન - રક્ષા ભટ્ટ

કાલીઘાટ મંદિર, પાર્ક સ્ટ્રીટ, સિયાલદા, કોલીજ સ્ટ્રીટ અને નાખોડા મસ્જિદ જેવા છેક દક્ષિણથી મધ્ય કલકત્તા અને મધ્યથી ઉત્તર કલકત્તાના વિસ્તારો પસાર કરતી-કરતી સિટી બસ કલકત્તાના એક સમયના હરિસન માર્ગ તરીકે ઓળખાતા, પરંતુ આજના મહાત્મા ગાંધી માર્ગના સળંગ ઊભા પટ્ટા જેવા માર્ગ પર પહોંચે છે તે દરમિયાન કન્ડક્ટરનો અવાજ સંભળાતો રહે છે, 'હાવરા, હાવરા' અને હાવરા પહોંચતાં જ કલકત્તાના પર્યાય સમા સીમાચિહ્નરૂપ હાવરા બ્રિજના દર્શન થાય છે.

કલકત્તાની કલ્પના અને ખાસ કરીને ઉત્તર કલકત્તાની કલ્પના ગંગાની ઉપનદી હુગલી પરના મહાકાય હાવરા બ્રિજ વગર કરવી શક્ય નથી. બ્રેઈથ વેઇટ બર્ન અને જેસપ કન્સ્ટ્રક્શન કંપની દ્વારા બંધાયેલ આ હાવરા બ્રિજ બંધાયો તે પહેલાં અને ૧૮૭૧માં બંગાળ સરકારે હાવરા બ્રિજ એક્ટ પસાર કર્યા પછી,

૧૮૭૪માં સર બ્રેડફોર્ડ લેસ્લીએ એક તરતો પુલ બાંધ્યો હતો, પરંતુ આ તરતો પુલ એટલે કે ફ્લોટિંગ બ્રિજ હાવરા અને કલકત્તા એવાં બે ગામો વચ્ચેનો ટ્રાફિક ખમી શકે તેટલો મજબૂત ન હતો. તે ઉપરાંત વારંવાર ફૂંકાતાં વાવાઝોડાને પણ ઝીલી શકે તેટલો મજબૂત ન હતો. આથી ૧૯૩૬માં ટાટા સ્ટીલે સ્ટીલના કેન્ટિલિવર બ્રિજનું બાંધકામ શરૂ કર્યું જેમાં બંને નહિ, પરંતુ માત્ર એક છેડે આડો બીમ ફિક્સ કર્યો હોય. ૧૯૩૬માં શરૂ થયેલું આ ઐતિહાસિક બાંધકામ વર્ષ ૧૯૪૨માં પૂર્ણ થયું તે દરમિયાન ટાટા સ્ટીલે નટ-બોલ્ટનો ઉપયોગ કર્યા વગરના રિવેટિંગ કરાયેલા આ બ્રિજને બાંધવામાં ૨૩,૫૦૦ ટન સ્ટીલ આપ્યું. ૨,૩૧૩ ફીટ લાંબા, ૭૧ ફીટ પહોળા અને ૨૬૯ ફીટ ઊંચા આ ટોલ ફ્રી બ્રિજને જ્યારે ત્રીજી ફેબ્રુઆરી ૧૯૪૩માં ખુલ્લો મૂકવામાં આવ્યો ત્યારે તેનું નામ ન્યુ હાવરા બ્રિજ રાખવામાં આવ્યું, કારણ કે તે પહેલાં હુગલી નદી પર એક તરતો પુલ તો હતો જ. છાપરા જેવી કમાન ધરાવતા આ તોતિંગ હાવરા બ્રિજનું ૧૪ જૂન, ૧૯૬૫માં ફરી એક વાર નામકરણ થયું અને તેને ભારત અને એશિયાના સાહિત્યના પ્રથમ નોબેલ પારિતોષિક વિજેતા કવિવર રવીન્દ્રનાથ ટાગોરના નામ પરથી 'રવીન્દ્ર સેતુ' નામ અપાયું. જો કે પસાર થયેલાં બધાં વર્ષોમાં અને આજે પણ હાવરા બ્રિજ નામ લોકજીભે વિશેષ રમી રહ્યું છે.

હુગલીને સાચવતા અને હુગલી પર છવાયેલા આ એન્જિનિયરિંગ માર્વેલ ગણાતા બ્રિજને દૂરથી અવલોકતાં આપણે તેના વિવિધ ઍંગલને વિવિધ નામો આપ્યા કરીએ, પરંતુ સામાન્ય રીતે તે હુગલી પરની કોઈ છલાંગ જેવો ભાસે અને હુગલી પરના દરેક ઘાટ પરથી પણ આ છલાંગની ગતિને કેપ્ચર કરી શકાય. આવા અસંખ્ય કેપ્ચરિંગથી સતત દસ્તાવેજીકરણ પામતો આ હાવરા બ્રિજ પોતાના સ્ટીલ બોડીમાં અતિ રસપ્રદ ઇતિહાસ લઈને પંચોતેર વર્ષોથી અહોરાત ધબકી રહ્યો છે. જનજીવનની અવર-જવરના આ ધબકારા લઈ દાયકાઓથી અડીખમ ઊભેલા હાવરા બ્રિજનો ઇતિહાસ એવું કહે છે કે ૧૯૩૯થી ૧૯૪૫ સુધી ચાલેલા બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ૧૯૪૩માં સાથી સૈનિકોને બર્માની સરહદ સુધી પહોંચાડવા આ બ્રિજનો ઉપયોગ થયો હતો. વિશ્વના સૌથી વ્યસ્ત કેન્ટિલિવર બ્રિજમાંનો એક ગણાતો આ બ્રિજ તેના બાંધકામ સમયે વિશ્વના ત્રીજા નંબરનો લાંબામાં લાંબો કેન્ટિલિવર બ્રિજ હતો જે વર્તમાન સમયમાં વિશ્વના છઠા ક્રમે આવીને ઊભો છે. કલકત્તા પોર્ટ ટ્રસ્ટની દેખરેખમાં રહેલો આ હાવરા બ્રિજ સ્ટીલની મજબૂત કરોડરજ્જુ ધરાવતો હોવા છતાં એવું પણ નથી કે તેને પસાર થયેલાં ૭૫ વર્ષોમાં ઊની આંચ પણ નથી

આવી. ૨૦૦૫માં હુગલીમાં આવેલી હાઈ ટાઈડ સમયે ગંગા વોટર ટ્રાન્સપોર્ટ પ્રાઈવેટ લિમિટેડનું એક પ્રાઈવેટ જહાજ હાવરા બ્રિજ નીચેથી નીકળતું હતું ત્યારે હુગલીમાં જળ સ્તર વધારે હોવાથી જહાજ બ્રિજની ધાતુની બનાવેલ ફનલ સાથે અથડાયું હતું ને બીમને સાચવતી ચાલીસ જેટલી ગર્ડર તૂટી ગઈ હતી. એટલું જ નહીં ૨૦૧૧માં નિયમિત થતી ટેક્નિકલ તપાસ દરમિયાન કલકત્તા પોર્ટ ટ્રસ્ટને જાણવા મળ્યું કે હાવરા બ્રિજના પિલરને સુરક્ષિત રાખતા સ્ટીલના હૂડની જાડાઈ પસાર થતા લોકોના તમાકુ થૂંકવાથી છ મિલિમીટરમાંથી ઘટીને ત્રણ મિલિમીટર થઈ ગઈ છે. તે સમયે કલકત્તા પોર્ટ ટ્રસ્ટ બે લાખનો ખર્ચ કરી સ્ટીલના પિલર્સને કવર કરવા ફાઈબર ગ્લાસ કેસ નાખે છે અને આ બ્રિજને ફરી મજબૂત બનાવે છે.

આ મજબૂત આઈકોનિક સ્ટીલ સ્ટ્રક્ચરની કેટલીક વિગતો અને તેની આસપાસ સતત બદલાતાં દૃશ્યોને ઊડતી નજરે જોઈએ તો જોવા-જાણવા મળે કે દક્ષિણ અને મધ્ય કલકત્તાથી દર મિનિટે હાવરા સ્ટેશન સુધી પહોંચતી સિટી અને પ્રવાસી બસો, અસંખ્ય





માલવાહક વાહનો, મોંઘીદાટ ગાડીઓ અને કલકત્તાની ઓળખ સમી પીળા રંગની ટેક્સીઓથી ધમધમતા આ બ્રિજ પર રોજનાં એક લાખ વાહનો અને દોઢ લાખથી વિશેષ સંખ્યામાં રાહદારીઓ પસાર થાય છે. વિદ્યાસાગર સેતુ, વિવેકાનંદ સેતુ, નિવેદિતા સેતુ અને રવીન્દ્ર સેતુ એવા કુલ ચાર સેતુઓમાંના એક એવા આ રવીન્દ્ર સેતુ કે હાવરા બ્રિજ પરથી પસાર થતાં એક છત્રછાયામાંથી પસાર થયાનો અનુભવ થાય છે અને દિવસના સૂર્યપ્રકાશમાં અનેક છાયા-પડછાયા આપતું આ છત્ર આપણને વિઝ્યુઅલ જલસો કરાવે છે. કલકત્તાની સિટી બસ કે ટેક્સીમાં બેસી બ્રિજ પરથી પસાર થતાં ડાબે-જમણે રહેલી હુગલી નદી પર છવાયેલું ધુમ્મસ અને બ્રિજની ફ્રેમમાંથી પસાર થતા મુસાફરો, મજૂરો, ફેરિયાઓ, રાહદારીઓ અને એકલા-અટૂલા વૃદ્ધો જાણે કોઈ દસ્તાવેજી ફિલ્મનાં દૃશ્યો હોય તે રીતે પસાર થતા જણાય છે. ક્યાંક દેખાય છે હાવરા સ્ટેશનથી ગાડી પકડવાની ઉતાવળ, તો ક્યાંક દેખાય છે કોઈ રાહદારીની ઘરેથી કાર્યાલયે પહોંચવાની ઉતાવળ, ક્યાંક કોઈ મજૂરના ચહેરા પર વર્તાય છે મજૂરીનો થાક તો ક્યાંક સાંભળી શકાય છે હુગલી પરની રેલિંગને ટેકે ઊભેલા જુવાનિયાઓની મસ્તી પણ. આવાં સતત બદલાતાં દૃશ્યોની સમૃદ્ધ શ્રેણી લઈ વર્ષોથી મજબૂત રીતે ને અવિરત સેવા આપતા આ બ્રિજને

ઓળંગી જ્યારે કલકત્તાની ખખડધજ સિટી બસ હાવરાના છેલ્લા વિરામ પર પહોંચે છે ત્યારે ડાબી બાજુ ગેરુવા રંગથી રંગેલું હાવરા રેલવે સ્ટેશન દેખાય છે અને દેખાય છે સતત દોડતી-દોડાવતી ડિઝિટલ ઘડિયાળના ક્ષણે-ક્ષણે બદલાતા આંકડા. હાવરા સ્ટેશને પહોંચી દૂરથી હાવરા બ્રિજનો સ્પાન, તેનો ઘેરાવો કે તેની છલાંગ જોઈ શકાય અને અવલોકી શકાય હાવરા જેવા ભારતના અતિ વ્યસ્ત સ્ટેશન તરફ આવી રહેલાં કે ઠલવાતાં વાહનોની રફતાર પણ. ક્યાંક માલ-સામાનથી ભરચક એવી ત્રણ પૈડાંવાળી લારી ખેંચતા અને ધક્કો મારતા મજૂરો નજરે પડે અને નજરે પડે બ્રિજની સમાંતરે સવારથી સાંજ વ્યસ્ત રહેતી શાકભાજીની બજાર. કોઈ વરસાદી સાંજે જાહેરાતોનાં પાટિયાં, છત્રીઓ અને લોકોને ભીંજવતા વરસાદ વચ્ચેથી હાવરા બ્રિજને થોડો ઝાંખો અને આછો અવલોકવાની મજા પડે અને હાવરા બ્રિજ પરની કોઈ દસ્તાવેજી ફિલ્મ જોઈ રહ્યા હોઈએ તેવું અનુભવાય. એવો અહેસાસ પણ થાય કે કોઈ તોતિંગ મજબૂત સેતુ શહેરનો શ્વાસ, શહેરનું ધબકતું હૃદય કે સમગ્ર શહેરની લાઈફ લાઈન હોઈ શકે. કલકત્તા શહેરના આવા ધબકતા હૃદય કે લાઈફ લાઈન સમો આ સેતુ જોડે છે દક્ષિણ અને મધ્ય કલકત્તાને ઉત્તર કલકત્તા સાથે અને અનેક અસંખ્ય અપરિચિત પ્રવાસીઓને કલકત્તા સાથે. આ સેતુ જોડે છે એક સદીના ઇતિહાસને બીજી સદીના શ્વાસ સાથે. આ સેતુ વિશ્વના કવિ, લેખકો, કલાકારો, દસ્તાવેજી ફિલ્મના નિર્દેશકો, તસવીરકારો, સૈનિકો અને સૂત્રધારોના સ્વપ્નિલ શ્વાસો લઈને સતત સાત દાયકાઓથી ધબકી રહ્યો છે. આ હાવરા બ્રિજ એ નામ બદલતો કોઈ સેતુ માત્ર નથી, પરંતુ તેના પરથી પસાર થતા જીવનનો ધબકાર છે જે ધબકારથી ધબકતું રહે છે કલકત્તા અને કલકત્તાનું જનજીવન.

કલકત્તાના ધબકતા જીવન સમા આ હાવરા બ્રિજે ત્રીજી ફેબ્રુઆરી, ૨૦૧૮માં ૭૫ વર્ષ પૂર્ણ કર્યાં ત્યારે હાવરા બ્રિજ પર એક કોફી ટેબલ બુક પ્રગટ કરતાં ટાટા સ્ટીલ કહે છે કે સ્થાપત્યના આ રાષ્ટ્રીય આઈકોન સાથે અમે જોડાયેલા છીએ તેનું અમને ગૌરવ છે, કારણ કે હાવરા બ્રિજ બંધાયો ત્યારે વપરાયેલા કુલ ૨૬,૫૦૦ ટન સ્ટીલમાંથી ૨૩,૫૦૦ ટન ટેનસાઈલ એલોય સ્ટીલ એટલે કે લચકદાર કે ફેલાઈ શકે તેવું મિશ્રધાતુનું સ્ટીલ પૂરું પાડવાની તક અમને મળી હતી. અમારા માટે હાવરા બ્રિજ નવીનતા અને સ્ટીલ જેવા સખત દૃઢ સંકલ્પનો કરાર છે ને અમે વિશ્વના મેટલ માર્વેલ ગણાતા આ હાવરા બ્રિજના કરારમાં, ટેસ્ટામેન્ટમાં ખરા ઊતર્યા છીએ તેનું પણ અમને ગૌરવ છે. ❑❑❑



મનસુખભાઈ

કેમ સખી ચીંધવો પવનને-૩૬

☐ અનિલ રમાનાથ જોશી

દૃશ્ય બદલાય છે. શનિવાર બપોરનો સમય છે. ગેલોર્ડમાં અમે બધા મિત્રો બ્લેક કોફી પી રહ્યા છીએ. મનસુખભાઈના લઘુ બંધુ જયંતીભાઈને એકાએક નૈરોબી જવાનું થાય છે એ સમાચાર મનસુખભાઈ આપે છે. આમ દિવસો પસાર થયા કરે છે. એવામાં એક દિવસ સમાચાર આવે છે કે

જયંતીભાઈનું નૈરોબીમાં મૃત્યુ થયું છે. ડેડ બોડી આવે છે. અમે સહુ ચંદનવાડીમાં જયંતીભાઈને અંતિમ વિદાય આપીએ છીએ. એ પછી હું અને શાંતિભાઈ ગેલોર્ડમાં આવીએ છીએ. દિવસો પસાર થાય છે. એક દિવસ મનસુખભાઈ ગેલોર્ડમાં આવીને કહે છે: "મારે ઘેર મોરારિબાપુ આવવાના છે. તમે આવજો." એ દિવસોમાં મેં યંગ મોરારિબાપુને મનસુખભાઈને ઘેર પ્રથમ વાર જોયા હતા. બ્લેક દાઢી, કાળા કેશ અને સાદા પરિવેશમાં બાપુની સાદગી મેં જોઈ હતી. મારો નેચર મારી જાતને પ્રોજેક્ટ કરવાનો બિલકુલ નથી. હું ચૂપચાપ થોડી વાર બેસીને વંદન કરીને જતો રહ્યો. એ પછી થોડા દિવસોમાં મનસુખભાઈ ગેલોર્ડમાં આવીને કહે છે : "મારે હવે નૈરોબી જવું પડશે. જયંતીભાઈ ગયા પછી બિઝનેસનું અધૂરું રહેલું કામ પૂરું કરવું પડશે.''

મનસુખભાઈ નૈરોબી ગયા. ગેલોર્ડમાં હું અને શાંતિભાઈ એકલા પડ્યા. એ પછી થોડા દિવસોમાં જ સમાચાર મળ્યા કે મનસુખભાઈનું નૈરોબીમાં જ અવસાન થયું છે. હું અને શાંતિભાઈ હબકી ગયા. મનસુખભાઈનું ડેડ બોડી આવે છે. ચંદનવાડીના સ્મશાનમાં મનસુખભાઈને અંતિમ વિદાય આપીને શાંતિભાઈએ મારો હાથ પકડીને મને તરત કહ્યું: "ચાલો ગેલોર્ડમાં જઈએ.'' અમે ઉદાસ ચહેરે ગેલોર્ડમાં ગયા. ખુરશી ઉપર બેસતાં શાંતિભાઈ થોડી વાર મૌન રહ્યા પછી ધીમા અવાજે બોલ્યા: "ગેલોર્ડની એક પછી એક ખુરશીઓ ખાલી થઈ છે. હવે માત્ર આપણે બે જ રહ્યા છીએ." એ દિવસે અમે કોફી પીધી નહિ. લગભગ એકાદ કલાક સાવ મૌન બેસી રહ્યા. એ પછી તરત ઘૂંટડો પાણી પીને અમે શાંતિભાઈની ગાડીમાં ઘેર જવા નીકળી ગયા. તેઓ સાયન રહેતા હતા. શાંતિભાઈ ફરસાણ ખાવાના બહુ શોખીન હતા. દાદરમાંથી ફરસાણનાં પડીકાં બંધાવ્યાં એ પછી શાંતિભાઈને કંઈક યાદ આવ્યું, "સંકેત માટે અમૂલ બેબીફૂડનો ડબ્બો આવી ગયો છે તે લેતા જાવ.'' શાંતિભાઈને ઘેર થોડી વાર રોકાઈને અમૂલનો ડબ્બો લઈને હું ભાયખલાને મારે ઘેર પહોંચી ગયો. મારા માટે એ દિવસ બહુ ભારે હતો. પરંતુ ગોંડલમાં નાથાભાઈની સંગતિથી એક વાત મારા લોહીમાં ભળી ગઈ હતી કે દુઃખ અને યાતના આવે છે એનો અર્થ એટલો જ છે કે મા આપણા આત્માની તંદુરસ્તી માટે કડવાણીનો ડોઝ પાય છે. શરીરની તંદુરસ્તી માટે કાંકચિયાં, કાળી જીરી અને કડવા કરિયાતાંના ડોઝ જરૂરી છે એમ જ આત્માની તંદુરસ્તી માટે દુઃખ, યાતના અને વિરહના ડોઝ જગદંબા સહુને પિવડાવતી હોય છે. એ પછી શાંતિભાઈ અને હું ગેલોર્ડમાં મળતા રહ્યા. શાંતિભાઈનો સાહિત્યપ્રેમ કેટલો હતો એ વિષે એમના પુત્ર હરીશ

મહેતાના કહેવા મુજબ શાંતિભાઈ ફિલ્મ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા હતા. "મધર ઇન્ડિયા" જેવી અનેક ફિલ્મોમાં ફાઈનાન્સ કર્યું હતું. મને યાદ છે ત્યાં સુધી છેલ્લે "ગૃહપ્રવેશ" ફિલ્મમાં એમનું ફાઈનાન્સ હતું. પરંતુ ગુજરાતી સાહિત્ય માટે શાંતિભાઈનો પ્રેમ અનન્ય હતો. એક જ ઉદાહરણ આપું. દૃશ્ય બદલાય છે. દીકરીનાં લગ્નપ્રસંગમાં બોલીવુડનાં અનેક હીરો-હિરોઈન ગ્લેમર સાથે ઉપસ્થિત રહે છે. શાંતિભાઈ સહુને ભાવપૂર્વક આવકારે છે. ફિલ્મી હસ્તીઓની હાજરીને કારણે લગ્ન સમારંભ ખૂબ જ ગ્લેમરસ લાગી રહ્યો છે. આ સમારંભ પૂરો થયા પછી શાંતિભાઈ પોતાનાં સંતાનો પાસે આવ્યા. થોડી વાર બેઠા પછી સંતાનોને પૂછ્યું: "બોલો, આજના રિસેપ્શનમાં અનેક ફિલ્મી સેલિબ્રિટી આવ્યા. તમને કોણ વધારે પસંદ પડ્યું? કોની હાજરીથી તમે સહુથી વધુ પ્રભાવિત થયા?" સહુ સંતાનોએ પોતપોતાની રીતે જવાબ આપ્યા. છેવટે સહુ સંતાનો શાંતિભાઈને પૂછે છે : "પપ્પા, હવે તમે જવાબ આપો કે સમારંભમાં આટલા બધા સિતારાઓ આવ્યા એમાંથી તમને કોની હાજરી સર્વશ્રેષ્ઠ લાગી?" શાંતિભાઈએ તરત જવાબ આપ્યો: "ઉમાશંકર જોશી. ઉમાશંકર પાસે આ બધા સિતારા ઝાંખા પડે." શાંતિભાઈનો આ સાહિત્યપ્રેમ હતો. ગુજરાતીમાં રાજવી કવિ "કલાપી" પર જે ફિલ્મ બની એની પાછળ શાંતિભાઈનું પ્રેરક બળ હતું. એક વાર શાંતિભાઈ સાથે હું ગેલોર્ડમાં બેઠો હતો. કોફી પીધા પછી શાંતિભાઈ કહે: "ચાલો, મંદિરે દર્શન કરી આવીએ." મને નવાઈ લાગી કે શાંતિભાઈ કયા મંદિરની વાત કરે છે? મેં પૂછ્યું: "ખરે બપોરે મંદિરે? ક્યાં મંદિરે?" શાંતિભાઈએ તરત જવાબ આપ્યો: "સ્ટ્રેન્ડ બુક સ્ટોલ." શાંતિભાઈની ખાસ વિશેષતા એ હતી કે તેઓ બહુ ઓછું બોલતા પણ જ્યારે બોલે ત્યારે ધારદાર બોલે. એમના વનલાઇનર બહુ ચોટદાર હોય. ગેલોર્ડમાંથી અમે સીધા સ્ટ્રેન્ડ બુક સ્ટૉલ ગયા. રિલ્કે, માર્ટિન બ્યુબરનાં પુસ્તકો એમણે લીધાં. એ પછી એમની નજર "વિઝડમ ઓફ ઇનસિક્યોરિટી" પુસ્તક પર પડી. જાડા કાચનાં ચશ્માંની ફ્રેમમાંથી શાંતિભાઈએ પુસ્તક હાથમાં લીધું. થોડી નજર ફેરવ્યા પછી શાંતિભાઈએ એ પુસ્તક મને જ આપી દીધું અને કીધું : "તમને જ્યારે ખૂબ અસલામતી લાગે ત્યારે આ પુસ્તક વાંચવું. મેં તો વાંચી લીધું છે." એ પુસ્તક મેં હાથમાં લીધું ત્યારે મારી આંખના ખૂણા થોડાક ભરાઈ ગયા. મુંબઈમાં અસલામતી એ મારો સ્થાયીભાવ હતો. એક બીજો પ્રસંગ યાદ આવે છે. ભારતી જ્યારે પ્રેગ્નન્ટ હતી ત્યારે એક દિવસ શાંતિભાઈ ઘેર આવ્યા અને કહે: ''ચાલો આજે તમને જુહુબીચ ફરવા લઈ જાઉં."

અમે જુહુ જવા રવાના થયાં. જુહુ જતાં રસ્તામાં ભારતીય સિનેમાના ખલનાયક પ્રાણનું ઘર આવતું ત્યાં શાંતિભાઈએ ગાડી રોકી પછી કહે : "પ્રાણ સાથે થોડુંક કામ છે.'' અમે પ્રાણને ઘેર ગયાં એ પછી તરત જુહુ બીચ પર પહોંચીને ભેલપૂરી અને પાણીપૂરી પર તૂટી પડ્યાં. એ વખતે શાંતિભાઈએ ભારતીને કીધું: "તારા કોઈ દોહદ બાકી ના રહેવા જોઈએ. જે ખાવું હોય તે ખાઈ લે.'' એ પછી શાંતિભાઈ અમને ઘેર મૂકી ગયા. હરીશ મહેતાના કહેવા મુજબ મકરંદ દવે શાંતિભાઈ વિષે સંતાનોને કહેતા: ''તમારે તો ઘેર જ ગંગા વહે છે, જેટલું આચમન થાય એટલું કરી લો. શાંતિભાઈ તો હરતોફરતો એન્સાઇક્લોપીડિયા છે." શાંતિભાઈની ચિરવિદાય પછી ગેલોર્ડમાં જતાં મારો પગ ભારે થઈ ગયો પણ એક દિવસ ગેલોર્ડની ખાલી ખુરશીઓ વચ્ચે ગૂમસૂમ બેસીને મેં એક કવિતા લખી હતી. તે કવિતા મારા "કદાચ" સંગ્રહમાં છે. "કાયમી જુદાઈના ચડતા વંટોળિયામાં રજકણની જેમ હું તો જીવું, તમરું બોલે ને મારી ફાટી બે આંખ્યમાંથી ખરતું એકાંત હું તો જીવું, ચૈતરના આકરા તડકા પડ્યા ને તૂટ્યા નદીયું ને આભના સંબંધ.'' શાંતિભાઈનો સાહિત્યપ્રેમ અને ગુજરાતી ભાષા તરફનો પ્રેમ હજીયે એમનાં સંતાનોમાં જીવતો છે. મનસુખભાઈ અને શાંતિભાઈ સાથેની સંગતિથી મારી આખી દૃષ્ટિ જ બદલાઈ ગઈ. મને સમજાયું કે માનવી મંદિર અને પથ્થરની મૂર્તિમાં ઈશ્વરને જોઈ શકે છે પણ જીવતા ઇન્સાનમાં ખુદાને જોઈ શકતો નથી. રવીન્દ્રનાથ ટાગોર તો લખીને ગયા છે કે મારો ઈશ્વર મનુષ્યની બહાર નથી.

હવે હું સાવ એકલો પડી ગયો. દીકરી રચનાનો જન્મ થયો એ વખતે ચિનુ મોદી મારે ઘેર આવ્યા. દીકરીનું નામ "રચના'' ચિનુભાઈએ પાડ્યું. બીજી બાજુ સંકેત હવે મોટો થતો જતો હતો. નોકરી તો હતી નહિ. સાવ બેરોજગાર હતો. એવામાં નિરંજન ભગત આવ્યા. મને પાસે બેસાડીને કહ્યું : "અનિલ, તું પરિચય ટ્રસ્ટમાં જોડાઈ જા. આપણે એક બાળમાસિક શરૂ કરવું છે. તું એનો તંત્રી બની જા. વાડીભાઈ તને આઠસો રૂપિયાનો પગાર આપશે. "ગ્રંથ" માસિકની જવાબદારી મારા પર આવી પડી છે." ભગતસાહેબનો આદેશ સ્વીકારીને હું પરિચય ટ્રસ્ટમાં જોડાયો. યશવંત દોશી માટે મને ખૂબ આદર હતો. યશવંત દોશી નખશિખ ઉત્તમ મનુષ્ય હતા. કાર્ય પ્રત્યેની એમની નિષ્ઠા અનન્ય હતી. ગુજરાતી ભાષાની જોડણી માટે તેઓ બહુ સભાન હતા. એમના હાથમાંથી "ગ્રંથ'' માસિક જતું રહ્યું હતું પણ એની વ્યથા ક્યારેય એમણે પ્રગટ કરી નહોતી. આવી સજ્જનતા તમને ભાગ્યે જ જોવા મળે. સ્વભાવે નાસ્તિક, ચમત્કારોમાં માને નહીં, સરદાર પટેલ

વિષે એમનો બહુ ઊંડો અભ્યાસ હતો. મને બાજુની કેબિન આપવામાં આવી. પુસ્તકોની વચ્ચે બેસવાનો આનંદ મને મળવા લાગ્યો. યશવંતભાઈ પરિચય પુસ્તિકાને સમર્પિત થઈ ગયા. લંચ સમયે અમે સાથે બેસતા હતા. તેઓ ખાવાના બહુ શોખીન હતા. ઓફિસના સ્ટીલના કબાટમાં એક ડબ્બો રાખતા. એમાંથી કોઈ વાર ખાખરા નીકળતા તો કોઈ વાર તીખા ગાંઠિયા નીકળતા હતા. એક બપોરે મેં યશવંતભાઈને કહ્યું: "પુરોહિત હોટેલમાં દહીંવડાં બહુ સારાં મળે છે." આ સાંભળીને યશવંતભાઈની આંખો ચમકી. કહે : "એમ?" આટલું કહીને એ પોતાની આંગળીઓથી છાતી પર જાણે સિતાર વગાડતા હોય એમ મનમાં ને મનમાં કંઈક ગાવા લાગ્યા. કયું ગીત ગાય છે એ કોઈને સંભળાય નહિ. અહીં મને લાભશંકર ઠાકરની કાવ્યપંક્તિ યાદ આવી જતી; "મારા કાનને સંભળાય એટલું હું ધીમેથી ગાઉ છું." "તો પછી એમ કરો કે આજે ભાવનગરી ગાંઠિયા હંસાબહેન લાવ્યાં છે. દહીંવડાં કાલે.'' આવી બધી વાતો ચાલતી હોય એટલામાં ભૃગુરાય અંજારિયાનો પ્રવેશ થાય. દિવસો પસાર થતા હતા, બીજી બાજુ સંકેત અને રચનાની શિશુ અવસ્થા હતી. બાળમાસિક હજી શરૂ થયું નહોતું. મારી પાસે કોઈ કામ નહોતું. પુસ્તકો વાંચ્યા કરતો હતો. દિવસો સડસડાટ વહી જતા હતા. પરિચયની ઓફિસમાં કોઈ વાર વાડીભાઈ પણ આવતા. વાડીભાઈએ જ્યારે કવિતા લખી હોય ત્યારે એના પહેલા શ્રોતા યશવંતભાઈ અને હું બનતા હતા. એક વાર વાડીભાઈએ કવિતા સંભળાવી: "આમ ને આમ સૂમસામ જીવન ઝરી જાય, મારું જીવન ઝરી જાય...'' આ કવિતા મુજબ મારું પણ જીવન ઝરી જતું હતું. એક બાજુ બાળમાસિકનું કોઈ ઠેકાણું નહોતું અને ગ્રંથ તો અમદાવાદમાં હતું. કોઈ કામ નહોતું પણ યશવંતભાઈની સંગતિએ મને બહુ આધાર આપ્યો હતો. હું થોડો કંટાળ્યો પણ હતો. એક બપોરે દૃશ્ય બદલાય છે :

એપ્રિલ મહિનાની સખત બપોર છે. બહાર તડકો સખત પડી રહ્યો છે. કોઈ કામસર હું ચર્ની રોડનો બ્રિજ પસાર કરી રહ્યો છું. ઘર આટલા ટૂંકા પગારમાં કેમ ચલાવવું એનું ટેંશન છે. બીજી બાજુ સંકેત, રચના જેટલાં દિવસે ન વધે એટલાં રાતે વધી રહ્યાં છે. બ્રિજ ઉપરથી હું પરસેવે રેબઝેબ છું. એ જ વખતે ચર્ની રોડ બ્રિજની બરોબર વચ્ચે જાણીતાં ભાષાશાસ્ત્રી ડો. ઊર્મિ દેસાઈ મળે છે. મને જોતાંવેંત જ કહે છે : "મુંબઈ મહાનગરપાલિકાને ફોર્ડ ફાઉન્ડેશન તરફથી મોટી ગ્રાન્ટ મળી છે. એમાંથી પાલિકાએ "લેન્ગ્વેજ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. પાંચ વર્ષનો આ પ્રોજેક્ટ છે. એમાં ગુજરાતી ભાષાના સલાહકારની

જરૂર છે. 1200 રૂપિયા પગાર આપશે. તમે અત્યારે ને અત્યારે મારી સાથે ચાલો. ડો. સરાફ મંત્રાલયમાંથી આ પ્રોજેક્ટ માટે કોર્પોરેશનમાં ડેપ્યુટી થયા છે. પન્ના અધ્વર્યુ પણ કોર્પોરેશનમાંથી ડેપ્યુટી થયાં છે. આ પ્રોજેક્ટની ઓફિસ ગ્રાન્ટ રોડમાં છે. જલદી ચાલો જઈએ." આટલું કહીને ઊર્મિ દેસાઈ મને મારતી ટેક્સીએ ગ્રાન્ટ રોડ લઈ ગયાં. બરાબર અપ્સરા સિનેમાની સામે જ ગિલ્ડર ટેન્ક બિલ્ડિંગમાં લેન્ગ્વેજ પ્રોજેક્ટની ઓફિસ હતી.

ઊર્મિ દેસાઈ અને હું ઓફિસમાં પ્રવેશીએ છીએ. સીધાં ડો. સરાફની ચેમ્બરમાં જઈએ છીએ. ડો. સરાફ તરત પન્ના અધ્વર્યુને બોલાવે છે. જે પોસ્ટ માટે આવશ્યક ક્વોલિફિકેશન જોઈએ તે મારી પાસે બિલકુલ નહોતું. માત્ર બી.એ. પાસ હતો. આ પોસ્ટ માટે જરૂરી લાયકાત એમ.એ.- પીએચ. ડી.ની નક્કી થઈ હતી. મારી મૂંઝવણ મેં ડો. સરાફ પાસે વ્યક્ત કરી. પણ ડો. સરાફે તરત કહ્યું : "ભાષાશિક્ષણમાં મારે ક્રિએટિવ વ્યક્તિ જોઈએ. ડિગ્રીધારી જો ક્રિએટિવ ના હોય તો એનો કોઈ મતલબ નથી. તમને હું આ પ્રોજેક્ટમાં ગુજરાતી ભાષાના સલાહકાર તરીકે નિમણૂક આપું છું. હા, પ્રોસિજર પૂરતી તમારી એપ્લિકેશન મને હમણાં જ પહોંચાડો.'' ડો. સરાફના આ શબ્દોથી હું ખુશીનો માર્યો ઊછળી પડ્યો. તરત ટેક્સી કરીને ચર્ચગેટ યુસિસની ઓફિસમાં ગયો. સીધો મરાઠી કવિ મંગેશ પાડગાંવકરની ચેમ્બરમાં જઈને મેં વાત કરી. પાડગાંવકરે તરત પોતાના ટાઈપરાઈટર પર મારી એપ્લિકેશન ટાઈપ કરી આપી. એ પછી તરત ડો. સરાફને હાથોહાથ આપી દીધી અને મને કવિતાની લાગવગથી 1200 રૂપિયાની નોકરી મળી ગઈ. યોગનુયોગ એવો હતો કે જે ઓફિસમાં મણિલાલ નભુભાઈ દ્વિવેદી નોકરી કરી ગયા હતા એ જ ઓફિસમાં મેં નવી નોકરી શરૂ કરી દીધી. પન્ના અધ્વર્યુ જ્યાં બેસતાં હતાં એની બાજુમાં જ મને ટેબલ આપવામાં આવ્યું. હવે ભાયખલાથી મારી ઓફિસ બહુ નજદીક થઈ ગઈ. એક વાર લંચ ટાઈમે અમે જમતાં હતાં ત્યારે ચાના પૈસા દેવા માટે પન્નાબહેને પર્સ ખોલ્યું. એ પર્સમાંથી અચાનક એક ફોટો નીચે પડી ગયો. મેં ઊંચકીને એ ફોટો જોયો તો એ નાથાભાઈ જોશીનો ફોટો હતો. મારા આશ્ચર્યનો કોઈ પર રહ્યો નહીં.

[ક્રમશઃ]

''બાથ ભરી ભેટ્યા થકી, કરીએ નહીં વિશ્વાસ
ફોફળને લૈ બાથમાં, સૂડી કરે છે વિનાશ.''

- **દલપતરામ**



હીરજી પ્રેમજીનો વાડો

☐ માવજી મહેશ્વરી

સવારે આંખ ખૂલી ત્યારથી એમ થતું હતું કે આજે બહાર જાઉં. સડક સુધી જાઉં. ગામની બજાર વચ્ચેથી નીકળી અને તળાવની પાળના વળાંકમાં ઊભેલા મોટા વડના ઓટલે પણ ઘડીક બેસું. કોઈક તો ત્યાં બેઠું હશે. છેવટે જુવાનિયા હશે. એમનેય થાય કે ડોસો હજી જીવે છે. હવે તો આમેય ઘરે કોઈ આવતું નથી. બપોરે બાઈ માણસો આવે તે વહુ હારે શું વાતો કરે છે એ રામ જાણે!

શામજીબાપા ઓરડીમાંથી આવીને બારણાંની વચ્ચોવચ બેસી ગયા. છાતીનું પિંજર ધીમે ધીમે ઊંચુંનીચું થવા લાગ્યું. પોતાની હાથની ઊપસી આવેલી નસો સામે જોઈ રહેતાં તેમને થયું, રહેવા દેને જીવ, શું કરવું છે હવે તારે? શું બાકી રહ્યું છે જોવાનું?

તેમ છતાં એમ થયું કે આ ઓરડીમાં જ એક દિવસ જીવ નીકળી જશે. અફસોસ ન રહી જાય કે છેલ્લે છેલ્લે જોઈ ન આવ્યો. વળી કોઈ બોલ્યું – તે નજર નાખીને હવે તારે જોવાનું શું? એ માટી ઉપર તો ધૂળ વળી ગઈ છે. ક્યારનીય મરી ગઈ એ માટી જેને તું જોવા માગે છે. શામજી, તું નાહકના નિસાસા નાખીશ. જ્યાં છો ત્યાં બેઠો રે અને ન રહેવાતું હોય તો ભગવાનને કહે કે હવે બોલાવી લે.

અચાનક શામજીબાપાનું મન ફસક્યું. તેમને લાગ્યું કે એટલે દૂર પગે ચાલીને જવાય એમ નથી. આ ઓરડીથી ચોકડી સુધી જવામાંય હાંફી જવાય છે. હવે ગામ વચ્ચેથી નીકળીને સામે છેડે જવું કોઈ દરિયો પાર કર્યા જેવું થઈ પડે. ફેફસાંની ધમણમાં હવા પુરાતી નથી. બે ડગલાં ભરતાં જ બેસી પડવાનું મન થાય છે. છતાં એકની એક જગ્યાએ ક્યાં સુધી બેસી રહેવું? શામજીબાપાએ મકાનથી અલગ ઊભી કરાયેલી ઓરડીનાં બારણાં વચ્ચે બેઠે બેઠે ચૂંચવી આંખે આંગણા સામે જોયું. એક માખી વારંવાર તેમના મોં ઉપર બેસી જતી હતી. તેમણે માખી ઉડાડવા માથું આમ તેમ કર્યું, પણ માખી તેમના વશમાં નહોતી. એમનો દીકરો લીમડાના છાંયડામાં ઊભેલી રૂપાળી કારને સાફ કરી રહ્યો હતો. દરરોજ સવારે આ રીતે કારને સાફ કરતા દીકરાને શામજીબાપા જોયા કરે. પેલા વાળંદ મોઢા ઉપર ફુવારો મારે એવું કંઈક લઈ આવેલો તે એનાથી ધીમે ધીમે કાચ ઉપર પાણી છાંટે. કાચને છાપાના કાગળથી સાફ કરે. પછી બાયું પેરે એવો લેંઘો ઊંચો ચડાવે અને પાણીના પોતાથી આખીય ગાડી સાફ કરે. બે-ત્રણ વખત કારના દરવાજા ઉઘાડ-બંધ થાય. દીકરો કારના દરવાજા ખોલીને સીટ પરનાં કવર જોરથી ઝાટકે. પછી આગળનું ઢાંકણું ઊંચું કરીને મશીનને જોયા કરે. એને મશીનમાં ખબર પડતી હશે કે નહીં એ તો ઈ જાણે ને એની ઘરવાળી. કેમ કે ક્યારેક તો એની ઘરવાળીય આવીને બાજુમાં ઊભી રહે. બેય જણ મશીનમાં એક એક ચીજ જુએ. જાણે રાત વચ્ચે કંઈ ઓછું તો નથી થઈ ગયુંને! પછી તે ઘરમાં જાય, કપડાં બદલીને બહાર આવે ત્યારે કપડાંમાંથી ફોર છૂટે. ખીસામાંથી ફોન કાઢે, એકાદ-બે ફોન કરે પછી કોઈ રાજા અંબાડી પર બેસતો હોય એમ કારમાં બેસે. થોડી વાર વાડામાં ઘરઘરાટી ભેગી થાય. અને વિખેરાઈ જાય. કાર ધીમે ધીમે સરે અને બહાર નીકળી જાય. શામજીબાપા માટે આ રોજનાં દૃશ્યો. એમને રોજ એવું થાય કે જતાં પહેલાં દીકરો કહેશે, બાપા હાલવું છે બારે? હાલો બાવજીની હોટલે ચા પીવડાવું. જુઓ તો ખરા ઓતરાદી સીમમાં કેટલીય મોટી ફેક્ટરીઓ ઊભી

થઈ ગઈ છે! પોતરા નાના હતા ત્યારે બાજુમાં બેસતા, વાતો કરતા. હવે એ પણ ક્યાંક ભણવા ચાલ્યા ગયા છે. આવે છે ત્યારે એમને પાસે બેસવાનો વખત હોતો નથી.

કાર ચાલી જાય એટલે એમને લાગે જાણે વાડો ખાલીખમ! ઓશિયાળી આંખે તેઓ લીમડાના છાંયડામાં દેખાતા કારના ચીલાને જોયા કરે. એમની આંખો ઘડીક લંબાય અને નિરાશ થઈને મીંચાઈ જાય. ઓરડીમાં માખો બણબણ્યા કરે. વારે વારે વિચાર આવે કે આ પગ થાક્યા એના કરતાં કાન બંધ થઈ ગયા હોત કે આંખો ચાલી ગઈ હોત તો આ બધું જોવું-સાંભળવું તો ન પડત. પણ કાન હજુ એવા ને એવા સાબૂત. વાડાની બહારથી પસાર થતા જાત જાતના અવાજો પકડી લે. ને આંખોય એવી જ.

ક્યારેક એ પોતાને જ પૂછી બેસે શામજી તારા પગ થાક્યા છે કે બીજું કંઈક? કોઈ જવાબ ન મળે એટલે પછી ઝોળ ખાઈ ગયેલા ખાટલામાં બેસી ઊંડું ઊંડું હાંફ્યા કરે અને પગને જોયા કરે. એમને થાય કે આ એ જ પગ છે જે અજાણ્યા દેશના ડુંગરાઓ વચ્ચે અંધારી રાતોમાં એકધારા દોડ્યા છે? આ એ જ પગ છે જેણે જંગલો, નદીઓ, ટેકરીઓનો પથરાળ રસ્તો પાર કર્યો છે? જે પગે જીવ બચાવ્યો એ જ પગ હવે જીવ લેવા બેઠા છે. થાકીને બેસી પડ્યા છે મડિયલ ઘોડાની જેમ. શામજીબાપાનું મન એમને ક્યાંય ને ક્યાંય લઈ જાય. એમને એ પણ યાદ આવે કે કારમાં ફરનાર આ દીકરો નાનો હતો ત્યારે ખોળામાં બેસીને બધું પૂછતો. જાત જાતના પ્રશ્નો કરી નાખતો. એની આંખોમાં વિસ્મય સમાતું નહીં

હેં અદા એ બ્રહ્મદેશ ક્યાં આવ્યું? આપણા દાદાની ત્યાં મિલ હતી હેં? તમને રાતે જંગલોમાં બીક લાગતી નહીં?

શામજીબાપા યાદ કરવા ન ઇચ્છે તોય બધું યાદ આવી જાય. ચિત્તમાં હીરજી પ્રેમજીનો વાડો ગાજી ઊઠે. એમના બાપ-દાદાના વખતની જગ્યા એટલે હીરજી પ્રેમજીનો વાડો. એ કહેવાનો વાડો. બાકી તો અંદર બે બાજુ ઢળતું ચાલી અને ઓસરીવાળું લાંબું મકાન આજુબાજુનાં બધાંય મકાનોમાં જુદું પડી જાય. દેખાવ જરા દેશી લાગે પણ અંદર આવ્યા પછી જોનારની આંખ પહોળી થઈ જાય. અસલ રંગૂનના લાકડાનાં કોતરકામવાળાં છજ્જાં, એવી જ માંડણીઓ. સીસમના લાકડામાંથી બનાવેલું હજુય ચમક સાચવી બેઠેલું ફર્નિચર, ભીંતના કબાટમાં જડેલા રેતીના કાચ. એવું તો કંઈ કેટલુંય! આમ તો શામજીબાપાના દાદા પ્રેમજી રંગૂનમાં લાકડાંનો વેપાર કરતા. એ વેપાર એમના બાપા હીરજી સુધી જ

ચાલ્યો. એ દેશમાં એકાએક તોફાન થયાં. મારો-કાપોની બુમરાણ વચ્ચે કોણે મધરાતે એમનું ઘર સળગાવ્યું એ વખતે પંદર વર્ષના શામજીને તેની ખબર ન પડી. દેશવાસીઓ અને નાતીલા ભાગ્યા તેની સાથે શામજી પણ ભાગ્યો. જેમ તેમ જીવ બચાવીને કલકત્તા આવ્યા ત્યારે શામજીની આંખમાં રોવા માટે પાણી બચ્યું ન હતું. બધાની સાથે વતનની વાટ ઝાલી.

શામજી વતનમાં પહોંચ્યો ત્યારે દેશમાં ચોમેર અસ્થિરતા હતી પણ તેમનું નાનું ગામડું બધી રીતે સલામત હતું. તે પછી અત્યારના શામજીબાપાએ ત્યારથી શામજી હીરજી તરીકે ગામમાં મોટા થવાનું શરૂ કર્યું. સંપત્તિ બધી જ રહી ગઈ પરદેશમાં. વધ્યો હતો કેવળ હીરજી પ્રેમજીનો વાડો. જ્યાં વિશાળ આંગણું ધરાવતું એક સુંદર મકાન હતું. જ્યારે આખાય ગામના લોકો માટીનાં દેશી નળિયાંવાળાં મકાનોમાં રહેતા હતા ત્યારે એ મકાન આલીશાન ગણાતું. એટલું ખરું કે ગામમાં હીરજી પ્રેમજીની ખાસ્સી એવી જમીન હતી. ખેતીવાડીના દબદબાભર્યા સમયમાં હીરજી પ્રેમજીનો વાડો ધીમે ધીમે ગામમાં અગત્યની જગ્યા બની ગયો. સમય જતાં સૂનકારભર્યા મકાનમાં નવા અવાજ ઉમેરાયા. હીરજી પ્રેમજીનો વાડો સોળે કલાએ ખીલી ઊઠ્યો. ગામલોકો માટે શામજીબાપાના ઘરની સામે ઊભેલા લીમડાની છાંય વાતનો વિસામો બની ગઈ. લોકોને શામજીબાપા વગર ન ચાલે અને શામજીબાપાને માણસ વગર ન ચાલે.

શામજીબાપાનો દીકરો જે લીમડાના છાંયડામાં કાર ઊભી રાખે છે એ લીમડો બહુ જૂનો છે. શામજીબાપાથીય ઘણો મોટો. ત્યાં કોઈ સમયે બે-ત્રણ ખાટલા ઢળતા. ખાટલાથી આથમણી બાજુ જ્યાંથી કાર સડસડાટ આવ-જા કરે ત્યાં બળદોની ગમાણો હતી. હાથી જેવી બળદની જોડ અને બે બોઘરણાં ભરી દેતી દુધાળી ગાય. અસલ સીસમનો રેકડો, સાંગી, ગાડું અને એવું બીજું કંઈ કેટલું દેખાય. ગામના લોકો સાંજ પડે મેળાવો કરવા હીરજી પ્રેમજીના વાડામાં ભેગા થાય. શિયાળામાં ચાલીમાં તાપણી થાય. બબ્બે વખત ચા બને. અલક-મલકની વાતો થાય. મધરાતે ગાય ભાંભરે. શામજીબાપાની ઘરવાળી ત્યાંથી વતરાનો ડાલો ભરી ગમાણોમાં ઠાલવે. દૂરથી દરિયાનો ધીમો ધીમો રવ વહી આવે. અચાનક દરિયાની વાતો નીકળી પડે. ક્યારેક ભગતવાસ તરફથી આવતો રામસાગર અને મંજીરાના રણકાર સાથે ભળેલો આરાધીવાણીનો ગુંજારવ રાતને ભાવવિભોર કરી દે. શિયાળો જતો, ઉનાળો આવતો. ઉનાળો જતો અને ચોમાસું આવતું. ચોમાસું એટલે તો

શામજીબાપાનું ખોળિયું. આખું શરીર જાણે એક પર્વત અને બધીયે નસો નાની-મોટી નદીઓ. હાકોટા-પડકારાથી હીરજી પ્રેમજીનો વાડો ગાજી ઊઠતો. બળદો માટે ગુવાર રંધાતો. ખેતીના કામ માટે રાખેલા ચોમાસુ સાથી માટે બીડીના બાંધા આવતા. શામજીબાપા ઘર અને ખેતરો વચ્ચે હવાના કણની જેમ અહીંથી તહીં ઊડ્યા કરે. ધરતીમાં બી પડે ત્યારથી માંડી ખળામાંથી ધાન ઘેર આવે ત્યાં લગી શામજીબાપા પગ વાળીને બેસે નહીં. ગામમાં હીરજી પ્રેમજીની ખેતીનો ડંકો વાગે.

શામજીબાપાને બે છોકરી પછી એક છોકરો થયો. નાનપણથી શામજીબાપાનો લાડકો. ગામમાં નિશાળ ખરી પણ એને ભણવાનું ગમ્યું નહીં. મુંબઈ ગયો ત્યાં ટક્યો નહીં. શામજીબાપાએ એને એક-બે ધંધામાં નાખ્યો, પણ એમનો દીકરો ક્યાંય બાર બીજ પૂરી કરતો જ નહીં. તેણે પાછા ગામમાં આવીને હીરજી પ્રેમજીનાં ખેતરો સંભાળ્યાં. શામજીબાપાને ગમ્યું પણ ખરું. તેમણે દીકરાને કેટલુંય શીખવવા ધાર્યું તોય છોકરાને માટીની માયા ન લાગી તે ન લાગી. પણ એક દાયકો વીત્યો ન વીત્યો અને અચાનક જાણે માવઠું થાય અને હવામાન બદલાય તેમ હવાની રુખ ફરી. શામજીબાપાને કશી ખબર પડે તે પહેલાં તેમના દીકરાને ઘણી બધી ખબર પડવા લાગી. શામજીબાપાને સમજાતું ન હતું કે આ ગામમાં આ બધું શું થઈ રહ્યું છે. જે ગામમાં ચંપલ માંડ વેચાતી મળતી એ ગામમાં જાત જાતની દુકાનો થવા લાગી. જાત જાતનાં મશીનો અને વાહનો આવવા લાગ્યાં. શામજીબાપા તો હજુ ચોમાસાના, ખેતરના, મોલના, ખળાના કેફમાં હતા. પણ લોકોને ચોમાસાની કે વરસાદની ખાસ જરૂર નહોતી. દસેક વર્ષ તો શામજીબાપાએ જીવ બાળ્યો. આખરે તેમણે પોતાના દીકરાને કહી દીધું, ''લાવ ભાઈ કાગળ લાવ. તું કહે ત્યાં મતું મારી દઉં.''

એ દિવસથી હીરજી પ્રેમજીનો વાડો રંગ બદલવા માંડ્યો. શામજીબાપાને તો એ ખબર ન પડી કે એમનું શરીર પણ રંગ બદલી રહ્યું છે. જે પગમાં પર્વતને આંબી લેવાનું જોર હતું એ પગે જ એમને દગો દીધો. શામજીબાપા બેસી પડ્યા. થોડું ચાલે ને હાંફ ચડે. શરૂ શરૂમાં થોડી દવા કરાવી પણ એમના દીકરાએ જાહેર કર્યું કે દાક્તરોએ હાથ ઊંચા કરી દીધા છે. બાપા ઘરમાં બેસીને આરામ કરે. બીજું કશું થાય તેમ નથી.

શામજીબાપા પૂછે કોને કે આખુંય શરીર સાબૂત હોય ને પગ જ કેમ થાકી પડે? પણ એમની વાત ન તો એમના પગ સાંભળતા હતા કે ન કોઈ માણસ. હવે શામજીબાપાએ કાંઈ કરવાનું નહોતું. સાંભળવાનું

નહોતું. બસ જોયા કરવાનું હતું. શામજીબાપાએ જોયે રાખ્યું. મકાનની સામે એમના દીકરાએ એક ઓરડી બનાવડાવી. ઓરડીમાં ખાટલો મુકાવ્યો, પાણીનું માટલું મુકાવ્યું. છતમાં પંખો લગાવી દીધો. બસ બાપાને તો બીજું જોઈએ પણ શું? દીકરો જે આવે એને કહે. બે વર્ષથી ઓરડીમાં પુરાયેલા શામજીબાપાને આજે સવારથી જ સડક બાજુ જવાની ધખના જાગી. ગામથી થોડેક દૂર સડક પસાર થતી હતી. ડામરની પાકી સડક. જેના પરથી કોણ આવ્યું અને કોણ ગયું એની કોઈને જ ખબર ન પડે. એ સડકને અડીને જ કોઈ સમયે હીરજી પ્રેમજીનાં ખેતર હતાં. આજે શામજીબાપાને એ ખેતર જોવાની ઇચ્છા થઈ. પણ જીવ કોચવાયા કર્યો. તેમણે આંખો બંધ કરી તો કાનને ફાડી નાખતો મશીનોનો અવાજ, ધુમાડાના ગોટેગોટા, રઘવાયા લોકોની દોડાદોડ, રાક્ષસ જેવા લાગતાં મશીનો, આડેધડ નાખેલા લાઈટના થાંભલા, ચોમેર ઊડતી ધૂળ અને અજાણ્યા માણસો દેખાયા.! એમને ઘણું બધું યાદ આવ્યું અને પોતાની ઇચ્છાને મારી નાખી. શામજીબાપાએ પોતાની ઓરડીનાં બારણાની વચ્ચોવચ બેસીને જોયે રાખ્યું.

ધોળા બગલા જેવી કાર લીમડા નીચે ઊભી હતી. થોડી વાર પહેલાં કારને સાફ કરીને ઘરમાં ગયેલો તેમનો દીકરો ધીમેથી આવ્યો અને કારમાં ગોઠવાયો. રોજની જેમ શામજીબાપાએ ઓશિયાળી આંખે કાર સામે જોયું. કાર ચાલુ થવાનો અવાજ સંભળાયો અને બંધ થઈ ગયો. ફરી સંભળાયો અને બંધ થઈ ગયો. આવું બે-ત્રણ વાર થયું. શામજીબાપાના કાન સરવા થયા. આંખો પૂરેપૂરી ખૂલી. એમનો દીકરો બહાર આવ્યો. બોનેટ ખોલીને કશુંક આઘું-પાછું કર્યું અને ફરી કારમાં બેસીને ચાલુ કરી. ફરી કારનો બોદો અવાજ આવ્યો અને બંધ થઈ ગયો. શામજીબાપાની આંખો પલકારા મારવા લાગી. કારના કાચમાંથી અંદર બેઠેલા દીકરાના કપાળ પરના સળ દેખાયા. તેમણે બેય પગ સીધા કર્યા. લાકડીને ટેકે ઊભા થયા. એમને લાગ્યું જાણે પગ દુખતા જ નથી. કાર ચાલુ ન થવાથી તેમના દીકરાના મોં પર પરસેવો વળી આવ્યો હતો. શામજીબાપા કારની બાજુમાં ઊભા રહ્યા. તેમનું મોં હસું હસું થઈ રહ્યું હતું. અચાનક તેમના દીકરાએ શામજીબાપા સામે જોયું. શામજીબાપાએ સંભળાય એવું હસતાં કહ્યું, ''કાં ખોટવાઈ ગઈને?"

''હેં?'' કહીને પરસેવો લૂછતાં એમના દીકરાએ અજાણ્યા માણસને જોતો હોય તેમ શામજીબાપા સામે જોયું. શામજીબાપાના હોઠ જ નહીં, આખું શરીર હસતું હતું.

❑❑❑



મહામંડલેશ્વર 1008 શ્રી લક્ષ્મીનારાયણ ત્રિપાઠી

કિન્નર કી કહાની કૌન જાને?

☐ બંસી કુંપાવત

સંસારી જીવો જેમને હીજડા, ફાતડા, વ્યંડળ, કમાળિયા, કિન્નર કે પાવૈયા કહી, તોછડા ભાવે બોલાવી, હલકી નજરે જોઈ મજાક-મશ્કરી કરે છે તે બહુચરાજીના ભક્તોનો આખો એક સમાજ વેદનાના કડવા ઘૂંટડા ગળી, ગાલે તમાચા મારી હસતે મુખે જીવે છે. તેવી વલવલતી વનિતાની આ વાત છે.

આપણા સમાજમાં સૈકાઓથી નરનારી વચ્ચે ઝોલાં ખાઈ જીવતી આ વ્યંડળ જમાત સામે આજ સુધી કોઈએ લમણો વાળી જોયું નથી. ખૂબ દુઃખની વાત છે કે આ દિશામાં લગભગ કાંઈ થયું નથી. વ્યંડળો પણ માનવી છે. તે છતાં આ લોક દર-બદર ભીખ માગી, નાચીકૂદી, તાબોટા પાડી, માન-અપમાન સહન કરી કુદરતના આ ગોટાળાને જીરવી પરિસ્થિતિને અનુકૂળ થઈ આયખાની દોરી ખેંચે છે. આ વ્યંડળો શું છે? ક્યારથી છે? એનાં પૂર્વ લક્ષણો કેવાં હોય? વ્યંડળ બનવાની વિધિ કેવી? એમની આજીવિકા? સુખદુઃખ રિવાજો વિશે વાત લઈને આવે છે ઉત્તર ગુજરાતનાં બાસઠ વર્ષનાં મીનાદે.

આકર્ષક દેહ સૌષ્ઠવ ધરાવનાર મીનાદે નવમું ધોરણ પાસ છે. તેમની સાથેની પ્રશ્નોત્તરી જોઈએ.

'જય માતાજી માસી.'

'ઘણી ખમ્મા કુંવરજી! મા બહુચર બાળી તમારાં રખોપાં કરે.'

'તમારો સમાજ ક્યારથી અસ્તિત્વ ધરાવે છે?'

'અમારા સમાજનાં મૂળ ખૂબ ઊંડાં છે. છેક રામાયણ-મહાભારત કાળમાં પણ અમારું અસ્તિત્વ હતું.

પાંડવો જ્યારે બાર વરસ વનવગડે રાનરાન ને પાનપાન થઈ રવડી રહ્યા હતા. અને તેરમા વરસે વિરાટનગરમાં છૂપા વેશે રહ્યા, ત્યારે બાણાવળી અર્જુન કિન્નરનું રૂપ ધારણ કરી સ્ત્રી વેશે 'બૃહન્નલા' બની ઉત્તરાને નૃત્ય અને ગાયન વિદ્યા શીખવવા પગે ઝાંઝર બાંધી આખું વરસ રહ્યા અને સફળ પણ થયા. ઇતિહાસ તેની શાખ પૂરે છે.

તો રામાયણમાં પણ એનું પગેરું મળે છે. જ્યારે રામ, લક્ષ્મણ અને જાનકી વનમાં જવા સંચર્યાં તે વખતે અયોધ્યાનાં નરનારી ચોધાર આંસુએ રડતાં રડતાં તેમને વિદાય આપવા ગયાં. એ વખતે અમારા પૂર્વજો મોખરે હતા.

જ્યારે વનમાં પ્રવેશવાનો મારગ આવ્યો ત્યારે રામજીએ સૌ નરનારીઓને હાથ જોડી કહ્યું, ''હવે શોક કરો મા, રડવાનું બંધ કરો, ચૌદ વરસ તો કાલ પસાર થઈ જશે. માટે સૌ નરનારી પાછાં વળો અને ઘેર જઈ પોતપોતાનું કર્મ કરો.''

ત્યારે સૌ નરનારીઓ પાછાં વળ્યાં. પણ અમારા પૂર્વજોએ વિચાર્યું, પ્રભુએ નરનારીઓને પાછાં વળવા કહ્યું છે. આપણને નહીં, આપણે નથી નર નથી નારી. તેથી તેઓ બધા ચૌદ વરસ સુધી જંગલમાં ઝૂંપડી બાંધી ત્યાં જ સ્થાયી થયા.

જ્યારે રામ વનવાસ પૂરો કરી પરત આવ્યા ત્યારે તેમણે આશ્ચર્યસહ પૂછ્યું: ''તમે ઘેર પાછા વળ્યા જ નથી?'' 'ના પ્રભુ! આપના આદેશ વિના શી રીતે જઈએ? ત્યારે રામે ભાવવિભોર થઈ કહ્યું: ''ધન્ય છે તમારી સહનશક્તિને મારી તમને આશિષ છે. મધ્યકળિયુગ, તમારું રાજ આવશે ત્યારે તમારાં બોર વેચાશે.'' ત્યારથી માંડી આજ સુધી અમારો સમાજ મધ્યકળિયુગ તરફ મીટ માંડીને બેઠો છે.'

'તમે પણ પરણેલાં કે કુંવારાં?'

મારો પ્રશ્ન સાંભળી ગાલે ખંજન સાથે શરમના શેરડા પાડી શરમાતાં તેમણે કહ્યું: 'હું કુંવારી છું. સંસારમાં પગ માંડતાં પહેલાં મેં આ રાતી ચૂંદડી ઓઢી લીધી. ખરું પૂછો તો મારી પરણવાની ઇચ્છા જ ન હતી.'

'કિન્નર બનવાનાં પૂર્વ લક્ષણો કે કોઈ આભાસ ખરો?'

'હા, બાળપણથી જ મને સ્ત્રીસહવાસ



ખૂબ ગમતો. મને છોકરાઓ જોડે કબ્બડી રમવાને બદલે છોકરીઓ સાથે ઠીકરી દાવ રમવાનું ગમતું. બાર વરસ સુધી તો બાની પથારીમાં શયન ગમતું. તો શણગાર સજતી મહિલા કે ગરમે ઘૂમતી ગોરીમાં મને રસ હતો. મા-બાપની કોઈ રોકટોક હતી નહીં. ઘેર દોમદોમ સાહ્યબી હતી. એટલે લાડકો દીકરો હતો. ત્યારે કોઈ મર્દાનગીનું કામ કરી પૌરુષ દેખાડવાને બદલે કઢી હલાવવા જેવું રસોડાનું કામ મને ખેંચતું.

આંખે કાજળ, ગાલે પાઉડર તેમ જ નખ પોલિશનો શોખ તીવ્ર હતો. મેળામાં જતી ત્યારે બંગડીઓની દુકાન મને બાગ બાગ બનાવી દેતી.

કોઈ વહુવારુના કંગનનો રણકાર કે ઝાંઝરનો ઝણકાર મારા કાનને મીઠો મીઠો લાગતો. કોઈના દાગીના કે કાનની બુટ્ટી હાથમાં લઈ જોવાની મને ખૂબ ગમતી. ઘણી વાર ભાભી પાસે મેં મેંદી મુકાવેલી. છોકરું છે એમ કહી ઘરના ચલાવી લેતા.

મારા સગપણ વખતે મેં ચોખ્ખી ના પાડેલી. ત્યારે મા-બાપને ડર હતો કે હું બાવો બની જઈશ તેથી ફટાફટ સગાઈ કરી નાખી.

જેમ જેમ લગ્નના દિવસો નજીક આવતા ગયા, તેમ તેમ મારી મૂંઝવણ વધવા લાગી. મને ન સમજાય, ન સહેવાય તેવું દર્દ થતું.'

'કેવા પ્રકારનું દર્દ થતું?'

મીનાદે એ વખતે જાણે સાચે જ દર્દ અનુભવતાં હોય, તેવા ભાવ લાવી કહેવા લાગ્યાં,

'જાણે હડકવા હાલ્યો. ફરફર કરવું. કશું ગમે નહીં. ખાવુંપીવું ભાવે નહીં, ઊંઘ આવે નહીં, આપઘાત કરવાનું મન થાય, દરેક પ્રત્યે નફરત થાય, નાસી જવાનું મન થાય.

રઘવાયું રઘવાયું મન એવામાં તાવમાં

પટકાયું, તાવમાં લવણી (બકવાસ) થાય. રોજ સમણાં આવે. સમણામાં ચૂંદડીઓ દેખાય. માતાજીનું મંદિર દેખાય. મારી જાતને ગરબા ગાતી જોઉં, તાળીઓ પાડતી જોઉં. સાંભળું...

આવું સતત છ દિવસ દેખાતાં એક મધરાતે મેં ઘર છોડ્યું, તાવ સખત હતો. તોય મા જાણે મારામાં શક્તિ ક્યાંથી આવી! અને રખડતાં કુટાતાં હું શંખલપુર (બહુચરાજી) આવી ગઈ. મને અહીં ચંદામાસી મળ્યાં.

ચંદામાસી જમાનાનાં ખાધેલ અનુભવી હતાં. અમારા સમાજનાં એ મુખી હતાં. તેમણે મને આશ્રય આપ્યો.

મેં મારા દુઃખની બધી વાત કરવા તેમની આગળ પેટ ઠાલવી દીધું. તોય તેમણે મને ઘેર પાછા વળવા ઘણી સમજણ આપી. પણ કોઈ વાત મારા ગળે ઊતરી નહીં. ઊલટું મેં તો તેમને કહી દીધું. અહીં નહીં રાખો તો હું ઝેરનો પિયાલો પી જઈશ. અને મરી જઈશ.

પછી તેમણે ત્રણ માસ સુધી મારી પરીક્ષા કરી.'

'કેવી પરીક્ષા કરી?'

'પરીક્ષામાં તેઓ મારી ચાલ જોવા લાગ્યાં, મારું વર્તન, મારામાં રહેલી શરમ જોતાં. અને મારામાં પુરુષાતન છે કે નહીં તે તપાસ્યું અને રોજ રાત પડ્યે વ્યંઢળ સમાજની વ્યથા ગાઈ ગાઈ મારી હિંમત તપાસી જોઈ. પણ સંસાર પર મારું મન લગીરે ચોંટ્યું જ નહીં.

એ દરમિયાન મારા ઘરવાળા જીપ ભરીને મને લેવા આવ્યા. ત્યારે મેં કોઠીમાં સંતાઈને સાત કલાક કાઢી નાખ્યા. હજુ મને ચૂંદડી ઓઢાડી નહોતી. બરાબર ત્રણ માસ ને એકવીસ દિવસે મને નાતમાં લીધી.'

'એ નાતમાં લેવાની વિધિમાં શું હોય?'

'હા આ અમારો નવો અવતાર કહેવાય. નાતના (વ્યંઢળ સમાજના) આગેવાનો આવ્યા, મારું લગન લીધું હોય એવો માહોલ હતો. બધાં મને સારું સારું ખારેક, ટોપરાં, દરાખ, સીંગદાણા ખવડાવતાં, બધાં માથે હાથ ફેરવી પાંચ-દશ રૂપિયા આપતાં. પછી કાળી ચૌદશની રાતે સવા મણ તેલનું કઢાયું કકડાવ્યું... તેમાં મારે નિર્વસ્ત્ર થઈ એ તેલમાં કમર સુધીનો ભાગ ડુબાડી બેસવાનું હતું.

એક અંધારામાં માતાજીના ત્રણ દીવા તગતગતા હતા. ઢોરની ગમાણ જેવું ઘર હતું. તેલ ઊકળ્યા બાદ નીચે ઉતાર્યું ને તેમાં ત્રણ લીંબુ નાખ્યાં, તડાતડ લીંબુ ફાટ્યાં, તે કાઢી લઈ દીવા આગળ મૂક્યાં...

પાંચ આગેવાનો હાજર હતા. મને બધાએ સ્નાન કરાવી આખા શરીરે કંકુ રોળ્યું... પછી એ જ અંધારિયા ખંડમાં કાચા ચણા, કડવો લીમડો, અને આખું મીઠું ધરી કહ્યું. ખાઈ જા...

જો આ અવતારમાં આવા લોઢાના ચણા ચાવવા પડશે. આવા કડવા ઘૂંટડા ગળવા પડશે અને ખારો દાવ ભવ જીરવવો પડશે. આ દેહને આખો અવતાર દઝાડવો પડશે. જો મંજૂર હોય તો આ બધું ખાઈ જા.'

મેં માતાજીનું નામ લઈ કાચા ચણા, મીઠું અને લીમડો ચાવી ખાધો, ત્યારે મારા ગુરુએ મને કંઠી બાંધી. માથે હાથ ફેરવી કાન ફૂંકી કહ્યું, લે દેવી શરણે લે, લે માડી ખોળે લે, તારો હુકમ હોય તો લઈ લે!

પછી મને કહ્યું, જમણા પગનો અંગૂઠો તેલમાં ડુબાડ, જો દાઝી જાય તો હુકમ નથી એમ માનજે.' ખરાખરીનો ખેલ હવે હતો. એ વખતે મારી આસપાસનું વાતાવરણ ભયંકર લાગતું હતું. મધરાત થઈ હતી. આખું ગામ જંપી ગયું હતું. દૂર દૂર કૂતરાં રોતાં હતાં. તમરાં ત્રમ ત્રમ કરતાં હતાં. બહાર ચીબરી બોલતી હતી. મારા શરીરમાં ઝણઝણાટી વ્યાપી ગઈ હતી. બરાબર બાર ઉપર બે વાગ્યા અને જય મા કહી જમણો આખો પગ એ તેલમાં ડુબાડી દીધો. તેલ ગરમ હતું. અને શરીર સાવ ઠંડું પડી ગયું હતું. તેલ ઊનું લાગ્યું પણ દઝાયું નહીં, ત્યારે પાંચે આગેવાનો માથે હાથ દઈ દેવીનું આહ્‌વાન કરવા લાગ્યા. અને મેં કમર સુધીનો ભાગ એ તેલમાં ડુબાડી દીધો. એક મિનિટ પછી મને બહાર કાઢી કમાળિયાએ (પૂજારી) ધારદાર શસ્ત્રથી ઇન્દ્રિયકર્મ કર્યું.'

'તે વખતે તમને કાંઈ વેદના ના થઈ?'

'વેદના તો થાય જને! લોહી પણ પડેલું. પણ પછી રૂ બાળી બાળી શેક કરી લોહી વહેતું અટકાવી દીધું. આમ તો એમાં જીવ ક્યાં હતો? એ તો બચારું હોલવાઈ ગયું'તું. પછી ઘા બાજરિયું ભરી ભરી... સારવાર શરૂ કરી. અને સવા મહિનાનો પડદો રહ્યો. ઘરના ખૂણામાં જ રેવાનું. પછી તો બોરડીની છાલનો ભૂકો, બહેડાના ચૂરણના પાટા થતા. દોઢ દિવસે તો પાણી આપ્યું. સાતમા દિવસે ખોરાક ચાલુ કર્યો. ખાટું ખારું તીખું બંધ હતું. ધીરે ધીરે ઘા રુઝાવા માંડ્યો. સવા મહિના સુધી સારું સારું ખાવાનું મળતું. આ દરમિયાન કોઈનું મોં જોવાય નહીં, કદાચ વેદના જેવું લાગે તોય ઊંહકારો કરાય નહીં.'

'ઊંહકારો થઈ જાય તો શું થાય?'

'હાય હાય માતા કોપી જાય, શરીર પાકી જાય. તો આખો જનમારો બગડે. એટલે સહન તો કરવું જ પડે. આમ પણ અમારો અવતાર સહનશીલતાનું પ્રતીક છે. વ્યંડળ એટલે સહો અને હસો. રોદણાં રોવાનું સંસારીઓને સોંપ્યું, હર હાલ મેં મુસ્કુરાતે રહો. આ તો અમારો જીવનમંત્ર છે. કોઈ ફરિયાદ દાદ આ ધરમમાં ના ચાલે.'

'બીજું બધું તો ઠીક, પણ આ

શસ્ત્રક્રિયા શા માટે કરાય છે?'

'એનું એક કારણ છે કે... અમારા સમાજનું બંધારણ છે કે દેવીભક્તિ કરવી હોય, શક્તિઆરાધના કરવી હોય તો સંસારમાંથી સંન્યાસ લેવો. દેવીને ભોગ આપવો. કશુંક ત્યાગવું પડે. પોતાની પ્રિય ચીજ છોડવી પડે. વળી પુરુષ કે સ્ત્રી રહીને ભક્તિ કરીએ તો આંખ બગડે. આંખ બગડે તો મન બગડે, ને મન બગડે તો વિકાર થાય. હવે વિકાર અને ભક્તિને તો બાપે માર્યાં વેર.

એક મ્યાન મેં દો તલવાર કૈસે રહ સકતી હૈ? જ્યારે અમારી આ એક એવી સ્થિતિ છે, જેમાં આંખ કે મન બગડવાનો સવાલ જ નથી. ન રહે બાંસ ન બજે બાંસુરી. તેથી આ ઇન્દ્રિયકર્મ થાય છે. ઘણા સાધુઓ પર ખોટું આળ આવે તો પોતાની ઇન્દ્રિય કાપીને ફેંકી દીધાના દાખલા છે.

વળી અસલના જમાનામાં જનાનખાનામાં રાણીની રક્ષા માટે, અંતઃપુરની જાસૂસી માટે અમારા પૂર્વજોએ રક્ષાધરમ બજાવવો પડતો. ત્યારે શસ્ત્રક્રિયા વિનાનો વ્યંઢળ નકલી સાબિત થતો અને રાજા તેના આ કૃત્ય બદલ અવળી ઘાણીએ ઘાલતો. માટે આદિકાળથી શસ્ત્રક્રિયા થતી આવી છે.'

'તમારે દાઢીમૂછ નથી આવતાં?'

'શરૂઆતમાં આ તકલીફ હતી. પછી નિયમિત ત્રણ મહિના ગરમ રાખ ચોળી તો વાળ ગયા. અમારામાં હજુ એક ટકાને આ રામાયણ છે. પણ વાળ માટે એવું છે કે બોડીએ તો બમણા ને તોડીએ તો ત્રણ ગણા પાછા આવે. તેથી આમ પણ અમે બળવા તો બેઠાં જ છીએ એમાં વાળનું મૂળ બાળી નાખવાની રીત અમને હદી ગઈ છે.'

'તમારા આ માથાના વાળ અસલી છે?'

મારો આ પ્રશ્ન સાંભળી મીનાદેને ચાનક ચડી. એમણે ફટ દઈને ચોટલો ઉલાળી કાળી નાગ જેવો ચોટલો બતાવતાં કહ્યું: 'હા મારા બાલ અસલી છે. હમણાં તો ઠીક ચોમાસામાં થોડા ઊતરી ગયા. બાકી બે વરસ પહેલાં તમે જુઓ તો બૈરાંને તો શું હોય? એવા બાલ હતા. પણ ચિંતા ખરીને! એટલે ઊતરી ગયા!'

'ચિંતા? તમારે શાની ચિંતા? તમારે ક્યાં છોકરાં મોટાં કરવાં છે?'

'અરે વીરા! તમારા કરતાં તો અમારે ઘણી ચિંતા... અમારે ભંડારો કરવો પડે. નાતમાં કોઈનું મૈણું થાય ત્યારે ખર્ચો થાય. કોઈને નાતમાં લેવાની થાય, મામેરાં થાય. બેન, ભાણેજીને સાડલો ઓઢાડવો પડે. જઈએ તો ખાવાનું લઈ જવું પડે. અમે સંસાર છોડ્યો પછી જલમ આલનારાં સાથે તો નાવા નીચોવાનો રિશ્તો પૂરો થયો. ત્યાં તો જવાનું જ નહીં. એ લોક પણ ના આવે. પણ આ નવી દુનિયામાં અમારે

કોકને દીકરી, ભાણેજી, માસી, ફોઈ કરવી પડે. અને અમારે અમારો મોભો જાળવવો પડે એ ચિંતા.'

'તમારી આવકનું કોઈ સાધન ખરું?'

'આવક તો ક્યાંથી? અમારે ચ્યાં જમીન જાગીર છે?

પણ ગામ બાંધેલાં છે. ત્યાં સીઝનમાં માગવા જવું પડે. વળી કોઈના ત્યાં છોકરું ધાવણું થાય તો અમે સમૂહમાં ગાતાં ગાતાં રમાડવા જઈએ. ત્યાં વધામણાં ગાઈ બાળકને આશિષ આપીએ, એટલે ઘરધણી અમને શરપાવથી રાજી કરે.

કોઈ મૂજી હોય તો રમાડવા લીધેલો છોકરો થોડી વાર પકડી રાખીએ એટલે ફેરો માથે ના પાડે. એમાંય જો કોઈને મોટી ઉંમરે ઘોડિયું બંધાય તો અમે સાડલા ઓઢ્યા વિના ઊઠીએ નહીં. પણ અમને રાજી કર્યાં હોય અને જે છોકરું રમાડ્યું હોય એ એના બાપથી સવાયું થાય. આ સિવાય અમે જ્યાં મેળા ભરાય ત્યાં પૂનમે કે શ્રાવણ, ભાદરવા ને કાત્યોકના મેળામાં જઈએ. જે રેલગાડીમાં દાદાગીરી કરીને ફેંટ પકડી માગે તે અમારી નાત નહીં. એમાં સેળભેળ. અમારી નાતમાં અઢારે આલમ હોય પણ વાણિયા-બામણ ઓછા હોય, મુસલમાન પણ ખરા. જે પાન ખા ખા કરે.'

'તમને આવો હડધૂત કર્યાનો અનુભવ ખરો.'

'હા... હાડ... હાડ... તો જેમ પેલા કૂતરાને કરે એમ કરે. એનું કારણ છે. એક તો અમે પુરુષમાંથી સ્ત્રી બન્યા. વળી ખાધુંપીધું પેટમાં એટલે શરીરે હટ્ટા કટ્ટા. સ્ત્રી જેવી છાતી હોય, પણ અવાજ ભાયડા છાપ, મેકઅપ બેસુમાર હોય. પાંચ હાથ ઊંચા હોય. વળી સમૂહમાં તાબોટા પાડીએ એટલે તડાતડી થતી હોય ત્યારે કાચીપોચી છાતીવાળા અમારાથી ડરી જાય એટલે બીજું શું કરે? ડોળા કાઢે! પોલીસમાં પકડાવી દેવાની બીક બતાવે. પણ એમ અમે ગાંજ્યા ના જઈએ. અમે ક્યાં ગુનેગાર છીએ. તમે જો અમારી દાસ્તાન ક્યાંય લખવાના હોય તો લખજો કે બળેલાને વધુ ના બાળો. દુખિયારાંને વધુ દુ:ખી ના કરો. દુણાયેલાં, દુખાયેલાં, ગૂમડાંને ફોડી એને પીડા વધારવા નિમિત્ત ના બનો. બલકે આવાંને ઠારો. ઠારો તો ઠરશો. બાળશો તો તમે પોતે બળશો. પછી એ વેદનાને ભાંગનાર કોઈ ભેરુ નહીં હોય.'

'જરૂર લખીશ મીનામાસી જરૂર અપીલ કરીશ કે કિન્નરની પાછળ પડી કોઈ કાંદો નહીં કાઢો.'

'તમારા તહેવાર ખરા?'

'હા, ચૈતર નવરાત્રીમાં વાંસની ગરબી બનાવી તેને પતંગિયાં તથા ફૂલ વડે શણગારી ધજાપતાકા લગાવી માથે મૂકી આખી રાત નાચીએ. મોઢે માનું નોરતું હોય. આખી રાતનો ઉજાગરો હોય. લોકો દર્શનાર્થે આવે. એમને પ્રસાદ આપીએ. ઘણી ભીડ હોય છતાં

દોડાદોડી કરીએ પણ માંદા ના પડીએ. એનું કારણ છે અમારા તાબોટા. તમે પણ રોજ સોળ સેકન્ડ તાળી પાડો તો સાજા રહેશો.'

'હવે છેલ્લો પ્રશ્ન. તમારામાં કોઈનું મૃત્યુ થાય તો એની અંતિમક્રિયા કેવી રીતે થાય છે?'

'આ ક્રિયા ખાસ કરીને રાતે કે વહેલી સવારે એટલે કે અંધારામાં થાય છે. મરનાર કિન્નર હિંદુ હોય કે મુસલમાન તેને ભોંયમાં ભંડારવામાં આવે છે. આ તો કાચી માટીની કાયા. આખર માટીની માયા. એમાં ભળી જાય. પછી કમાળિયો માથાની ચોટી વાઢી માથામાં ઊંધું ખાસડું મારી કહે છે. હે લખચોરાશી! ફટ્ય છે આ અવતાર! માથાના વાઢનારને પણ આ અવતાર ના જડે પછી શબ સાથે મીઠું અને નંદવાયેલી બંગડીઓ મૂકી માટી વાળી દેવાય. એક વરસે તેની પુણ્યતિથિ આવે ત્યારે અમે શોકયાળી મોઢું ઢાંકી ઊંચે સાદે રોઈએ. એકંદરે અમારો અવતાર, અમારું જીવન વેદનાની વ્યથાથી ભરપૂર છે. અમારી માગણીઓ અને લાગણીઓ માટે અખિલ હિંદુ કિન્નર અખાડાના મહામંડલેશ્વર જે ખૂબ વિદ્વાન છે અને લોકસભાની ચૂંટણી લડી ચૂક્યા છે તે લક્ષ્મીનારાયણ ત્રિપાઠી ચિંતનશીલ અને સક્રિય છે.'

'તમારી સરકાર પાસે શી માગણીઓ છે?'

'અમારામાંથી ઘણા દસમી, બારમી અને વધુ ભણેલા છે. અમે શરીરે સશક્ત છીએ. માંદા પડતા નથી. ખૂબ સહનશીલ છીએ. અમને સંગીતની તાલીમ આપો તો ગમે તે વાદ્ય વગાડી મનરંજન કરવા કાબેલ છીએ. બચ્ચનજી તથા કેટલાક કલાકારોએ અમને ફિલમમાં કામ અપાવેલું. તો ગુજરાતી સિનેમાવાળા કેમ ઊંઘે છે. રંગમંચવાળા કેમ અમારો હાથ પકડતા નથી? અમે ટ્રાફિક કંટ્રોલ કરવામાં રોડ ઉપર થાક્યા વિના ખડા રહી શકીએ છીએ.

અમે રસોઈમાં પારંગત છીએ. બસ અમને થોડી તાલીમ આપો. અમે નૃત્યમાં કાબેલ છીએ. આ ભીખ માગી ડોઝરાં ભરવાં એ ક્યાં સુધી ચાલશે!

જોકે ભગવાન રામની આશિષ મુજબ અમારો સમાજ હવે જાગ્યો છે. એનું જીવતું જાગતું ઉદાહરણ છે જમશેદપુર ઝારખંડની કિન્નર ડોલી દે. પેલા રોટરી ક્લબવાળાના સહયોગથી એમણે ફૂડકોર્ટ ખોલી છે. અત્યારે 'ઉત્થાન' સંસ્થા અમારા માટે સક્રિય છે. તો 'કારેલા' સંસ્થા દ્વારા કિન્નર શર્મિલા અને માયાએ સાડીના વેપારમાં અપાર સફળતા પ્રાપ્ત કરી છે. કારણ રંગ અને પોતની જે સૂઝ અમારામાં છે તે બેજોડ છે.'

'ધન્યવાદ માતાજી આપે સુંદર વાતો કરી. આભાર. જય માતાજી.'

❑❑❑





ધ બ્લુએસ્ટ આઈ : ટોની મોરિસનની યાદગાર નવલકથા

☐ રંજના હરીશ

ગયા ઓગસ્ટમાં વિશ્વનાં જાણીતાં નવલકથાકાર ટોની મોરિસને જગતને અલવિદા કહી. નોબેલ પારિતોષિક વિજેતા આફ્રો અમેરિકન નવલકથાકાર ટોની મોરિસન (1931-2019) એટલે અશ્વેત સ્ત્રીઓની પીડા, યાતના, સંઘર્ષ તથા અભિલાષાઓનો દસ્તાવેજ લખનાર અમેરિકન સાહિત્યની એક સશક્ત કલમ. અમેરિકાના શ્વેત વિશ્વમાં વસતી અશ્વેત નાયિકાના હૃદયનો અસુંદર હોવાનો કોમ્પ્લેક્સ, સૌંદર્ય માટે ગમે તે કરી છૂટવાની તેની તત્પરતા, આ બધું મોરિસનના નવલકથા વિશ્વમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. સૌંદર્ય એટલે

શું? શું સુંદરતા અને સ્ત્રી અન્યોન્યના પર્યાય બની રહે તે અનિવાર્ય છે? શું જન્મજાત મળેલ ત્વચાનો રંગ, દેખાવ તથા સામાજિક દરજ્જો એ મનુષ્યને મૂલવવાની એકમાત્ર પારાશીશી હોઈ શકે? આ બધા ગૂઢ પ્રશ્નો મોરિસનની અબુધ, અશિક્ષિત, પરંતુ લાગણીશીલ નાયિકાઓના વિશ્વનો મુખ્ય પ્રશ્ન રહ્યો છે.

ટોની મોરિસનની અતિલોકપ્રિય નવલકથા 'ધ બ્લુએસ્ટ આઈ' બે બાબતો માટે યાદગાર છે. એક, તેની નેરેટિવ સ્ટાઈલ તથા વાક્યોને પ્રિન્ટ કરવાની પદ્ધતિ. અને બીજું તેની અસુંદર યુવા નાયિકાનું બ્લુએસ્ટ આંખો મેળવવાનું સ્વપ્ન. આ નવલકથા ચાર ઋતુઓના નામથી ચાર ભાગમાં વિભાજિત છે, એક પ્રયોગ તરીકે નવલકથાકારે આ નવલકથાના શબ્દો વચ્ચે જગ્યા રાખેલ નથી. એટલું જ નહીં આવા લેખનમાં તેમણે પંક્ચ્યુએશન માર્ક્સ (વિરામચિહ્નો) વાપરવાનું સદંતર ટાળ્યું છે. 'બ્લુએસ્ટ આઈ' શીર્ષક અંતર્ગત લખાતી આ નવલકથાનું મુખ્ય કથાનક શ્વેત વિશ્વના સૌંદર્ય મિથનું પ્રતિનિધિત્વ કરતી સુંદરતાનું પ્રતીક એવી ભૂરી આંખો છે. નવલકથાની નાયિકા 21 વર્ષની પીકોલા બ્રિડવેલ એક અત્યંત ગરીબ કુટુંબની દીકરી છે. કુટુંબ કંકાસગ્રસ્ત છે. પૈસાની હાડમારી અને તેને લીધે થતા કકળાટમાં જીવતી આ દીકરીને તેનાં માતા-પિતા પોતાની સાથે રાખવાની જ ના પાડી દે છે અને તેથી 21 વર્ષની બેડોળ, કદરૂપી, ગરીબ એવી પીકોલા બ્રિડવેલ લોકોની દયા પર જીવે છે, અને આમ કરતાં અંતે એક એવા ગરીબ કુટુંબમાં રહેવા આવે છે કે જ્યાં તેના જેવી બે અન્ય દીકરીઓ પણ છે - 9 વર્ષની ફ્રિએડા અને 7 વર્ષની ક્લોડિયા. આ ત્રણેય દીકરીઓના સ્વભાવો અમુક અંશે જુદા છે, પરંતુ જીવનનાં બે તથ્ય તેમને અન્યોન્ય સાથે જોડે છે. આ બે તથ્ય છે એ ત્રણેયની કુરૂપ હોવાની સભાનતા તથા નિર્ધનતા. ત્રણેયને ભાન છે કે શ્વેત વિશ્વમાં સ્વીકાર પામવા માટે ભૂરી આંખો કેટલી અનિવાર્ય છે? પરંતુ આ સત્ય સાથે પનારો પાડવાની ત્રણેય કન્યાઓની રીત જુદી જુદી છે. 7 વર્ષની નાનકડી ક્લોડિયાને ભૂરી આંખોનો અભાવ એટલો સતાવે છે કે દર વર્ષે ક્રિસમસ પર શ્વેત સમાજ દ્વારા બાલિકાઓને દાનમાં અપાતી ગિફ્ટ તરીકે મળતી ભૂરી આંખોવાળી બાર્બી ડોલને તે ધિક્કારે છે. શ્વેત વિશ્વના સૌંદર્ય માપદંડ સમી તે ઢીંગલી આ સ્વમાની છોકરીને જરાય ગમતી નથી. અને તેથી ઢીંગલી મળતાંની સાથે તે એ ઢીંગલીનાં અંગ-પ્રત્યાંગ છૂટાં પાડી દે છે. અને આંખો સિવાય એ ઢીંગલીના કયા અંગમાં સૌંદર્ય વસે છે તે શોધવા પ્રયત્ન કરે છે. સ્કૂલમાં અપાતી ચોકલેટ



ટોની મોરિસનને પ્રેસિડેન્શિયલ મેડલ ઓફ ફ્રિડમ એનાયત કરતા તત્કાલીન અમેરિકી પ્રમુખ બરાક ઓબામા

પર પણ ભૂરી આંખોવાળી શ્વેત સ્ત્રીનો ચહેરો રેપરરૂપે જોવાનો થાય તો તે પણ તેને ગમતું નથી.

ભૂરી આંખો પ્રત્યે ક્લોડિયાની મોટી બહેન ફ્રિએડાનો પ્રતિભાવ પોતાની નાની બહેનથી તદ્દન વિપરીત છે. સૌંદર્યના અભાવનું ભાન તેને સતત રહે છે અને તેથી ભૂરી-ભૂરી આંખવાળી છોકરીઓની ખુશામત કરીને તે શ્વેત છોકરીઓના મન જીતવા માટે પ્રયત્નશીલ રહે છે. તેને ભૂરી આંખવાળી સ્ત્રીના ફોટાવાળા રેપરમાં મુકાયેલ ચોકલેટ ખાવી ગમે છે. અને ગમે તેમ કરીને તે પોતાના રૂપના અભાવ છતાં સુંદર ગણાતી શ્વેત છોકરીઓનો સ્વીકાર પામવા મથે છે.

તો વળી અનાથ, ગરીબ તથા આ બંને બહેનોના ઘરે એક આશ્રિતા તરીકે રહેતી 21 વર્ષની પીકોલા બ્રિડવેલના જીવનનું એકમાત્ર સ્વપ્ન ભૂરી-ભૂરી આંખો મેળવવાનું છે! જો ભૂરી આંખ મળી જાય તો તેનું કદરૂપાપણું તરત જ નાશ પામે અને વિશ્વ આખું તેને વહાલથી વધાવી લે તેવો તેનો વિચાર છે. છેવટે પીકોલા પોતાની કાળી આંખોને ભૂરી બનાવવા માટે એક કહેવાતા ગોડમેન તેમ જ જાદુગર એવા સોફહેડ ચર્ચ પાસે પહોંચી જાય છે. ગામલોકો માને છે કે સોફહેડ ચર્ચ ઈશ્વર પાસે ધારે તે કરાવી શકે છે. ત્યાં જઈને આ અશ્વેત યુવતી સોફહેડને કહે છે, 'મને મદદ કરો, મારી આંખો ભૂરી કરી આપો, મને ભૂરી આંખોની બહુ જ જરૂર છે.' મોરિસન લખે છે, 'સોફહેડે દુનિયા જોઈ હતી. તે લોકોના અભાવો વિશે બરાબર જાણતો હતો, પરંતુ આવી ઇચ્છા, આવી વિનંતી તે પહેલી વાર સાંભળી રહ્યો હતો! વિનંતી સાંભળીને તે બે ઘડી સ્તબ્ધ બની ગયો. પણ પછી તેને સમજાયું કે

આના કરતાં વધુ યોગ્ય વિનંતી બીજી કોઈ હોઈ જ ન શકે. એક અશ્વેત છોકરી માગી માગીને આનાથી વધુ શું માગી શકવાની હતી?' તે બબડ્યો, 'એક નાનકડી કન્યા અંધકારના ગહન પેટાળમાંથી બહાર આવવા મથી રહી છે. તેને જરૂર છે તો ફક્ત એક જોડ ભૂરી આંખની. અને જો એ આંખો તેને મળી જાય તો કોઈનું શું જવાનું હતું?' છેવટે તેણે પેલી છોકરીને કહ્યું કે તેણે ઈશ્વરને પત્ર લખી દીધો છે. બીજે દિવસે સવારે ઊઠતાંની સાથે તેની આંખો ભૂરી થઈ જશે. વિશ્વની સૌથી ભૂરામાં ભૂરી આંખો. છોકરીના ગયા બાદ તેણે ઈશ્વરને એક પત્ર લખી નાખ્યો. તેણે લખ્યું, 'હે ઈશ્વર! આ પત્ર લખવાનો આશય તેં વીસરાવી દીધેલા અને અવગણેલા એવા લોકો પ્રત્યે તારું ધ્યાન દોરવાનો છે. મેં પેલી અશ્વેત છોકરીની આંખો બદલી આપી છે. જે તું ન કરી શક્યો તે મેં કર્યું છે. પેલી કુરૂપ છોકરી મને વહાલી લાગી અને મેં ચમત્કાર સર્જ્યો. મને ખાતરી છે કે તે પોતાની ભૂરી-ભૂરી આંખો અનુભવશે અને હવે પછી શાંતિથી જીવશે. '

બીજે દિવસે સવાર થતાંની સાથે પીકોલાનું સમગ્ર વિશ્વ બદલાઈ ગયું! ગઈ કાલે સોફહેડ ચર્ચે તેને ચેતવેલી કે તેની ભૂરી આંખો તેને વહાલ કરનાર લોકો જ જોઈ શકશે. ઈર્ષ્યાળુઓ તેની સુંદર આંખો નહીં જોઈ શકે. બસ, પછી શું હતું? પોતાની બંને નાનકડી બહેનપણીઓને તેણે વાત કરી. બંને છોકરીઓ ખુશ થઈ ગઈ. 'વાહ વાહ! આ તે કેવો સરસ જાદુ! હા સાચ્ચે જ! તારી આંખો તો ભૂરી-ભૂરી થઈ ગઈ છે! પરંતુ રૂપનું ગુમાન ધરાવતી શ્વેત છોકરીઓને તારી આ સુંદર આંખો નહીં દેખાય!'

પેલા ગોડમેન પાસે એવો તો કેવો જાદુ હોય કે તે કોઈકની આંખનો રંગ બદલી આપે? પરંતુ એ અનુભવી પુરુષે એટલું જરૂર કરી આપ્યું કે પોતાની કાળી ભમ્મર ત્વચા તથા આંખોને લીધે લઘુતાગ્રંથિથી પીડાતી પીકોલાને સૌંદર્યની અનુભૂતિ કરાવી આપી. સુંદરતાની એવી અનુભૂતિ કે જેને લીધે જાણે તેનું આખું વિશ્વ જ બદલાઈ ગયું! તે બપોરે પીકોલા પોતાની માતાને મળવા તેને ઘરે ગઈ. ઘર સૂમસામ હતું. પિતા બેઠો બેઠો દારૂ પીતો હતો. ભૂરી-ભૂરી આંખોને લીધે ખીલી ઊઠેલા વ્યક્તિત્વવાળી પીકોલા પહેલી વાર પિતાને ગમી ગઈ! અને તે બપોરે ન બનવાનું બની ગયું. પિતાએ દીકરી પર બળાત્કાર કર્યો અને દીકરી ગર્ભવતી બની.

સૌંદર્ય અને પ્રેમના અભિશાપની મારી પીકોલા ગાંડી થઈ ગઈ. 'આજે પણ તમે ગામ બહાર જુઓ તો તે તમને ગામના પાદરે કચરાના ઢગલામાં કંઈક શોધતી મળશે.' ❑❑❑



બુઢ્ઢા મિલ ગયા...

☐ શ્રદ્ધા ભટ્ટ

"**અરે**... તુમ્હારા હસબન્ડ તો બુઢ્ઢા હો ગયા હૈ! બેચારી લડકી!"

સ્થળ હતું જહાજની અંદરની નાની એવી કેબિન કે જેને મેડિકલ ઇમરજન્સી માટે વાપરવામાં આવતી હતી. મારા પતિદેવ વિષે આવી કમેન્ટ કરનારાં હતાં, પચાસેક વર્ષનાં નેપાળી નર્સ જે તે વખતે મેડિકલ રૂમનાં

ઇન્ચાર્જ હતાં. મારી હાલત તો સૂડીમાં ફસાયેલી સોપારી જેવી હતી, બહાર પણ ના નીકળાય અને અંદર રહો તો કપાવાનો ડર! અમારા લગ્નને માંડ બે-એક મહિના થયા હતા અને ત્યાં સાવ અજાણી સ્ત્રી મારા પતિદેવને 'બુઢ્ઢા માણસ'ની ઉપમા આપી રહી હતી! મેં થોડા અણગમા સાથે મારા પતિ સામે જોયું, જે મારા બેડની સામે જ ઊભા હતા. એ અને પેલાં નર્સ તો જાણે કંઈ જ ન થયું હોય એમ ખડખડાટ હસી પડ્યાં.

''ક્યા કરે મેડમ, ફૌજ કી ડ્યુટી કરતે કરતે બાલ કબ પક ગયે પતા હી નહિ ચલા...'' એમણે હસતાં હસતાં કહ્યું.

''અચ્છા હૈ... બાલ કે સાથ સાથ અકલ ભી પક ગયી હોગી ના... ઇસ ફૂલ સી બચ્ચી કા ખયાલ રખના. બેટા, ઘબરાઓ મત. કુછ નહિ હુઆ હૈ. શિપ મેં પહેલી બાર સફર કર રહી હો ના? સી સિક તો હોગા હી.''

એ નર્સે ખૂબ આત્મીયતાથી કહ્યું અને થોડી વાર મને ત્યાં જ રહેવાની સૂચના આપીને જતાં રહ્યાં. ફૌજી લોકો નાની નાની વાતમાં કઈ રીતે રમૂજ શોધી લે એ વાતનો પહેલો પુરાવો મને મળી ચૂક્યો હતો. નર્સ ગયાં અને એમણે મારો હાથ પકડીને પૂછ્યું; ''હવે તો તારે પેલું ગીત સંભળાવવું જ પડશે! આજે તો ઓફિશિયલી મને 'બુઢ્ઢો' ડિક્લેર કરી દેવામાં આવ્યો છે!''

ઉપરની ઘટના બની એના થોડા દિવસ પહેલાંની જ વાત. મારા લગ્ન પછી તરત જ ઇન્ડિયન નૌસેનામાં ફરજ બજાવતા મારા પતિદેવનો ટ્રાન્સફર ઓર્ડર નીકળ્યો. પોસ્ટિંગ હતું, આંદામાન નિકોબાર આઈલેન્ડનું મુખ્ય શહેર પોર્ટ બ્લેર. અને સામાન બાંધવાની તૈયારીઓ શરૂ થઈ. અમે કોઈ ટૂર પર તો જતાં નહોતાં કે બસ, કપડાં અને બીજી જરૂરી વસ્તુઓ લઈ લીધી એટલે પેકિંગ ખતમ. આ તો એક સાવ નવી જગ્યાએ જઈને ઘર વસાવવાની વાત હતી. રસોડાની નાનામાં નાની વસ્તુથી લઈને ટી.વી. પણ સામાનમાં જ બાંધવામાં આવ્યું. હું તો અક્ષરશઃ મારાં સાસુની સૂચનાઓનું પાલન કરતી હતી. એ જે કહે એ બધું જ એક મોટા એવા બોક્સમાં મૂકતી જતી હતી. બોક્સ પણ ખાસ ટ્રાન્સફર માટે જ ખરીદવામાં આવેલું. એલ્યુમિનિયમનું ખાસું એવું વજનદાર બોક્સ. પહેલાં તો મને કહેવાનું મન થયું, 'આમાં તે કંઈ સામાન ભરાતો હશે?' પણ પછી થયું, નવી વહુનો સૌથી પહેલો ગુણ 'ન બોલવામાં નવ ગુણ' પકડી રાખવામાં જ ભલાઈ છે!

'પોર્ટ બ્લેર જઈશ તો જહાજમાં જ...' મારી આવી જીદને માન આપીને મારા પતિદેવે જહાજની ટિકિટો બુક કરાવી જ રાખી હતી. જહાજમાં

બેસવાની વાતથી જ હું તો એટલી ખુશ હતી કે રોજ રાતે સપનામાં પણ એની મુસાફરી કરી લેતી હતી. અને છેવટે એ દિવસ પણ આવી પહોંચ્યો. ચેન્નાઈથી અમારી શિપ ઊપડવાની હતી. 'ટાઈટેનિક' ફિલ્મના જહાજને જાણે નજર સમક્ષ જોતી હોઉં એવી લાગણી થઈ આવી હતી મને. હું તો ખુશીથી આખા જહાજનાં ચક્કર મારતી ઊછળતી હતી. પણ જેવું જહાજ ઊપડ્યું, બધી ખુશી ક્યાંય ઊડી ગઈ. પેટમાં એવો ચૂંથારો થાય કે વાત ન પૂછો! કોઈ મોટાબધા ચકડોળમાં કલાક બેસી આવી હોઉં અને માથું જેમ ચકરાવે ચડે એમ આજુબાજુ બધું ગોળ ગોળ જ ફર્યા કરે! હું તો સમજી જ નહોતી શકતી કે આ મને શું થઈ રહ્યું છે. મારા પતિ, મારાં સાસુ-સસરા, મારી નણંદ- એ બધાં એકદમ સ્વસ્થ અને મારી તો હાલત ખરાબ...

''તને એટલે જ ના પડતો હતો કે શિપમાં જવાનો મોહ ન રાખ... પણ મારું માને કોણ?'' મારા પતિએ મને સમજાવતાં કહ્યું.

''અરે પણ મને શું ખબર મને આવું થશે? તમને કોઈને તો આવું કંઈ થતું નથી? મને જ શું કામ?'' હું સાચે જ ડરી ગઈ હતી. એક તો લગ્ન પછી મમ્મી-પપ્પાથી આટલે દૂર જવાનું દુઃખ તો હતું જ એમાં વળી આ કૈંક અજબ પ્રકારની મુસીબત શરૂ થઈ ગઈ હતી.

''રિલેક્સ, કંઈ નથી. કોઈ કોઈને આવું થાય. સી સિકનેસ કહેવાય આને. ધીરે ધીરે ઠીક થઈ જશે.''

પણ મારી હાલત ઠીક થવાને બદલે બગડતી ગઈ. કંઈ પણ ખવાતું નહોતું. ફરજિયાત સૂઈ જ રહેવું પડતું હતું. પાણી પીવા પણ ઊભી થાઉં એટલે ચક્કર શરૂ. કેટલાં સપનાંઓ જોયાં હતાં! શિપમાં જઈને આમ કરીશ, ડેક પર ઊભી રહીને મસ્ત ફોટા પડાવીશ... એ પણ ટાઈટેનિક પોઝમાં... એ બધાં પર દરિયાનું પાણી ફરી ગયું હતું..... શિપની સફરના બીજા જ દિવસે મને મેડિકલ રૂમમાં લઈ જવી પડી. મારા પતિ મહાશય પોતાનાથી બનતી બધી જ કોશિશ કરતા હતા મને ખુશ રાખવાની. પેલી 'બુદ્ધા હસબન્ડ'ની રમૂજ પણ એમાંનો જ એક હિસ્સો હતી એ મને ખબર પડી ગઈ હતી. પોતાના પર હસીને પણ સામેવાળાને કઈ રીતે ખુશ રાખવા એ હું ત્યારે એમની પાસેથી શીખી.

જેમ તેમ કરીને જહાજની એ ભયાનક સફરના પાંચ દિવસો પૂરા કર્યા. ત્યારે જ નક્કી કરી નાખ્યું કે શિપને તો દૂરથી જ નમસ્કાર કરવા. પણ એ દિવસે મને ખ્યાલ આવ્યો કે મારા પતિ અને એમના જેવા બીજા નૌ-સૈનિક કેવી પરિસ્થિતિઓમાં પોતાની

ફરજ નિભાવતા હશે. ભગવાનનો પાડ કે અમારી સફર દરમિયાન દરિયો પ્રમાણમાં શાંત જ રહ્યો હતો. આવા શાંત પાણીમાં પણ જો હું ઊભી નહોતી રહી શકતી તો જ્યારે દરિયો તોફાની બને તો શું થાય? દરિયાની એ સફરે મારા મનમાં મારા પતિનું સ્થાન વેંત એક ઊંચું કરી દીધું.

પોર્ટ બ્લેરના દિવસો બહુ જલદીથી પસાર થતા હતા. મોબાઈલ ફોનની લક્ઝરી હજી પરવડે એવી નહોતી એટલે પંદર દિવસે એક વાર મારા ઘરે એસ.ટી.ડી. પર વાત થતી હતી. મારી મમ્મી તો એ માનવા જ તૈયાર નહોતી કે હું શાક લેવા જવાથી લઈને લાઈટ બિલ ભરવા સુધીનાં બધાં જ કામ જાતે કરું છું! જે છોકરીને તુવેર દાળ અને ચણા દાળનો ફરક ખબર ન હોય એ અચાનક ઘર ચલાવવા માંડે તો ઝટકો તો લાગે જને! સાચું કહું તો મને પણ નવાઈ લાગતી હતી. શાકભાજીના ભાવતાલ કરવા, કરિયાણું લાવવું, બહારનાં કામો સમયસર પૂરાં કરવાં... આ બધું જ પાછું એવી જગ્યાએ જ્યાંની ભાષા પણ મારા માટે અજાણી હતી. ખબર નહિ કયા બળે હું આ બધું જ કરે જતી હતી... ભૂલો ખૂબ થતી હતી. ક્યારેક રસોઈ બરાબર ન બની હોય તો ક્યારેક ઘરમાં અમુક વસ્તુ જ ન મળે. પરંતુ આ બધા સમય દરમિયાન મારા પતિદેવ હંમેશાં મારી સાથે રહ્યા. ક્યારેક દોસ્ત બનીને તો ક્યારેક માર્ગદર્શક બનીને. ગુજરાતના નાના એવા શહેર રાજકોટની એક ગભરુ છોકરી ધીરે ધીરે ઘડાઈ રહી હતી, ઘરગૃહસ્થીનાં પગથિયાં ચડવા માટે.

એ પછીની ટ્રાન્સફર આવી મુંબઈ. નોકિયાનો સાદો મોબાઈલ હવે અમે ખરીદી લીધો હતો. ફરી પાછું પેકિંગ ચાલુ થયું. આ વખતે મારે એકલીએ જ લડવાનું હતું. એલ્યુમિનિયમનાં બે મોટાં બોક્સ ફરી પાછાં ભરવાનાં હતાં. મારા ઘેર તો મારાં કપડાંની બેગ પણ મારી મમ્મી જ પેક કરી આપતી અને અહીંયાં તો આખું ઘર પાછું સમેટવાનું હતું. સામાન તો જેટલો લાવ્યા હતા એટલો જ હતો, પણ મેં કૈંક એવી રીતે પેકિંગની શરૂઆત કરી કે મોટાં બે બોક્સમાં પણ સામાન ભરાયો નહિ. 'સામાનની જવાબદારી મારી પર નાખી દો. હું કરી લઈશ..' મોટાભા બનવાની કોશિશ તો કરી પણ હવે શું? ફરી પાછો બધો સામાન બંનેએ મળીને ખાલી કર્યો અને નવેસરથી પેકિંગ ચાલુ કર્યું. ત્યારે જ સમજાયું કે સામાન ખાલી કરીને ફરી પાછો 'જૈસે થે' એવી જ રીતે ભરવો એ કંઈ નાનીસૂની વાત નથી.

'ડોન્ટ વરી. ધીરે ધીરે તું ટેવાઈ જઈશ.' મારા પતિદેવે ડપકું મૂક્યું. અને એમની વાત સાચી પણ પડી.

ઢગલાબંધ ટ્રાન્સફરનો અનુભવ લીધા બાદ આજે હું પેકિંગ-અનપેકિંગની કળામાં માહિર થઈ ગઈ છું. ફક્ત ત્રણ કલાકમાં સામાન સમેટીને ઘરને ક્વાર્ટરમાં અને ફરી કોઈ બીજા ક્વાર્ટરને સામાન ગોઠવીને ઘર બનાવી શકું છું. તમને લાગશે, એમાં શું મોટી ધાડ મારી? પણ મારા માટે આ સિદ્ધિ એ કંઈ નાનીસૂની વાત નથી. ખેર, તે દિવસે તો જેમ તેમ કરીને સામાન સમાવ્યો અને પોર્ટ બ્લેરને અલવિદા કહીને અમે મુંબઈ રવાના થયાં.

મુંબઈનો કોલાબા એરિયા અને ત્યાંની ટાઉનશિપ નેવી નગર. મારા મનમાં મુંબઈના અમુક વિસ્તારો કે જે ગુજરાતમાં જાણીતા હતા, એની જે છાપ હતી એનાથી સાવ વિપરીત. ખૂબ વિશાળ અને સુંદર. પ્રવેશદ્વાર પર જ કડક ચોકીપહેરો. આઈ કાર્ડ વિના કોઈ જ અંદર ન જઈ શકે. અંદર પહોંચતાં જ એવું લાગ્યું જાણે હું કોઈ નવી જગ્યાએ નહિ પણ એક નવી દુનિયામાં જ આવી ગઈ છું. મારી આ અનુભૂતિ ખરેખર સાચી પડવાની હતી એ મને ત્યારે ખબર નહોતી.

ચૌદ માળનાં મોટાં બિલ્ડિંગ. બધાં બિલ્ડિંગોને અલગ અલગ નામ આપેલાં. જેમ કે R-1થી લઈને R-35 સુધી. બીજાં નાનાં ચાર માળનાં બિલ્ડિંગ ''આશા બિલ્ડિંગ'' તરીકે ઓળખાતાં. હું તો ચકિત થઈને જોતી જ રહી હતી.

મુંબઈ એ નેવીનું મુખ્ય મથક ગણાતું. એટલે અહીંયાં બાકી બધા બેઝ કરતાં નૌ-સૈનિકોની સંખ્યા ખૂબ વધારે રહેતી. આટલા મોટા પ્રમાણમાં ક્વાર્ટર હોવા છતાં અહીંયાં રહેવાની હંમેશાં અગવડ પડતી. કોઈની ને કોઈની સાથે ક્વાર્ટર 'શેર' કરવું પડતું! હા, વિચિત્ર લાગેને? મકાન કોઈ વહેંચે? અને શેરિંગ પણ કેવું? એક જ ફ્લેટમાં બે પરિવાર રહે. જેનો ફ્લેટ હોય એ રાજા. જે શેરિંગમાં રહેતું હોય એ ભાડુઆત. 2 બીએચકેના ફ્લેટમાં ભાડુઆતને એક રૂમ અને ટોઈલેટ બાથરૂમ વાપરવા મળે. બાકીનો બધો એરિયા મકાન માલિકનો. એ એક નાનો એવો રૂમ સમય અનુસાર અલગ અલગ લેબલ બદલતો રહે... રસોઈના ટાઈમે રસોડું, મહેમાન આવે ત્યારે ડ્રોઈંગ રૂમ અને સૂતી વખતે બેડરૂમ. શેરિંગમાં રહેવું પડશે એવી વાત મને મારા પતિએ કરેલી, પણ ખરેખર શેરિંગ એટલે શું એ ત્યારે નહોતું સમજાયું. ક્યાં મારા પિયર અને સાસરીનાં મોટાં ઘર અને ક્યાં આ નાની એવી રૂમ? (ઓરડી શબ્દ જાણી જોઈને નથી વાપરતી!)

''આપણે પોર્ટ બ્લેરની જેમ ક્યાંક બહાર ભાડે રહીએ તો?'' ક્વાર્ટરમાં પગ મૂકતાંવેંત મેં મારી મૂંઝવણ રજૂ કરી. મારા આ નાનકડા સવાલના જવાબમાં એમણે કોલાબા એરિયામાં એક સ્ક્વેર ફૂટના શું ભાવ ચાલે છે

ત્યાંથી માંડીને નેવી નગરમાં રહેવાથી શું શું ફાયદાઓ થાય એ બધું જ કહી દીધું! એ બધાનો નિચોડ એ હતો કે મારે એ નાના એવા રૂમમાં જ હવે પછીની ગૃહસ્થી માંડવાની છે. આમ જુઓ તો મુંબઈ જેવા શહેરમાં, કોલાબા એરિયામાં એક નાની રૂમ મળવી પણ બહુ મોટી વાત કહેવાય. પેલી 'નવીન દુનિયા'ની લાગણી ધીરે ધીરે પ્રબળ બનતી જતી હતી.

અમારાં મકાનમાલકિન કોઈ બંગાળી હતાં. પ્રોતિમા નામ હતું એમનું. જે દિવસે આવ્યાં એ આખો દિવસ તો રૂમ ગોઠવવામાં ગયો. સાંજે આખા નેવી નગરનું ચક્કર લગાવી આવ્યાં. બીજે દિવસે એમને ડ્યુટી જોઈન કરવાની હતી. સવારના સાત વાગતા સુધીમાં તો એ ટિફિન લઈને નીકળી ગયા. થોડુંઘણું ઘરનું કામ પતાવીને હું બેઠી હતી કે ત્યાં જ બે છોકરીઓ રૂમમાં દોડતી આવી.

''આંટી, આંટી. હમારે સાથ ખેલીએના?''

પહેલાં તો મને ખબર જ ન પડી કે એ લોકો મારી સાથે વાત કરે છે! ઘડીભર તો કહેવાનું મન થયું, 'આંટી મત કહો ના!' મારી ઉંમર અચાનક જ દસ વર્ષ વધી ગઈ હોય એવું લાગ્યું. ''સ્ત્રીઓએ તો અનેક અવતાર ધારણ કરવા પડે, દીકરી'' મારાં દાદીમાની કહેલી વાતનો સાક્ષાત્કાર મને આટલો જલદી થશે એ નહોતી ખબર! પળવારમાં યુવતીમાંથી ''આંટી''નું સ્વરૂપ લઈ લીધું હતું મેં... ખેર, થોડી વાર એમની સાથે વાતો કરી તો પેલી 'અજબ લાગણી' ક્યાંય જતી રહી. ત્યાં એમનાં મમ્મી, મારાં 'ક્વાર્ટર ઓનર' પણ આવ્યાં. ખરી મુશ્કેલી હવે શરૂ થઈ. એમને ગુજરાતી ન આવડે અને મને બંગાળી. પોર્ટ બ્લેરમાં રહીને મારું હિન્દી થોડું ઘણું સુધર્યું હતું, પણ હજી ઘણા લોચા પડતા હતા. બાવા હિન્દીમાં જેવું આવડ્યું એવું બોલવાનું શરૂ કર્યું. ખબર નહિ પણ એ થોડાં નારાજ દેખાતાં હતાં. એમની નારાજગીનું કારણ મને મારા પતિદેવ ઘેર આવ્યા ત્યારે જ ખબર પડી.

નેવી નગરના રિવાજ અનુસાર ક્વાર્ટર ઓનર જો તમારા રૂમમાં બેસવા આવે તો તમારે એને ચાપાણી નાસ્તાનો વિવેક કરવો જ પડે. આખરે એમનું ક્વાર્ટર અને તમે ભાડુઆત! મને તો ત્યારે એવું કંઈ સૂજ્યું જ નહિ. એ કંઈ મહેમાન થોડાં હતાં? પોતાના રૂમમાંથી મારા રૂમમાં વાતો કરવા જ આવ્યાં હતાંને. મને ત્યારે મારી મમ્મીની ઢગલો શિખામણો યાદ આવી ગઈ.. સાસરીમાં આમ કરવું ને આમ ન કરવું, અમુક જ વાત બોલાય ને ઘણી વાતો મનમાં જ રખાય... ને એવું તો ઘણું બધું. પણ અફસોસ! અહીંયાં નેવી નગરના શેરિંગમાં એમની એક

પણ શિખામણ કામ ન આવી. મારી માનેય ક્યાં ખબર હશે કે એની લાડકી દીકરી નવી જગ્યાએ નહિ એક નવી જ દુનિયામાં આવી પહોંચી છે, જ્યાં એણે હવે જાતે જ તૈયાર થવાનું છે.

પ્રોતિમાભાભીનું શું થયું પછી? અરે તે દિવસે સાંજે એમને જમવા નોતર્યાં ત્યારે એમની નારાજગી દૂર થઈ. રાતે થાકીને લોથ થઈને સૂતી ત્યાં તો અચાનક જ સાઈરન વાગી. ઊંઘમાંથી ઝબકીને જોયું તો રાતના બે વાગ્યા હતા. મારા પતિદેવ યુનિફૉર્મ પહેરીને તૈયાર થઈ રહ્યા હતા.

''જનરલ રીકોલ છે. મારે અડધા જ કલાકમાં જહાજ પર પહોંચવાનું છે.'' એમણે કહ્યું. મારા પતિદેવની પોસ્ટિંગ યુદ્ધજહાજ પર હતી. વેસ્ટર્ન ફ્લિટનાં બધાં જ યુદ્ધજહાજો હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યાં હતાં. અચાનક જ ચિંતા અને અમંગળ આશંકાઓથી મારું મન ભરાઈ ગયું. મન તો થતું હતું દોડીને એમને વળગી પડું અને ક્યાંય ન જવા દઉં, પણ જાણે પગમાંથી ચેતન જ હણાઈ ગયું હોય એમ સ્થિતપ્રજ્ઞની જેમ ખોડાઈ ગયા હતા. આ બધા સમય દરમિયાન એ મને સૂચનાઓ અને આશ્વાસન આપતા રહ્યા, પણ મારી બધી જ ઇન્દ્રિયોએ જાણે કામ કરવાનું બંધ કરી દીધું હતું. એમનો એક પણ શબ્દ મારા કાને નહોતો પહોંચતો. પાંચમી મિનિટે એ મને ભેટીને પાછળ પણ જોયા વિના બહાર નીકળી ગયા. થોડી વારે મને કળ વળી અને હું દોડીને દરવાજા પાસે ગઈ. રાતનો અંધકાર પણ જાણે મારી મનઃસ્થિતિનો પડઘો પડતો હોય એમ ભેંકાર ભાસતો હતો. હું મારું રડવું ન રોકી શકી. પ્રોતિમાભાભી અને એમના હસબન્ડ દોડતાં બહાર આવ્યાં. એ રાતે નેવી નગરના R - 17 ક્વાર્ટરના આઠમા માળે બે અલગ અલગ રાજ્યની સરહદ જાણે એકમેકમાં ઓગળી ગઈ. હું રડતાં રડતાં ગુજરાતીમાં ઘણું બધું બોલતી જતી હતી અને પ્રોતિમાભાભી પણ એમની બાંગ્લા બોલીમાં રડતાં રડતાં મને હિંમત આપતાં હતાં. પરિસ્થિતિની એક જ નાવમાં સવાર બે અલગ પ્રાંતની સ્ત્રીઓ વચ્ચેની ભાષાની દીવાલ તૂટી ગઈ હતી. એ આખી રાત એ મારી સાથે સૂતાં. બીજા દિવસની સવાર અમારા માટે એક નવો જ સંબંધ લઈને ઊગી હતી.

''શોના...શોના...'' ભાભીના અવાજથી મારી ઊંઘ ખૂલી. રડી રડીને સૂજી ગયેલી આંખો અને ચિંતાને કારણે માથું પકડાઈ ગયું હતું. જેવી આંખ ખૂલી કે ફરી પાછી એકલતા ઘેરી વળી. એવું નહોતું કે આ પહેલાં મેં ક્યારેય એકલા રાત ન વિતાવી હોય. પોર્ટ બ્લેરમાં પણ એમની નાઈટ ડ્યુટી લાગતી ત્યારે એકલી રહી જ છું, પરંતુ એ એક રાત પૂરતી એકલતા અત્યારની અનિશ્ચિત

સમયની એકલતા કરતાં ક્યાંય સારી લાગી રહી હતી. ભાભીના હસબન્ડ નેવી નગરમાં જ એડમિન ડ્યુટીમાં હતા એટલે રવિવાર હોવાથી એ ઘેર જ હતા. ભાભી અને બંને દીકરીઓ સાથે એમને હસતા, વાતો કરતા જોઈને ખબર નહિ કેમ મને ભાભીની ઈર્ષા થઈ આવી. 'એ પણ ક્યારેક સેઈલિંગ ગયા હશે, ત્યારે ભાભી પણ મારી જેમ જ એકલાં રહ્યાં હશે...' આ બધું મને અત્યારે સમજાય છે. મમ્મીપપ્પાથી દૂર હોસ્ટેલમાં રહેવું ન પડે ફક્ત એ કારણથી મેડિકલમાં મળતું એડમિશન પણ મેં જતું કર્યું હતું. અને અત્યારે? સાવ અજાણી એવી જગ્યા, અજાણ્યા લોકો વચ્ચે મારા પતિદેવ મને મૂકીને ચાલ્યા ગયા હતા. સાવ નિઃસહાય એવી હું શું કરવું ને શું નહિ એ જ અવઢવમાં આંસુ સારતી આખો દિવસ મારા સેલ ફોનને હાથમાં લઈને બેસી રહી, એમના એક ફોનની રાહમાં. ફોનની એક રિંગ સાંભળવા મારા કાન તરસી રહ્યા, પણ એ મશીન જડવત બનીને મારી હાંસી ઉડાવતું મૌન જ રહ્યું.

પછીના દિવસે સવાર સવારમાં જ બેત્રણ લેડીઝ મારે ત્યાં આવી. મારા પતિની જ શિપમાં એની સાથે કામ કરતા એના બેચમેટની પત્નીઓ તરીકે એમણે પોતાની ઓળખાણ આપી. એમણે કહ્યું પણ ખરા કે મારા પતિએ મને રાતે ફોન કરવાની કોશિશ કરી હતી પણ મારો ફોન સ્વિચ ઓફ્ફ આવતો હતો. મેં તરત જ જોયું તો ખ્યાલ આવ્યો આખો દિવસ ફોનને તાકવામાં હું એને ચાર્જ કરવો જ ભૂલી ગઈ હતી એટલે એ બંધ થઈ ગયો હતો. મને મારી જાત પર આટલો ગુસ્સો ક્યારેય નથી આવ્યો જેટલો તે દિવસે આવ્યો હતો. મારે થોડા દિવસ એમના કવાર્ટરમાં રહેવાનું હતું. હું અચકાતી એમની સાથે ગઈ. ત્યાં જઈને જોયું તો બીજી બે લેડીઝ પણ ત્યાં જ હતી. અમે કુલ પાંચ ફેમિલી એક જ ક્વાર્ટરમાં સાથે રહેવા લાગ્યાં. બધાના પતિદેવો એક જ શિપમાં હતા.

સાચું કહું, ત્યાં જવાથી મને ઘણું સારું લાગ્યું. મારા ક્વાર્ટરમાં રહી હોત તો રોજ રોજ ભાભીના હસબન્ડને ઘેર આવતા જોઈને ઈર્ષાથી બળી મરત, પરંતુ અહીંયાં તો બધાં જ સમદુખિયાં. બધાંના પતિદેવો સેઈલિંગ પર. તે દિવસે પહેલી વાર માનવ મનની નબળી કડી વિષે ખબર પડી. પોતાના દુઃખમાં અજાણ્યાનું સુખ પણ કાંટાની જેમ ખૂંચે, પણ તમારા જેવી જ હાલતમાંથી પસાર થઈ રહેલા ન જાણીતા ચહેરાઓ પોતીકા લાગવા માંડે.

અમે બધી સ્ત્રીઓ દિવસ આખો પ્રાર્થના કરવામાં અને રાહ જોવામાં પસાર કરતી. ક્યારેક ક્યારેક નજીકની

ફેશન સ્ટ્રીટમાં આંટો પણ મારી આવતી. ભારતના અલગ અલગ ખૂણેથી, જુદી જુદી સંસ્કૃતિમાં રહેલી પાંચ સ્ત્રીઓ ફક્ત એક તાંતણે બંધાઈને દિવસો પસાર કરી રહી હતી. અમે બધાં જ એકબીજાને પહેલી જ વાર મળી રહ્યાં હતાં. ભાષા, રહેણી-કરણી, રીતભાત બધું જ અલગ, છતાં એક સેતુ અમને બધાંને બાંધી રહ્યો હતો. પ્રજ્ઞા અને પૂર્ણિમા મહારાષ્ટ્રની, ક્રિષ્ણા ગુડગાંવથી, પિન્કી હરિયાણાથી અને હું ગુજરાતથી. બધાં જ એકબીજાને સધિયારો આપતાં દિવસો વિતાવી રહ્યાં હતાં. ધીરે ધીરે હું પણ મારી જાતને નેવી નગરમાં ગોઠવી રહી હતી.

મારા પતિદેવને ગયે ઘણા દિવસો થઈ ગયા હતા અને એમના કંઈ ખબર હજી સુધી મળ્યા નહોતા. એવામાં એક રાતે, મારી ફ્રેન્ડના ઘરની ડોરબેલ વાગી. હું દોડીને દરવાજો ખોલવા ગઈ. સામે જ એમને જોતાં એને વળગીને રડી પડી. થોડી વાર કોઈ કંઈ જ ન બોલ્યું અને અચાનક એક સાથે બધાંનો ગાવાનો અવાજ આવ્યો...

'મૈં કા કરું રામ, મુઝે બુઢ્ઢા મિલ ગયા!! હાય, મૈં કા કરું રામ, મુઝે બુઢ્ઢા મિલ ગયા!!'

અમે બંનેએ ચોંકીને જોયું તો મારા પતિના બધા જ બેચમેટ અને મારી બધી જ ફ્રેન્ડ્સ અમારી આસપાસ ઘેરો વળીને જોરશોરથી આ ગીત ગાઈ રહ્યાં હતાં. મેં ચમકીને મારા પતિ સામે જોયું. મારી નજરમાં ચોખ્ખો અણગમો હતો. 'આ લોકોને કેમ ખબર પડી?' હું પૂછી રહી હતી.

થયું હતું એવું કે પેલાં નેપાળી નર્સ જે અમને પોર્ટ બ્લેર જતી વખતે જહાજમાં મળ્યાં હતાં, એમનું પોસ્ટિંગ મારા પતિની જ શિપમાં થયું હતું. જેવા એમણે મારા પતિને જોયા કે એમને પેલી 'બુઢ્ઢા હસબન્ડ'ની વાત યાદ આવી ગઈ. પછી તો શું હતું, આખી શિપમાં તે દિવસના બનાવની વિગત પ્રસરી ગઈ. ત્યારથી એમને બધા તક મળે ત્યારે ચીડવી લેતા. એક દિવસ મસ્તી મસ્તીમાં મારા પતિએ પણ આ ગીતની વાત એના દોસ્તોને કરી દીધી. બસ, પછી તો થઈ રહ્યું. બધાએ પ્લાન બનાવી દીધો મને ચીડવવાનો.

તે દિવસ પછી અમારા દરેક ગેટ ટુગેધરમાં આ ગીત ખાસ ગાવામાં આવતું. મારા દીકરાનો પહેલો બર્થડે હોય કે દિવાળીનું સેલિબ્રેશન. અરે ખાલી ખાલી રવિવારે બધા ભેગા થયા હોય તો પણ આ ગીત તો ગાવામાં જ આવતું. કહેવાની જરૂર ખરી કે ગાવાની શરૂઆત હંમેશાં હું જ કરતી! અલબત્ત દર વખતે મારી આંખોમાં એ જ તાજી પરણેલી નવોઢા જેવી શરમની લાલી આવી જતી!

❑❑❑



વાચન શા માટે?

☐ વિરાફ કાપડિયા

બે પેઢીઓથી વધુ સમય પહેલાં અમેરિકન શિક્ષણ ઉપર સૌથી મહત્ત્વનું પુસ્તક પ્રકાશિત થયું અને ખાસ્સો ખળભળાટ મચાવી ગયું. લેખક હતો નાઝી કબજાના વિએનાથી નાસી અમેરિકા આવનાર અને કોલમ્બિયા યુનિવર્સિટીમાં પીએચ.ડી. મેળવનાર રુડોલ્ફ ફ્લાઇશ, શીર્ષક હતું Why Johnny Can't Read. એમાં ફ્લાઇશે સમજાવ્યું હતું કે અમેરિકન સ્કૂલનાં આટલાં બધાં બાળકો શા માટે પાધરું વાંચી શકતાં નથી. ખેર, ખાસ્સો ખળભળાટ તો થયો અને તત્પશ્ચાત્ ઘણો સમય વીતી ગયો; અડધી સદી પછી ફ્લાઇશે નવું પુસ્તક લખ્યું, Why Johnny Still Can't Read.

આપણે અમેરિકન શિક્ષણપદ્ધતિની વિવિધ ચળવળોની રંગબેરંગી બધી જ વાતો જવા દઈએ અને સવાલ પૂછીએઃ હાલનાં વર્ષોમાં જોહ્નીની હાલત શી છે? જવાબ મળે છે, ઠીક. અમેરિકાના બાળશિક્ષણ માટે ચિંતિત એક વેબસાઇટ સવાલ કરે છેઃ *તમે જાણો છો ચોથા ધોરણમાં ભણતાં ત્રીજા ભાગનાં બાળકો જ બરાબર વાંચી શકતાં હોય છે? ચોથા ધોરણ*

સુધીમાં જોઈતી વાચનશક્તિ ન કેળવાય તો તે બાદ ક્યારેય પહોંચી વળવું બનવાજોગ નથી. ૧૫-વર્ષીય બાળકોની વાચનશક્તિની તપાસણી કરનારા એક આંતરરાષ્ટ્રીય સર્વેમાં અમેરિકાનાં બાળકો ઉચ્ચતમ તેમ જ નિમ્નતમ બન્ને કક્ષામાં આવ્યાં. સર્વેમાંથી જણાયું કે ઉચ્ચતમ અને નિમ્નતમ વાચકો વચ્ચેનો તફાવત અમેરિકન બાળકોમાં સૌથી વધારે છે.

અહીં અમેરિકા જેવા આગળ પડતા દેશમાં વાચનની નબળી પરિસ્થિતિનો ઉલ્લેખ એક ઉદાહરણ તરીકે જ થયો છે. વાસ્તવમાં એ પરિસ્થિતિ વધતેઘટતે અંશે ભારતમાં અને જગતના બીજા દેશોમાં પણ જરૂર પ્રવર્તે છે.

આ બધું સ્પષ્ટ કરે છે કે બહુજન સમાજમાં જન્મપ્રાપ્ત ભાષાની સમજણ અને વાચનશક્તિ હજી જોઈએ તેટલા પ્રમાણમાં વિકસિત થઈ નથી. શિક્ષણપદ્ધતિના ટીકાકારો એનો દોષ દેખાડતાં કહે છે કે આપણે બૌદ્ધિક વિકાસ પર ઓછો ભાર અને સામાજિક ને શારીરિક વિકાસ પર વધુ ભાર મૂકીએ છીએ. તેઓ કહે છે કે શૈક્ષણિક વહીવટદારો ટેક્નોલૉજી પર અને માનસશાસ્ત્રના લોકપ્રિય વિચારો પર વારી ગયા છે, તેથી ભાષાજ્ઞાનનું શિક્ષણ પાછળ રહી ગયું છે.

કારણો ગમે તે હોય, એક એવી માન્યતા ઘર કરી ગયેલી લાગે છે કે વાંચવા-લખવાની પ્રાથમિક આવડતથી વધારે જાણવું બહુ અગત્યનું નથી. એથીયે ઓછા મહત્ત્વની જણાય છે વાંચવા-લખવાની વિશેષ આવડત, કે જેનાથી આપણે ઊંચી કક્ષાનાં પુસ્તકો અને સામયિકો ગ્રહણ કરી શકીએ અને આહ્‌લાદ મેળવી શકીએ.

વ્યાવસાયિક આવશ્યકતા ઉપરાંતનું વાચન સારી રોજી રળવા માટે જરૂરી નથી લાગતું. નોકરીધંધાના વધતા જતા વિશેષીકરણે નિયમિત પુસ્તકો વાંચવાથી મળતા સામાન્ય જ્ઞાનનું મહત્ત્વ ઝાંખું કરી નાખ્યું છે. પોતાને સુવિકસિત વ્યક્તિ બનાવવાની વાત જવા દઈએ, માત્ર સૂચનો અનુસરવા ને માહિતી મેળવવા માટે પણ પહેલાં જેટલું વાંચવું આવશ્યક નથી રહ્યું. કોમ્પ્યુટરે અને ઇન્ટરનેટે જોઈતી જાણકારી તરત અને વિવિધ રૂપે પૂરી પાડીને પહેલાં જે છપાઈમાં જ મળતું હતું તેનું અવલંબન ઓછું કરી નાખ્યું છે.

કહી શકાય કે વાચન લખાણ સાથે સીધો સંબંધ ધરાવે છે, અને ઘણાં વ્યાવસાયિક કામો બરાબર બજાવવા સારી રીતે લખી શકવું જરૂરી છે. પણ અહીં પણ કમ્પ્યુટર સોફ્ટવેર સુલભ છે, જે ભાષાની ભૂલો સુધારી આપે છે. વળી, ઘણું લખવું પણ ક્યાં જરૂરી જણાય છે? લોકો અમુક કામકાજને છોડીને પરસ્પર પત્રો લખવાનું સાહસ પણ કરતા નથી. ઇમેઇલ અને ફોન

ઉપર સંદેશાઓ મોકલી દેવાનું ઘણું સહેલું થઈ ગયું છે. ઇમેલઇમાં વાક્યોને અને શબ્દોને ટૂંકાવવાના કીમિયાઓ પણ બહુ પ્રચલિત છે. આ સંક્ષેપીકરણ ઘણી વાર તો જોડણી-વ્યાકરણનું અજ્ઞાન સંતાડવાની આડ બની જતું લાગે છે.

આમજનતામાં પણ ભાષાના આભિજાત્યને આગલી હરોળમાં બેસવા મળતું નથી. સુવિકસિત શિક્ષણ સામાજિક પ્રતિષ્ઠા મેળવવાનું પગથિયું નથી રહ્યું. બહોળા વાચનથી જે અભિવ્યક્તિની પ્રવાહિતા મળે છે તેનું સમાજમાં ખાસ મૂલ્ય જણાતું નથી. લોકવલણ એવું છે કે સામાજિક સ્વીકૃતિના ઉદ્દેશથી પ્રેરાઈને પણ કોઈ પુસ્તકાદિ વાંચવા ખાસ પ્રોત્સાહિત થતું નથી.

એક સમયે વાચનથી વિકસેલું શબ્દજ્ઞાન પરિચિતો વચ્ચે મૂર્ખ ઠર્યા વિના પોતાને અભિવ્યક્ત કરવા જરૂરી ગણાતું હતું. ગરબડિયું વ્યાકરણ, અશ્લીલતા અને બીભત્સતા પણ જે સહેલાઈથી શિષ્ટ ગણાતી વાતચીતમાં નભાવી લેવામાં આવે છે તેણે વાક્-ચોકસાઈની આવશ્યકતા ઘટાડી દીધી છે. આપણે સૌએ કોઈ ને કોઈ પ્રસંગે પ્રમાણ્યું હશે તેમ, બે-ચાર ગલીચ શબ્દો વ્યાકરણનાં વિભિન્ન રૂપોમાં ગોઠવાઈને વાણીનો ઘણો વિસ્તાર ઠેકી શકે છે.

ઘણી વાર તો સંપન્ન શબ્દભંડાર અને વિસ્તૃત જ્ઞાનનો વપરાશ સમાનતાના આ યુગમાં દંભી ઉચ્ચતાનો દાવો ગણી લેવામાં આવે છે. જેઓ ભાષાને વાપરી જાણે છે તેઓ તેમ કરતાં અચકાય છે કે રખેને અહંમન્યતાનો આરોપ આપવામાં આવે.

ઉપરાંત, શારીરિક સ્વસ્થતા પ્રત્યેની તમા વિશેષ વધી ગઈ છે. પહેલાં જે દોષરહિત ગણાતી હતી તે બેસીને વાંચવાની પ્રવૃત્તિને કિંચિત્ ઠપકાની નજરે જોવામાં આવે છે. લોકો ખૂબ વિચારવા લાગ્યા છે કે આહાર અને બીજી પ્રવૃત્તિઓમાં પોતાને માટે ‘સારું’ શું છે - શું એવી બેઠાડુ પ્રવૃત્તિમાં પરોવાઈ રહેવું સારું કે પછી દોડવા-ચાલવા કે કોઈ રમત રમવા જવું જોઈએ? જેમ શરીરને માટે કસરત, તેમ મસ્તિષ્કને માટે વાચન, એવી સમતોલનની તુલા શરીરના પલ્લા તરફ જાણે વધારે નમી ગઈ છે.

અને જો કોઈ ચેનથી બેસવાનું પસંદ કરે તો વાચન કરતાં ઓછું ધ્યાન માગી લેતાં બીજાં મનોરંજનો તો છે જને. ટેલિવિઝનની સ્ક્રીન પર જે પણ ચાલતું હોય તેનાથી મનને બહેલાવવામાં બુદ્ધિ કસવાનો ઘણો ઉદ્યમ નથી કરવો પડતો. નેટફ્લિક્સ કે કેબલ કંપનીનું વિશેષ લવાજમ ભરવાથી જાતજાતના પ્રોગ્રામ મળી રહે છે, જૂની ‘સાઈલન્ટ મૂવી’થી માંડીને છેલ્લામાં છેલ્લી ઢબના ડાન્સનાં

શારીરિક ચક્રાવર્તનો સુધી. સ્માર્ટ-ફોન ભલે આપણને સતત સ્માર્ટ ન રાખતો હોય, પણ એની પર આપણો સતત હાથ તો રાખે છેને!

પણ વાચન કંઈ અદશ્ય થવાનું નથી. ઓછામાં ઓછું વ્યવહારુ કારણોને લીધે તો એ આવશ્યક રહેવાનું જ. જેમ ઇન્ડસ્ટ્રિયલ યુગમાં તેમ કમ્પ્યુટર યુગમાં પણ, ઓફિસ, પ્લાન્ટ અને વ્યવસાયમાં, અને રોજિંદા જીવનમાં પણ, વાંચવા-લખવાની આવડત જરૂરી છે જ. પરંતુ સવાલ એ નથી કે લોકો વાંચી શકશે કે નહીં, સવાલ એ છે કે લોકો શું વાંચશે. તેઓ કામ બજાવવા પૂરતું જ વાંચશે તો પાંગળું કમ્યુનિકેશન અને કલ્પનાશક્તિનો અભાવ સમાજની આગવી પ્રગતિને રૂંધી નાખશે. કામ પૂરતું જ વાચન-લેખન જીવનમાં રસકસ ભરી શકશે નહીં. એથી વિપરીત, સારાં પુસ્તકો-સામયિકોના વાચનથી જનતા જાગૃત અને વિચારશીલ રહેશે; સામે રહેલા પ્રશ્નોને ચાલુ સમાચારોના ક્ષણિક દૃષ્ટિકોણથી નહીં, પણ ઐતિહાસિક અને વિભિન્ન વૈચારિક દૃષ્ટિકોણોથી જોઈ શકશે.

શિક્ષણ અને જ્ઞાનની સરવાણી મુદ્રણમાં છે

ચાર્લ્સ ડિકન્સે કહ્યું હતું કે મનુષ્યને સ્વતંત્ર રીતે જીવવા માનવસંસ્કૃતિની એક જ પેદાશ જરૂરી છે— પ્રિન્ટિંગ મશીન. સમાજમાં મુદ્રણનું મહત્ત્વ દર્શાવતું એ કથન આજે પણ એટલું જ વાજબી છે. શિક્ષણ અને જ્ઞાનની સરવાણી હજીય છાપેલાં પૃષ્ઠો પરથી ફૂટે છે-કે ઇલેક્ટ્રોનિક ડિસ્પ્લે પરથી. (ઇલેક્ટ્રોનિક આવૃત્તિ પણ છપાઈનો એક નવયુગીન પ્રકાર જ છે.)

આપણે જાણીએ છીએ કે રાજકીય સ્વાતંત્ર્ય વિનાનાં રાજ્યોમાં એકહથ્થુ સત્તા અજ્ઞાન અને અભણતા ઉપર નભે છે. અત્યાચારી રાજ્યો હંમેશાં પુસ્તકો અને ખબરપત્રો પર પ્રતિબંધ મૂકે છે. તેઓ ટીવી અને રેડિયો પર નિયંત્રણ રાખી શકે છે, પણ મુદ્રિત શબ્દ એટલો નિયંત્રિત કરી શકાતો નથી, કેમ કે એ ચલાયમાન છે. વળી, ઇન્ટરનેટ અને સ્માર્ટ ફોન જેવાં ઉપકરણો બની રહેલી બિનાને સત્વર ઠેર ઠેર પ્રસારિત કરી દે છે. પુસ્તકો, ખબરપત્રો ને પત્રિકાઓ જેવાં એક હાથથી બીજા હાથમાં જાય છે તેવા જ વિચારો એક મનથી બીજા મનમાં પ્રવેશે છે. અને વિચારોથી જ તો જુલમીઓ ડરે છે.

ન કેવળ યુવાન પ્રજામાં, પણ એકંદરે સમગ્ર પ્રજામાં, વાચન કેવળ ચાલુ મેગેઝિન અને સરળ પેપરબેક સુધીનું જ રહે એ એક ચિંતાનો વિષય હોવો જોઈએ. ઊંચાં પુસ્તકો અને સામયિકોનું વાચન જાગૃતિ જ નહીં, આનંદ પણ આપે છે. આ સંદેશ ફેલાવવો જોઈએ કે વાચનમાં રહેલો આનંદ જગતના

સર્વોત્તમ આનંદોમાંનો એક છે. ઉચ્ચ કક્ષાનું ટેલિવિઝન પણ આપણને તેવો પ્રગાઢ સંતોષ નથી આપી શકતું જેવો સુંદર નવલમાંથી મળે છે. અમેરિકાના પબ્લિક બ્રોડકાસ્ટિંગ સ્ટેશન ઉપર માસ્ટરપીસ થિયેટરના પ્રોગ્રામની હારમાળામાં વર્ષો પૂર્વે ચાર્લ્સ ડિકન્સની એક જાણીતી નવલની ઉત્તમ સિરીઝ બતાવવામાં આવી હતી. સિરીઝ પૂરી થતાં પરિચયવક્તા એલિસ્ટર કૂકે મૂળ નવલકથામાં રહેલી પાત્રાલેખનની આહ્લાદક સૂક્ષ્મતાઓ અને વર્ણનાત્મક વાણીની ખૂબીઓનો ઉલ્લેખ કર્યો, જે બધું ટેલિવિઝન પર ચિત્રિત કરી શકાય એમ નહોતું. એટલે, એમણે જણાવ્યું, ‘ફિલ્મજગતની પ્રચલિત સલાહને વિપરીત ગોઠવીને મારે કહેવું જોઈએ: તમે મૂવી જોઈ, હવે નવલકથા વાંચો.’ આ જ વાતના અનુસંધાનમાં વર્ષો પૂર્વે વાંચેલા એક વિનોદી કાવ્યની હળવાશ સાંભરે છે.

A goat on a stroll near a brook
Found an old movie film and
partook. (partake = આરોગવું)
“Was it good?” asked his mate.
Said the goat, “Second-rate!
Not nearly as good as the book!”

જીવનનું, સૃષ્ટિનું, અને પંડનું જ્ઞાન

વાચનની પ્રેરણા નાની ઉંમરથી શરૂ થાય, બાળકો પુસ્તકોને શુષ્ક અને કંટાળાજનક ન ગણે એની ઝુંબેશ ચાલવી જરૂરી છે. તેમને એવું પ્રદર્શિત કરવું જોઈએ કે પુસ્તકો મનોરંજન, આનંદાવેશ અને તિલસ્મના ભંડારની ચાવી છે. બીજી પ્રવૃત્તિઓમાંથી મળતો આનંદ સમય જતાં ઘટતો જાય છે, પણ વાચનનો આનંદ એના વધુ ને વધુ અભ્યાસથી તીવ્ર થતો જાય છે. મોટા ભાગના વાચકો એ ટેવ બાળવાર્તાઓથી શરૂ કરે છે, પછી સાહસકથા, ડિટેક્ટિવ વાર્તા, અને પ્રેમકથાઓ તરફ વળે છે. શબ્દજ્ઞાન અને સુરુચિ કેળવાતાં એ વધુ અઘરી સામગ્રી હાથ ધરે છે: ગુણવત્તાસંપન્ન નવલો તથા વ્યંગ, ઇતિહાસ અને ચરિત્ર કથાઓ. બુદ્ધિની સોપાનશ્રેણી પર આગળ જવાની ઉત્કંઠા દરેક પગથિયાં પર પગ મૂકવાની સાથે સાથે વધતી જાય છે. એરિસ્ટોટલનો સિદ્ધાંત વાચનપ્રક્રિયાને સચોટ લાગુ પડે છે: માણસ પોતાની કુદરતી શક્તિ વાપરવામાં આનંદ પામે છે અને આ આનંદ ક્રમવાર વધુ ને વધુ અઘરી પ્રવૃત્તિના આહ્વાનથી વિકસતો જાય છે.

સાવ કચરા સિવાયનું દરેક વાચન આપણી જીવન અને સૃષ્ટિની સમજણ વધારે છે. ખાસ તો એ આપણા પોતા વિશેની સમજણ વધારે છે. જીવન તો આપણે એક જ જીવી શકીએ છીએ. પણ વાચન આપણને સમગ્ર માનવીય અનુભવની હારમાળા ગ્રાહ્ય કરી આપે છે, અને આપણે પોતે કઈ જાતની

વ્યક્તિ બની શકીએ તેનું માનસચિત્ર ઊભું કરે છે.

કેટલા બધા માણસોએ પુસ્તકોના વાચનથી નવી જિંદગીની શરૂઆત કરી છે! ૨૦૦૫માં પ્રકાશિત અનેક એવોર્ડ વિજેતા નવલકથા 'ધ બુક થીફ'માં એ જ ઉલ્લેખના પ્રસંગો છે. બીજા વિશ્વયુદ્ધ વખતે દસ વરસની જર્મન બાળા લીઝેલ એને માટે નીમેલાં પાલક માતાપિતાને ઘેર ઘણી વિહ્‌વળ દશામાં આવે છે. ત્યાં એ નાઝી હકૂમતની કમકમાટીઓ અનુભવે છે, અને ત્રાસવિનાશના વાતાવરણમાં પોતાના શૈશવની નિખાલસતા જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે. એ પરિસ્થિતિમાં એનાં પાલક માતાપિતા જોખમ વહોરીને ઘરમાં મેક્સ નામના યુવાન જ્યૂને સંતાડે છે જે લીઝેલનો મિત્ર બની ખાનગીમાં એને વાંચતાં શીખવે છે. લેખિત શબ્દની શક્તિને પારખી અને શબ્દની સહભાગી બની લીઝેલ નાઝી પાર્ટી દ્વારા નષ્ટ થનારી ચોપડીઓને ચોરે પણ છે અને પોતાની સ્વયંની વાર્તા પણ લખે છે. અને લીઝેલની જિંદગીની નવી સફર શરૂ થાય છે, પુસ્તકચોરીને પગથિયેથી માંડીને પંડને ઓળખવાની, નવો પરિવાર રચવાની અને જિંદગીની વાર્તા લખવાની.

અમેરિકાનો કાળી ત્વચાનો કવિ એથરિજ નાઇટ અડધેથી સ્કૂલ છોડી કોરિયાની લડાઈમાં ગયો અને ત્યાં સખત ઘવાઈને ડ્રગનો બંધાણી થઈ ગયો, જે આદત વધારે વણસતી ગઈ. ડ્રગ અને ગરીબાઈમાં ભીંસાઈને નાનીમોટી ચોરીઓ કરતાં એક દિવસ એ પકડાયો અને ૧૦થી ૨૫ વર્ષની જેલ ભોગવવા લાગ્યો. ત્યાં એ જેલના વાર્તાકારની પદવી પામ્યો. રોજ રાતે કેદીઓ એની પાસે વાર્તાની માગ કરતા, અને એ જે સૂઝે તે જોડીને કહેતો. એણે કહ્યું છેઃ 'એ અજ્ઞાના કેદીઓ મારા સૌથી પહેલા શ્રોતા હતા. તમે ગિટાર વગાડી જાણો, ચિત્ર દોરી જાણો કે કવિતા કરી જાણો તો તમને શ્રોતા મળી રહે. અને તમારો રંગ જામી જાય. જેલમાં મને ઘણો ટેકો મળ્યો.' પછી આત્મવિશ્વાસ વધતાં એણે થોડાં કાવ્યો એક સામયિકમાં મોકલાવ્યાં; ત્યારે જાણીતી કવયિત્રી ગ્વેન્ડોલિન બ્રૂક્સ અને સામયિકનો તંત્રી બન્ને એને જેલમાં મળવા આવ્યાં. ગ્વેન્ડોલિને એને કાવ્યોમાં સહાય કરી અને એનો પહેલો કાવ્યસંગ્રહ બહાર પડ્યો. પછી તો એણે ઘણા સંગ્રહો પ્રકાશિત કર્યા. એણે કહ્યું છેઃ 'કોરિયામાં ઘવાઈ મર્યો ને ડ્રગના કેફે મને પુનર્જીવિત કર્યો. જેલની સજાથી ફરી મૃત્યુ જોયું, અને કવિતાના સૌંદર્યે મને નવજીવન આપ્યું.'

સ્વયંની જીવનકથની રચવામાં સાહિત્યની સહાય

કમનીય છે કવિતાનું સૌંદર્ય! આપણે સહુ અંદર ને અંદર સૌંદર્યની તલપ

લઈને જીવીએ છીએ. અને સાહિત્ય એને સંતોષવાનો એક મુખ્ય પદાર્થ છે. ઉત્તમ સાહિત્ય ચિત્ત, હૃદય અને પેલી અકથ્ય વસ્તુ જેને આત્મા કહે છે, એ ત્રણેને સ્પર્શે છે.

કવિતાને આ વધુ લાગુ પડે છે. જોઈએ તેટલી કવિતા સ્કૂલમાં ભણાવાતી નથી, તેમ જ પુખ્ત પ્રજામાં એને માટે ખાસ લગાવ નથી, જે સ્થિતિ જીવનની સમૃદ્ધિની દૃષ્ટિએ દયાજનક ગણાય. કવિ શેલીને મતે કવિનું કર્મ એ છે કે એ જ્ઞાન, શક્તિ અને આનંદનો નવો પદાર્થ રચે અને એને અમુક ક્રમ અને લયમાં ગોઠવે જેને સુંદર અને શુભ કહી શકાય. સૌંદર્ય અને શુભને એક દોરે બાંધતો આ વિચાર એવું સ્વીકારે છે કે નૈતિકના મૂળ રસો ચિત્તમાં છે, અને સૌંદર્ય સત્ય છે (જોન કીટ્સ) અને 'સત્યં શિવં સુંદરમ્' સાચે જ સાચું ને સુંદર છે!

આ સુંદર અને સત્યની સામટી શોધના પડછાયા લાંબે પહોંચે છે. એનો પ્રભાવ આપણે પોતાના જીવનની કથની જે રીતે રચીએ તેની ઉપર અજાણતાં જ પડે છે. સત્ય-સુંદરનાં જોડકાં મૂલ્યો મોટે ભાગે આપણને વાચન દ્વારા મળે છે. સાહિત્ય જ્યારે આપણા વિચારોમાં ભળે છે ત્યારે આપણી નૈતિક શક્તિ પુષ્ટ થાય છે, જેનો પ્રભાવ આપણા સ્વભાવના તર્ક-વિશ્લેષણ વિભાગમાંથી જન્મતા નિર્ણયો પર પડે છે. આ નૈતિક તાલીમ નૈતિકતા શીખવતાં પુસ્તકોમાંથી મળવી જરૂરી નથી. જેમ અને જ્યાં આપણી રુચિ આપણને લઈ જાય તે પ્રમાણેનું વાંચવું જ યોગ્ય છે, કામ ગણીને કરેલું વાચન ખાસ કામનું રહેતું નથી.

આપણું સારું કરવાની સાથોસાથ આપણા મનને સારું લગાડવાની શક્તિ એ સાહિત્યનો જાદુ છે. સાહસકથાથી ઊર્જા અનુભવવી, મિસ્ટરીકથાથી ગૂંચવણમાં ઘેરાવું, નિબંધથી ઊંડું વિમાસવું, વ્યંગલેખથી વિનોદમાં ઉલ્લસવું કે કવિતાથી મીઠી ગ્લાનિ થવી - આ બધી સાહિત્યની લાલિત્યલીલા છે. આનંદ આપવાની સાથોસાથ સાહિત્ય જીવનની અનિશ્ચિતતાઓ સામે આત્મબળનો પુરવઠો ભરી આપે છે.

વાચનનો હેતુ લોકોને વ્યાવસાયિક કામગીરી માટે સજ્જ કરવાનો નહીં, પણ દુનિયાની મુશ્કેલીઓ માટે અને પોતીકા કોયડાઓ માટે સજ્જ કરવાનો છે. સમરસેટ મોમના વિચાર પ્રમાણે વાચનની ટેવ પાડવી એ જીવનની લગભગ બધી જ યાતનાઓ સામે આશ્રયસ્થાન રચવા બરાબર છે. વાચનના લાભનો સાર આ છેઃ એ આપણને હર્ષની હીરદોરથી બાંધેલો માનસિક અને આત્મિક હામનો ઉપહાર આપે છે.


❑❑❑

ગમી ગયેલી વાર્તા

☐ શરીફા વીજળીવાળા

સમરસેટ મોમની 'અપરાજિતા'

1974માં જન્મેલા સમરસેટ મોમે લખવાની શરૂઆત નવલકથાથી કરી હતી. નવલકથા જેટલી જ સફળતા અને લોકપ્રિયતા એમને નાટક અને ટૂંકી વાર્તામાં પણ મળી. આટલી હદે લોકપ્રિય હોવા છતાંય ઘણા મોમને ઊતરતી કક્ષાનો સર્જક માને છે. એમના પર એવો આરોપ મુકાય છે કે એમની પાસે જીવનનું ઊંડું દર્શન નથી. માત્ર વાર્તાકાર પાસે હોવી જોઈતી હથોટી જ છે. વિવેચકો ગમે તે કહે પણ વાચકને મોમનો કથારસ જકડી રાખે છે. વાર્તાતત્ત્વને બહેલાવીને કુતૂહલ જાળવીને તે વાર્તા કહે છે. કુતૂહલ પણ કયા પ્રકારનું? સુરેશ જોષી કહે છે તેમ કેટલાક પ્રસંગોની રચના એ એવી રીતે કરે છે કે જાણે જામગરી ધીમે ધીમે સળગતી જાય અને અંતે મોટો ધડાકો થાય.



આમ તો મને મોમની અનેક વાર્તાઓ ગમે છે પણ આજે એમની એક અદ્‌ભુત વાર્તા 'The Unconquered' (અપરાજિતા) વિશે વાત કરવી છે. બળાત્કાર જેવી જઘન્ય ઘટના સામે સ્ત્રીની પ્રતિક્રિયા વિદ્રોહની ભૂમિકાએ કેવી પ્રગટે છે તેની આ વાર્તા વાત કરે છે. વાર્તાની નાયિકા આનેત અસલ ફ્રેન્ચ સ્ત્રી છે, શિક્ષિકા છે. જર્મનીએ ફ્રાન્સ જીતી લીધું એના ઉન્માદમાં જર્મન સૈનિકો માતેલા સાંઢની જેમ ચારેબાજુ ફરતા હતા. આનેત અને તેનાં માતાપિતાને રસ્તો પૂછવા આવેલ બે જર્મન સૈનિક હાન્સ અને વિલ્લી સાથે હારેલ પ્રજા હોવા છતાં આ ત્રણેય બરાબર વાત નથી કરતાં. આનેતનો જર્મની માટેનો તિરસ્કાર બહુ સ્પષ્ટ શબ્દોમાં પ્રગટ થાય છે. એલફેલ બોલતા હાન્સને આનેત એક તમાચો ઝીંકી દે છે. ગુસ્સાથી પાગલ થયેલો હાન્સ આનેતનાં મા-બાપને પછાડી દે છે, લાત મારે છે અને પછી આનેત પર એ પાશવી બળાત્કાર કરે છે.

ત્રણેક મહિના પછી ફરી આનેતના ઘરે જઈ ચડતો હાન્સ હવે સારા મૂડમાં છે.

આનેત માટે રેશમી મોજાં લઈને ગયેલો હાન્સ ઘણી ડાહી ડાહી વાતો કરે છે પણ આનેત, 'મોજાંને નાખ ભાડમાં અને તું પણ જા ભાડમાં...' કહી દે છે. હાન્સ હસીને, સમજાવતો હોય એમ કહે છેઃ 'એ દિવસે હું ઉશ્કેરાયેલો હતો. દારૂ મારા મગજ પર ચડી ગયો હતો.' આનેત પાસે ખાવાનું માગતા હાન્સને ખબર છે કે જર્મનીએ એ લોકોનું બધું જ લૂંટી લીધું છે. લગભગ ભૂખમરો વેઠતા કુટુંબને હાન્સ વિવિધ ખાદ્ય પદાર્થોની લાલચ આપે છે. આનેતનો જવાબ સ્પષ્ટ છેઃ 'હું ભૂખથી મરી જવાનું પસંદ કરીશ, પણ તારી લાવેલ કોઈ ચીજને હાથ નહીં લગાડું.' વળી થોડા દિવસો પછી હાન્સ ચીઝ, માંસ, માછલી, તમાકુ વગેરે લઈને આનેતને ઘરે જાય છે. આનેત બધું ફેંકી દે છે પણ એની મા ખાવાની ચીજોને છાતીએ ચાંપે છે. હાન્સ બધાને સંબોધીને કહે છેઃ 'આપણે દોસ્ત કેમ ન બની શકીએ? જે થઈ ગયું તે ન થયું થવાનું નથી. યુદ્ધ એટલે યુદ્ધ... પણ હવે અમે લોકો અહીં જ રહેવાના છીએ અને હું તમને શક્ય તેટલી મદદ કરતો રહીશ...' આનેતનો વિરોધ ચાલુ રહે છે પણ ભૂખમરામાં સબડતાં એનાં મા-બાપને હાન્સ જાતભાતની ચીજવસ્તુઓથી વશ કરી લે છે. મહિનામાં એકાદ-બે વાર એ આવતો પણ આનેત એની સામે જોવા તૈયાર નો'તી. ત્રણ-ચાર મહિના પછીની એક મુલાકાતમાં એને જાણ થાય છે કે આનેત સગર્ભા છે! એ જાણતાંની સાથે જ હાન્સ ઘેલો ઘેલો થઈ જાય છે. એને હવે બાળક જોઈએ છે. આનેત સાથે પરણીને, કાયમી ધોરણે ફ્રાન્સમાં વસી જવા એ તૈયાર છે. ગર્ભપાતની તમામ કોશિશ નિષ્ફળ જવાને કારણે નાછૂટકે પેટનો ભાર ઊંચકતી આનેત એક ફ્રેન્ચ સ્ત્રી છે. એના દેશને રગદોળનાર, એના દેહને ચૂંથનાર સાથેના સંબંધના વિચારથી પણ એનું માથું ફાટી જાય છે. દીકરાના મૃત્યુથી નોધારા થઈ ગયેલ આનેતનાં મા-બાપને હાન્સ ઘરજમાઈ થઈને રહેશે, ઘર-ખેતર સંભાળશે એવી લાલચ પણ છે. હાન્સે લાવેલી કોઈ ચીજને હાથ પણ ન લગાડતી આનેતને મા પરિસ્થિતિ સમજાવે છે. પણ ક્રોધમાં ફૂંફાડો મારતી આનેત જવાબ આપે છેઃ 'તું ફોગટનું થૂંક ઉડાડી રહી છે મા. હું એને ધિક્કારું છું. મને એનું ખૂન કરવાનું મન થાય છે. પણ એના મોતથીયે મને સંતોષ નહીં થાય. એણે મને જે રીતે સતાવી છે બરાબર એ જ રીતે હું એને સતાવવા માગું છું. મને લાગે છે કે એણે મને જેવો આઘાત આપ્યો છે એવો જ આઘાત એને આપવાનો કોઈ રસ્તો મળી જાય તો હું ખુશીથી મરી શકીશ.' મા એને સમજાવે છેઃ 'એણે તારા પર બળજબરી કરી એની ના નથી. પણ એ સમયે એ નશામાં ધૂત હતો. કોઈ સ્ત્રી સાથે આવું કંઈ પહેલી વાર તો નથી થયું અને આ કંઈ છેલ્લી વારનું પણ નથી જ. તું ભણી છે પણ ગણી નથી. ભૂતકાળને ભૂલી જા અને

તારા બાળકને બાપનું નામ આપી દે. ખેતરમાં બે દાડિયાનું કામ કરી શકે એટલો એ કામગરો છે...'

મા-બાપની ગેરહાજરીમાં આવી ચડેલા હાન્સને આનેત કહે છેઃ 'હું તને કહી દેવા માગું છું કે હું કદી પણ તને પરણવાની નથી. હું તને જેટલો ધિક્કારું છું એ હદે જિંદગીમાં મેં કોઈને નથી ધિક્કાર્યા.' એના જવાબમાં 'હું તને ચાહું છું, પૂજું છું...' એવું કેટલુંયે હાન્સ કહે છે. આનેતનું ફ્રેન્ચ લોહી ઊકળી ઊઠે છેઃ 'તું શું એમ માને છે કે હું કદી પણ એ ભૂલી શકું એમ છું કે તું જર્મન છે અને હું ફ્રેન્ચ છું? એક જર્મન જ હોઈ શકે એટલો મૂરખ તું જો ન હોત તો તું જોઈ શક્યો હોત કે એ બાળક તો હું જીવીશ ત્યાં સુધી મારા માટે એક કલંક બની રહેવાનું... હું તારી પાસેથી માત્ર એક જ ચીજ માગું છું, મને મારી ફજેતી સાથે એકલી છોડી દે. જા, ચાલ્યો જા - ઈશ્વરને ખાતર ચાલ્યો જા અને ફરી કદી પાછો ન આવતો...'

હાન્સની એક જ રટણા છે. 'એ બાળક મારું પણ છે. અને મને મારો દીકરો જોઈએ છે.' પછી, આવનારા સંતાન વિશે ઘેલો થઈને હાન્સ પોતાનાં સપનાંઓ વર્ણવતો હતો ત્યારે અચાનક જ આનેતને બદલો લેવાનો એક ભયાનક રસ્તો મળી જાય છે. હાન્સને તુચ્છકારતાં, ધિક્કારતાં આનેત એને સંભળાવે છેઃ 'તું મારો દુશ્મન છે અને તું હંમેશ માટે મારો દુશ્મન જ રહેવાનો... હું મારા દેશમાં ઘૂસપેઠ કરનારા સાથે કદી કોઈ સંબંધ નહીં રાખું. હું તને ધિક્કારું છું અને તારા આપેલા આ બાળકને પણ ધિક્કારું છું. હા, અમે હારી ગયાં છીએ, પણ છેવટે તમે લોકો જોશો કે અમે જિતાયાં નો'તાં...'

એકાદ-બે મહિના પછી આનેતને ત્યાં પહોંચેલા હાન્સને આનેતની મા હરખભેર વહેલી સવારે દીકરાના જન્મના સમાચાર સંભળાવે છે, એના દેખાવનું વર્ણન કરે છે. દીકરાને જોવા અધીરો થઈ ઊઠેલ હાન્સ એના દેખાવનું વર્ણન સાંભળી ઘેલો થઈ જાય છે. મા આનેતના ઓરડામાં જાય છે પણ ત્યાં તો કોઈ નો'તું. ભય અને આશંકાના માર્યા બધા બહારની બાજુએ દોડે છે. આખી પલળેલી, મડદા જેવી ફિક્કી લાગતી આનેત બહારથી આવી રહી હતી. એની સામે ધસી જતી માને એક બાજુ ધકેલીને આનેત હાન્સને કહે છે, 'તું એકદમ સાચ્ચા સમયે આવ્યો છે. બાળકની મમતામાં બંધાઉં એના પહેલાં હું એને ત્યાં વહેળા પાસે લઈ ગઈ અને એ મરી ન જાય ત્યાં સુધી એને પાણીમાં ડુબાડી રાખ્યું.'

મરણતોલ ઘવાયેલા પ્રાણી જેવો હાન્સનો બરાડો સાંભળીને આપણને લાગે કે આનેત આનાથી વધારે ઘાતક બદલો લઈ જ ન શકી હોત. આ અપરાજિતા આપણા મન પર એક અમીટ છાપ છોડતી જાય છે. એની જાત

પ્રત્યેની તથા રાષ્ટ્ર પ્રત્યેની સન્માનની લાગણી આપણે પ્રમાણી શકીએ છીએ. એણે કરેલી બાળહત્યા પછી પણ એના પર ગુસ્સો નથી આવતો. 'તમે અમને જીતી જ ન શકો' એવું પ્રજાકીય વલણ પ્રગટ કરતી આ નાયિકા આપણા મનમાં કાયમી સ્થાન લઈ લે છે. 'અમે જિતાયાં જ ન હતાં એવું તમે જોશો' એવું કહેતી આનેત એ વાતને ખરી કરી દેખાડે છે. એના મનના ભાવપલટાને આલેખતા મોમ સ્ત્રીનું અપમાન અને દેશનું અપમાન - બેઉ ભાવનાને ભારે સંકુલપણે ગૂંથી શક્યા છે.

❑❑❑

શ્રદ્ધાંજલિ: અકબર પદમસી



૧૨-૪-૧૯૨૮ - ૬-૧-૨૦૨૦

૧૯૨૮માં મુંબઈ નગરીમાં જન્મેલા અકબર પદમસીના પૂર્વજો મૂળ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના વાઘનગર ગામના. મુંબઈની જે. જે. સ્કૂલ ઑવ્ આર્ટમાં ભણ્યા પછી ૧૯૫૧માં પેરિસ ગયા. ૧૯૬૫માં રોકલર ફેલોશિપ મળી અને વિસ્કોન્સિનની સ્કાઉટ સ્ટેટ યુનિવર્સિટીમાં આર્ટિસ્ટ-ઇન-રેસિડન્સ માટે આમંત્રણ મળ્યું. ૧૯૬૭માં મોન્ટ્રિયલ મ્યુઝિયમ ઓવ્ કન્ટેમ્પરરી આર્ટમાં તેમનું સોલો પ્રદર્શન યોજાયું. એ જ વર્ષે ભારત પાછા ફર્યા. અકબરનો કળાપ્રવાસ વૈવિધ્યભર્યો રહ્યો છે. શરૂઆતની પરાક્રમી પુરુષની આકૃતિઓ, ૧૯૫૦ અને સાઠના દાયકાના પયગંબરો, ૧૯૭૦ ને ૧૯૮૦ના દાયકાના લેંન્ડસ્કેપ્સ/મેટાસ્કેપ્સ. ૧૮૮૦ ને ૧૯૯૦ના દાયકાઓમાં જાણે રક્ષણ વિનાનાં માથાં; યુગલો અને ફીમેલ ન્યુડ્સ અને પછી કોમ્પ્યુટર ગ્રાફિક્સ. અને વચ્ચે ૧૯૬૯-૧૯૭૦માં જવાહરલાલ નેહરુ ફેલોશિપે નવો જ વળાંક આપ્યો. આ ફેલોશિપ હેઠળ યોજેલી કાર્યશાળાઓમાં તેમણે ચાર ટૂંકી ફિલ્મો બનાવી, તેમાંની એક “સીઝગી" નામની ફિલ્મમાં તેમણે પોતાનાં ચિત્રોને એનિમેટ કર્યાં હતાં (આ ફિલ્મ એનિમેશન કળાકાર રામમોહન સાથે બનાવેલી). મણિ કૌલ દિગ્દર્શિત ફીચર ફિલ્મ “દુવિધા" પણ અકબરની કાર્યશાળાની દેન છે. ભારત અને વિદેશમાં તેમનાં ચિત્રોનાં અનેક પ્રદર્શનો યોજાયાં છે. મોભાદાર ગેલેરીઓમાં. ૧૯૯૭-૧૯૯૮માં તેમને મધ્ય પ્રદેશની સરકારે કાલિદાસ સન્માનથી નવાજ્યા હતા, કળાકાર તરીકે ભારતીય નકશા પર અકબર પદમસીનું અસ્તિત્વ અનોખું છે. તેમની સ્ફૂર્તિ અને સ્મૃતિ અકબંધ હતી. રમૂજવૃત્તિ તાજી અને મજેદાર. હાસ્ય મઘમઘતું. ફિલસૂફી સમજાવવાની સહજતા હળવીફૂલ જેવી. તેમની કળામાં ફિલસૂફીને જુઓ તો દેકાર્તે મળે ને પરમહંસ પણ. તે ન જુઓ અને ફક્ત ચિત્રો જુઓ તો પણ શાંતિ મળે. પરમ શાંતિ, પણ ચિત્રકળાને જોવી પડે, તેવો તેમનો યોગ્ય આગ્રહ.

- અમૃત ગંગર, 'નવનીત સમર્પણ', નવેમ્બર, ૨૦૦૪માંથી

वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदोः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India

Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@gmail.com
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન. સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

વાલ્મીકિ રામાયણ

ઉત્તરકાંડ, સર્ગ - ૧૦૯

[૩૨૫]



ऋषयश्च महात्मानः सर्व एव महीसुराः ।
अन्वगच्छन् महात्मानं स्वर्गद्धारमपावृतम् ।।९।।

સૌ ઋષિઓ, મહાત્માઓ અને બ્રાહ્મણોએ મહાત્મા રામચંદ્રની પાછળ પાછળ સ્વર્ગના ઉઘાડેલ દ્વાર ભણી અનુસરણ કર્યું.

तं यान्तमनुगच्छन्ति ह्यन्तःपुरचराः स्त्रियः ।
सवृद्धबालदासीकाः सवर्षवरकिंकराः ।।१०।।

રાજા રામચંદ્ર (સ્વર્ગ તરફ) જઈ રહ્યા હતા ત્યારે અંતઃપુરની સઘળી સ્ત્રીઓ, સર્વે વૃદ્ધો, બાળકો, દાસીઓ, વ્યંડળો અને તમામ નોકર-ચાકર તેમની પાછળ જતાં હતાં.

सान्तःपुरश्च भरतः शत्रुघ्नसहितो ययौ ।
रामं गतिमुपागम्य साग्निहोत्रमनुव्रताः ।।११।।

અગ્નિહોત્રની સાથે જઈ રહેલા રામચંદ્રને જ પોતાની (પરમ) ગતિ માનીને ભરત અને શત્રુઘ્ન પણ પોતાના અંતઃપુરની સ્ત્રીઓ અને નોકર-ચાકરની સાથે તેમની (રામચંદ્રની) પાછળ પાછળ જવા લાગ્યા.

तेच सर्वे महात्मानः साग्निहोत्राः समागताः ।
सपुत्रदाराः काकुत्स्थमनुजग्मुर्महामतिम् ।।१२।।

અગ્નિહોત્ર સાથે લઈને સૌ મહાત્માઓ પોતપોતાનાં સ્ત્રી-પુત્રાદિની સાથે સાથે મહાબુદ્ધિમાન રામચંદ્રની પાછળ પાછળ જવા લાગ્યા.

मन्त्रिणो भृत्यवर्गाश्च सपुत्र पशुबान्धवाः ।
सर्वे सहानुगा राममन्वगच्छन् प्रहृष्टवत् ।।१३।।

સૌ મંત્રીઓ અને સર્વે નોકર-ચાકર પોતાની સંતતિ, બાંધવો (સગાં-સંબંધી), અનુચરો અને પશુઓ સાથે, ખૂબ જ પ્રસન્નતાથી રામચંદ્રની પાછળ ચાલી નીકળ્યા.

ततः सर्वाः प्रकृतयो हृष्टपुष्टजनावृताः ।
गच्छन्तमनुगच्छन्ति राघवं गुणरञ्जिताः ।।१४।।

રામચંદ્રના ગુણોથી આનંદિત થયેલા સૌ હૃષ્ટ-પુષ્ટ પ્રજાજનો રામચંદ્રનું અનુગમન કરવા લાગ્યા.

ततः सस्त्रीपुमांसस्ते सपक्षिपशुबान्धवाः ।
राघवस्यानुगमाः सर्वे हृष्टा विगतकल्मषाः ।।१५।।

આમ ખૂબ જ હર્ષ પામેલાં અને નિષ્પાપ (નિર્દોષ) સૌ સ્ત્રી-પુરુષો, પોતપોતાનાં સગાં-વહાલાં અને પશુ-પંખીઓ સાથે, રામચંદ્રની પાછળ પાછળ જવા લાગ્યાં.

स्नाताः प्रमुदिताः सर्वे हृष्टपुष्टाश्च वानराः ।
दृढं किलकिलाशब्दैः सर्वं राममनुव्रताः ।।१६।।

સર્વે હૃષ્ટ-પુષ્ટ વાનરો સ્નાન કરીને ખૂબ આનંદિત થયા અને પછી કિલ-કિલ ધ્વનિ કરતાં કરતાં રામચંદ્રની પાછળ પાછળ ચાલ્યા.

न तत्र कश्चिद्दीनो वा व्रीडितो वापि दुःखितः ।
हृष्टं समुदितं सर्वं बभूव परमाद्भुतम् ।।१७।।

રામચંદ્રનું અનુગમન કરનારાઓમાં કોઈને પણ દીનતા, લજ્જા કે દુઃખનો અનુભવ થતો નહોતો. સૌ લોકોનો સમુદાય પરમ અદ્‌ભુત રીતે ખુશ-ખુશાલ હતો.

द्रष्टुकामोऽथ निर्यान्तं रामं जानपदो जनः ।
यः प्राप्तः सोऽपि दृष्ट्वैव स्वर्गायानुगतो जनः ।।१८।।

સ્વર્ગ ભણી જવા નીકળેલા રામચંદ્રને જોવા માટે જે જે નાગરિકો પોત-પોતાના ઘરમાંથી બહાર આવ્યા હતા તે સૌ દર્શનાર્થીઓ પણ રામચંદ્રને જોઈને સ્વર્ગ-પ્રાપ્તિ માટે તેમની પાછળ જવા લાગ્યા.

ऋक्षवानररक्षांसि जनाश्च पुरवासिनः ।
आगच्छन् परया भक्त्या पृष्ठतः सुसमाहिताः ।।१९।।

સર્વે રીંછ, વાનર, રાક્ષસો અને નગરવાસીજનો પરમ ભક્તિથી અને ખૂબ જ સાવધાનીથી રામચંદ્રની પાછળ પાછળ જતાં હતાં.

यानि भूतानि नगरेऽप्यन्तर्धानगतानि च ।
राघवं तान्यनुययुः स्वर्गाय समुपस्थितम् ।।२०।।

નગરની અંદર જે કોઈ પણ જીવો છુપાઈને રહેતા હતા તે સૌ પણ સ્વર્ગને પ્રાપ્ત કરવા માટે તૈયાર થયેલા રામચંદ્રની પાછળ પાછળ જવા લાગ્યા.

यानि पश्यन्ति काकुत्स्थं स्थावराणि चराणि च ।
सर्वाणि रामगमने अनुजग्मुर्हि तान्यपि ।।२१।।

જે ચલ અને અચલ જીવો રામચંદ્રને જોતા હતા, તે સૌ જીવો રામચંદ્રનું અનુગમન કરવા લાગ્યા.

नोच्छ्वसत्तदयोध्यायां सुसूक्ष्ममपि दृश्यते ।
तिर्यग्योनिगताश्चैव सर्वे राममनुव्रताः ।।२२।।

શ્વાસોચ્છ્વાસ કરનારા નાનામાં નાના કીટ આદિ સૌ જીવો પણ રામચંદ્રનું અનુસરણ કરવા લાગ્યા.

(સર્ગ - ૧૧૦)

अध्यर्धयोजनं गत्वा नदीं पश्चान्मुखाश्रिताम् ।
सरयूं पुण्यसलिलां ददर्श रघुनन्दनः ।।१।।

આમ અડધા યોજન સુધી ગયા ત્યારે રામચંદ્રને પશ્ચિમ દિશા ભણી વહેતી અને પુણ્યકારક જળવાળી સરયૂ નદીનાં દર્શન થયાં.

तां नदीमाकुलावर्तां सर्वत्रानुसरन्नृपः ।
आगतः सप्रजो रामस्तं देशं रघुनन्दनः ।।२।।

ઊછળતા તરંગ અને આવર્ત (કૂંડાળા)વાળી તે સરયૂ નદીના પ્રવાહની સાથે સાથે આગળ ચાલતાં ચાલતાં રાજા રામચંદ્ર, સૌ પ્રજાજનો સાથે, એક ખાસ જગ્યા પર આવી પહોંચ્યા.



[સ્ટાન્ડર્ડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ૫૯, આર્કેડ બિલ્ડિંગ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, કફ પરેડ, મુંબઈ-૬ના સૌજન્યથી]

તમારી દૃષ્ટિએ

ડિસેમ્બર 2019નો અંક ખૂબ ગમ્યો. કુંદન વ્યાસ સાથેની વાતચીત ગમી. ઘણું જાણવા મળ્યું. દીકરા / રીની મા કંદર્પ દેસાઈની વાર્તા ગમી. બાપુજી વિ. બાપુજી... નવનીત જાનીની વાર્તા પણ ગમી. ફિલ્મોત્સવનો અહેવાલ પણ ગમ્યો. ગુજરાતી ભાષાનાં સામયિકોમાં 'નવનીત સમર્પણ' હજુ પોતાનું સત્ત્વ જાળવી શક્યું છે તેનો યશ ભવનને જાય છે.

જામનગર - નૌશાદ ઉકાણી

* * *

'નવનીત સમર્પણ' ડિસેમ્બર 2019નો અંક ખૂબ ગમ્યો. આ અંકમાં પ્રસિદ્ધ વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઈ વિશેનો પરિચયલેખ વાંચીને પ્રસન્નતાની લાગણી થઈ છે. (લે. શ્રી અરવિંદ ગુપ્તા અનુ.: હેમંત સોલંકી) અંતરિક્ષ સંશોધન ક્ષેત્રે ડો. વિક્રમ સારાભાઈનું યોગદાન મહત્ત્વનું અને યાદગાર કહી શકાય. આ અંકમાં પત્રકાર ચંદ્ર ખત્રી દ્વારા કુન્દનભાઈ વ્યાસ સાથેનો મુલાકાતલેખ રસપ્રદ લાગ્યો. આ વાતચીતમાં પત્રકારત્વ જગતની હકીકતો જાણવા મળી. રમણ સોની લિખિત હાસ્યકૃતિ લસણ ફોલવું વાંચીને ખુશ થયો છું. આભાર.

અમદાવાદ - આઈ. બી. પરમાર

* * *

નવેમ્બર 2019ના 'નવનીત સમર્પણ'માં શ્રી જયંત રાઠોડની વાર્તા 'ટાવર ઓફ સાઈલન્સ'ની રચનામાં રાઠોડે ગજબની કુશળતા બતાવી છે. કલ્પનાના સોપાન ઉપર ડોસો ચડતો જાય છે, વચ્ચે બની ગયેલા બનાવોની હકીકત, બનનારા બનાવોની કલ્પના અને દિવાસ્વપ્નોની પડથાર આવે છે, થોડો રોકાઈને ફરી ચાલે છે, આમ બનેલા બનાવો, બનનારા બનાવોની કલ્પના અને દિવાસ્વપ્નોને તરંગી રીતે ગૂંથતો જાય છે! એક પ્રોફેસર આવે છે અને ડોસો થોડો ખૂલે છે. પ્રોફેસરને પણ રસ પડે છે અને તેમ વાર્તાને વેગ આવે છે. અને છેવટે વાર્તાનો અંત બન્નેની સુખદ ક્ષણોમાં આવે છે.

કલ્પનાના અવનવા રંગો કુશળતાથી પુરાયા છે, સંવાદો ઓછા છે પણ વાર્તા તો તેના વેગથી સરસ રીતે આગળ વધે છે. વાર્તાનો અંત પણ ધારેલો કે અણધાર્યો નથી. વાર્તામાં 'ક્યાં અને ક્યારે' શું મૂકવું તેની સભાન કુશળતા લેખક બતાવી ગયા છે. કદાચ સામાન્ય વાચકને વાર્તા અઘરી લાગે પણ વાંચ્યા પછી તે વાર્તા 'વજનદાર' લાગશે. કુશળ ચિત્રકાર અવનવા રંગોથી ચિત્રને બહેલાવે છે. તેવી જ રીતે વાર્તાને લેખકે પણ બહેલાવી છે. રાઠોડને તથા આપને આવી સુંદર, સચોટ અને અર્થસભર વાર્તા આપવા બદલ ધન્યવાદ.

ગાંધીનગર - ભાલચંદ્ર હ. હાથી

* * *

ડિસેમ્બર ૨૦૧૯ના અંકમાં ચંદ્ર ખત્રી દ્વારા પ્રસ્તુત 'કુંદન વ્યાસ સાથેની

વાતચીત' મેં વાંચેલા આ પ્રકારના લેખોમાં મને સર્વશ્રેષ્ઠ લાગી. ટૂંકા પ્રશ્નો અને જાણવા જેવું ઘણું બધું લેખમાં આવરી લીધું છે. તે તેની વિશેષતા છે. સાંધ્ય દૈનિક 'લોકતંત્ર' પછી 'જનશક્તિ' ત્યાંથી 'વ્યાપાર' અને 'જન્મભૂમિ' સુધીની તેમની યાત્રામાં તેમના ઘડતરમાં ઉપયોગી થનાર મહાનુભાવોને કુંદનભાઈએ ખૂબ ભાવપૂર્વક યાદ કર્યા છે.

એક નિષ્ઠાવાન પત્રકારની રાજકીય, સામાજિક, ધાર્મિક અને આર્થિક ક્ષેત્રે શું કામગીરી હોય? અને ગરિમાપૂર્ણ રાષ્ટ્રધર્મ કેમ નિભાવી શકાય? તે તેમણે જીવી બતાવ્યું છે. કેટલાંક વર્તમાનપત્રોની નબળી બાજુ માટે તેમણે 'ડમડમ ડીગા ડીગા' ઉક્તિ વાપરી થોડામાં ઘણું કહી દીધું છે. ગ્રાહકો અને જાહેરાતો મેળવવાના વિવિધ નુસખાઓ, પેઈડ ન્યુઝ વગેરે નબળાઈઓ છે પણ શિસ્ત પાલન માટે 'પ્રેસ કાઉન્સિલ' પણ છે જે ઇલેક્ટ્રોનિક મીડિયામાં નથી તેમ જણાવી તટસ્થતા પણ દર્શાવી છે.

ભાવનગર **- ઝીણારામ દાણીધારિયા**

* * *

લોકો કૂતરાં-બિલાડાં કેમ પાળે છે?

હરતીફરતી વારતાઓ જોયા અને સાંભળ્યા કરતા હોવા છતાં આપણને વાર્તા વાંચવી પણ ગમતી હોય છે. એમાંય ચેખોવ તો આ ક્ષેત્રનો દાદો છે.

શરીફાબહેને ડિસેમ્બરના અંકમાં જે 'વલોપાત' વાર્તા રજૂ કરી છે તેમાં આયોના પોતાના મરી ગયેલા દીકરા બાહીન વિશે મુસાફરો આગળ પોતાનો થોડો ઊભરો ઠાલવવા પ્રયત્ન કરે છે. પણ બધા પોતપોતાની ઉતાવળમાં છે. અંતે પેલો ઘોડાવાળો તબેલામાં જઈને પોતાના વિશ્વાસુ ઘોડા પાસે જઈને દુઃખ રડે છે અને હળવો બને છે!

મજાની વાત એ બની કે આ જ કથા 'ભૂમિપુત્ર'ના 16મી નવેમ્બરના અંકમાં છેલ્લા પાને આશા વીરેન્દ્રએ લખી છે. તેમનો આધાર છે શતરૂપા સિંહારોયની અંગ્રેજી વાર્તા. લેખિકા ભલે પોતાની વાર્તા ગણાવે પણ મૂળ થીમ ચેખોવનું છે. તેમાં બશીર ઘોડાગાડીવાળો આવે છે જેનો દીકરો શબ્બીર અવસાન પામ્યો છે. ઘોડાનું નામ બાદશાહ છે જેને ગળે વળગીને બશીર હળવો થાય છે. શીર્ષક અપાયું છે : 'સહભાગી.'

વાર્તાલેખનનો અને તેના પ્રકાશનનો આ યોગાનુયોગ અદ્‌ભુત છે. માણસ પ્રાણીઓ સાથે કેટલો લગાવ અનુભવે છે, કેટલો તદાકાર થાય છે, એ તેમાંથી નિષ્પન્ન થાય છે. માણસ માણસને નથી સમજતો, ત્યારે તેને પ્રાણી પાસે જવું પડે છે. લોકો કૂતરાં અને બિલાડાં પાળે, તેને ગળે વળગાડીને ફરે, તે આમ બેહૂદું લાગે છે પણ તેની પાછળનો તર્ક અને તેનું બીજ જે આ વાર્તાઓમાં પ્રગટ થયું છે તે જ એને કારણભૂત બનાવે છે. માણસને વિશ્વાસુ અને વફાદાર માણસની જરૂર હોય અને તે ન સંતોષાય ત્યારે

તે બીજાં પ્રાણીઓ તરફ વળવાનો એ તો નક્કી છે. પછી લાંબા ગાળે સ્વાર્થ પ્રેમમાં પરિણમતો હોય છે. રજૂઆતને અભિનંદન. એકમાં વલોપાત છે, બીજામાં 'સહભાગી'પણું!

અડાલજ **- ડંકેશ ઓઝા**

* * *

ડિસેમ્બર 2019ના 'નવનીત સમર્પણ'ના અંકમાં રસવૈવિધ્ય માણવા જેવાં બધાં કાવ્યો ગમ્યાં. ચંદ્ર ખત્રીની, કુંદન વ્યાસ સાથે વાતચીત. રસપ્રદ સવાલો અને એવા જ જવાબો! સચિત્ર વાર્તાલાપ અને છેલ્લે ભારતનો રાજકીય ઇતિહાસ લખવાની એમની ઇચ્છા પ્રગટ કરી ફૂલછાબની મધુવન પૂર્તિમાં રાજકીય પ્રવાહો ઉપરાંત ખાસ તો 'દિલ્હી દરબાર' રાજકીય ઇતિહાસના જ અંશો છે જે અત્યંત આસ્વાદ્ય અને સાચવી રાખવા જેવા છે.

દીકરા/રીની માઃ કંદર્પ ર. દેસાઈ, સ્વાતિબહેન, અમર, રાજન અને ખેવના... સ્વાતિબહેને દીકરા/દીકરીની માની ભૂમિકા ભજવી પોતાના જીવનની કરુણતાને- ખાલીપાને ઉલ્લાસમાં પલટી નાખી! સમગ્ર અંક રસાળ વાચનસામગ્રીથી છલોછલ છે.

જેતપુર **- કિશોર જે. હિંગુ**

* * *

ગુજરાતી ભાષાના અન્ય ભાષામાં અનૂદિત પુસ્તકને
રૂ. ૨૧૦૦૦/-નો વિશેષ પુરસ્કાર

છેલ્લાં ૧૫ વરસથી ગુજરાતી ભાષાનાં નોંધપાત્ર પુસ્તકોને અન્ય ભારતીય ભાષાઓમાં તથા અંગ્રેજીમાં અનૂદિત કરીને પ્રકાશિત કરાવવાનું કામ ગુજરાતી સાહિત્ય પ્રદાન પ્રતિષ્ઠાન દ્વારા થઈ રહ્યું છે

આ પ્રકારનાં અનુવાદિત પુસ્તકોને વિશેષ પુરસ્કાર આપવા માટેનું એક આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે. તા. ૧ જાન્યુઆરી, ૨૦૧૮થી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૮ તથા ૧ જાન્યુઆરી, ૨૦૧૯થી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯ એમ જુદાં જુદાં બે વરસ દરમિયાન ગુજરાતી ભાષાનું કોઈપણ પુસ્તક અન્ય ભારતીય ભાષામાં પ્રકાશિત કરવામાં આવ્યું હોય એ આ આયોજનમાં સમાવિષ્ટ થઈ શકશે. કોઈ પણ ગુજરાતી લેખકનું પુસ્તક બીજી કોઈપણ ભાષાના પ્રકાશક દ્વારા પ્રકાશિત થયું હોય એમણે આ પુસ્તકની મૂળ નકલ તથા એના અનુવાદની નકલ પ્રતિષ્ઠાનના સરનામે (ગુજરાતી સાહિત્ય પ્રદાન પ્રતિષ્ઠાન, ગીતા નિવાસ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, એમ. જી. ક્રોસ રોડ, કાંદિવલી (પ.), મુંબઈ - ૪૦૦૦૬૭) તા. ૩૧ માર્ચ ૨૦૨૦ પહેલાં મોકલવાનું રહેશે. આ રીતે ૨૦૧૮ના વરસ માટે તથા ૨૦૧૯ના વરસ માટે એમ બે વિશેષ પુરસ્કારો પ્રત્યેક રૂ. ૨૧૦૦૦/- આપવામાં આવશે. આ અંગેની વિશેષ માહિતી ટે. નં. ૦૨૨-૨૮૦૧૯૭૯૫, મો. - ૯૯૬૯૧૦૮૮૨૦ પર સંપર્ક કરીને મેળવી શકાશે.



ભ વ ન્સ - વૃ ત્ત



મુંબઈ કેન્દ્ર : આંતર-કોલેજિયન ફૂટબોલ સ્પર્ધા

દર વર્ષની જેમ આ વર્ષે પણ મુંબઈ યુનિવર્સિટી માટે ભવન્સ કોલેજે કોલેજના પ્રાંગણમાં 15 ઓક્ટોબરથી 20 ઓક્ટોબર દરમિયાન આંતર કોલેજિયેટ ફૂટબોલ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. મુંબઈ વિશ્વવિદ્યાલય 169 કોલેજમાંથી ઝોન-2ની 40 કોલેજોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. 40 ટીમોએ 35 મેચ ઝોન ક્વોર્ટર ફાઈનાલિસ્ટ તરીકે રમી હતી. આ સ્પર્ધાનું ઉદ્‌ઘાટન ભવન્સ કોલેજનાં માનદ્ આચાર્યા ડો. ઝરીન બાથેનાએ કર્યું હતું. મુંબઈ વિશ્વવિદ્યાલયના પ્રખ્યાત મહાનુભાવોમાંથી રમત-વિભાગના રમત નિદેશક ડો. મોહન અમરુલે ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત હતા.

વડોદરા કેન્દ્ર : રાષ્ટ્ર માટે ખાદી, ફેશન માટે ખાદી

વી. એમ. પબ્લિક શાળાએ ખાદી ગ્રામોદ્યોગ-વડોદરાના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'રાષ્ટ્ર માટે ખાદી, ફેશન માટે ખાદી' અંતર્ગત ખાદી વસ્ત્ર-પરિધાનના ભવ્ય ફેશન શોમાં ભાગ લીધો હતો. કાર્યક્રમ 18 ઓક્ટોબરે પંડિત દીનદયાળ સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો.

શાળા પરદેશી કપડાંને છોડી સામાજિક સંસ્કૃતિ સૌંદર્યલક્ષી પરિધાન પ્રસારના ભાગરૂપે સંયુક્ત ઉપક્રમમાં જોડાઈ હતી. ITM વ્યાવસાયિક વિશ્વવિદ્યાલયે ખાદી પરત લાવવાની ઝુંબેશ અને નવી પેઢી તેને અનુસરે તે હેતુથી સહકાર આપ્યો

હતો. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યની પેઢી માટે આ પાશ્ચાત્ય અને ભારતીય સંસ્કૃતિનું એકબીજા સાથે જોડાણ હતું.

20 વિદ્યાર્થીઓ અને ચાર જોડીમાં માતાપિતાએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સન્માન ખાદી ગ્રામોદ્યોગના અધ્યક્ષ શ્રી શૈલેશ પટેલ, વડોદરાની ડીએસપી શ્રી અચલ ત્યાગી અને અનાર પટેલે કર્યું હતું.



કોલકાતા કેન્દ્રઃ ગૌરવની ક્ષણ

બંગાળના નવોદિત કૌશલ્યને પુરસ્કૃત કરવાના ઉદ્દેશથી 'ધ પ્રતિભા એકલવ્ય પુરસ્કાર'નું આયોજન જી.ડી. બિરલા સભાગૃહમાં 25 ઓક્ટોબરના આયોજિત થયું હતું. 100થી વધુ આચાર્યોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. બંગાળની આસપાસના 12થી વધુ બીજી શાળાઓના આચાર્યોનું તેમના શિક્ષણક્ષેત્રે,



વિશેષ પ્રદાન બદલ સન્માન થયું હતું અને તેમને 'દ્રોણાચાર્ય પુરસ્કાર-2019' આપવામાં આવ્યો હતો.

ભવન્સ ગંગાબક્ષ કનોરિયા વિદ્યામંદિરનાં શ્રીમતી સુજાતા ઘોષ આ એવોર્ડના ગૌરવપૂર્ણ પુરસ્કર્તા બન્યાં હતાં. પ્રખ્યાત ફિલ્મ કલાકાર શ્રી અબીર ચેટરજીએ શ્રીમતી ઘોષનું સન્માન કિમતી ટ્રોફી અને સન્માનપત્ર દ્વારા કર્યું હતું.



નવી દિલ્હી કેન્દ્રઃ ભારતીય વિદ્યા ભવન, દિલ્હી કેન્દ્રનાં વીણાવાદનમાં પ્રવીણ જયંતી કુમારેશ સંગીત શિખર સન્માનથી વિભૂષિત થયાં.


દિલ્હી કેન્દ્ર વાર્ષિક સંગીત સમારોહનું આયોજન કરે છે. તેમાં ઘણા ખ્યાતનામ, કલાકારો (હિન્દુસ્તાની કર્ણાટકી, વાદકો અને નૃત્યકલાકારો)ને પોતાની કલા રજૂ કરવા આમંત્રિત કરાયા હતા. આ પ્રસંગે ભવને ખ્યાતનામ કલાકારને સંગીતક્ષેત્રે પ્રદાન બદલ 'ભવન્સ સંગીત શિખર સન્માન' એનાયત કર્યું હતું.

દિગ્ગજ એસ. બાલાચંદરનાં શિષ્યા, જયંતી મહારથી સ્વ. લાલગુડી જી. જયરામનાં ભત્રીજી અને વાયોલિનવાદક લાલગુડી રાજલક્ષ્મીનાં દીકરી છે. ઓલ ઇન્ડિયા રેડિયોનું શ્રેષ્ઠ સ્થાન 'A Top' મેળવનાર યુવાન વીણાવાદક છે જયંતી. તેમની રજૂઆતમાં બાલાચંદરની પદ્ધતિનો પડઘો પડે છે અને એક વિલક્ષણ બૌદ્ધિક આયામ ઉજાગર કરે છે.

જયંતીએ આ પ્રસંગે કહ્યુંઃ હું રાજી છું કે સરસ્વતી વીણા માટે 'ભવન્સ સંગીત શિખર સન્માન' પુરસ્કાર આવી ખ્યાતનામ સંસ્થા દ્વારા પ્રદાન થયો. જેનો મૂળભૂત ઉદ્દેશ ભારતીય સંસ્કૃતિનું સંવર્ધન અને સંરક્ષણ કરવાનો છે.

ચેન્નઈ કેન્દ્રઃ સરદાર વલ્લભભાઈ પટેલની 144મી જન્મજયંતીની ઉજવણી

સરદાર વલ્લભભાઈ પટેલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 31 ઓક્ટોબરના રોજ સરદાર પટેલની 144મી જન્મજયંતી ઉજવાઈ હતી. તામિલનાડુના રાજ્યપાલ શ્રી બનવારીલાલ પુરોહિતે રાજભવનની સામે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને હાર પહેરાવ્યો હતો. જે વિવિધ ભાષી નિબંધસ્પર્ધાઓમાં ભાગ લેનાર શાળા,



કોલેજના વિદ્યાર્થીઓમાંથી 58 વિજેતાઓને ઇનામ વિતરણ કર્યાં હતાં. આ પ્રસંગે ભવન્સ જર્નલ (સરદાર પટેલ વિશેષાંક - ઓક્ટોબર 31, 2019)નું વિમોચન શ્રી બનવારીલાલ પુરોહિતજીના હસ્તે થયું. કાર્યક્રમની સમાપ્તિ વિદુષી દેવી નેટિયારના 'કાશ્મીરથી કન્યાકુમારી' વિષયક કાર્યક્રમ સંગીત દ્વારા થઈ.

ચેન્નઈ કેન્દ્રઃ ભવન્સ સાંસ્કૃતિક કાર્યક્રમ 2019

ભવન્સ ચેન્નઈ કેન્દ્રના સાંસ્કૃતિક વાર્ષિકોત્સવનું ઉદ્‌ઘાટન 17 નવેમ્બર 2019ના તામિલનાડુના માનદ્‌ રાજ્યપાલ શ્રી બનવારીલાલ પુરોહિતના હસ્તે થયું.

ઉત્સવની સમાપ્તિ 13 જાન્યુઆરી 2020ના થઈ. 800 જેટલા કલાકારો ઉત્સવમાં ભાગ લીધો. ભવન્સનો સુપ્રસિદ્ધ પુરસ્કાર 2019 કર્ણાટકી સંગીતકાર પદ્મભૂષણ ડો. ટી. વી. ગોપાલકૃષ્ણન અને હરિકથાકાર કલાઈમામણિ શ્રી કલ્યાણપુરમ્‌ આ. અરવમુદાચારિયરને અર્પણ કરવામાં આવ્યો.



આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.

હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com

અશરફ ડબાવાલા: dabawala@aol.com

બાબુ સુથાર: basuthar@gmail.com

વર્ષા દાસ: 2176, પાર્ક વ્યૂ એપાર્ટ., બી-2, વસંતકુંજ, નવી દિલ્હી-110 070.

વીરુ પુરોહિત: 23-એ, રાધેકૃષ્ણનગર, મોતીબાગ માર્ગ, જૂનાગઢ-362001. મો. 9879570419

રાધિકા પટેલ: 402, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, બ્રહ્મક્ષત્રિય સોસાયટી, પ્રીતમ નગર, એલિસ બ્રિજ, પાલડી ક્રોસ રોડ, અમદાવાદ-380 007.

પારુલ ખખ્ખર: ‘તીર્થ’, ૧૫૩-ગુરુકૃપાનગર, ચિત્તલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧, મો. ૯૪૨૯૮૮૯૩૬૬

ડૉ. સેજલ સંઘવી: 4-એ, મકરંદ, સુરેશ્વરી વીલા, લિન્ક રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-400 091.

પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015. મો. 9979230039

ઈશા કુન્દનિકા: નંદીગ્રામ ટ્રસ્ટ, ધરમપુર રોડ, પો. વાંકલ-396 055. વલસાડ.

આનંદિતા રૈયાણી: B-304 ગોલ્ડન નેસ્ટ એપાર્ટમેન્ટ, 1- સિલ્વર ગોલ્ડ રેસીડન્સી, નાના મૌવા રોડ, રાજકોટ, પીનકોડ 360005 ananditadiyu@gmail.com

સંજય શ્રીપાદ ભાવે: sanjaysbhave@yahoo.com, મો,. 98797 31151

સતીશ વૈષ્ણવ: 302, સોનેટ, એફ.સી.આઈ.ની પાસે, શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-380 015

સુનીલ કોઠારી: 94/એશિયાડ વિલેજ, ન્યુ દિલ્હી-110049. email: sunilkothari1933@gmail.com

મધુસૂદન કાપડિયા: email: mgkapadia@yahoo.com

રક્ષા ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.

અનિલ જોશી: joshi.r.anil@gmail.com

માવજી મહેશ્વરી: ૧૯૯/૬ મહાદેવનગર, અંજાર-કચ્છ - ૩૭૦૧૧૦.

બંસી કુંપાવત: 132, શરણમ્ સિવિલ રોડ, મોતીપુરા, હિંમતનગર, પિન-383001. મો. 87586 47012.

ડૉ. રંજના હરીશ: અમર આશા, 404, સરસ્વતી નગર, આઝાદ સોસાયટી એરિયા, આંબાવાડી, અમદાવાદ-380 015.

શ્રદ્ધા ભટ્ટ: "શ્રી કૃષ્ણ", નંદનવન પાર્ક -૧, સાધુ વાસવાણી રોડ, બેન્ક ઓફ મહારાષ્ટ્ર વાળી શેરી, રાજકોટ. 360005 Ph. - 9426954007

વિરાફ કાપડિયા: vkapmail@yahoo.com

શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.

વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

(Guest Room) મહેમાનો માટેના ઓરડામાં આ વાક્ય કાયમ લખી રાખવું: દુનિયામાં પોતાના ઘર જેવું શાતાદાયક બીજું કોઈ સ્થળ નથી.

☺ ☺ ☺

ટીનુ: પપ્પા બધાં શહેરમાં કે ગામમાં રાવણને નેતાલોકો જ કેમ સળગાવે?

પપ્પા: બેટા, આપણે ત્યાં એવો રિવાજ છે કે મુખમાં અગ્નિ તો સગાંવહાલાં જ આપી શકે એટલે...

☺ ☺ ☺

ચિંટુ: પપ્પા મારા એક સવાલનો જવાબ આપી શકો?

પપ્પા: અરે હા, બેટા પૂછ તારે પૂછવું હોય તે... તારી મમ્મી સિવાય હું બધાને જવાબ આપી શકું છું.

ચિંટુ: એક સફરજનના ત્રણ ટુકડા કરીએ તો દરેક ટુકડો કેવડો થાય?

પપ્પા: સિમ્પલ 0.333નો.

ચિંટુ: અરે પપ્પા, ઊભા તો રહો એને ભેગા કરો તો?

પપ્પા: વેરી સિમ્પલ... 0.333 x 3 = 0.999.

ચિંટુ: પપ્પા પ્રશ્ન હવે આવે છે. સફરજનનો આ 0.001 ભાગ ક્યાં ગયો? એ જ સવાલ છે.

પપ્પા માથું ખજવાળતાં બોલ્યા: બેટા, એ જરા વિચારવું પડશે. હું તને પછી કહું...

ત્યાં રસોડામાંથી બૂમ પડી: 'ચિંટુ તારા પપ્પાને કહે કે એટલું તો ચપ્પુ પર ચોંટ્યું હોય. કોઈ દા'ડો રસોડામાં જરાક કામ કર્યું હોય તો આવડેને?

☺ ☺ ☺

હાસ્યેન સમાપયેત

શિક્ષક : ''તમે દઢ નિશ્ચય કરો તો પથ્થરમાંથી પણ પાણી કાઢી શકો.''

વિદ્યાર્થી : ''સર, હું તો લોખંડમાંથી પણ પાણી કાઢું છું.''

શિક્ષક : ''કઈ રીતે?''

વિદ્યાર્થી : ''સર, હેન્ડપંપથી.''

☺ ☺ ☺

અડધી રાતના ઝાડ ઉપર બે ભૂત બેઠાં હતાં.

ત્યાંથી એક માણસ નીકળ્યો એટલે એક ભૂતે બીજાને કહ્યું, ''જો માણસ જાય છે!''

બીજા ભૂતે જવાબ આપ્યો, ''ચૂપચાપ બેઠો રહે ખોટી અંધશ્રદ્ધા ન ફેલાવ. આ જમાનામાં માણસ જેવું કંઈ હોતું નથી.''

☺ ☺ ☺

અમદાવાદમાં બે વર્ષ ગાળ્યા બાદ એલેક્સા એપ.

ભાઈ : 'હે એલેક્સા'

એલેક્સા : 'બોલ બકા...'

☺ ☺ ☺

રાજકોટમાં બે વર્ષ ગાળ્યા બાદ એલેક્સા.

ભાઈ : 'હે એલેક્સા.'

એલેક્સા તરફથી કોઈ જવાબ નહીં.

ભાઈ : 'હે એલેક્સા!'

કોઈ જવાબ નહીં.

વધારે જોરથી 'હે એલેક્સા!'

એલેક્સા : ''અધરીનો થા મા, માવો તો થૂંકવા દે!''


Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.


Editor : Deepak Doshi


BHAVAN'S DIGITAL BOOKS


Now available at all Amazon stores across the world





























BHAVAN'S DIGITAL BOOKS

Now available at all Amazon stores across the world

Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika
Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.